# નળ નદી ને ભાલ

(લીંબડી-ચુડા)





શ્રી ઝવેરચંદ મેઘાણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર

શ્રી ઝવેરચંદ મેઘાણી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરેન્દ્રનગર

**અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા**
**તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
**સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા**

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી અશોકભાઈ વાઘેલા (BRC-લીંબડી)
શ્રી વિજયભાઈ પટેલ (BRC-ચુડા)
ડૉ.હિતેષભાઈ પંડ્યા (આચાર્ય-શિયાણી)
શ્રી રસિકભાઈ ગોહિલ (CRC-શિયાણી)
શ્રી નરેન્દ્રભાઈ પરમાર (CRC-રળોલ)
શ્રી વિનોદભાઈ સુમેરા (CRC-ચોકડી)
શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (SRG-ભલગામડા)
શ્રી હરિભાઈ લાલાણી (રાણાગઢ -૧ )
શ્રી મુકેશભાઈ રાઠોડ (ચુડા-૨)
શ્રી પરાગભાઈ દવે (ભાણેજડા)
શ્રી વિનોદભાઈ દંત્રેલિયા (લીંબડી-૧૦)
શ્રીમતી ભાવનાબેન રાઠોડ (નટવરગઢ)
શ્રીમતી શ્રુતિબેન બજાણિયા (ગેડી)
શ્રી રાજુભાઈ વડેખણિયા (ફુલવાડી)
શ્રી વિક્રમસિંહ પઢિયાર (પાણશિણા-૧)
શ્રી પ્રદીપભાઈ સુતરિયા (બોરાણા)
દ.શ્રી વનરાજસિંહ ખવડ (સુદામડા)

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ती दिव्यैः स्तवै- वैदैः
सांगपदक्रमोपनिषदैर्गायंन्तीर यं सामगाः ।
ध्यानावस्थित्तद्गतेन मनसा पश्यन्ती यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ।।

લીંબડી રાજ્યે ઉપરોક્ત પ્રચલિત શ્લોકને રાજ્યગીત તરીકે અપનાવ્યો હતો. 'પલાશ' મુખપત્રના માધ્યમથી આપ સૌને મળતાં આનંદ થાય છે. ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા NEP 2020 અંતર્ગત સાહિત્ય નિર્માણ કરવાનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ. NEP 2020માં Section-4 અભ્યાસક્રમ અને પધ્ધતિશાસ્ત્ર (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge Systems) જેવાં મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઇતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજ સાથે જોડાયેલ બાબતોને વિદ્યાર્થીઓને શીખવવા માટે સૂચિત કરેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની સૂચિત ભલામણોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણાં જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણની પરકમ્મા' (વઢવાણ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૧ ચોટીલા-થાનગઢ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી) તથા 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા) પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં 'નળ, નદી ને ભાલ' (લીંબડી-ચુડા) પ્રગટ કરી રહ્યાં છીએ.

'નળ, નદી ને ભાલ' (લીંબડી-ચુડા) લીંબડી અને ચુડા તાલુકાના ધો. ૬ થી ૮ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા સાથે વિશેષાંક પ્રગટ કરી રહ્યા છીએ.

લીંબડી-ચુડા એ પ્રાચીન અને અર્વાચીન રીતે આગવો ઈતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને પરિવેશ અલગ જ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપનકાર્યમાં ઉપયોગી બની રહેશે તેવાં ઉદ્દેશ સાથે 'નળ, નદી ને ભાલ' (લીંબડી-ચુડા) આપ સૌને અર્પણ કરૂં છું.

**ડૉ. સી.ટી. ટૂંડિયા** પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

**ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦**
**મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭**
E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com





# લીંબડી તાલુકો




**ભૌગોલિક સ્થાન :** તે 22°15' થી 23° 00' ઉ. અ. તથા 71° 30' થી 72° 15' પૂ.રે. વચ્ચેનો 1,713 ચો.કિમી. જેટલો વિસ્તાર આવરી લે છે. તાલુકા મથક લીંબડી તાલુકાના મધ્ય-પશ્ચિમ ભાગમાં આવેલું છે. તાલુકામાં 101 (3 વસ્તીવિહિન) ગામો આવેલાં છે.

લીંબડી તાલુકાનું મોટાભાગનું ભૂપૃષ્ઠ લગભગ સમતળ અને નીચાણવાળું છે. ભાલકાંઠાની જમીન કાળી છે, ત્યાં ઘઉં અને કપાસનું વાવેતર થાય છે. નળકાંઠાની જમીન ઓછી ફળદ્રુપ છે. સમગ્ર તાલુકા પૈકી નળકાંઠો વધુ નીચાણવાળો છે. તાલુકાનાં સમઢિયાળા, મોરવાડ, લીંબડી, ખંભલાવ, સોરાણિયા, પાણશીણા અને હડાળામાં થઈ પસાર થતી લીંબડી-ભોગાવો નદી ભાલપ્રદેશના નીચાણવાળા ભાગમાં ફેલાઈ જાય છે. સુકભાદર નદી પણ ગામડાંઓમાં થઈને ભાલમાં ફેલાઈ જાય છે. આ ઉપરાંત વઢવાણ-ભોગાવો અને વસાઈ જેવી નદીઓ પણ અહીં થઈને વહે છે.

ઉનાળાનાં સરેરાશ મહત્તમ અને લઘુતમ દૈનિક તાપમાન 41° સે. અને 26° સે. જેટલાં રહે છે. ઉનાળામાં મે માસ દરમિયાન ક્યારેક 45°-46' સે. સુધી પણ પહોંચે છે. શિયાળામાં જાન્યુઆરી માસના સરેરાશ મહત્તમ અને લઘુતમ તાપમાન 28° સે. અને 13° સે. જેટલાં રહે છે, ક્યારેક લઘુતમ તાપમાન 5° સે. સુધી પણ પહોંચી જાય છે. વરસાદનું સરેરાશ પ્રમાણ 650થી 700 મિમી. જેટલું રહે છે. નળકાંઠા અને ભાલકાંઠાનો પ્રદેશ ચોમાસામાં પાણી ભરાઈ જવાથી જળબંબાકાર બની રહેલો દેખાય છે તથા ત્યાંનાં ગામડાં બેટ જેવાં બની જાય છે.

લીંબડી તાલુકાનાં ગામોમાં પાદરે અને ખેતરોને શેઢે વડ, પીપર, પીપળો, ખીજડો તથા બાવળ અને ગાંડા બાવળનાં વૃક્ષો છુટાછવાયાં જોવા મળે છે. તાલુકામાં જંગલ વિસ્તાર નથી. તાલુકાની આશરે 1,20,000 હેક્ટર જમીન વાવેતર માટે તથા 4,700 હેક્ટર જમીન ચરિયાણ માટે ઉપયોગમાં લેવાય છે. ખાદ્ય કૃષિ પાકોમાં ઘઉં, જુવાર, બાજરી અને કઠોળ તથા અખાદ્ય પાકોમાં કપાસ અને ઘાસચારો થાય છે. અહીં ખેતીની સિંચાઈનો મુખ્ય સ્રોત કૂવાઓ છે.

અહીંનાં પાલતુ પશુઓમાં ગીર ઓલાદની ગાયો, જાફરાબાદી ભેંસો તથા ઘેટાંબકરાં, ઘોડા, ઊંટ અને ગધેડાંનો સમાવેશ થાય છે.

2001ની વસ્તીગણતરી મુજબ આ તાલુકાની વસ્તી 1,57,958 જેટલી છે. તે પૈકી સ્ત્રી-

પુરૂષોનું સંખ્યા પ્રમાણ લગભગ સરખું છે. ગ્રામીણ અને શહેરી વસ્તીનું સંખ્યા પ્રમાણ અનુક્રમે 85 % અને 15 % જેટલું છે. તાલુકામાં સાક્ષરતાનું પ્રમાણ 47 % જેટલું છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. તાલુકામાં જોવા મળતી ઔદ્યોગિક વસાહતો મુખ્યત્વે લીંબડીમાં કેન્દ્રિત થયેલી છે. તાલુકામાં સાત સ્થળોએ વાણિજ્ય બેંકો અને બે સ્થળે સહકારી બેંકોની સગવડ છે. અહીં આશરે 400 કિમી.ના પાકા માર્ગો અને 40 કિમી.ના કાચા માર્ગો છે. મધ્યમ માપની (મીટરગેજ) રેલવે પર તાલુકામાં લીંબડી, વેજલડા, ચુડા અને હડાળા રેલમથકો આવેલાં છે. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, વિનયન-વાણિજ્ય કૉલેજ, સંસ્કૃત પાઠશાળા, અધ્યાપન મંદિર, પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો તથા વાંચનાલયો અને પુસ્તકાલયોની શ્રેષ્ઠ સગવડ છે.

**લીંબડી (નગર) :** સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાનું મથક.

**ભૌગોલિક સ્થાન :** તે 22° 34' ઉ. અ. અને 71° 49' પૂ. રે. પર, વઢવાણથી અગ્નિખૂણે 22 કિમી.ને અંતરે, લીંબડી-ભોગાવો નદીને ઉત્તર કાંઠે વસેલું છે. તેની વસ્તી 40,067 (2001) છે. સ્ત્રી-પુરૂષોનું સંખ્યાપ્રમાણ લગભગ સમાન છે. સાક્ષરતાનું પ્રમાણ 60 % છે. લીંબડી તાલુકામાંનું કોઈપણ ગામ પ્રાથમિક શિક્ષણ વિનાનું નથી. અહીં બે બાલમંદિરો, 15 પ્રાથમિક, 3 માધ્યમિક શાળાઓ, 4 કન્યાશાળાઓ, પ્રાથમિક શિક્ષકો માટેનું અધ્યાપન મંદિર, વિનયન-વાણિજ્ય કૉલેજ, 2 પુસ્તકાલયો, 1 મદરેસા, જૈન પ્રાચીન પુસ્તક ભંડાર, જૈન, રાજપૂત, બ્રાહ્મણ અને પછાતવર્ગનાં છાત્રાલયો આવેલાં છે.

લીંબડીમાં 1958માં સહકારીક્ષેત્રે 25,000 ત્રાકો ધરાવતી કાંતણ-વણાટ મિલની સ્થાપના થયેલી. અહીં જિન-પ્રેસ, છીંકણી અને તાંબા-પિતળનાં વાસણોના ગૃહઉદ્યોગ આવેલા છે. અહીં ધાબળાનું વણાટકામ વણકરો કરે છે. નગરમાં વાણિજ્ય બેંકો તથા સહકારી બેંકોની શાખાઓ આવેલી છે. શહેરમાં ગાંધીસ્મૃતિ મંદિર, ટાવર-બંગલો, જગદીશ આશ્રમ, ફૂલનાથ મહાદેવ જેવાં જોવાલાયક સ્થળો આવેલાં છે.

ભૂતકાળમાં લીંબડી ધોલેરા બંદર પુરાઈ ગયા પહેલાં અને ભાવનગર-વઢવાણ-વિરમગામ રેલવેની શરૂઆત થઈ તે અગાઉ ગુજરાત અને સૌરાષ્ટ્રનું વેપારનું મથક હતું. ગુજરાત, ખાનદેશ અને રાજસ્થાનનું રૂ અને અનાજ અહીં વેચાણ અને નિકાસ માટે આપવામાં આવતાં હતાં. લીંબડીના વેપારીઓની પેઢીઓની મુંબઈ, અમદાવાદ, કોલકાતા, કરાંચી અને રંગૂન ખાતે શાખાઓ હતી.

**ઈતિહાસ :** સૌરાષ્ટ્રમાં આવેલું 2જા વર્ગનું દેશી રાજ્ય. પહેલા અને બીજા વર્ગનાં રાજ્યોને અંગ્રેજ સરકાર તરફથી સલામી રાજ્યોનો દરજ્જો આપવામાં આવ્યો હતો. એટલે એનો રાજા જ્યારે ગવર્નર કે ગવર્નર જનરલની મુલાકાત લેવા જાય ત્યારે એને નક્કી કરેલી તોપોની સલામી





આપવામાં આવતી. લીંબડી રાજ્યના રાજાને 9 તોપોની સલામી આપવામાં આવતી હતી.

પાટડીના ઝાલા રાજવંશના સ્થાપક હરપાલદેવના બીજા પુત્ર માંગુજી ઝાલાને ઈ. સ. 1130માં જાંબુની ચોરાશી વારસામાં મળતાં લીંબડી રાજ્યની સ્થાપના થઈ. 'ચોરાશી' એટલે 84 ગામોનો સમૂહ. પરંતુ એનાથી થોડાં વધારે કે ઓછાં ગામો હોય તોપણ એ વિસ્તાર 'ચોરાશી' તરીકે ઓળખાતો. આજના લગભગ એક તાલુકા જેટલો એનો વિસ્તાર ગણાય. 1130 થી 1593 સુધી જાંબુ ગામ (તા. લીંબડી)માં રાજધાની રહી. વચ્ચે થોડો સમય ધામળેજ (વેરાવળ પાસે) અને કોઠી-કુંદણી (જસદણ પાસે) રાજ્યનું મુખ્ય મથક રહ્યું. કુંદણીના ખેતોજી 2જા (1462-1486)ની કેસરબા સાથેની પ્રણયકથા લોકકથા તરીકે પ્રસિદ્ધ છે. આશકરણજી 2જા (1593-1625)ના સમયમાં રાજધાની જાંબુથી શિયાણી ગામ (તા. લીંબડી)માં લાવવામાં આવી.

અદાજી 2જાના પુત્ર વેરાજી 2જાએ (1728-1737) ઈ. સ. 1728માં રાજધાની શિયાણીથી લીંબડીમાં ફેરવી. વેરાજી 2જાના પુત્ર હરભમજી 1લા (1737-1786) શૂરવીર રાજવી હતા. તેમણે લડાઈઓ કરીને અને ગામો ગીરવે રાખીને લીંબડી રાજ્યનો વિસ્તાર કર્યો. હરભમજી 1લા પછી ગાદીએ આવેલા હરિસિંહજી (1786-1825) પણ પરાક્રમી રાજવી હતા. એમના સમયમાં 1807માં કર્નલ ઍલેક્ઝાન્ડર વૉકર સાથે કાયમી ખંડણીના અને સુલેહશાંતિ જાળવવાના કરાર થયા. હરિસિંહજી પછી અનુક્રમે ભોજરાજજી 4થા (1825-1837), હરભમજી 2જા (1838-1856), ફતેસિંહજી (1856-1862), જશવંતસિંહજી (1862-1907), દોલતસિંહજી (1908-1940), દિગ્વિજયસિંહજી (1940-1941) અને છત્રસાલજીએ (1941-1948) લીંબડી રાજ્યની ગાદી ભોગવી. 16મી માર્ચ 1948ના રોજ લીંબડી રાજ્યનું સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ થયું.

ઈસુની અઢારમી સદીમાં પેશ્વા અને ગાયકવાડનાં લશ્કરો 'જમાબંદી' ઉઘરાવવા લીંબડી રાજ્ય પર આક્રમણ કરતાં. જૂનાગઢ રાજ્યનું લશ્કર 'જોરતલબી' ઉઘરાવવા આવતું. મધ્ય સૌરાષ્ટ્રના કાઠીઓ અને બજાણાના જત લોકો લૂંટફાટ કરવા આવતા. વઢવાણ પડોશી રાજ્ય હોવાને લીધે એની સાથે પણ નાની લડાઈઓ થતી. 1807માં કર્નલ વૉકર સાથે કરાર થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં આંતરિક લડાઈઓ બંધ થઈ. દર વર્ષે નિયમિતપણે ગાયકવાડની વડોદરાની તિજોરીમાં નક્કી કરેલી ખંડણી ભરવાની શરૂઆત થઈ.

દેશી રાજ્યો પાસે આંતરિક વહીવટની સત્તા હતી. પરંતુ બાહ્ય સત્તા અંગ્રેજ સરકારની હતી. અંગ્રેજી શિક્ષણ અને વ્યવસ્થિત વહીવટની શરૂઆત થઈ. પ્રજાએ શાંતિ અને સલામતીનો અનુભવ કર્યો. લીંબડી રાજ્યને આધુનિક બનાવી એનો વિકાસ કરવામાં ઠાકોર જશવંતસિંહજી (1862-1907) અને ઠાકોર દોલતસિંહજી(1908-1940)નો મહત્વનો ફાળો હતો. શિક્ષણ, આરોગ્ય, વેપાર અને રમતગમતની સગવડોમાં વધારો થયો. ઈ. સ. 1880માં ભાવનગર-

વઢવાણ રેલવે થતાં લીંબડી તે રેલવે સાથે જોડાયું. એ પહેલાં એનો વેપાર ધોલેરા બંદર મારફતે ચાલતો. 1908માં લીંબડી રાજ્યનો વિસ્તાર લગભગ 891 ચો.કિમી. હતો અને એમાં 48 ગામોનો સમાવેશ થતો હતો. એ ઉપરાંત, બરવાળા-ખડોલ પરગણાનાં 34 ગામો ઉપર લીંબડી રાજ્યની માત્ર મહેસૂલી સત્તા હતી. જ્યારે ફોજદારી સત્તા અંગ્રેજ સરકારની હતી. લીંબડી રાજ્યના રાજાનો 'ઠાકોરસાહેબ' અને રાજ્યના મુખ્ય વહીવટી અધિકારીનો 'દીવાન' અથવા 'મુખ્ય કારભારી' વિધિસરનો હોદ્દો હતો. રાજ્ય તરફથી 'લીંબડી દરબારી ગેઝેટ' પ્રસિદ્ધ થતું હતું.

આઝાદીની રાષ્ટ્રીય ચળવળની અસર દેશી રાજ્યો પર પડી હતી. લીંબડી રાજ્યમાં નાગરિક અધિકારો અને આઝાદી માટેની લડત થઈ હતી. 1930ના ધોલેરા સત્યાગ્રહમાં લીંબડી રાજ્યના ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભાગ લીધો હતો. 1939 થી 1943 સુધી ચાલેલો લીંબડી સત્યાગ્રહ પ્રસિદ્ધ છે. જાણીતા સ્વાતંત્ર્ય સેનાનીઓ સરદારસિંહ રાણા, સ્વામી આનંદ, અમૃતલાલ શેઠ, મણિલાલ કોઠારી, ચિમનલાલ ચકુભાઈ શાહ, રસિકલાલ ઉમેદચંદ પરીખ વગેરે લીંબડી રાજ્યના વતની હતા. અમદાવાદમાં 1946માં કોમી હુલ્લડમાં શહીદ થનાર રજબઅલી લાખાણી લીંબડીના વતની હતા. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ બંનેએ લીંબડીની મુલાકાત લીધી હતી. આમ, આઝાદીની ચળવળમાં લીંબડીનું પ્રદાન નોંધપાત્ર હતું.

**- ડૉ. મુગટલાલ પોપટલાલ બાવીસી**

## લીંબડીનો કોટ (કિલ્લો)



લીંબડી શહેરને હુમલાઓમાંથી બચાવવા માટે તેમણે 1767માં લીંબડી ફરતો મજબૂત કોટ બંધાવવાની શરૂઆત કરી. એ કોટ તેમના સમયમાં અધૂરો રહેતાં તેમના પુત્ર હરસિંહજીના સમયમાં પૂરો થયો. તેને બાંધતાં 20થી વધારે વર્ષ લાગ્યાં. એક માન્યતા પ્રમાણે લીંબડી રાજ્યના પાણશીણા ગામ પાસે પથ્થરનું બાંધેલું જે વેન્ગા સુરોવર હતું તેના પથ્થરો તોડીને લીંબડીનો કોટ બાંધવામાં આવ્યો હતો.

લીંબડી ફરતો કોટ બાંધવાની 1767માં જે શરૂઆત સમાપ્તિ હરસિંહજીના સમયમાં થઈ. લીંબડીમાં શહેર ફરતો કિલ્લો બાંધવાની શરૂઆત હરભમજીએ ઈ. સ. 1767માં કરી હતી અને હરસિંહજીના સમયમાં તે સંપૂર્ણ થયો હતો.





## લીંબડી રાજ્યનો સંક્ષિપ્ત ઈતિહાસ

- ★ રાજ્યભિષેક
- ★ લીંબડીમાં રેલવે
- ★ લીંબડીમાં પ્રજાકીય કાર્યો
- ★ ગંભીર ગુનાઓની નાબૂદી
- ★ કુદરતી આફતો
- ★ જશવંતસિંહજીના સમયમાં સાહિત્ય
- ★ જશવંતસિંહજીનું અવસાન
- ★ લીંબડી રાજ્યમાં શિક્ષણનો વિકાસ
  - શૈક્ષણિક માળખું
  - શારીરિક શિક્ષણ
  - ગ્રંથાલય
  - ધાર્મિક શિક્ષણ
  - તેજસ્વી વિદ્યાર્થીઓ
- ★ વહીવટી કાર્યક્ષમતા
- ★ મુંબઈ ધારાસમિતિના સભ્ય
- ★ શૈક્ષણિક સંસ્થાઓ
- ★ નવા ગામોની રચના
- ★ લીંબડીમાં સ્વામી વિવેકાનંદ
- ★ ધર્મ પ્રત્યે લગાવ

- **લીંબડી રાજ્યની સ્થાપના :**

સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સ્થાપક લોકા શાહ ઈ.સ. 1452માં (વિ.સં.1508) અમદાવાદથી લીંબડી આવ્યા હતા અને લીંબડીના જૈન અગ્રણી લખમશીને ત્યાં રહ્યા હતાં એવો ઉલ્લેખ સ્થાનકવાસી સંપ્રદાયના ઈતિહાસમાં છે. એ પ્રમાણે જોઈએ તો લીંબડી શહેર સને 1452 પૂર્વે અસ્તિત્વમાં હશે એમ માનવું પડે. મનુષ્યો, પશુઓ અને ખેતી માટે પણ મુખ્ય જરૂરિયાત પાણી છે. એટલે પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં ગામો નદી કિનારે વસતાં હતા. લીંબડી રાજ્યની રાજધાનીનાં બે મુખ્ય ગામો જાંબુ અને શિયાણી વઢવાણના ભોગાવા નદીના કિનારે અને લીંબડી ગામ લીંબડીના ભોગાવા નદીના કિનારે વસેલું હતું. આ બંને નાની નદીઓ ચોટીલાના પર્વતમાંથી નીકળી ભાલ પ્રદેશમાં જઈને ફેલાઈ જતી હતી. આ નદીઓમાં અચાનક પૂર આવવાથી માણસ અને ઢોરનો ભોગ લેવાતો તેથી તે નદીઓ ભોગાવા તરીકે ઓળખાતી. આ પ્રદેશમાં વરસાદ ઓછો થતો હતો. તેથી ચોમાસાના દોઢ-બે માસ સુધી જ આ નદીઓમાં પાણી રહેતું. એ પછી એ સૂકાઈ જતી.

લીંબડી ગામ કયારે સ્થપાયું તેના વિશે વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે જેમાં લીંબડી ગામ

કયારે સ્થપાયું ? લીંબડીમાં રાજધાની કોણે અને કયારે ફેરવી વગેરે. એવું કહેવાય છે કે લીંબડી ગામ વેરાજી બીજાએ ઈ.સ. 1728 (વિ.સં. 1784)માં નવું વસાવ્યું હતું. વેરાજી બીજા, શિયાણીથી લીંબડી આવ્યા ત્યારે ભોગાવાનાં કાંઠે આયર લોકોના માત્ર ઝૂંપડા હતાં અને તેમનાં ઢોર ત્યાં ચરાવવામાં આવતા. એ સ્થળે પાંચ લીંબડીઓ હતી. લીંબડીવાળા સ્થળે વેરાજીએ ગામ વસાવ્યું. તે કામમાં તેમને કારભારી વાઘડા રતનશી, બાઈ વખતુબા તથા અંકેવાળીયાનાં વરસોભાઈ વણારશી ખવાસે મદદ કરી હતી.

ઠાકોર વેરાજી (1728-1737) લાંબુ જીવી શક્યાં નહિ. એ પછી હરભમજી 1લાના સમયમાં (1737-1786) લીંબડી શહેરનો સારો વિકાસ થયો. ઠાકોર હરભમજી 1લાના પછી તેમના પુત્ર ઠાકોર હરિસિંહજી ગાદીએ આવ્યાં. (1786-1825) તેમણે લીંબડી શહેરના વિકાસ માટે ઘણા કાર્યો કર્યા.

- **લીંબડી રાજ્યનો વિકાસ :**

શરૂઆતમાં લીંબડી ભોગાવા નદી પરના પુલ (દોલત બ્રિજ) થી રામનાથ મહાદેવ સુધીના વિસ્તારમાં વસેલું હતું. સંઘવી શેરી, જૂનો વાઘરીવાડ મોટુ મંદિર વગેરેનો એમાં સમાવેશ થતો એની નજીકના વિસ્તારમાં છાલિયા (ઝાલિયા) ગામના દરબારોને જમીન આપીને છાલિયાપરૂં વસાવ્યું. તેથી લીંબડી શહેરની વસ્તી અને વિસ્તાર વધ્યો. હરભમજી 1લાના પત્ની રામબાએ રામનાથ મહાદેવનું મંદિર અને અમરબાએ મોટુ મંદિર અને હવેલીનું કૃષ્ણ મંદિર બંધાવ્યા.

સંઘવી શેરીમાં સ્થાનકવાસી જૈનોની વસ્તી હતી. અત્યારની કંસારાબજાર પાસે દેરાવાસી જૈનોની વસ્તી અને 'પાંચ હાટડી' નામનું બજાર હતું. શરૂઆતમાં ત્યાં પાંચ દુકાનો હોવાને લીધે તે વિસ્તાર પાંચ હાટડી તરીકે ઓળખાયો. લીંબડીનાં તળાવનો એક ખૂણો મહાલક્ષ્મીનાં મંદિર અને પાળિયાવાળી શેરી સુધી વિસ્તરેલો હતો. હરભમજી 1લાના બંધાવેલ, ભદ્રપ્રસાદ (રાજ્યની દેરી)થી જશેશ્વર મંદિર સુધીના વિસ્તારમાં બાવળનું વન હતું અને કોઈ ત્યાં જઈ શકતું નહિ. અત્યારના બાહેલાપરાના ખોજાખાનની શેરીથી ભલગામડા ગેઈટ સુધીના વિસ્તારમાં પીપરનાં ઘણાં વૃક્ષો હતાં. કવિ દલપતરામે જેના પર પ્રસિદ્ધ કાવ્ય લખ્યું છે એ 'બાપાની પીર' ભલગામડા ગેઈટથી થોડે દૂર વઢવાણ જવાના રસ્તા 52 આવેલી હતી. મરાઠાઓ, કાઠીઓ, જત લોકો અને અન્યોના હુમલાઓમાથી બચવા હરભમજી 1લાએ ઈ.સ. 1767માં લીંબડી ફરતો કોટ ચણાવવાની શરૂઆત કરી હતી. આમ, હરભમજી 1લાએ દીર્ઘ દ્રષ્ટિવાળા શૂરવીર રાજવી હતા. એમણે લીંબડી રાજ્યને ટકાવી રાખી તેને વધારે શક્તિશાળી બનાવ્યું. કાઠીઓને સજા કરવા માટે તેમણે ચોટીલા ઉપર આક્રમણ કર્યુ હતું. '





- **લીંબડી રાજ્યના ઝાલા રાજવીઓ :**

- મહારાણા શ્રી માંગૂ ઝાલા
- મહારાણા શ્રી મધુપાળજી (જાંબુ)
- મહારાણા શ્રી ધમળજી
- મહારાણા શ્રી કાળુજી
- મહારાણા શ્રી ધનરાજજી
- મહારાણા શ્રી લાખાજી-1
- મહારાણા શ્રી ભોજરાજજી-1
- મહારાણા શ્રી કરણસિંહજી-1
- મહારાણા શ્રી આશકરણજી-1
- મહારાણા શ્રી સાંગોજી
- મહારાણા શ્રી શેષમલજી
- મહારાણા શ્રી સારંગજી-1
- મહારાણા શ્રી લાખાજી-2
- મહારાણા શ્રી વજેરાજજી
- મહારાણા શ્રી નાગજી
- મહારાણા શ્રી ઉદયભાણજી
- મહારાણા શ્રી ખેતાજી-1
- મહારાણા શ્રી ભોજરાજજી-2
- મહારાણા શ્રી ખેતાજી-૨
- મહારાણા શ્રી સાંગાજી-2(શિયાણી)
- મહારાણા શ્રી આશકરણજી-2
- મહારાણા શ્રી અંદાજી (મૃત્યુ 1634)
- મહારાણા શ્રી વેરાજી-1 (1634-1665)
- મહારાણા શ્રી કરણસિંહજી-2 (1665-1684)
- મહારાણા શ્રી ભોજરાજજી-2 (1684-1706)
- મહારાણ શ્રી અદાજી-2 (1706-1728)
- મહારાણા શ્રી વેરાજી-૨ (1728-1752)
- મહારાણા શ્રી હરભમજી-1 (1752-1787)
- મહારાણા શ્રી હરિસિંહજી (1787-1825)
- મહારાણા શ્રી ભોજરાજજી-3 (1825-1837)
- મહારાણા શ્રી હરભમજી-2 (1837-1856)
- મહારાણા શ્રી ફત્તેસિંહ (1856-1862)
- મહારાણા શ્રી યશવંતસિંહ (1862-1907)
- મહારાણા શ્રી દોલતસિંહ (1907-1940)
- મહારાણા શ્રી દિગ્વિજયસિંહ (1941-1948) રાજ્યનું વિલીનીકરણ
- યુવરાજકુમાર શ્રી જયદેવસિંહજી છત્રસાલસિંહજી રાણા

- **19મી સદીમાં થયેલી પ્રગતિ**

ઠાકોર હરિસિંહજીએ (1786-1825) લીંબડી શહેર ફરતે કોટ બનાવવાનું કામ પૂરૂં કર્યુ. એમના સમયમાં મરાઠાઓ, કાઠીઓ, જત લોકો અને વઢવાણ રાજ્ય સાથે લડાઈઓ થઈ. 1807માં કર્નલ એલેકઝાન્ડર વોકર સાથે ખંડણી અને સુલેહશાંતિના કાયમી કરાર થતાં લડાઈઓ

અને લૂટફાટ બંધ થઈ. હરભમજી 1લાની માફક હરિસિંહજી પણ એક શક્તિશાળી અને શૂરવીર રાજવી હતા. ઠાકોર હરિસિંહજીના અવસાન પછી નાની વયનાં રાજાઓનાં અલ્પ સમયના વહીવટને કારણે રાજ્યની આર્થિક સ્થિતિ બગડી. 1867 માં રાજ્યનાં મકાનો તથા ઉતારાઓ ખરાબ હાલતમાં હતાં. 1869માં સુપ્રિન્ટેન્ડન્ટની ઓફિસ, પોલીસ માટેના આવાસો અને જેલ બાંધવામાં આવ્યા. 1870-71 દરમિયાન પ્રસિદ્ધ સમાજસુધારક કરસનદાસ મુળજીએ લીંબડીનાં વહીવટીકર્તા તરીકે કામ કર્યુ. 1877માં લીંબડી અને વઢવાણ વચ્ચેનો રસ્તો અંગ્રેજ એન્જીનીયર આર.સી. બૂથની દેખરેખ નીચે તૈયાર થયો. 1880નાં ડિસેમ્બરમાં ભાવનગરથી વઢવાણ જંકશન (સુરેન્દ્રનગર) સુધીની મીટરગેજ રેલવે સાથે લીંબડી જોડાયું તેમજ તાર-ટપાલની વ્યવસ્થા પણ શરૂ થઈ.

- **ઠાકોર જશવંતસિંહજીનાં સમયમાં લીંબડી :**

ઠાકોર જશવંતસિંહજી (1877-1907) અને ઠાકોર દોલતસિંહજી (1908-1940)ના રાજ્યકાલમાં લીંબડી શહેરનો ઘણો વિકાસ થયો. આ બંને ઉમદા રાજવીઓને ‘આધુનિક લીંબડીના નિર્માતા’ ગણી શકાય. જશવંતસિંહજીનાં સમયમાં ઈ.સ. 1881 થી 1886 દરમિયાન કાઠિયાવાડ એજન્સીના બાહોશ અંગ્રેજ એન્જીનિયર આર.સી.બૂથની દેખરેખ નીચે લીંબડીનો ભવ્ય ટાવર બંગલો બંધાયો. ટાવર બંગલા પાસે રાજ્યની ઓફિસના પથ્થરના મકાનો બંધાયા. સર જશવંતસિંહજી મિડલ સ્કૂલ, સર જશવંતસિંહજી હાઈસ્કૂલ અને સર જશવંતસિંહજી ફ્રી લાઈબ્રેરી શરૂ થઈ. કન્યાશાળાનું મકાન બંધાયું. લીંબડીમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ. ગણેશજી જેઠાભાઈ દુબળે મોટું પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કર્યુ. મહાકાલી, મહાલક્ષ્મી, હરેશ્વર અને જશેશ્વર મંદિરો બંધાવ્યાં. મુખ્ય માર્ગો પહોળા કરવામાં આવ્યાં. નવી સડકો બાંધવામાં આવી, જાહેર માર્ગો પર વૃક્ષો રોપવામાં આવ્યાં અને બગીચો બનાવવામાં આવ્યો. આમ, જશવંતસિંહજીએ લીંબડીને આધુનિક બનાવવાની શરૂઆત કરી હતી. જોકે ફેબ્રુઆરી 1906માં લીંબડીના દરબારગઢમાં લાગેલી મોટી આગે ઘણું નુકસાન કર્યુ હતું. આ આગમાં ઠાકોર જશવંતસિંહજીની કેટલીક કિંમતી વસ્તુઓ અને પુસ્તકો બળી ગયા હતા.

- **ઠાકોર દોલતસિંહજીનો પ્રજાકીય વહીવટ :**

ઠાકોર દોલતસિંહજીના રાજ્યકાલ (1908-1940) માં લીંબડીનો વિકાસ ઝડપી અને સાર્વત્રિક બન્યો. તેથી તેને લીંબડીનાં ઈતિહાસનો સૂવર્ણકાળ કહી શકાય. એમનાં સમયમાં છાલિયા બજાર, મોટી બજાર (કંસારા બજાર) બાહેલાપરા અને ત્યાથી મહાલક્ષ્મી મંદિર સુધીની બજારો બંધાઈ. આ બજારો બાંધનાર નાનજી કરસન નામનાં કોન્ટ્રાકટર હતાં. રાજાને માટે





દિગ્ભવન પેલેસ, એની સામે રાજકુમારો માટેના બંગલાઓ અને બંગલાઓ પાસે નાનું વિમાની મથક (એરોડ્રામ), ક્રિકેટનું મોટું મેદાન, એ મેદાન પાસે ક્રિકેટ કલબનું મકાન, રેલવે સ્ટેશન પાસે ભાવેન્દ્રવિલાસ નામનું વિશાળ ગેસ્ટ હાઉસ અને બાલુભા ધર્મશાળા માટેનું મકાન વગેરે બંધાયા. છાલિયાપરામાં વૂડ હાઉસ માર્કેટ (જશવંતસિંહજી લાઈબ્રેરીવાળું મકાન) અને બાહેલાપરામાં વોટ્સન વેજિટેબલ માર્કેટ નું બાંધકામ થયું.'

- **વિશાળ બાંધકામોઃ**

ઠાકોર દોલતસિંહજીએ પોતે રસ લઈને લીંબડીની શાળાઓમાં અભ્યાસ કરતા બહારગામના વિદ્યાર્થીઓ માટે ગરાસિયા (રાજપૂત) બોર્ડિંગ, બ્રાહ્મણ બોર્ડિંગ, દેરાવાસી (શ્વેતામ્બર) જૈન બોર્ડિંગ અને સ્થાનકવાસી જૈન બોર્ડિંગ સ્થાપવામાં જમીન તથા નાણાની મદદ કરી. દરબારગઢથી રેલવે સ્ટેશન સુધી ટ્રામ નાખી. લીંબડીના તળાવનો એક ફાંટો મહાલક્ષ્મીના મંદિર સુધી જતો હતો. તે બંધ કરી તળાવને ઊંડુ ગોળાકાર અને રમણીય બનાવ્યું. એને ફરતે પાળી અને અંદર ઉતરવા માટે પગથિયાં બનાવ્યાં. મહિલાઓને કપડાં ધોવા માટે રાણીતળાવ બંધાવ્યું. છાલિયાતળાવમાં બંધ બાંધી ત્યાંનું પાણી નહેર મારફત આ તળાવોમાં આવે એવી વ્યવસ્થા કરી ખંધારપાથી મોરભાઈનાં ડેલા સુધી પહોળો રસ્તો બનાવી ત્યાંની ગીચતા ઓછી કરી. પરિણામે પ્લેગ જેવા રોગચાળાનો ભય ટળ્યો. જેલથી ભોગાવા નદી સુધીનો રસ્તો પણ બનાવ્યો.

- **આધુનિક સુધારા અને સગવડો :**

ઠાકોર દોલતસિંહજીએ એમના શાસન અમલ દરમિયાન લીંબડીની ભોગાવો નદી ઉપર મજબૂત પથ્થરનો પુલ બંધાવ્યો. તેથી ગામડાઓ સાથેના વેપાર અને સંપર્કમાં વધારો થયો. આ પુલ બંધાયો તે પહેલા ચાર કોશિયા કૂવા પાસે લાકડાનો ચીલો હતો જેના પરથી ગાડાઓ મુશ્કેલીથી નદી પાર કરતા. રામરાજેન્દ્રસિંહજી હોસ્પિટલ નામની ભવ્ય તથા વિશાળ આધુનિક હોસ્પિટલ લીંબડી શહેરમાં બાંધવામાં આવી, જયાં આધુનિક ડૉકટરો, દવાઓ અને એક્ષ-રે મશીનની સગવડ કરવામાં આવી. લેડી વિલીંગ્ડન કન્યાશાળાનું નવું મકાન બાંધવામાં આવ્યું. દોલતસિંહજીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીને રૂપિયા એક લાખનું દાન આપ્યું હતું. તે ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતન અને મુંબઈના કર્વે મહિલા વિદ્યાપીઠને સારી નાણાકીય મદદ કરી હતી. લીંબડીના ગ્રીન ચોકમાં ફૂવારો બનાવી ત્યાં ઠાકોર જશવંતસિંહજીની પૂરા કદની પ્રતિમા મૂકવામાં આવી. લીંબડીમાં મેટ્રીક સુધીનું શિક્ષણ નિઃશુલ્ક હતું અને રાજ્યની હોસ્પિટમાંથી મફત દવાઓ અપાતી. ક્રિકેટને ઘણું મહત્વ અપાતું. મુંબઈ પ્રાંતની કેટલીક મોટી

મેચો લીંબડીનાં ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર રમાતી. ભારતની જે પ્રથમ ક્રિકેટ ટીમ મેચ રમવા ઈંગ્લેન્ડ ગઈ હતી તેમાં દોલતસિંહજીનાં નાના પુત્ર ઘનશ્યામસિંહજીનો બેટસમેન તરીકે સમાવેશ થયો હતો. તેઓ આ ટીમના વાઈસ કેપ્ટન પણ હતા.

નદીના સામે કાંઠે દોલતબાગ નામનો આકર્ષક વિશાળ બગીચો બનાવવામાં આવ્યો, જયાં રાત્રે રંગબેરંગી ઈલેકટ્રીક દીવાઓની રોશની થતી. ગામના તળાવ પાસે પણ એક બાગ બનાવવામાં આવ્યો. લીંબડીમાં પાવરહાઉસ અને વોટરવર્કસની સ્થાપનાં કરવામાં આવી. શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીના પાઈપ અને ઈલેકટ્રીક લાઈટના થાંભલા નાખવામાં આવ્યા. લોકોની સગવડ માટે પાણીની ટાંકીઓ ઊભી કરવામાં આવી. તળાવના કિનારે કૃષ્ણ વિજય થિયેટર બાંધવામાં આવ્યું. જેમા નાટકો ભજવાતા અને ફિલ્મો પણ બતાવવામાં આવતી. આમ, દોલતસિંહજીનાં સમયમાં લીંબડીનો સાર્વત્રિક વિકાસ તથા વિસ્તાર થયો અને એ એક સુંદર તથા રળિયામણુ નગર બન્યું. એમણે લીંબડી દરબારી ગેજેટની પણ શરૂઆત કરી.

- **સ્વાતંત્ર્ય ચળવળ :**

સ્વાતંત્ર્ય ચળવળમાં લીંબડીએ નોંધપાત્ર પ્રદાન કર્યુ હતું. સ્વામી આનંદ ગાંધીજીના નીકટ સંપર્કમાં હતા. મણિલાલ કોઠારીએ વિરમગામ સત્યાગ્રહની અને અમૃતલાલ શેઠે ધોલેરા સત્યાગ્રહની આગેવાની લીધી હતી. સરદારસિંહ રાણાએ ફ્રાન્સ, ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી હતી. નાગરિક અધિકારીની માંગણી માટે લીંબડીનાં નાગરિકોએ ફેબ્રુઆરી 1939માં લીંબડીમાં પ્રજાપરિષદ ભરી. રાજ્યના શાસકોના દમનનો વિરોધ કરવા લીંબડીના નાગરિકોએ હિજરત કરી હતી.

રસિકલાલ ઉમેદચંદ પરીખ, ચીમનલાલ ચકુભાઈ શાહ, ભકિતલક્ષ્મી દેસાઈ (ભકિતબા) વગેરે રાજકીય ચળવળ તથા રચનાત્મક અને સ્વદેશી પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હતા.

- **લીંબડીની હિજરત :**

લીંબડી રાજ્યમાં પ્રજા ભારે કરવેરા નીચે પિસાતી હતી, તેમજ રાજકુટુંબનાં સભ્યોમાં હવસખોરીનાં કૃત્યો પણ અવારનવાર બનતા રહેતા. જુવાન છોકરીઓનાં અપહરણ એ સામાન્ય ઘટના માનવામાં આવતી. પાર્વતી નામની યુવાન દાસીનું મહેલમાંથી અલોપ થવું અને યુવરાજના મુખ્ય મથકમાં રાણાગઢમાંથી તેનું મળી આવવું વગેરે ઘટનાએ પ્રજામાં ભારે રોષ પ્રગટાવ્યો.

પ્રજાનાં આગેવાનોએ લીંબડીનાં વયોવૃદ્ધ ઠાકોર સાહેબ દોલતસિંહજી સમક્ષ આવી દુઃખદ તેમજ શરમજનક ઘટનાઓ રજૂ કરી. દોલતસિંહજીએ તપાસ કરવાનું વચન આપ્યું. લીંબડીનાં





ઠાકોર સાહેબ શ્રી દોલતસિંહજી વયોવૃદ્ધ હતાં. તેઓ રાજ્ય વહીવટમાં ધ્યાન આપી શકતા નહીં. યુવરાજ દિગ્વિજયસિંહ આનંદ પ્રમોદમાં રચ્યાપચ્યા રહેતા હતાં. તેથી બીજા કુમાર શ્રી ફતેસિંહજી રાજ્યના દીવાન તરીકે કારભાર ચલાવતા. તેમની સત્તા અમર્યાદિત હતી. વળી તેઓ કાળબળને પારખવા તૈયાર ન હતા. આમ છતાં લીંબડીના આગેવાનોએ તા. 24 ડિસેમ્બર 1938ના રોજ વિશાળ જાહેરસભા યોજીને પ્રજા મંડળની સ્થાપના કરી. આ સભામાં 7,000 પ્રજાજનોની હાજરી હતી. જેમાં 1,000 જેટલા તો બહેનો હતાં. આ સભામાં બે ઠરાવ પસાર કરવામાં આવ્યા જેમાં (1) લીંબડી રાજ્યની પ્રજા માટે જવાબદાર રાજતંત્ર મેળવવાનો આ મંડળનો ઉદ્દેશ રહેશે. જવાબદાર સ્વતંત્ર એટલે પ્રજાના ચૂંટાયેલાં પ્રતિનિધિઓને જવાબદાર એવા પ્રધાન અથવા પ્રધાનો મારફત ચાલતું રાજ્યશાસન (2) પ્રજા મંડળનું બંધારણ ઘડવા ત્રણ વ્યક્તિઓની સમિતિ નીમવામાં આવી જેમાં (1) શ્રી નાથાલાલ મનસુખલાલ શાહ (2) શ્રી બાપાલાલ કેશવલાલ દોશી (3) શ્રી ભાઈલાલ મગનલાલ વકીલ.

1939ની 1લી જાન્યુઆરીએ કાઠિયાવાડ રાજકીય પરિષદની કારોબારીની બેઠક લીંબડીમાં મળી. પૂ. દરબાર સાહેબ અને શ્રી ઢેબરભાઈનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું અને લીંબડીમાં વિશાળ જાહેરસભા ભરવામાં આવી. પ્રજામાં જાગૃતિનું મોજું ફરી વળ્યું અને કાર્યકર્તાઓ ગામડે ગામડે ફરવા લાગ્યાં. લીંબડીના બંને કુમારો ભણેલા-ગણેલા હતા. તેમણે પ્રજામંડળને નાબૂદ કરવા લીંબડીમાંથી જ ગુંડાઓની ટોળીઓ ઊભી કરી. તેમને તાલીમ આપી હથિયારો પૂરા પાડયાં. ગાંધીજીનાં કહેવા પ્રમાણે દેશી રાજ્યોમાં લડતો ન છેડવી. પણ, લીંબડીની પરિસ્થિતિ જુદી જ હતી. પ્રજા મંડળની રચના કરવાનો લોકોને પ્રાથમિક અધિકાર હતો તે માટે પ્રવૃત્તિઓ ચાલતી હતી. પણ રાજ્યે વિઘ્નો ઊભા કરવાની નીતિ અપનાવી. પરિણામે પરિસ્થિતિ વણસવા લાગી. તેથી લીંબડીનાં આગેવાનોને થયું કે સરદાર સાહેબને વાત કરવી જોઈએ. તે વખતે ગાંધીજી અને સરદાર સાહેબ બારડોલીમાં જ હતાં. શ્રી બાપાલાલ દોશી અને બીજા એક આગેવાન બારડોલી ગયા. ગાંધીજીને મળી વાત સમજાવી.

ગાંધીજીને એવો ખ્યાલ હતો કે જવાબદાર રાજ્યતંત્ર મેળવવા માટેની લડત લડવા માટે પ્રજાશકિત પૂરતી નથી, પણ લીંબડીના ભાઈઓની વાત સાંભળીને તેમણે મહત્વનો મુદ્દો પકડીને કહ્યું કે 'લીંબડીની લડત પ્રાથમિક અધિકાર માટેની છે. એક પણ સાચો સત્યાગ્રહી હોય તો પણ તે લડત લડી શકે છે. તમે પ્રાથમિક અધિકારના મુદ્દા ઉપર લડત લડી શકો છો. તેના કાર્યક્રમરૂપે સૌ પ્રથમ લીંબડી રાજ્યની સમસ્ત પ્રજાની પરિષદ બોલાવો. પ્રજા મંડળના કાર્યકર્તાઓ ગામડામાં લોકોને સમજાવતા, ત્યારે તેમને ગુંડાટોળીઓનો પરચો થવા લાગ્યો. લીંબડીના રાજકુટુંબમાં ઉછરેલા એવા દરબારસાહેબ ગોપાળદાસની ધર્મપત્ની પૂ. ભકિતબા પણ

ગામડાઓમાં ફરતા હતા. જાંબુ ગામમાં તેમની મોટરને ઘેરી લીધી. ગુંડાઓએ કાર્યકર્તાઓને માર માર્યો. એમ છતાં પૂ. ભક્તિબા અડગ રહ્યાં ને ગુંડાઓને પડકાર્યા.

લીંબડીની લડત દરમિયાન એક અત્યંત શરમજનક બનાવ બન્યો. શિયાણી ગામનાં બ્રાહ્મણ વિધવા શ્રી ચંચળબહેન પ્રજામંડળના સભ્ય હતા. તેઓ મોજીદડ જવા માટે શિયાણી બસ સ્ટેન્ડ ઉપર બસની રાહ જોતા હતાં, ત્યાં ગુંડાઓનું મોટું ટોળું આવી પહોચ્યું અને ચંચળબહેન ઉપર તુટી પડયું. તેમની બેઈજજતી કરી. તેમનાં કપડા ફાડયા, તેમને ઢસડયાં, તેમના પર લાઠીઓનો વરસાદ વરસાવ્યો. ઢસડીને તેમને કૂવા પાસેના કાદવની ખાડમાં નાખ્યાં. મારથી તેમને લોહીની ઉલ્ટીઓ પણ થવા લાગી. ચંચળબહેન ત્રાસી ગયાં. ત્રાસથી કંટાળીને કૂવે પડવા તૈયાર થયાં ત્યારે ગુંડાઓ તેમને છોડી ચાલ્યા ગયા. ચંચળબહેનને એટલો બધો માર પડયો હતો કે સારવાર માટે તેમને અમદાવાદની હોસ્પિટમાં દાખલ કરવા પડયાં. પ્રજામંડળને મદદ કરનાર ગામડાનાં વેપારીઓને મારવામાં આવતા હતાં. પાણશિણા ગામનાં શ્રી ચુનીભાઈ ધરમશી, શ્રી સુખલાલભાઈ જીવરાજભાઈ, શ્રી નાગરદાસભાઈ વગેરેનાં ઘરેથી માલમત્તા લૂંટી વેપારીઓને માર્યા. બહેનોનાં કાનમાંથી ડોળિયા ખેંચી કાઢ્યાં. પ્રજામંડળના કાર્યકર શ્રી નાથાલાલભાઈ પુરૂષોતમભાઈ તથા શ્રી છોટાલાલભાઈ પૂંજાભાઈનાં ઘરનાં લોઢાના સળિયા તોડી નાખીને ગુંડાટોળી ઘરમાં દાખલ થઈ હતી. તા. 7-2-1939 ના રોજ શિયાણીમાં ધાડ પડી અને તા. 9-2-1939 ના રોજ કરશનગઢમાં પણ તેનું પુનરાવર્તન થયું.

તા. 19-2-1939નાં રોજ લીંબડીમાં પ્રજા પરિષદ ભરવાની હતી. રાજ્યની એવી ગણતરી હશે કે લોકો લૂંટફાટ, ધાડ અને મારપીટથી ડરીને પરિષદમાં ભાગ લેવા નહીં આવે, પણ પ્રજામાં તો વધુ ઉત્સાહ પ્રગટયો. ગ્રામજનો ગાડામાં બેસીને, ઘોડેસવારી કરીને તેમજ પગપાળા લાંબી કૂચ કરીને લીંબડીમાં આવવા લાગ્યાં. આ બધુ જોઈને રાજ્યે મેલી મુત્સદ્દીગીરી અખત્યાર કરી. રાજ્યે પ્રજામંડળની સામે સનાતનીઓને ઊભા કરી દીધા. 'વફાદાર' ખેડૂતોને ઊભા કર્યા. તેમને લાલચો આપી સહીઓ લીધી. સનાતનીઓએ પત્રિકા છપાવી કે પ્રજાને નામે બોલવાનો પ્રજામંડળને કોઈ અધિકાર નથી. તેઓ પરિષદમાં દાખલ થશે તો તેમને રોકવામાં આવશે અને સુલેહનો ભંગ થશે તો તેની જવાબદારી પ્રજા મંડળની રહેશે.

આમ છતાં 2000 જેટલા ભાઈ-બહેનો પરિષદમાં હાજરી આપવા આવી પહોંચ્યા. પ્રતિનિધિઓ જમવા બેઠા હતાં ત્યાં ગુંડાઓની ટોળીઓ દરવાજા તોડીને દાખલ થઈ. ખેડૂતોને દંડાથી માર્યા અને બધું વેરણ-છેરણ કરી નાખ્યું. પરિષદમાં હાજરી આપવા માટે મુંબઈની વિધાન પરિષદના સભ્ય તેમજ આગેવાન શ્રીમતી લીલાવતી મુનશી, બેરિસ્ટર શ્રી શાંતિલાલ શાહ, અમદાવાદથી શ્રી જીવણલાલ દીવાન અને શ્રી અર્જુનલાલ બપોરે સૌરાષ્ટ્ર મેલમાં આવી



નળ-નદી ને ભાલ (લીંબડી-ચુડા)

પહોંચ્યા. આ સમયે પણ ગુંડાઓ દ્વારા અનેક પ્રકારનાં જુલ્મ લોકો ઉપર કરવામાં આવ્યા, જેથી લોકો આ પરિષદમાં આવે નહીં. આમ છતાં પરિષદ ભરવામાં આવી અને તેમાં બે ઠરાવો પસાર કરવામાં આવ્યા જેમાં...

(1) લીંબડી રાજ્યનાં વતનીઓની આ પરિષદ ઠાકોર સાહેબની છાયા નીચે જવાબદાર રાજ્યતંત્રનું ધ્યેય જાહેર કરે છે અને તેની પ્રાપ્તિ માટે ન્યાયી સાધનોથી આંદોલન શરૂ કરવાનું નકકી કરે છે.

(2) પ્રજાપરિષદના શાંત સંમેલનને તોડી પાડવા રાજ્યે યોજેલી સામુદાયિક હિંસાને આ પરિષદ વખોડી કાઢે છે અને તેનાં હુમલાનાં ભોગ બનેલા પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ દર્શાવે છે.

આ પરિષદમાં બહારથી આવેલા મહેમાનો ઉપર પણ હિચકારા હુમલા થયાં. શ્રી આત્મારામ ભટ્ટનું પહેરણ ફાડી નાખ્યું. અમદાવાદનાં શ્રી કાન્તિલાલભાઈને કડિયાળી ડાંગ મારીને માથું ફાડી નાખ્યું. રાજ્યે ગુંડાગીરીને શાંત પાડવાને બદલે વધુ પ્રોત્સાહન આપ્યું. પ્રજા મંડળનાં ટેકેદારો ઉપર ત્રાસ ચાલું રહ્યો.

- **પ્રજાની હિજરત :**

લીંબડી રાજ્યે પ્રજા તરફ જે દમનની નીતિ અપનાવી હતી તેને વખોડી ગાંધીજી અને સરદારે લીંબડીની પ્રજાને હિજરત કરીને બીજે જવાનો આદેશ આપ્યો. તેથી તા. 21મી ફેબ્રુઆરીએ પ્રજામંડળની ચળવળમાં સામેલ એવા હજારો પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોએ ગાડા, મોટર, ખટારા અને રેલવે મારફત લીંબડી રાજ્યમાંથી હિજરત કરી. તેમાંનાં ઘણાખરા વઢવાણ કેમ્પ- જોરાવરનગર ગયાં. કેટલાક મુંબઈ કે અમદાવાદ જવાનું પસંદ કર્યુ. બળોલ ગામના ખેડૂતો બગોદરા પાસે આવેલ ભાયલા ગામમાં ગયા. હડાળા, જસાપર અને ઘનશ્યામપુરાનાં કેટલાંક ખેડૂત કુટુંબોએ હિજરત કરી. ધોળકા પાસે અરણેજ ગામની ધર્મશાળામાં હિજરતીઓ માટે એક કેમ્પ ખોલવામાં આવ્યો. જયાં ડૉ. પોપટલાલ સંઘવી, ધીરજબહેન સંઘવી, રજબઅલી લાભાણી વગેરે કાર્યકરોએ સેવા આપી. રસિકલાલ પરીખ આ સમગ્ર ચળવળ પર દેખરેખ રાખતા હતાં.

એક બાજુ હિજરત ચાલું હતી તો બીજી બાજું સમાધાનના પ્રયત્નો પણ ચાલુ હતાં. તેમાં એકવાર વાટાઘાટો દરમિયાન સમાધાન થયું પણ ખરૂં અને કેટલાક હિજરતીઓ પાછા ફર્યા, પરંતુ રાજ્યનો પ્રજા પરનો ત્રાસ હજી ચાલુ જ હતો. પરિણામે લોકો પાછા હિજરત કરી ગયા. શ્રી કનૈયાલાલ મુનશી વાટાઘાટોમાં હાજર હતાં. તે સમય દરમિયાન નગરશેઠશ્રી લાલચંદભાઈ ડુંગરશી, શ્રી ભગવાનદાસ હરખચંદ અને શ્રી બાપાલાલ દોશી ગાંધીજીને મળવા ગયાં.

ગાંધીજીએ કહ્યું કે હિજરતની જવાબદારી મારી છે. તમે થાક્યાં હોય તો હું હમણાં સમાધાન કરાવી દઈ શકું તેમ છું. પરંતુ જો બે ચાર માણસો મકકમ હશે તો પણ ધ્યેય સિદ્ધ થશે. વળી આજે વાતાવરણમાં ઉથલપાથલ થઈ રહી છે તેમાં લીંબડીની શી વિસાત છે ? ગાંધીજી પાસેથી હિંમત મેળવીને પ્રતિનિધિ મંડળ લીંબડી પાછું ફર્યું. સમગ્ર દેશમાં લીંબડીના દમન નીતિ સામે પ્રકોપ ઊઠયો. જવાહરલાલજીએ તેને ફાંસીવાદી નીતિ તરીકે ઓળખાવી અને લીંબડી રાજ્યની નીતિથી વાજ આવીને સમગ્ર દેશે લીંબડી રાજ્ય સાથેના રૂના વેપારનો બહિષ્કાર કર્યો.

તેનાથી રાજ્ય ઉપર તેમજ ખેડૂતો ઉપર ભારે આર્થિક ભીંસ વધી. આ હિજરતમાં કુલ 5,000 (પાંચ હજાર) આબાલ-વૃદ્ધજનોએ પહેરેલ કપડે હિજરત કરી હતી.

સમય પ્રમાણે સંજોગો બદલાયા અને આ સમય દરમિયાન વૃદ્ધ રાજવી દોલતસિંહજીનું અવસાન થયું, યુવરાજશ્રી દિગ્વીજયસિંહજી પણ અવસાન પામ્યાં. યુવરાજનાં પુત્રનું પણ હિજરત પહેલાં અવસાન થયેલું. આમ બિનવારસી રાજ્ય થતાં એજન્સીનું મેનેજમેન્ટ આવ્યું. રાજ્યનું સમગ્ર વહિવટી તંત્ર બદલાઈ ગયું. શ્રી નિકોલસન વહીવટદાર તરીકે નિમાયા. તેમણે શાણપણ વાપરીને સમાધાન કરાવ્યું. પ્રજા મંડળનાં અગ્રણી શ્રી રસિકભાઈ પરીખ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી બાપાલાલ દોશી વગેરેએ મળીને સમાધાનનો ત્વરિત અમલ કરાવ્યો.

- **સ્વતંત્રતા પછી લીંબડીની પ્રગતિ :**

1947માં આઝાદી મળ્યા પછી 1948માં લીંબડી સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીન થયું. એ પછી પણ એની પ્રગતિ ચાલુ રહી. 1952માં લીંબડીનાં વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા આપવા ભાવનગર અથવા રાજકોટ જવું પડતું. એ પછી થોડા વર્ષે લીંબડી એસ.એસ.સી.ની પરીક્ષાનું કેન્દ્ર બન્યું. 1953 સુધી ઝાલાવાડ જિલ્લામાં એકપણ કોલેજ ન હતી. એ પછી સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા વગેરે શહેરોમાં કોલેજો શરૂ થઈ. લીંબડીમાં પણ આર્ટસ, કોમર્સ અને હોમ સાયન્સ કોલેજ શરૂ થઈ. લીંબડી કેળવણી મંડળ અને રાજપુત કેળવણી મંડળનાં વહીવટ નીચે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની નવી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કન્યા છાત્રાલયની સ્થાપના થઈ. લીંબડીમાં બળદગાડાઓ અને ઘોડાગાડીઓને બદલે યાંત્રિક વાહનો તથા રિક્ષાઓનો ઉપયોગ શરૂ થયો.

- **ઔદ્યોગિક અને વ્યાપારી વિકાસ :**

1947 પછી લીંબડીના ઔદ્યોગિક અને વ્યાપારી વિકાસમાં વધારો થયો. અમદાવાદથી રાજકોટનો હાઈવે લીંબડી પાસેથી પસાર થતાં લીંબડીને ઘણો ફાયદો થયો. લીંબડીમાં સરકારી





સ્પિનિંગ મિલ શરૂ થઈ. સ્ટીલનું કારખાનું સ્થપાયું. બીજા કારખાનાઓ પણ સ્થપાયા. લીંબડીમાં તાંબા-પીતળનાં સારા વાસણો અને લાકડાનાં કલાત્મક મજબૂત પટારાઓ બનતા હતાં. લીંબડીથી બે કલાકમાં અમદાવાદ કે રાજકોટ જવાનું સરળ બન્યું. તેથી વેપારને ઘણો ફાયદો થયો. ભાવનગર અને સુરેન્દ્રનગર વચ્ચે મીટરગેજ રેલવે કાઢી બ્રોડગેજ રેલવે નાખવામાં આવી. તેથી રેલવે મારફત લીંબડીથી ટ્રેઈન બદલ્યા વગર સીધા મુંબઈ જવાય એવી સગવડ થઈ. આ સગવડથી ભવિષ્યમાં લીંબડીને ઘણો લાભ થશે.

લીંબડીનાં લોકો પીવાના પાણી માટે ઝવેરીઓ કૂવો, ભાડીઓ કૂવો, હલીમની કૂઈ વગેરેનો સને 1950 આસપાસ ઉપયોગ કરતાં હતાં. આ કૂવાઓનું પાણી મીઠું હતું. લીંબડીમાં વરસાદ ઓછો હોવાથી ખેતીનાં પાણીની અછત છે. જો કે બંધો, નહેરો, ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. નર્મદાનાં પાણીનો લાભ પણ લીંબડીને મળતો થઈ જશે. શહેરનાં આરોગ્ય અને સ્વચ્છતાં ઉપર લીંબડી નગરપાલિકા ધ્યાન આપે છે. લીંબડી તાલુકા પંચાયત એના અધિકાર ક્ષેત્રમાં આવતી વિવિધ કામગીરી બજાવે છે.

લીંબડીમાં રામકૃષ્ણ મિશન, જગન્નાથ આશ્રમ, કબીર આશ્રમ, મોટા મંદિર વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે લોકસેવાના કાર્યો કરે છે. પશુઓના નિભાવ માટે પાંજરાપોળ છે. અહીં દેરાવાસી (શ્વેતામ્બર મૂર્તિપૂજક) અને સ્થાનકવાસી જૈનોની મોટી વસ્તી છે. સ્થાનકવાસી સ્વામી અજરામરજીની ગાદી લીંબડીમાં છે. શેઠ, સંઘવી, સખીદા, ડેલીવાળા, કોઠારી, મોટા જૈન પરિવારો છે. બ્રાહ્મણો, ક્ષત્રિયો, મુસ્લિમમાં વહોરાઓ, બ્રહ્મક્ષત્રીઓ, સથવારાઓ અને ભરવાડોની પણ સારી વસ્તી છે.

- **ધર્મગુરૂઓ અને વેપારીઓ :**

વિવિધ ક્ષેત્રોમાં લીંબડીએ મહાન વિભૂતિઓ આપી છે. ધાર્મિક ક્ષેત્રમાં શંકર જગન્નાથ તીર્થ સ્વામી (સંસારી નામ વૈજનાથ ભટ્ટ) અને બિલખાના આનંદ આશ્રમનાં સ્થાપક નથુરામ શર્માનો ઉલ્લેખ કરી શકાય. મોટા વેપારીઓ અને સામાજિક અગ્રણીઓમાં શેઠ નાનજી ડુંગરશી, વોરા ડોસા, દેવચંદ, લાલચંદ ડુંગરશી સંઘવી, છોટાલાલ મગનલાલ કોઠારી, જગજીવનદાસ ઉજમશી તલસાણિયા, રાજરત્ન દુર્ગાશંકર મણિશંકર ઉપાધ્યાય, ડૉ. કેશવલાલ ટી. દવે, રાવ બહાદુર, ગણેશજી જેઠાભાઈ દુબળ, હરિશંકર ઈશ્વરલાલ જોશી, માણેકલાલ આચાર્ય, પ્રેમજી ગટોર, દુર્લભજી ઉમેદચંદ પરીખ, શાહ ભગવાનલાલ હરખચંદ, અમુલખ અમીચંદ મણિયાર, બાપાલાલ કેશવલાલ દોશી, પોપટભાઈ જાંબુવાળા, પોપટલાલ ઉજમશી બાવીસી (રંગુનવાળા) વગેરેને ગણાવી શકાય.

• **શિક્ષણ, સાહિત્ય અને ઈતિહાસક્ષેત્રે પ્રદાન :**

શિક્ષણ ક્ષેત્રે નોધપાત્ર પ્રદાન કરનાર વ્યક્તિઓમાં ડૉ. મધુરીબેન શાહ (છોટાલાલ કોઠારીના મોટી પુત્રી) ડૉ. નરસિંહ મૂળજી શાહ, પ્રા. વ્રજલાલ મોહનલાલ શાહ, હેડ માસ્ટર અમૃતલાલ ડી. પંડયા, હેડ માસ્ટર લાભશંકર વી. ભટ્ટ, હેડ માસ્ટર ત્રંબકલાલ મોહનલાલ શાહ, આચાર્ય અને પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. જયેન્દ્રભાઈ જે. ભટ્ટ વગેરેનાં નામો કહી શકાય. સાહિત્યકારોમાં કવિ મીઠો ઢાઢી, સ્વામી આનંદ, મસ્તકવિ, જીવાભાઈ ચારણ, ભવાનીશંકર, નરસિંહરામ ત્રિવેદી, શંકરદાન ગઢવી, ઈલીઝાબેથ શાર્પ, પુષ્કર ચંદરવાકર, મનુભાઈ જોધાણી, ભીમજી પરીખ, સુશીલ, કુંદનિકા કાપડિયા, દિલીપ રાણપુરા, પ્રમોદ સોલંકી, વિષ્ણુકુમાર મહેતા, ઉજમશી પરમાર, બિન્દુબેન ભટ્ટ વગેરેનાં નામો ગણાવી શકાય.

• **દીવાનો અને ડૉકટરો :**

લીંબડીનાં પ્રસિદ્ધ કારભારીઓ અને દીવાનોમાં ઘેલાશા, સબીદાસ ભવાનીદાસ, નથુ જીવણદાસ મહેતા, ભગવાનલાલ મદનજી જોશીપુરા, નરભેશંકર હરિશંકર, વિનાયક નારાયણ ભાગવત, કરસનદાસ મૂળજી, હરિલાલ સેતલવાડ (ભારત સરકારના એટર્ની જનરલ મોતીલાલ ચીમનલાલ સેતલવાડના પિતામહ), મોતીલાલ માધવરાય, છોટાલાલ હરજીવનદાસ પારેખ, ઝવેરભાઈ અમીન (પ્રસિદ્ધ મહિલા સ્વાતંત્ર્યસેનાની ભક્તિબાના પિતા), કુમાર ફતેસિંહજી, નિકોલસન વગેરેનો સમાવેશ કરી શકાય. બાહોશ મેડિકલ ડોકટરોમાં ડૉ. કેશવલાલ ટી. દવે, ડૉ. એ.ડી. પોપટ, ડૉ. સુરેન્દ્રરાય બક્ષી, ડૉ. પ્રભુદાસ સોલંકી, ડૉ. રસિકલાલ સૌભાગ્યચંદ શાહ, ડૉ. તુષારભાઈ શાહ વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

• **સ્વાતંત્ર્યસેનાની અને રચનાત્મક કાર્યકરો :**

સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રચનાત્મક કાર્યકરોમાં રસિકલાલ ઉમેદચંદ પારેખ, ચીમનલાલ ચકુભાઈ શાહ, અમૃતલાલ શેઠ, મણિલાલ કોઠારી, સ્વામી આનંદ, ક્રાંતિકારી સરદારસિંહ રાણા, જગુભાઈ શિવલાલ પરીખ, ભાઈલાલ મગનલાલ વકીલ, શહીદ રજબઅલી લાખાણી, ચંચળબેન દવે, ધીરજબેન સંઘવી, બાલુબેન મહેતા, નાથાલાલ શાહ, રસિકલાલ શાહ (મારવાડી) વગેરે. આઝાદી પછીનાં રાજકીય આગેવાનોમાં નંદલાલ સુંદરજી વકીલ, જયંતીલાલ કેશવલાલ દોશી, રસિકલાલ પરીખ, જનકસિંહ ઝાલા, જીતુભા રાણા, હરિભાઈ ડોરિયા તથા કિરીટસિંહ રાણા વગેરેનો ઉલ્લેખ કરી શકાય છે.

• **વહીવટકર્તાઓ અને બિલ્ડરો :**

વહીવટકર્તાઓમાં લીંબડીના કારભારી ભૂપતભાઈ બૂચનાં ભાઈ ડોલરરાય બૂચે કલેકટર





તરીકે અને એમનાં નાના ભાઈ નીલમ બૂચે સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યના એકીકરણમાં વી.પી. મેનનનાં મુખ્ય મદદનીશ અધિકારી તરીકે કામ કર્યુ હતું. શ્રીમતી મૃદુલાબેન (છોટાલાલ કોઠારીની નાની પુત્રી) એ વલસાડ જિલ્લાના કલેકટર તરીકે કામ કર્યુ હતું. જયારે મોનાબેન કિશોરભાઈ ખંધાર અત્યારે કલેકટર તરીકે કામગીરી કરે છે. વાડીલાલ કામદાર અને ભાવનાબેન દવેએ અમદાવાદ મહાનગરપાલિકાનાં મેયર તરીકે અને પાનાચંદ ભાઈચંદ મહેતાએ અમદાવાદના મ્યુનિસિપલ કમિશ્નર તરીકે કામ કર્યુ હતું. વાય.બી. ઝાલાએ અમદાવાદના પોલીસ કમિશ્નર તરીકે અને વસંતભાઈ કાંતિલાલ ખંધારે ગુજરાત સરકારમાં એકઝીકયુટીવ એન્જીનિયર તરીકે કામ કર્યુ હતું. જ

મકાન બાંધકામ ક્ષેત્રે અમદાવાદના બકેરી ગ્રુપનાં બિલ્ડર અનિલભાઈ રતિલાલ બકેરીએ અને સૂરતનાં પૂજા ગૃપનાં બિલ્ડર સુરેન્દ્રભાઈ શાંતિલાલ શેઠે ઘણી નામનાં પ્રાપ્ત કરી છે.

• **બર્મા, મુંબઈ અને કોલકત્તાના વેપારીઓ**

બર્મા (મ્યાનમાર)માં લીંબડીનાં ઘણા વેપારીઓ ગયા હતા અને સારૂં ધન કમાતા હતાં. મુંબઈ અને કોલકત્તામાં લીંબડીનાં ઘણા સમૃદ્ધ વેપારીઓ વસે છે. ત્યાં તેમણે પોતાનાં વ્યવસાયમાં પ્રગતિ કરી નામના મેળવી છે. મુંબઈ, કોલકત્તા અને અમદાવાદમાં વસતા લીંબડીનાં મૂળ વતનીઓએ 'લીંબડી મિત્ર મંડળ'ની સ્થાપના કરી. પરસ્પરનો પરિચય વધે એ માટે પ્રયત્નો કર્યા છે. લીંબડીના કેટલાક પરિવારોએ યુરોપ, અમેરીકામાં વસવાટ કર્યો છે. છતાં લીંબડીને તેઓ ભૂલી શકતાં નથી અને લીંબડી માટે કંઈક કરી છૂટવાની તેમને ભાવના હોય છે. પરિણામે તેમના તરફથી લીંબડી કેળવણી મંડળને વિવિધ પ્રવૃતિઓ અને યોજનાઓ માટે ઉદાર હાથે દાન મળતા રહે છે. લીંબડી નજીકના જાંબુ, શિયાણી, તલસાણા, પરનાળા, ખંભલાવ, અંકેવાળિયા, ભથાણ, બાજરડા, સમલા, સૌકા, ચોકી, છલાળા, રોજાસર, ગેડી, હડાળા વગેરે ગામોમાંથી લીંબડીમાં આવીને વસેલા પરિવારોએ પણ લીંબડીનાં વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

• **પુસ્તકાલયો અને સાહિત્યિક સંસ્થાઓ :**

લીંબડીમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોને એક અને સ્થાનકવાસી જૈનોના એક એમ બે ગ્રંથભંડારો છે. એ ઉપરાંત સર જશવંતસિંહજી પુસ્તકાલય, દવેચંદજી સ્વામી પુસ્તકાલયને શ્રેષ્ઠ પુસ્તકાલય તરીકે ગુજરાત સરકારનું ઈનામ મળ્યું હતું. એની સાથે વાંચનાલય પણ જોડાયેલું છે. જેનો સારો લાભ લોકો લે છે.લીંબડીમાં થોડા વર્ષો સુધી મધુવન સાહિત્ય સંઘ નામની સાહિત્યિક સંસ્થાએ કામ કર્યુ હતું. જેના ઉપક્રમે સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનાં પાંચ પ્રવચનોનું આયોજન થયું હતું. ગુજરાતનાં ગુજરાતી અધ્યાપક સંઘનું અધિવેશન લીંબડીમાં

મળ્યું હતું. કવિ દલપતરામે લીંબડીની મુલાકાત લીધી હતી. વિનાશક ધરતીકંપે લીંબડી અને એની આસપાસનાં ગામોને ઘણું નુકસાન કર્યુ હતું. ઘણાં મકાનો પડી ગયા અને જાનહાનિ થઈ. ટાવર બંગલો, છાલિયા બજાર, ખંધારપા, મહાલક્ષ્મીનાં મંદિર પાસેની બજાર, ચોરાપા, શુકલપા, ભાડિયો કૂવો વગેરે વિસ્તારનાં ઘણા મકાનોને નુકસાન થયું. કેટલીક શાળાઓનાં મકાનો પડી ગયા. આ ભૂકંપથી લીંબડીની શોભા અને રોનક છીનવાઈ ગઈ. ભૂકંપ પછી લીંબડીએ આ કુદરતી અફતમાંથી બહાર નીકળવા ભગીરથ પ્રયાસો કર્યા. ગુજરાત સરકાર અને સેવાભાવી સંસ્થાઓને એમાં સારી મદદ કરી છે. લીંબડીનાં રામકૃષ્ણ મિશન અને એના સેક્રેટરી સ્વામી આદિભવાનંદજીએ પણ ઘણું સારૂં કામ કર્યુ છે.

- **સર જશવંતસિંહજીનો લીંબડી રાજ્યના વિકાસમાં ફાળો :**

લીંબડી રાજ્યનાં ઈતિહાસમાં સર જશવંતસિંહજીનું મહત્વ ખૂબજ રહ્યું છે. તેમણે પોતાના શાસનકાળ દરમિયાન લીંબડી રાજ્ય અને લીંબડીનાં લોકો માટે ઘણા સારા કામો કર્યા હતાં. લીંબડીનાં વિકાસમાં સર જશવંતસિંહજીનું યોગદાન ખૂબજ મોટું છે. તેમણે લીંબડીનાં વિકાસ માટે અનેક બાંધકામો તથા શાળાઓની રચના કરી હતી. સર જશવંતસિંહજીનાં સમય દરમિયાન લીંબડી રાજ્યનો સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક તથા શૈક્ષણિક ક્ષેત્રે ખૂબજ વિકાસ થયો હતો.

સર જશવંતસિંહજીનો જન્મ વિ. સંવત 1915નાં વૈશાખ વદ 6 તા. 23મે 1859ને સોમવારનાં દિવસે થયો હતો. તે સમયે લીંબડી શહેરમાં અને લીંબડી રાજ્યમાં અતિ મંગલમય અને અતિ આનંદદાયક થઈ રહ્યો હતો. સર જશવંતસિંહજીનાં જન્મથી પિતા મહારાણાશ્રી ફતેસિંહજી અને માતુશ્રી મહારાણી હરીબા સાહેબના આનંદરૂપ વારીથી ઉભરાઈ જતા હૃદયરૂપ સાગરે મર્યાદા મૂકી દેવા માંડી હતી. સમગ્ર રાજ્યમાં જશવંતસિંહજીનાં જન્મથી ભારે હર્ષ અને ઉલ્લાસની લાગણી જોવા મળતી હતી.

ફતેસિંહજી 18 વર્ષની વયે લીંબડીનાં રાજા બન્યા અને 24 વર્ષની યુવાન ઉંમરે 1862ના જાન્યુઆરીમાં તેમનુ અવસાન થયું. ફતેસિંહજીના મૃત્યુ પછી 1862 ની 30મી જાન્યુઆરીને ગુરૂવારે જશવંતસિંહજીનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પરંતુ તેમની સગીર વયને લીધે તેમનાં વતી વહિવટ કરવાની સત્તા 1862થી 1867 સુધી તેમની માતા હરિબાને સોંપવામાં આવી. ત્યાર પછી 1877માં ઠાકોર જશવંતસિંહજીને લીંબડી રાજ્યનો સ્વતંત્ર વહીવટ કરવાની સત્તા સોંપવામાં આવી. આ સત્તા મેળવવા જશવંતસિંહજીએ 1876માં ઈંગ્લેન્ડ જઈ ત્યાંના સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયાને મળીને પોતાની યોગ્યતાની ખાતરી કરાવવી પડી હતી.

ઠાકોર જશવંતસિંહજીના જન્મ પછી ત્રીજા વર્ષે તેમના નાના ભાઈ ઠાકોર ઉમેદસિંહ ઉર્ફે





વખતસિંહનો જન્મ 1862માં થયો હતો. માતા હરિબાએ તેમના ઉછેર ઉપર દેખરેખ રાખતાં હતાં. જશવંતસિંહજી પાંચ વર્ષના થયા ત્યારે તેમને લીંબડીનાં હરજીવન હીરજીની ગામઠી નિશાળમાં બેસાડવામાં આવ્યા. એ પછી તે સમયની ગુજરાતી શાળાનાં શિક્ષકો-કાલિદાસ અને આશારામ દલીચંદ તેમને રાજમહેલમાં ભણાવવા માટે જતા હતાં.

જશવંતસિંહજી આઠ વર્ષના થયાં ત્યાં સુધીમાં તેમણે ગુજરાતી બીજા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. તે પછીના અભ્યાસ માટે બરજોરજી અને દેવીપ્રસાદ આત્મારામ નામનાં શિક્ષકોને રોકવામાં આવ્યા. હરિબાને ભગવાન શંકર ઉપર અનન્ય શ્રદ્ધા હતી અને પુત્રોને પણ શંકર ઉપર શ્રદ્ધા રાખવા જણાવતા હતાં. 1870 સુધીમાં જશવંતસિંહજીએ ગુજરાતી પાંચ ધોરણ અને અંગ્રેજી બીજા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

1870માં રાજકોટમાં રાજકુમાર કોલેજ શરૂ થઈ અને તે જ વર્ષનાં ફેબ્રુઆરીમાં જશવંતસિંહજી અને તેમના નાના ભાઈ ઉમેદસિંહજી કોલેજમાં દાખલ થયા. આમ, રાજકુમાર કોલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓમાં જશવંતસિંહજીનો સમાવેશ થયો હતો. તેમના સહાધ્યાયીઓ તરીકે જૂનાગઢનાં પાટવી કુમાર બહાદુરખાનજી, ભાવનગરનાં તખ્તસિંહજી, પાલિતાણાનાં માનસિંહજી, મોરબીનાં વાઘજી, રાજકોટનાં બાવાજીરાજ વગેરે હતા. જશવંતસિંહજીનાં મુસાહિબ તરીકે રાણા કેસરીસિંહ અને તેમના મદદનીશ તરીકે બીજા ચાર-પાંચ માણસો સાથે રહેતા હતા.

રાજકોટમાં જે મકાનમાં તેઓ રહેતાં હતાં. તે મકાન લીંબડીના ઉતારા તરીકે ઓળખાતું હતું. 1872ના સપ્ટેમ્બરમાં તેમણે હરિબા સાથે પ્રભાસ પાટણની યાત્રા કરી. તેજ વર્ષનાં નવેમ્બરમાં ગવર્નર જનરલ અને વાઈસરોય લોર્ડ નોર્થબ્રુકને મળવા તેઓ મુંબઈ ગયાં. મુંબઈથી પાછા ફરતા નાસિક અને ત્રંબકની યાત્રા કરી. 1872અને 1874 ની પરીક્ષાઓમાં તેમણે પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાન મેળવીને ઈનામો પ્રાપ્ત કર્યા. રાજકુમાર કોલેજનાં તે સમયનાં પ્રિન્સિપાલ રોસ્ટર મેકનાટને 1873-74ના અહેવાલમાં જશવંતસિંહજીને રાજકુમાર કોલેજનાં સૌથી વધારે આશાસ્પદ રાજકુમાર તરીકે ઓળખાવ્યાં હતાં. 1874ની રમતગમત હરીફાઈમાં તેમણે કેટલાંક ઈનામો પ્રાપ્ત કર્યા. તા. 11,12 ડિસેમ્બર, 1874ના રોજ ઉત્તર વિભાગનાં એજ્યુકેશનલ ઈન્સ્પેકટર ડૉ. બુહલરે રાજકુમાર કોલેજનાં વિદ્યાર્થીઓની પરીક્ષા લીધી હતી. તેમાં તેમણે જશવંતસિંહજીનાં અંગ્રેજી ભાષાનાં જ્ઞાનનો વિશિષ્ટ ઉલ્લેખ કરી તેમની પ્રશંસા કરી હતી.

1875માં ઈંગ્લેન્ડનાં પ્રિન્સ ઓફ વેલ્સ હિંદુસ્તાનની મુલાકાતે આવ્યા ત્યારે ગુજરાત અને સૌરાષ્ટ્રના બીજા રાજાઓની સાથે ઠાકોર જશવંતસિંહજીએ પણ મુંબઈમાં તેમની મુલાકાત લીધી હતી.

જશવંતસિંહજીનાં વિવેક અને વકતૃત્વથી પ્રભાવિત થઈ પ્રિન્સે તેમને જણાવ્યું હતુ કે 'હું તમને ભૂલી શકીશ નહીં.' મુંબઈની આ મુલાકાત દરમિયાન જશવંતસિંહજી મુંબઈનાં કેટલાક પ્રસિદ્ધ પુરૂષો અને અધિકારીઓનાં સંપર્કમાં આવ્યાં હતાં. 1875નાં અંતમાં તેમણે મુંબઈમાં મેટ્રિકની પરીક્ષા આપી, પરંતુ લગ્ન તથા માંદગીને લીધે તેઓ નાપાસ થયાં. એ પછી 1876ના નવેમ્બરમાં ફરીથી મેટ્રિકની પરીક્ષા આપી. પરંતુ ઈગ્લેન્ડનાં પ્રવાસને લીધે પૂરતી તૈયારી નહિ થઈ શકતા એ પરીક્ષામા પણ તેઓ નિષ્ફળ રહ્યાં. ત્યાર પછી તેમણે અભ્યાસ છોડી દીધો.

ઠાકોર જશવંતસિંહજીને ચાર રાણીઓ હતી. તેમાનાં એક બેલા (તા. મોરબી)નાં કુંવરી મોંઘીબા અને બીજા રોહા (તા. નખત્રાણા-કચ્છ)ના કુંવરી માજીરાજબા સાથે 1874ની 12મી મેને મંગળવારે તેમનાં લગ્ન થયાં. તે સમયે તેમની ઉંમર 15 વર્ષની હતી. આ શુભ પ્રસંગને લીંબડીમાં ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો. તેમાં લગભગ પંદર હજાર મહેમાનોએ ભાગ લીધો અને આશરે દોઢ લાખ રૂપિયાનો ખર્ચ થયો. આ પ્રસંગે આમંત્રણ મળવાથી કવિ દલપતરામ ડાહ્યાભાઈ પણ લીંબડી આવ્યાં હતાં અને તેમણે હિંદુસ્તાની ભાષામાં આ પ્રસંગ નિમિતે એક કાવ્ય રજૂ કર્યુ હતું. તેમના ત્રીજા લગ્ન નાંદોદ (હાલમાં રાજપીપળા)નાં મહારાજા ગંભીરસિંહજીના કુંવરી દેવકુંવરબા સાથે તા 11મી માર્ચ 1879 ને રવિવારે થયાં. તેઓ ધામધુમ સાથે જાન લઈને નાંદોદ હથેવાળે લગ્ન કરવા ગયાં હતાં. તે પછી ઉતેલિયા (તા. ધોળકા)નાં દરબાર દાજીરાજજીનાં કુંવરી બાઈરાજબા સાથે 1879ના મે માસમાં (વિ.સં. 1935ના વૈશાખ સુદ 11ને શુક્રવારે) લીંબડીમાં તેમના ચોથા લગ્ન થયા.

- **વિદેશ પ્રવાસ :**

જશવંતસિંહજીએ પોતાનાં જીવનકાળ દરમિયાન બે વાર વિદેશ પ્રવાસ કર્યો હતો. તેમણે પોતાનો પ્રથમ પ્રવાસ 17 વર્ષની વયે 1876માં કર્યો. ઈગ્લેન્ડની મુલાકાત લેનાર કાઠિયાવાડના તેઓ પ્રથમ રાજવી હતાં. આ પ્રવાસમાં રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મેકનાટન તેમની સાથે હતા. જશવંતસિંહજીની સગીરાવસ્થાને લીધે ઈ.સ. 1867 થી લીંબડી રાજ્યમાં અંગ્રેજ સરકારનો વહીવટ હતો. એ વહીવટી સત્તાઓ ફરીથી પ્રાપ્ત કરવા અને ઈગ્લેન્ડમાં રહેલા સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયાને રૂબરૂ મળીને પોતાની યોગ્યતાની ખાતરી કરાવવા તેઓ ઈગ્લેન્ડ ગયાં હતાં. તેઓ પરત થયા પછી તરત 1877 માં તેમને વહીવટી સત્તાઓ મળી હતી.

ઈગ્લેન્ડનાં પ્રવાસ માટે તેઓ લીંબડીથી 1876ની 6ઠ્ઠી એપ્રિલે નિકળ્યા અને 8મી એપ્રિલે તેઓ મુંબઈ પહોંચ્યાં. મુંબઈના બે દિવસના રોકાણ દરમિયાન જશવંતસિંહજીએ ત્યાંના ગવર્નર સર ફિલિપ વૂડહાઉસ તથા રાષ્ટ્રીય નેતા દાદાભાઈ નવરોજીની મુલાકાત લીધી. ગવર્નર સાથેની મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું કે 'રાજ્યશાસન ભોગવવામાં શોભા નથી. કારણ કે તે હકકની





રૂએ મળી શકે એમ છે. પરંતુ રાજ્યાસન મેળવવાને લાયક થવામાં જ હું શોભા સમજું છું. તેના જવાબમાં ગવર્નરે જણાવ્યું કે 'તમારૂ આ વાકય જ તમે લાયક છો તેની સાબિતિ આપે છે.' એપ્રિલે તેમણે 'સિયામ' સ્ટીમર દ્વારા મુંબઈથી પ્રવાસની શરૂઆત કરી તેઓ એડન, સુએજ નહેર, માલ્ટા, જિબ્રાલ્ટર અને સૌધમપ્ટન થઈને 8મી મેએ તેઓ લંડન પહોંચ્યાં. એટલે કે મુંબઈથી લંડન પહોંચતા તેમને 28 દિવસ થયાં હતાં. 12મે 1876ના દિવસે તેમણે મેકનાટનની સાથે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયા લોર્ડ સેલ્સબરીની મુલાકાત લીધી. લોર્ડ સેલ્સબરી પર તેમના વિશે સારી છાપ પડી. એ પછી તેમણે પાર્લામેન્ટ હાઉસ, જીઓલોજીકલ ગાર્ડન, ટંકશાળ, બ્રિટિશ મ્યુઝિયમ, સેંટપોલનું દેવળ, રિજંટપાર્ક, ક્રિસ્ટલ પેલેસ, ઈસ્ટ ઈન્ડિયન મ્યુઝિયમ, કેમ્બ્રિજ યુનિવર્સિટી વગેરેની મુલાકાત લીધી. તેઓ પાંચ મહિના ઈગ્લેન્ડમાં રોકાયાં હતાં.

- **બીજી વખત વિદેશગમન :**

જશવંતસિંહજી પોતાનો બીજો વિદેશ પ્રવાસ 11 વર્ષ પછી તા. 21 જૂન 1887 નાં રોજ ઈગ્લેન્ડમાં રાણી વિકટોરિયાનાં શાસનકાળની ગોલ્ડન જ્યુબિલીની ભવ્ય ઉજવણી થવાની હતી. તેમાં કાઠિયાવાડનાં રાજવીઓએ પોતાનું ત્રણ સભ્યોનું પ્રતિનિધિમંડળ મોકલવાનું નકકી કર્યુ. એ પ્રતિનિધિમંડળમાં લીંબડીનાં ઠાકોર જશવંતસિંહજી, મોરબીનાં ઠાકોર વાઘજી અને ગોંડલના ઠાકોર ભગવતસિંહજીની પસંદગી કરવામાં આવી. આ ત્રણેય રાજવીઓ એ સમયે કાઠિયાવાડનાં અગ્રણી રાજવીઓ ગણાતાં હતાં અને એમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ લીધું હતું. ભગવતસિંહજી તે સમયે ઈગ્લેન્ડમાં જ હતાં. એટલે જશવંતસિંહજી અને વાઘજી 6ઠી મે, 1887ને દિવસે સ્ટીમર દ્વારા મુંબઈથી રવાનાં થયાં. જશવંતસિંહજીએ આ પ્રવાસમાં રાણા કેસરીસિંહજી, કોચમેન હરિભાઈ, ખવાસ મઘા નથુ અને ખવાસ આણંદ લખમણને સાથે લીધા હતાં. મુંબઈથી એડન, સુએજ, એલેકઝાંડ્રિયા, બ્રિડીસી, વેનિસ, મિલાન અને પેરિસ થઈને તેઓ લંડન પહોંચ્યાં. તા 1લી જૂનના રોજ પ્રિન્સ ઓફ વેલ્સની મુલાકાત લીધી. 18 જૂનના રોજ રાણી વિકટોરિયાએ વિન્ડસર કેસલમાં હિન્દુસ્તાનનાં રાજાઓને મુલાકાત આપી. તેમાં જશવંતસિંહજી સામેલ હતા.

30 જૂન 1887ના રોજ રાણી વિકટોરિયાએ વિન્ડસર કેસલમાં દરબાર ભરી હિંદુસ્તાનના રાજાઓના માનપત્રોનો સ્વીકાર કર્યો. આ સમયે કાઠિયાવાડનાં રાજાઓનું માનપત્ર પણ ત્રણ સભ્યોનાં પ્રતિનિધિમંડળે અર્પણ કર્યુ. આ માનપત્રો સ્વીકાર્યા પછી અન્ય રાજવીઓની સાથે રાણી વિકટોરીયાએ લીંબડીનાં ઠાકોર જશવંતસિંહજીને પણ કે.સી.આઈ.ઈ. (નાઈટ કમાન્ડ ઓફ ધી ઈન્ડિયન એમ્પાયર)નો ખિતાબ અર્પણ કર્યો. ત્યારપછી ઈગ્લેન્ડનાં નિવાસ દરમિયાન તેમણે લોર્ડ નોર્થબ્રુક, સર ગ્રાન્ટ ડફ મુંબઈનાં શેઠ ફરામજી, દીનશાજી પીટીટ, બદરૂદીન તૈયબજી, દોરાબજી પેસ્તનજી કામા, પ્રોફેસર મોનિયર વિલિયમ્સ, લોર્ડ રે વગેરેને મળવાનાં

પ્રસંગો બન્યાં. જશવંતસિંહજીએ ત્યાર પછી અમેરિકાનો પ્રવાસ કર્યો. તેમણે ન્યૂયોર્ક અને વોશિંગ્ટન, બોસ્ટન, કયુબેક, સાનફ્રાન્સિસ્કો વગેરેની મુલાકાત લીધી. અમેરીકાની મુલાકાત લેનાર તેઓ પ્રથમ લીંબડીના વતની હતાં.

જશવંતસિંહજી ઈંગ્લેન્ડ ગયા તે પહેલા તા 16, 17 ફેબ્રુઆરી 1887 ના રોજ લીંબડીમાં પણ ધામધૂમપૂર્વક ગોલ્ડન જ્યુબિલી ઉજવવામાં આવી હતી. કાઠિયાવાડનાં જયુડિશિયલ આસિસ્ટન્ટ મિ. વિટવર્થે આ ઉજવણીમાં ભાગ લેવા લીંબડી આવ્યાં હતાં. રાણીનાં માનમાં 101 તોપો ફોડવામાં આવી હતી. દરબારગઢમાં રોશની તેમજ આતશબાજી થઈ હતી. કેટલાક કેદીઓની સજા ઘટાડવામાં આવી તથા કેટલાક કેદીઓને મુકત કરાયા હતાં.

1લી ઓગસ્ટ, 1877ના દિવસે લીંબડીમાં જાહેર દરબાર ભરી અંગ્રેજ સરકારનાં પ્રતિનિધિ ઝાલાવાડનાં આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ મિ. હન્ટરે જશવંતસિંહજીને લીંબડી રાજ્યનો સ્વતંત્ર વહીવટ કરવાની સત્તા સુપરત કરી. તે દિવસે તેમનો વિધિસર રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ પ્રસંગને લીંબડીની પ્રજાએ ઉત્સવ તરીકે ઉજવ્યો. બહારગામથી પણ ઘણા મહેમાનો આવ્યા હતા. બીજે દિવસે રાજ્ય તરફથી રાજમહેલમાં દરબાર ભરીને કવિઓ, લેખકો, ચારણો તથા આશ્રિતજનોને ઈનામો અને ભેટો અપાયા હતાં. વહીવટી સત્તાની પ્રાપ્તિ એ જશવંતસિંહજીની એક મહત્વની સિદ્ધિ હતી. આ સત્તા તેમને 18 વર્ષની વયે મળી હતી.

ઠાકોર જશવંતસિંહજીને શરૂઆતમાં ચોથા વર્ગના રાજવીનો દરજ્જો અપાયો હતો. પરંતુ વહીવટી કુશળતા, આવડત અને વફાદારીને લીધે તેમને 8મી મે 1878ના રોજ ત્રીજા વર્ગનાં અને 1લી ફેબ્રુઆરી 1879ના રોજ બીજા વર્ગનાં રાજવીનો અધિકાર આપવામાં આવ્યો. આમ, માત્ર દોઢ વર્ષમાં જ તેમણે ચોથા વર્ગનાં દરજ્જામાંથી બીજા વર્ગનો દરજ્જો પ્રાપ્ત થયો. 1878 માં અંગ્રેજ સરકારે જશવંતસિંહજી માટે 9 તોપોની કાયમી સલામીનું માન નકકી કર્યુ હતું.

- **વહીવટીય કાર્યક્ષમતા :**

રાજ્યનાં વહીવટ પર ઠાકોર જશવંતસિંહજી અંગત દેખરેખ રાખતાં હતાં. દરરોજ ચાર-પાંચ કલાક તેઓ પોતાની ઓફિસમાં હાજરી આપતાં. મહત્વનાં મહેસૂલી, દીવાની અને ફોજદારી ન્યાયનાં પ્રશ્નોનો જાતે જ ઉકેલ કરતાં. પોલિટિકલ એજન્ટ સાથેનાં પત્રવ્યવહાર પણ તેઓ જ સંભાળતાં. 1878ના મે માસમા હરિલાલ અંબાશંકર સેતલવાડ કે જેઓ બ્રિટિશ સરકારમાં સબોર્ડિનેટ જજ હતાં. તેમની ઠાકોર સાહેબે દીવાન તરીકે નિમણૂંક કરી હતી.

ઈ.સ. 1887માં હરિલાલ સેતલવાડે રાજીનામું આપતાં કાર્યકારી દીવાન તરીકે મોતીલાલ માધવરાયની નિમણૂંક કરવામાં આવી. આ સમયે રાણા કેસરીસિંહ તેમનાં અંગત મદદનીશ તરીકે જીવણલાલ દેવકરણ કોઠારી સલાહકાર તરીકે, ખીમચંદ લક્ષ્મીચંદ પ્રાઈવેટ સેક્રેટરી તરીકે અને





જીવાભાઈ વિસાભાઈ ચારણ ઉર્ફે 'મસ્તકવિ' રાજકવિ તરીકે કામ કરતા હતા. ઠાકોર જશવંતસિંહજીનું આ અંતરંગ મંડળ હતું. જેની સાથે તેઓ ફુરસદના સમયે જ્ઞાન અને તત્વજ્ઞાનની ચર્ચા કરતા. ઠાકોર જશવંતસિંહજી ફરજપાલનનાં આગ્રહી હતાં અને અયોગ્ય અધિકારીને છૂટા પણ કરતાં.

- **લીંબડીમાં રેલવે :**

1880ની 18 ડિસેમ્બર ભાવનગર-વઢવાણ રેલવે લાઈન ખુલ્લી મુકાતાં લીંબડી શહેરને રેલવેનો લાભ મળતો થયો. મૂળ રેલવે લાઈન દરબારગઢથી પશ્ચિમ દિશામાં 300 વારનાં અંતરેથી પસાર થવાની હતી. પરંતુ રેલવે સ્ટેશન શહેરની નજીક હોય તો રાજાને તથા પ્રજાને તકલીફ પડે એમ જણાવી તેમણે ભરૂચના રેસિડેન્ટ એન્જિનિયર એચ.બી. હારગ્રેવને પત્ર લખી આ રેલવે લાઈન શહેરથી દૂર લઈ જવાની આગ્રહપૂર્વક ભલામણ કરી હતી. પરિણામે એ રેલવે લાઈનને દૂર લઈ જવામાં આવી.

- **મુંબઈ ધારાસમિતિનાં સભ્ય :**

મુંબઈ સરકારનો જશવંતસિંહજી વિશેનો અભિપ્રાય ખૂબ જ સારો હતો. જેના પરિણામે 1884ના જૂનમાં મુંબઈ સરકારે બે વર્ષ માટે તેમની ધારા સમિતિનાં સભ્ય તરીકે નિમણૂંક કરી.

જશવંતસિંહજી માટે આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હતી. તેમનાં સભ્યપદ દરમિયાન વાટાદાર અને મતાદારને લગતા કાયદાઓનાં ખરડા રજૂ કરવામાં આવ્યાં. આ ખરડાઓ માટે નિમાયેલી પ્રવર સમિતિનાં પણ તેઓ સભ્ય હતા. આમ ઠાકોર જશવંતસિંહજીએ કાઠિયાવાડનાં અગ્રણી રાજવી તરીકે સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. 1884માં મુંબઈનાં ગવર્નર રાજકોટ આવ્યા ત્યારે તેમને કાઠિયાવાડનાં રાજવીઓ તરફથી જે માનપત્ર અપાયું તે જાહેર સમારંભમાં વાંચી સંભળાવવાનું કામ જશવંતસિંહજીને સોંપવામાં આવ્યું હતું. 1884ના ડિસેમ્બરમાં હિન્દનાં ગવર્નર જનરલ અને વાઈસરોય લોર્ડ રિપન નિવૃત થઈને ઇંગ્લેન્ડ જતા હતાં ત્યારે ઘણા દેશનેતાઓ અને રાજાઓ વિદાય આપવા મુંબઈ ગયા હતાં. તે સમયે જશવંતસિંહજી પણ તેમને વિદાય આપવા મુંબઈ ગયા હતાં. 1889નાં નવેમ્બરમાં હિન્દનાં વાઈસરોય લોર્ડ કર્ઝન ઝાલાવાડ અને કાઠીયાવાડમાં આવ્યા ત્યારે જશવંતસિંહજી તેમને મળ્યાં હતાં.

- **લીંબડીમાં પ્રજાકીય કાર્યો :**

લીંબડીનાં દરબારગઢમાં આવેલા ટાવર બંગલાનું ખાતમુહૂર્ત 1889માં થયા પછી તેને બંધાતાં પાંચ વર્ષ થયાં હતાં. ઉપરાંત 1894માં તમામ દરબારી ઓફિસોવાળું મકાન બાંધવામાં આવ્યું હતું. આ મકાન ખૂબજ મજબૂત અને વિશાળ હતું. 1892 ની 1લી ઓકટોબરે લીંબડીનાં

જશવંતસિંહજીનાં હસ્તે વોટર વર્કસ ખુલ્લું મુકવામાં આવ્યું. તે પ્રસંગે શહેર સુધરાઈ તરફથી સભા ભરીને તેમને માનપત્ર આપવામાં આવ્યું તથા પ્રજાહિતનાં કામો કરવાની તેમની ઉત્કંઠા અને ઉદારતાની પ્રશંસા કરવામાં આવી હતી. 1889માં ખેતીવાડીનાં રક્ષણ માટે પાણશીણા ગામથી દેવપુરા ગામ સુધી એક નહેર તથા છાલિયા વગેરે સ્થળોએ બંધ બાંધવામાં આવ્યા. લીંબડી રાજ્યે સિંચાઈ માટે નહેરો બંધાવી હતી. તેને લીધે 1899-1900 ના ભયંકર છપ્પનિયા દુષ્કાળનો તે અંગ્રેજ સરકારની મદદ લીધા વગર સામનો કરી શક્યું. આ ભયંકર દુષ્કાળ વિક્રમ સંવત 1956માં પડ્યો હોવાને લીધે તે છપ્પનિયા દુષ્કાળ તરીકે ઓળખાય છે.

- **શૈક્ષણિક સંસ્થાઓ :**

ઠાકોર જશવંતસિંહજી શિક્ષણનું મહત્વ સમજતાં હતાં. તેમણે લીંબડીમાં 1885ની 7મી માર્ચે સર જશવંતસિંહજી મિડલ સ્કૂલની અને 1907માં તેમના અવસાનનાં થોડા સમય પહેલા સર જશવંતસિંહજી હાઈસ્કૂલની સ્થાપના કરી. તેમનાં રાજ્યકાલ દરમિયાન લીંબડીમાં કન્યાશાળાનું મકાન બંધાયુ. 1895માં તેમના દ્વારા જશવંતસિંહજી લાઈબ્રેરી એન્ડ ફ્રી રીડિંગ રૂમની શરૂઆત થઈ. જશવંતસિંહજીએ અંગ્રેજી શિક્ષણ લીધું હતું તેમજ વિદેશ પ્રવાસો કર્યા હતા, તેમાંથી પ્રેરણા લઈને તેમણે આ સંસ્થાઓ શરૂ કરી હતી. આવી જ સ્ટેટ લાઈબ્રેરીઓ સૌરાષ્ટ્રના બીજા રાજ્યોમાં પણ સ્થપાઈ હતી.

જશવંતસિંહજીનાં સમયમાં ભવાનીશંકર નરસિંહરામ ત્રિવેદીએ 1882માં 'ગુજરાત માસિક પત્ર', 1883માં 'ટીકાકાર ત્રિ-માસિક', 1888માં 'કાઠિયાવાડ' સાપ્તાહિક અને 1890માં 'વિદ્યાવિનોદ' માસિક શરૂ કર્યું હતું. લીંબડીમાં પ્રિન્ટીંગ પ્રેસ પણ શરૂ થયું હતું.

લીંબડી રાજ્યનાં ગામોમાંથી લીંબડીની અંગ્રેજી શાળામાં અભ્યાસ કરવા આવનારને શિષ્યવૃતિ આપવામાં આવતી. એ ઉપરાંત વઢવાણ, રાજકોટ વગેરેની હાઈસ્કૂલો તથા ભાવનગર, અમદાવાદ અને મુંબઈની કોલેજમાં અભ્યાસ કરવા જનારને આર્થિક સહાય આપવામાં આવતી હતી. કેસરીસિંહ ભવાનીસિંહને મુંબઈની વેટરનરી કોલેજમાં, કેશવલાલ છગનલાલ કોઠારીને ભાવનગરની શામળદાસ કોલેજમાં અને વ્રજલાલ જીવણજી કોઠારી, ત્રંબકલાલ છગનલાલ ભટ્ટ તથા લીંબડીનાં ભાયાત કંથારિયાનાં સરદારસિંહ રવાભાઈ રાણાને મુંબઈ અભ્યાસ કરવા માટે શિષ્યવૃતિઓ આપવામાં આવી હતી. આમાનાં સરદારસિંહ રાણા પછીથી વિદેશમાં જઈને પેરિસમાં સ્થિર થયા અને ક્રાંતિકારી ચળવળમાં કચ્છના શ્યામજી કૃષ્ણવર્માનાં સહકાર્યકર બન્યાં. 1892માં ત્રંબકલાલ જાદવરાય દેસાઈને બેરિસ્ટિર થવા માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યા. 1893માં જૂનાગઢનાં પ્રસિદ્ધ ડોકટર ત્રિભુવનદાસ મોતીચંદ શાહના જમાઈ ભુદરદાસ બહેચરદાસ વોરાને મેડિકલ અભ્યાસ માટે ઈંગ્લેન્ડની ગ્લાસગો યુનિવર્સિટીમાં





મોકલવામાં આવ્યા.

- **ગંભીર ગુનાઓની નાબૂદી :**

કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટે 16 ઓગસ્ટ, 1890 ના રોજ કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં ધાડ, ખૂન કે લૂંટ જેવા ગંભીર ગુનાઓ નાબૂદ કરવા એક કન્વેન્શનની જાહેરાત કરી. આ કન્વેન્શન દ્વારા એક રાજ્યનાં પોલિસ અધિકારી આવા ગંભીર ગુનાઓ આચરનારને બીજા રાજ્યની સરહદમાં જઈને પકડી શકે એવી તેને સત્તા મળતી હતી. આ કન્વેન્શન પર લીંબડી ઉપરાંત કાઠિયાવાડના બીજા 30 રાજ્યોએ સહી કરી હતી. આમ, તેમના સમયમાં ગુનાખોરીને કાબૂમાં લેવા નકકર પ્રયાસો થયા હતા.

- **નવા ગામોની રચના :**

ઠાકોર જશવંતસિંહજીએ 1887માં તેમના લઘુબંધુ કુમાર ઉમેદસિંહજીનાં નામ પરથી ઉમેદપુર નામનું ગામ વસાવ્યું હતું. 1894માં તેમણે 'દેવસ્થળ', 'જાલમપુર' અને 'યશવંતપુર' નામનાં ત્રણ ગામો નવા વસાવ્યાં હતા. તે સમયે રાજાઓ પોતાના કે પોતાના કુટુંબિજનોનાં નામ પરથી નવા ગામો વસાવતા અને શરૂઆતમાં ત્યાં રહેવા જનાર ખેડૂતોને કેટલાક ખાસ લાભ આપતા. આ રીતે પડતર જમીન ખેતી નીચે આવતી અને રાજ્ય તથા પ્રજા બંનેને ફાયદો થતો.

- **કુદરતી આફતો :**

ઈ.સ. 1878-79ના વર્ષમાં લીંબડીનાં ભોગાવામાં મોટું પૂર આવ્યું હતું. જેને લીધે લીંબડીમાં ઘણું નુકસાન થયું હતું. આ પૂરને લીધે લીંબડી-વઢવાણ રસ્તા પર પણ કેટલીક જગ્યાએ ભંગાણ પડ્યું હતું તથા ધોવાણ થયું હતું. તા. ૨જી ફેબ્રુઆરી 1906ના રોજ લીંબડીનાં દરબારમાં ભયંકર આગ લાગી હતી. 1907ના ફેબ્રુઆરીમાં લીંબડીમાં બરફના કરાનું તોફાન થયું હતું. જેમાં 20 માણસો મૃત્યુ પામ્યાં હતાં અને 23 જખમી થયા હતા.

- **લીંબડીમાં સ્વામી વિવેકાનંદ**

1891 ના અંતમાં રામકૃષ્ણ મિશનનાં સ્થાપક સ્વામી વિવેકાનંદે લીંબડીની મુલાકાત લીધી. સ્વામી વિવેકાનંદ જશવંતસિંહજીનાં મહેમાન બની ટાવરવાળા બંગલાનાં નીચેનાં ભાગમાં કેટલાક દિવસ રહ્યા. એમ કહેવાય છે કે સ્વામી વિવેકાનંદને અમેરિકા જવાની પ્રેરણા તેમની આ લીંબડીની મુલાકાત દરમિયાન ઠાકોર જશવંતસિંહજીએ આપી હતી. સ્વામી વિવેકાનંદ લીંબડીથી જૂનાગઢ અને પોરબંદરની મુલાકાત લીધી હતાં. ઠાકોર જશવંતસિંહજીએ ત્યાંના રાજાઓ પર એમને ભલામણપત્રો લખી આપ્યા હતાં.

- **જશવંતસિંહજીના સમયમાં સાહિત્ય :**

ઠાકોર જશવંતસિંહજીના સમયમાં સાહિત્ય, મુદ્રણ અને પત્રકારત્વની પ્રવૃતિઓને પ્રોત્સાહન મળ્યું. જામડીનાં જીવાભાઈ ચારણ ઉર્ફે 'મસ્તકવિ' તેમના રાજકવિ હતાં. ઉપરાંત રવિરાજ નામનાં ચારણ કવિએ લખેલા જશવંતસિંહજીનાં પ્રશસ્તિકાવ્યો શ્રી યશવંત જીવન ચરિત્રનાં અંત ભાગમાં આપવામાં આવ્યા છે. લીંબડી રાજ્યનાં કારભારી ભગવાનલાલ મદનજી જોશીપુરા એક વિદ્વાન હતા. તેમણે શ્રીમદ્ ભગવત, દશમસ્કંધનાદુહાં રચ્યા, જે પછીથી તેમની પુત્રી ભાગીરથીએ 1889માં પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કર્યા. ભવાનીશંકર નરસિંહરામે 1882માં 'ગુજરાત માસિક' પત્ર, 1883માં 'ત્રિમાસિક ટીકાકાર' 1888મા 'કાઠિયાવાડી સાપ્તાહિક' અને 1900માં 'વિદ્યાવિનોદ' માસિક શરૂ કરીને ચલાવ્યાં હતાં. તેમણે 'કૃષ્ણવિરહ', 'ગૌરીશંકર ઓઝાનું ચરિત્ર', 'સૌરાષ્ટ્ર પ્રકાશ' 'મણિપુરનો મહારાજા', 'જશવંત વિયોગ' વગેરે મળીને લગભગ 26 પુસ્તકો લખ્યાં હતાં.

ગણેશજી જેઠાભાઈએ લીંબડીમાં જશવંતસિંહજી પ્રિન્ટિંગ પ્રેસ, નામનું મોટું મુદ્રણાલય શરૂ કર્યુ હતું. 'કાઠિયાવાડ લો રિપોર્ટસ' તથા કેટલાક અન્ય સરકારી અહેવાલો અને પુસ્તકો આ મુદ્રણાલયમાં છપાયા હતાં.

- **ધર્મ પ્રત્યે લગાવ**

જશવંતસિંહજી ઘણા ધાર્મિક વૃત્તિનાં હતાં. તેમનાં કેટલાક નવા મંદિરો રચાયા. તેમજ કેટલાંકનો જીર્ણોદ્ધાર થયો. તેમની માતા હરિબાએ 1878 (વિ.સં. 1934)માં હરેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. 1884 (વિ.સં. 1940) માં જશવંતસિંહજીનાં નામ પરથી જશેશ્વર મહાદેવનું મંદિર બંધાયું. 1888 (વિ.સં. 1944) માં બરવાળામાં ફતેસિંહજીનાં નામ પરથી ફતેશ્વર મહાદેવનું મંદિર બાંધવામાં આવ્યું. આ મંદિરનાં બાંધકામમાં રૂા. 15,000/- નું ખર્ચ થયું અને તે માણેકલાલ આશારામ નામનાં રાજ્યનાં અધિકારીની દેખરેખ નીચે તૈયાર થયું હતું.

જશવંતસિંહજીએ 1892માં દરબારગઢ પાસેના અંકલેશ્વર મહાદેવનાં મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમનાં રાજ્યકાલ દરમિયાન લીંબડીનાં એક શ્રીમંત કરૂણાશંકર ગણેશજી રાવળે 1897માં તેમનાં પિતાની સ્મૃતિમાં ગણેશનાથ મહાદેવનું મંદિર તળાવ કિનારે બંધાવ્યું. આ મંદિરમાં આસનબદ્ધ સ્થિતિમાં માળા ફેરવતાં વૃદ્ધ ગણેશજી રાવળની આરસની સુંદર મૂર્તિ છે. મોટા મંદિર તરીકે ઓળખાતા ચતુર્ભુજજીનાં મંદિરમાં સંતજનોને રહેવા માટે જશવંતસિંહજીનાં ઉતેલિયાવાળા રાણી બાઈરાજબાએ રૂા. 5000/- ના ખર્ચે ચાર ઓરડાઓ બંધાવીને 1905માં મંદિરને અર્પણ કર્યા હતા. આજ મંદિરમાં 1906માં જશવંતસિંહજીએ તેમના નાના ભાઈ ઉમેદસિંહજીની સ્મૃતિમાં ચતુર્ભુજજીની મૂર્તિ નીચેનું ચાંદીનું સિંહાસન બનાવરાવીને તે મંદિરને





અર્પણ કર્યુ હતું. જશવંતસિંહજીનાં ઉતેલિયાવાળા પત્ની બાઈરાજબાએ ઈ.સ. 1808માં જશેશ્વરનાં મંદિર ફરતી ધર્મશાળા બંધાવીને સાર્વજનિક ઉપયોગ માટે ખુલ્લી મૂકી હતી.

- **જશવંતસિંહજીનું અવસાન :**

1907ના એપ્રિલની 15મીએ સવારે 7:00 વાગ્યે મહાબળેશ્વરમાં જશવંતસિંહજીનું 48 વર્ષની પ્રમાણમાં નાની કહી શકાય એવી ઉમરે આકસ્મિક અવસાન થયું. તેઓ મુંબઈ સર હરકિશનદાસને ત્યાં લગ્નપ્રસંગે ગયાં હતાં. ત્યાં તબિયત સહેજ નરમ બનતા તેઓ પૂના ગયા. પૂનામાં થોડા દિવસ આરામ કરીને તેઓ 14મી એપ્રિલને રવિવારે સાંજે મહાબળેશ્વર પહોંચ્યા અને બીજે દિવસે તા. 15મીએ સવારે 7:00 વાગ્યે તેમનું અવસાન થયું. અવસાન સમયે તેમની પાસે ઉતેલિયાવાળા રાણી બાઈરાજબા હતાં. 18મી એપ્રિલે બપોરે ટ્રેનમાં લીંબડી આવ્યાં ત્યારે લીંબડીની પ્રજાએ તેમનું શોકયુક્ત સ્વાગત કર્યું હતું. જશવંતસિંહજીનાં અવસાનનાં કારણે લીંબડીમાં નવ દિવસનો શોક પળાયો હતો અને બધા કામકાજ બંધ રહ્યા હતાં. પ્રજામાં ઘેરા શોક અને દુ:ખની લાગણી પ્રવર્તતી હતી. ભાવનગર, પોરબંદર, જામનગર લખતર, વઢવાણ વગેરે શહેરોમાં પણ શોક પળાયો હતો તથા શાળાઓ અને અદાલતો બંધ રાખવામાં આવ્યા હતાં.

જશવંતસિંહજીનો રાજ્યકાળ લીંબડી રાજ્યનાં ઈતિહાસમાં ઘણી દષ્ટિએ નોંધપાત્ર હતો. તેમણે પોતે આધુનિક શિક્ષણ લીધું એટલું જ નહિ, પરંતુ લીંબડીની પ્રજા માટે પણ આધુનિક શિક્ષણની વ્યવસ્થા કરી. પોતે યુરોપ, અમેરિકા, કેનેડા વગેરેની મુલાકાત લીધી. તેમજ સરદારસિંહ રાણા જેવા તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશ જવામાં મદદ કરી. દરબારગઢમાંની ભવ્ય ઈમારતો તેમના રાજ્યકાળ દરમિયાન તૈયાર થઈ. એમાંનો ટાવરબંગલો તો જાણે લીંબડીની ઓળખ જેવો થઈ ગયો છે. હરેશ્વર, જશેશ્વર અને ફતેશ્વર મહાદેવના વિશાળ શિવાલયો બંધાવ્યાં. મોટા મંદિર તથા હવેલીનાં મંદિરનો વિકાસ થયો. લીંબડીમાં તાર, ટેલિફોન, વોટરવર્કસ જેવી સગવડો થઈ. શાળાઓ, કન્યાશાળાઓ તથા દવાખાનાઓની સંખ્યા વધી. મુંબઈ પ્રાંતની તથા દેશની મહાન વ્યકિતઓએ લીંબડીની મુલાકાત લીધી. કરસનદાસ મૂળજી, હરિલાલ સેતલવાડ તથા ઝવેરભાઈ અમીન જેવા કુશાગ્ર બુદ્ધિશાળી વહીવટકર્તાઓની સેવાઓનો લાભ મળ્યો. લીંબડી શહેર ભાવનગર-વઢવાણ રેલવેનું મથક બન્યું. નવા ગામોની સ્થાપનાં તથા ખેતીવાડીને લગતા સુધારાઓ કરવામાં આવ્યાં. લીંબડી રાજ્યનું દેવું ભરપાઈ કરીને તેને સમૃદ્ધ રાજ્ય બનાવ્યું. લીંબડીમાં શહેરસભા દ્વારા પ્રજાને વહીવટમાં રસ લેતી કરી. તેમના બે વિદેશ પ્રવાસોની અસર તેમના ઉદાર અને કાર્યક્ષમ વહીવટમાં જોઈ શકાય છે.

અસ્થિરતા અને અસંતોષ દૂર કરી તેમણે લીંબડીને કાઠિયાવાડનું એક અગ્રણી રાજ્ય બનાવ્યું. તેમણે લીંબડીને સુંદર સગવડોથી સભર, આકર્ષક અને આધુનિક બનાવવાનો પ્રયત્ન

કર્યો. તેમને લીંબડી રાજ્યનાં એક શક્તિશાળી, પ્રજાપ્રિય, સૌજન્યશીલ અને સંસ્કારી રાજવી તરીકે ઓળખાવી શકાય. કાઠિયાવાડનાં અગ્રણી રાજ્યોમાં પણ તેમનો સમાવેશ કરી શકાય.

- **લીંબડી રાજ્યમાં શિક્ષણનો વિકાસ :**

લીંબડી રાજ્ય શિક્ષણમાં પ્રગતિશીલ હતું. ઠાકોર જશવંતસિંહજીનાં રાજ્યકાળમાં અંગ્રેજી પધ્ધતિથી શિક્ષણ આપતી મિડલ સ્કૂલ, હાઈસ્કૂલ તથા કન્યાશાળા શરૂ કરવામાં આવી હતી. ગુજરાતી શાળાઓની સંખ્યા પણ સારા પ્રમાણમાં હતી. લીંબડી રાજ્યમાં શિક્ષણની સંપૂર્ણ જવાબદારી રાજ્યે ઉપાડી હતી અને પ્રાથમિકથી મેટ્રિક સુધીનું શિક્ષણ ઈ.સ. 1907થી મફત અપાતું હતું. 7 થી 11 વર્ષનાં વિદ્યાર્થીઓ અને 7 થી 10 વર્ષનાં વિદ્યાર્થીનીઓ માટે ફરજિયાત શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું. બહારગામનાં વિદ્યાર્થીઓ લીંબડીમાં રહીને વિદ્યાભ્યાસ કરી શકે તે માટે દેરાવાસી જૈન વિદ્યાર્થી ભવન, સ્થાનકવાસી જૈન વિદ્યાર્થીભવન, ગરાસિયા વિદ્યાર્થીભવન તથા બ્રાહ્મણ વિદ્યાર્થીભવન સ્થાપવામાં રાજ્યે જમીન અને નાણાંની મદદ કરી હતી. તેની સગવડો વધારવામાં પણ રાજ્ય મદદ કરતું હતું. આ વિદ્યાર્થીભવન (બોર્ડિંગો)માં શારીરિક કસરત કરાવવામાં આવતી તેમજ ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવતું. લીંબડીમાં રહેતા જૈન આગેવાનોના પુત્રો પણ બોર્ડિંગમાં રહીને ભણતા જેથી અન્ય લોકો પણ એમના પુત્રોને એમાં રહેવા અને ભણવા માટે મોકલે. આ બોર્ડિંગમાં વિદ્યાર્થીઓને ઓછા ખર્ચે રહેવા-જમવાની સગવડ આપવામાં આવતી.

સર જશવંતસિંહજી હાઈસ્કૂલમાં શિક્ષણનું ધોરણ ઘણું ઊંચું હતું. તેનું મેટ્રિકનું પરિણામ સમગ્ર મુંબઈ રાજ્યમાં ઘણુ સારૂં આવતું હતું. તે કાઠિયાવાડમાં સારામાં સારી અને જુનામાં જુની હાઈસ્કૂલોમાંની એક હતી અને દર વર્ષે મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં પસાર થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં પ્રથમ નંબરે આવતી હતી. ઈ.સ. 1927-28ના મુંબઈ યુનિવર્સિટીની સિંડિકેટનાં વાર્ષિક રિપોર્ટમાં, લીંબડી હાઈસ્કૂલમાં 65% વિદ્યાર્થીઓ પાસ થવાનો ઉલ્લેખ કરાયેલો હતો. એટલું જ નહિ પણ 'ઘણી સારી નિશાળો'ના પત્રકમાં આ હાઈસ્કૂલનું નામ દાખલ કરવામાં આવ્યું હતું. ઊંચી અને પ્રાથમિક કેળવણી લીંબડીમાં ફ્રી હતી. કેળવણી મફત આપવાની બાબતમાં કાઠિયાવાડમાં લીંબડી પ્રથમ સ્થાને હતું. સ્ત્રી કેળવણીની બાબતમાં પણ લીંબડીમાં ઘણા પ્રયત્નો થયા હતા. ઈ.સ. 1859 ના માર્ચ મહિનામાં લીંબડીમાં એક કન્યાશાળા સ્થાપવામાં આવી હતી અને શરૂઆતમાં તે વખતે 41 કન્યાઓની હાજરી હતી. તે વખતે માત્ર ચાર જ ધોરણ હતાં. ત્યારબાદ ક્રમશઃ 1874માં પાંચમું અને ઈ.સ. 1882માં છઠ્ઠા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો. ઈ.સ. 1916માં કન્યાઓ માટે અલગ શાળાની સ્થાપનાં કરવામાં આવી. ઈ.સ. 1916માં લેડી વિલિંગ્ડન ગર્લ્સ સ્કૂલ સ્થાપવામાં આવી. નામદાર લોર્ડ વિલિંગ્ડનની લીંબડીની મુલાકાત દરમિયાન લેડી હેલન બ્રેસીના હસ્તે શાળાનું ઉદ્‌ઘાટન થયું. આ શાળામાંથી આગળ અભ્યાસાર્થે





રાજકોટની બર્ટન ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં લગભગ 100 કરતા વધારે સ્ત્રી વિદ્યાર્થીઓ ગઈ હતી. તેમાંથી શિક્ષણ પ્રાપ્ત કરી અન્ય શહેરોની કન્યાશાળાઓમાં મુખ્ય શિક્ષિકા (હેડ મિસ્ટ્રેસ) તરીકે નિમણૂંક પામતી હતી. શ્રીમતી મણિબહેન શિવશંકર દવેએ લેડી વિલિંગ્ડન કન્યાશાળામાં 40 વર્ષ સુધી સેવા આપી હતી. તેમજ તેનાં પ્રથમ હેડ મિસ્ટ્રેસ બન્યાં હતાં. તેમણે લીંબડી રાજ્યની રાજકુંવરીઓને શિક્ષણ આપ્યું હતું. કન્યાશાળામાં ભરત ગૂંથણ, સીવણ તથા સંગીતનું શિક્ષણ પણ અપાતું હતું. લીંબડીમાં લેડી વિલિંગ્ડન કન્યાશાળા ઉપરાંત પીપળામા મૂળચંદ જીવરાજ કન્યાશાળા અને વાઘરીવાડમાં મૂળીબાઈ ગર્લ્સ સ્કૂલ હતી.

- **શૈક્ષણિક માળખું :**

બાળકને કકકો, બારાખડી અને અંકજ્ઞાન ખાનગી પૂર્વ પ્રાથમિક શાળામાં આપવામાં આવતું હતું. શરૂઆતમાં કેશુ ભટ્ટ અને ત્યાર પછી મણિશંકર રત્નજી ભટ્ટની પૂર્વ પ્રાથમિક શાળાઓ લીંબડીમાં પ્રસિદ્ધ હતી. એ પછી ગુજરાતી ધોરણ 1 થી 4 પ્રાથમિક શિક્ષણનાં ગણાતાં. ધોરણ 5 થી 7 અથવા અંગ્રેજી ધોરણ 1 થી 3 માધ્યમિક શિક્ષણનાં અને ગુજરાતી ધોરણ 8 થી 11 અથવા અંગ્રેજી ધોરણ 4 થી 7 ઉચ્ચ શિક્ષણનાં ગણાતાં. અંગ્રેજી ધોરણ 7 એ મેટ્રિકનું વર્ષ ગણાતું અને તેને અંતે મુંબઈ યુનિવર્સિટીમાં પ્રવેશ અથવા પ્રવેશ પરીક્ષા લેવાતી. એ પરીક્ષામાં આઠ નિશ્ચિત વિષયો રહેતા અને એ બધા વિષયોમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી જ કોલેજમાં દાખલ થઈ શકતો. લીંબડી રાજ્યના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપવા ભાવનગર, રાજકોટ, મુંબઈ અથવા અમદાવાદ જવું પડતું. ઈ. 1947 પછી મુંબઈ યુનિવર્સિટીને બદલે એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા લેવાની શરૂઆત કરી. સમય જતાં સુરેન્દ્રનગર અને લીંબડી પણ એસ.એસ.સી.ની પરીક્ષાનાં કેન્દ્રો બન્યાં.

લીંબડી રાજ્ય શિક્ષણને વિશિષ્ટ મહત્વ આપે છે એ હકીકત સમગ્ર કાઠિયાવાડમાં પ્રચલિત હતી. લીંબડી રાજ્યે રાજકોટની રાજકુમાર કોલેજની સ્થાપનામાં નાણાકીય ફાળો આપ્યો હતો. તેમજ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પણ મોટું દાન આપ્યું હતું. વઢવાણ કેમ્પની ગરાસિયા સ્કૂલની સ્થાપનામાં પણ મોટું દાન આપ્યું હતું. લીંબડી ઉપરાંત બરવાળા, શિયાણી, મોજીદડ, હડાળા, રળોલ, પાણશીણા વગેરે ગામોમાં પણ શિક્ષણની સારી સગવડ હતી. શૈક્ષણિક બાબતો પર દેખરેખ રાખવા માટે એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટરનો હોદ્દો રાખવામાં આવ્યો હતો. જેના પર સામાન્ય રીતે સર જે. હાઈસ્કૂલનાં હેડ માસ્તરની નિમણૂંક કરવામાં આવતી હતી. વિદ્યાર્થીઓ ઉપર શિક્ષકોનો સંપૂર્ણ અંકુશ હતો. શિક્ષકો વિદ્યાર્થીઓને વર્ગમાં કે વર્ગ બહાર ઊભા રહેવાની, વાંકા વાળીને પગના અંગૂઠા પકડવાની, કાન ઝાલીને ઉઠક-બેઠક કરવાની, ધોલ કે ઠોસો મારવાની, ચૂંટિયા ભરવાની, આંકણીથી મારવાની સજા કરી શકતાં.

• **ધાર્મિક શિક્ષણ :**

લીંબડીમાં વિવિધ ધર્મોનું શિક્ષણ જે તે ધર્મની સંસ્થાઓ દ્વારા અપાતું. દેરાવાસી (શ્વેતાંબર મૂર્તિપૂજક) જૈન કિશોરો તથા કિશોરીઓને જૈન ધર્મનું શિક્ષણ આપવા મોટી બજારના શાંતિનાથ જૈન દેરાસર પાસે હરખચંદ ઝવેરચંદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન પાઠશાળા હતી. જેમાં બહેનોને બપોરના સમયે એક કલાક શિક્ષણ અપાતું. ઉજમશીભાઈ નામનાં વયોવૃદ્ધ શિક્ષકે તથા બાલુબહેન અને ચંપાબહેન નામની બહેનોએ ઘણાં વર્ષો સુધી આ પાઠશાળામાં ધાર્મિક શિક્ષક તરીકે કામ કર્યું હતું. બહેનો તથા કિશોરો દરરોજ ધાર્મિક સૂત્રની એક કે બે ગાથા કંઠસ્થ કરી શિક્ષિકા કે શિક્ષક આગળ બોલી જતા. આવી રીતે ધાર્મિક સૂત્રો કંઠસ્થ કરવામાં આવતા. આ પાઠશાળામાં કેટલીકવાર વિવિધ વસ્તુઓની લ્હાણી અથવા પ્રભાવનાઓ થતી. કોઈ સાધન સંપન્ન જૈન વ્યકિતના મૃત્યુ પાછળ તેમનાં કુટુંબ દ્વારા પાઠશાળાની વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓને જમાડવામાં આવતાં. સ્થાનકવાસી જૈનોની પાઠશાળા શાહ પ્રાણલાલ મગનલાલના ડેલાના પ્રવેશદ્વાર ઉપર ચાલતી. એ પછી એ પાઠશાળાને સ્થાનકવાસી ઉપાશ્રયમાં ખસેડવામાં આવી હતી. બ્રાહ્મણ બોર્ડિંગ અથવા હરેશ્વરના મંદિરમાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓને સંસ્કૃતનું જ્ઞાન આપવા માટે સર જશવતસિંહજી સંસ્કૃત પાઠશાળા ચાલતી અને તેનું ખર્ચ ઠાકોર દોલતસિંહજી આપતા હતા. મુસ્લિમોની તથા વહોરાઓની મસ્જિદોમાં પણ ધાર્મિક શિક્ષણ અપાતું.

• **શારીરિક શિક્ષણ :**

શારીરિક શિક્ષણ માટે ઠાકોર દોલતસિંહજીએ દેરાવાસી જૈન બોર્ડિંગ સામેનાં મેદાનમાં એક અખાડો શરૂ કરાવ્યો હતો.પાછળથી તે અખાડો જશેશ્વર મંદિરનાં ચોગાનમાં લઈ જવામાં આવ્યો હતો અને તેનું નામ 'ગુણાઢ્ય વ્યાયામ મંદિર' રાખવામાં આવ્યું હતું. શાળાઓમા રમતગમત તથા વ્યાયામની થોડી તાલીમ અપાતી. ક્રિકેટ, ખો ખો વગેરે રમતો રમાડવામાં આવતી. વિદ્યાર્થીઓની બોર્ડિંગોમાં પણ વ્યાયામ કરવાનું ફરજિયાત હતું. લીંબડીમાં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની મુખ્ય શાખા જશેશ્વર મંદિરના ચોગાનમાં ચાલતી અને બીજી એક પેટાશાખા ઉગમણાપરામાં સથવારાવાડમાં સથવારાઓની વાડીમાં ચાલતી. લીંબડીમાં આ પ્રવૃત્તિના વડા તરીકે ક્રાંતિકાર સરદારસિંહ રાણાનાં પૌત્ર દિલાવરસિંહ નટવરસિંહ રાણા હતાં. તેઓ ઝાલાવાડ તથા ગોહિલવાડ જિલ્લાના વડા તરીકે કામ કરતા હતાં.

રાષ્ટ્રીય સેવાદળનું કેન્દ્ર દરબારગઢ પાસે નદી કિનારાનાં ટેકરા પર ચાલતું હતું. સેવાદળની આ પ્રવૃતિના મુખ્ય કાર્યકરો રસિકલાલ શિવલાલ શાહ (મારવાડી), ગનુભાઈ પીપળિયા, ઈન્દુભાઈ દવે વગેરે હતાં. સેવાદળની પ્રવૃતિઓમાં કેટલાંક યુવક-યુવતીઓ ભાગ લેતા.





રસિકલાલ શાહ ખાદી પ્રવૃતિ સાથે પણ જોડાયેલા હતા. રસિકભાઈ અને ઈન્દુભાઈ કોંગ્રેસી યુવક કાર્યકરો તરીકે કામ કરતા. ઈન્દુભાઈ દવે 'રચના' નામનું સામાયિક પણ ચલાવતા. જેમાં સ્થાનિક સમાચારો પ્રસિદ્ધ થતાં. આ સમયે લીંબડીનાં કિશોરો અને યુવાનોમાં મોઈ-દાંડિયો, સંતાકુકડી, સાત તાલી, કેરમ, ભમરડાઓ, લખોટીઓ, ડોડીઓ, પાંચિકાઓ અને ગંજીફાની વિવિધ રમતો પ્રચલિત હતી. કેટલાંક ઘરોમાં ચોપાટ અને શતરંજની રમત રમાતી. યુવાનો અને યુવતીઓ અંતકડી રમત રમતા.

• **તેજસ્વી વિદ્યાર્થીઓ :**

લીંબડી રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરીને કેટલાક વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં નામના પ્રાપ્ત કરી હતી. આવી કેટલીક વ્યકિતઓના ઉલ્લેખ આવી ગયા છે. આ ઉપરાંત નીલમ એમ. બૂચ કેન્દ્ર સરકારના વહીવટી અધિકારી બન્યા હતા. જયારે પાનાચંદ ભાઈચંદ શાહ અમદાવાદનાં મ્યુનિસિપલ કમિશ્નર બન્યા હતા. અમદાવાદમાં મકાન બાંધકામ પ્રવૃતિ કરતા અનિલ બકેરીના પિતા રતિલાલ બકેરી એક સફળ એન્જિનિયર હતાં અને એકિઝકયુટિવ એન્જિનિયરના પદ સુધી પહોંચ્યાં હતાં. ચિમનલાલ ચકુભાઈ શાહ તથા વજુભાઈ કાયદાના અભ્યાસમાં આગળ વધીને મુંબઈનાં સોલિસિટર બન્યાં હતાં. ડૉ. પોપટલાલ સંઘવી, ડૉ. રસિકલાલ સૌભાગ્યચંદ શાહ તથા ડૉ. લાલચંદ મણિલાલ શાહ તબીબી વ્યવસ્થામાં આગળ વધ્યા હતા. અમદાવાદનાં ભૂતપૂર્વ નગરપતિ મેયર વાડીલાલ કામદાર લીંબડી રાજ્યના રળોલ ગામનાં વતની હતા અને તેમણે મેટ્રિક સુધી લીંબડીની સર જે. હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. લીંબડીના વતની અને લીંબડીની હાઈસ્કૂલમાં અભ્યાસ કરનાર વાય.બી. ઝાલા અમદાવાદના પોલીસ કમિશનર બન્યા હતા. સુરત અને અમદાવાદ જિલ્લાનાં કલેકટર તરીકે કામ કરનાર વસંતભાઈ એસ. ગઢવી ચૂડા પાસેના ભૃગુપુરનાં વતની હતાં. આહવા-ડાંગનાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે કામ કરનાર કુ. મોના કિશોરભાઈ ખંધાર લીંબડીના વતની છે.

• **ગ્રંથાલયો :**

લીંબડી રાજ્યમાં ગ્રંથાલય તથા વાંચનાલયની પ્રવૃતિને પ્રોત્સાહન અપાતું હતું. ઠાકોર જશવંતસિંહજીનાં સમયમાં 'સર જશવંતસિંહજી ફ્રી લાઈબ્રેરી એન્ડ રીડિંગ રૂમ'ની સ્થાપના થઈ હતી. ઠાકોર દોલતસિંહજીએ તે સંસ્થાને ઉત્તેજન તથા મદદ આપીને વિકસાવી હતી. લીંબડી રાજ્યનાં જૂનાં પ્રકાશનો અને મહત્વનાં પુસ્તકો આજે પણ તેમાં પ્રાપ્ય છે. આ લાઈબ્રેરી શરૂઆતમાં ઉંટડીના દરવાજા પરનાં મેડામાં ચાલતી હતી. એ પછી તેને દરબારગઢનાં મકાનમાં ખસેડવામાં આવી, જયાં 1906ના ફેબ્રુઆરીમાં આગ લાગતા તેના અડધા પુસ્તકો બળી ગયાં હતાં. એ પછી તેને હાલની જગ્યાએ ગ્રીનચોક પાસેના મકાનમાં ખસેડવામાં આવી હતી.

આ ઉપરાંત લીંબડીમાં સ્થાનકવાસી જૈન સાધુઓની પ્રેરણા અને મદદથી ઈ.સ. 1946માં દેવચંદજીસ્વામી પુસ્તકાલય અને લાખાજીસ્વામી પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. જેમાં જૈન સાહિત્યનો વિશેષ પ્રમાણમાં સંગ્રહ છે. સર જે. હાઈસ્કૂલ, મિડલસ્કૂલ, અન્ય શાળાઓ તથા બોર્ડિંગમાં નાના-મોટા પુસ્તકાલય તથા વાંચનાલય ચલાવવામાં આવતાં. લીંબડી રાજ્યનાં કેટલાક ગામોમાં પણ નાના પુસ્તકાલયો અને વાંચનાલયો ચાલતાં હતાં. ઠાકોર દોલતસિંહજીએ મુખ્ય ગામોનાં નાના ફરતા પુસ્તકાલયોની યોજના અમલમાં મૂકી હતી.

ઈ.સ. 1907માં શરૂ થયેલી સર જશવંતસિંહજી હાઈસ્કૂલ, લીંબડી તાલુકામાં એકમાત્ર હાઈસ્કૂલ હતી. આઝાદી પછી શિક્ષણ સંસ્થાઓમાં અભૂતપૂર્વ ધસારો થયો ત્યારે આ સંસ્થા હવે વધારે સંખ્યા સમાવી શકે તેમ ન હતું. એટલે વધતી સંખ્યાને પહોંચી વળવા નવી હાઈસ્કૂલો શરૂ કરવી અનિવાર્ય હતી. તે માટે લીંબડી અને લીંબડી બહાર વસતા લીંબડીનાં આગેવાનો સ્વ. શ્રી ચીમનલાલ શાહ, સ્વ. શ્રી ગિજુભાઈ શુકલ, શ્રી રસીકભાઈે પરીખ અને સ્વ. લાલુભાઈ આચાર્ય વગેરે એ તા. 9-7-1959 ના શુભ દિવસે 'લીંબડી કેળવણી મંડળ'ની સ્થાપનાં કરી. તેજ સમયે સાથે સાથે આદર્શ હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી.

મુંબઈમાં રહેતાં લીંબડીના વતની સ્વ. શ્રી ગિજુભાઈ શુકલને વતન પ્રત્યે પ્રેમ હતો તેથી લીંબડી કેળવણી મંડળને મોટી રકમનું દાન આપ્યું અને તેનાં સ્મરણરૂપ આદર્શ હાઈસ્કૂલને 'શ્રી ગિજુભાઈ શુકલ કુમાર વિદ્યાલય' એવું નામ આપવામાં આવ્યું. ત્યારબાદ બહેનો માટે અલગ શિક્ષણ સંસ્થાની જરૂરીયાત ઊભી થઈ અને તે પરીપૂર્ણ કરવા લીંબડીમાં માધ્યમિક કન્યાશાળા સ્થાપવા માટે લીંબડીનાં વતની શ્રી અમુલખભાઈ અમીચંદ શાહે માતબર રકમનું દાન આપ્યું અને 'શ્રીમતી ભૂરીબહેન અમુલખ કન્યા વિદ્યાલય'ની શરૂઆત થઈ. લીંબડી તાલુકામાં અનેક નાના-મોટા ગામો આવેલા છે તેથી ગામડાના વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે પાણશીણામાં 'શ્રી ચીમનલાલ ચકુભાઈ હાઈસ્કૂલ'ની સ્થાપના થઈ અને તેની સાથે સાથે શિયાણીમાં 'શિયાણી માધ્યમિક શાળા' શરૂ કરવામાં આવી.

મુંબઈમાં વસતા શિયાણીના જ વતની આનંદરાય દવેના ઉદાર દાનથી તેમની સ્મૃતિ રૂપે આ શાળાને 'શ્રી શિવલાલ મૂળશંકર દવે માધ્યમિક શાળા' નામ આપવામાં આવ્યું.

લીંબડીમાં માધ્યમિક શાળાની સાથે સાથે પ્રાથમિક શાળાઓની પણ શરૂઆત કરવામાં આવી. ઈ.સ. 1962થી 'શ્રી હિંમતલાલ કસ્તુરચંદ મણિયાર કુમાર શાળા' શરૂ થઈ. પૂજય કવિશ્રી નાનચંદ્રજી મહારાજની પ્રેરણા અને પ્રોત્સાહનથી ઈ.સ. 1946માં 'કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સાર્વજનિક મહિલા મંડળ' શરૂ કર્યુ, આ મહિલા મંડળ સ્ત્રીઓની ઉન્નતી અને વિકાસ સાધવામાં ઉપયોગી છે. આ સંસ્થાનું સંચાલન કેળવણી મંડળને સોંપવામાં આવ્યું. 'શ્રી મેઘજી પેથરાજ





શાહ સાર્વજનિક છાત્રાલય' કે જયાં ગ્રામ્ય વિસ્તારના અને પછાત વર્ગનાં બાળકોને રહેવા-જમવાની વ્યવસ્થા છે. તા. 25-11-1959થી તેનું સંચાલન લીંબડી કેળવણી મંડળને સોંપાયું. ઈ.સ. 1947માં શરૂ થયેલું 'શ્રી કીર્તિકાંત શાંતિલાલ બાલમંદિર' પોતાની રીતે ચાલતું હતું, તેનું સંચાલન ઈ.સ. 1962થી લીંબડી કેળવણી મંડળે સંભાળ્યું. વધતી જતી માંગને સંતોષવા એક બીજા બાલમંદિરની જરૂર હતી અને તે જ મકાનમાં 'શ્રી ત્રંબકલાલ કસ્તૂરચંદ શાહ બાલમંદિર' શરૂ કર્યુ. અને બળોલ અંતરિયાળ ગામ હોવાથી વાહન-વ્યવહારના અભાવના કારણે વિદ્યાર્થીઓ શહેરમાં અભ્યાસ માટે ન આવી શકતા હોવાથી બળોલમાં પણ માધ્યમિક શાળા શરૂ કરવામાં આવી. લીંબડીના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સુરેન્દ્રનગર જવું ન પડે એટલા માટે લીંબડીમાં બે વિદ્યાશાખાવાળી કોલેજ શરૂ કરવાનું નકકી થયું. લીંબડીમાં શ્રીમતી અંજવાળીબહેન દ્વારા સારૂં એવું દાન પ્રાપ્ત થતાં તેમનાં નામની આર્ટસ વિભાગની કોલેજ શરૂ કરવામાં આવી.

શ્રી છબીલદાસ ગેડીવાલાની ઈચ્છા લીંબડીમાં ઉચ્ચ શિક્ષણનું વિદ્યાધામ બનાવવાની હતી, પરંતુ તેમનું અવસાન થતાં તેમના પુત્ર શ્રી ભવાનભાઈની ભાવનાથી તથા તેમના માતૃશ્રી જયાલક્ષ્મીબહેનનાં પ્રોત્સાહનથી મોટી રકમના દાનથી લીંબડીમાં 'શ્રી છબીલદાસ ચુનીલાલ ગેડીવાલા કોમર્સ કોલેજ' શરૂ કરવામાં આવી. લીંબડીમાં સ્વ. શ્રી મનસુખભાઈ ચિમનલાલ શાહ, શ્રી ભાઈલાલભાઈ ગંભીરભાઈ અને સ્વ. શ્રી નિરંજનભાઈ શાહ મળ્યા અને તેમનાં પ્રયત્નોથી લીંબડીમાં મહિલાઓ માટે 'હોમ સાયન્સ કોલેજ' શરૂ થઈ. સ્વ. શ્રી ચિમનલાલ ચકુભાઈનું નામ આ શાખા સાથે જોડવામાં આવ્યું. સમગ્ર કોલેજના આખા પરિસરને 'શ્રી શાંતિલાલ શાહ એજયુકેશન કોમ્પલેકસ' એવું નામ અપાયું. તેમણે આ સંસ્થા ચાલું કરવા મોટી રકમનું દાન આપ્યુ હતું.

લીંબડીનાં વતની સ્વ.શ્રી છોટાલાલ કોઠારીના સુપુત્રી સ્વ. શ્રી મધુરીકાબેન શાહ કે જેઓ યુ.જી.સી.ના ચેરમેન હતાં તેમનાં પ્રયત્નોથી યુ.જી.સી. ગ્રાન્ટ, ગુજરાત સરકારની આર્થિક મદદ અને બાકીની ખૂટતી રકમ મંડળે ભોગવીને લીંબડીમાં અદ્યતન લાઈબ્રેરી શરૂ કરવામાં આવી. 'મિડકો'વાળા શ્રી રસિકભાઈએ (સ્વ.શ્રી આર.એમ. શાહ) મોટી રકમનું દાન આપ્યું અને કોલેજમા 'મિડકો કોમ્પ્યુટર કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું. ગુજરાત સરકારની શિક્ષણ નીતિમાં નવી તરાહમાં ધોરણ 10 પછી નવા પ્રવાહો મળવાની શરૂઆત થઈ અને શ્રી ગિજુભાઈ શુકલ કુમાર વિદ્યાલયને વિજ્ઞાન પ્રવાહની મંજૂરી મળી. અને ત્યાં શ્રી ગિજુભાઈ શુકલ વિજ્ઞાન ભવન શરૂ કરવામાં આવ્યું.

શ્રીમતી ભૂરીબહેન અમુલખ કન્યાવિદ્યાલયને પણ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહની મંજૂરી મળી તે માટે શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ તરફથી માતબર રકમનું દાન મળતા આ

વિભાગને 'શ્રીમતી કમળાબહેન ગંભીરચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ' એવું નામ આપવામાં આવ્યું. સર જશવંતસિંહજી હાઈસ્કૂલ એ લીંબડીની એક માત્ર જૂની હાઈસ્કૂલ છે. આ સંસ્થા અનેક રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય ખ્યાત મહાનુભાવોની શિક્ષણ દાત્રી છે. આ માટે લીંબડી વિસ્તાર ગૌરવની લાગણી અનુભવે છે. લીંબડી કેળવણી મંડળે આ સંસ્થાનું સંચાલન સરકાર પાસેથી લેવાનો નિશ્ચય કર્યો અને ઈ.સ. 1972થી આ સંસ્થાનું સંચાલન લીંબડી કેળવણી મંડળને સોપાયું.

લીંબડીની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો હતો. તેથી વધારાની સંખ્યાને પહોંચી વળવા એક નવી શાળાની જરૂરિયાત ઊભી થઈ. મુંબઈમાં રહેતા પાણશિણાના વતની શ્રી નાગરદાસ મોહનલાલ શાહને લીંબડી માટે કંઈક કરી છૂટવાની ભાવનાં જાગી. તે દરમિયાન તેમનું અવસાન થયું અને પુત્રો શ્રી અંબાલાલભાઈ, સ્વ.શ્રી પ્રમોદભાઈ તથા તેમના પરિવારોની ઈચ્છા પૂર્ણ કરવા મોટી રકમનું દાન આપી લીંબડીમાં 'શ્રી નાગરદાસ મોહનલાલ હાઈસ્કૂલ' શરૂ કરવામાં આવી.

લીંબડીમાં ટેકનીકલ શિક્ષણ આપતી એકપણ સંસ્થા ન હતી. લીંબડીના વિદ્યાર્થીઓ ટેકનીકલ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે શ્રી પ્રવિણભાઈ અને શ્રી ગિજુભાઈ વતી મોટી રકમનું દાન પ્રાપ્ત થતાં લીંબડીમાં 'શ્રીમતી ભાગીરથી શુકલ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ'ની સ્થાપનાં થઈ. તે ગુજરાતમાં મંડળ સંચાલિત અને ગ્રાન્ટના ધોરણે ચાલતી સર્વપ્રથમ સંસ્થા હતી.

ઈ.સ 1987માં સર જશવંતસિંહજી હાઈસ્કૂલનું જુનું મકાન સરકારે મંડળને બહુ જ નજીવી કિંમતે ફકત આઠ હજાર રૂપિયામાં આપ્યું. મંડળે આ જૂના મકાનના સ્થાને નવું અદ્યતન મકાન બાંધવાનું નકકી કર્યું. તે જ સમયે શ્રી કાંતિલાલ ભાઈચંદ શાહે આ સર જશવંતસિંહજી હાઈસ્કૂલનાં નવા મકાન માટે માતબર રકમનું દાન જાહેર કર્યું અને તેમાંથી સૌને બળ મળ્યું. નવી તરાહ આવતા સર જશવંતસિંહજી હાઈસ્કૂલને હાયર સેકન્ડરી વિભાગ મળ્યો. આ વિભાગને તેમની સ્મૃતિરૂપે 'શ્રી કાંતિલાલ ભાઈચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ' નામ આપવામાં આવ્યું. સર જશવંતસિંહજી હાઈસ્કૂલના નવા મકાન માટે લીંબડી કેળવણી મંડળ કર્મચારી પરીવારે મદદનો હાથ લંબાવ્યો. મકાનના ફંડ માટે દરેક કર્મચારીએ પોતાના માસિક પગારના પચાસ ટકા રકમ મંડળમાં જમા કરાવી જે ગૌરવ લેવા જેવી બાબત છે. લીંબડી કેળવણી મંડળે રમતગમત ક્ષેત્રે પણ અનેકવિધ સગવડો કરી છે. શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ દ્વારા આર્થિક સહાય મળતાં બેડમિન્ટન હોલ અને શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ શાહ પાસેથી આર્થિક સહાય મેળવી ટેબલ-ટેનીસ હોલની સગવડ કરી છે





# લીંબડી સ્ટેટ

- **ઝાલા વંશની ઉત્પત્તિ :**

ઝાલા વંશની ઉત્પત્તિ વિશે વિવિધ અનુમાનો તથા અભિપ્રાયો પ્રચલિત છે. ઝાલાઓની પરંપરાગત માન્યતા પ્રમાણે બ્રહ્માના માનસપુત્ર ભૃગુના પૌત્ર માર્કન્ડેયને ઝાલા વંશના આદિ પુરૂષ ગણવામાં આવ્યા છે. માર્કન્ડેયે અગ્નિમાંથી ઉત્પન્ન કરેલા કુંડમાલના વંશમાં કુંત અને કુંતના વંશમાં થયેલા હરપાલ મકવાણાના પુત્રો 'ઝાલા' તરીકે પ્રસિદ્ધ થયા. હરપાલ મકવાણાની પત્ની શક્તિએ તેના ત્રણ પુત્રોને હાથીના હુમલામાંથી બચાવવા માટે લાંબા હાથ કરીને 'ઝાલ્યા' (ઝાલી લીધા) તેથી તે 'ઝાલા' તરીકે ઓળખાયા તેવું તેમાં કહેવામાં આવ્યું છે.

શંભુપ્રસાદ હ. દેશાઈ ઝાલાઓ સિંધમાંથી આવ્યા હોવાનું તેમજ 'ઝાલા' શબ્દ સિંધી ભાષાના 'ઝલ્લા' (સરોવરના કાંઠે રહેનારા) શબ્દ પરથી આવ્યો હોવાનું માને છે.

કે. કા. શાસ્ત્રીનો એવો અભિપ્રાય છે કે 'ઝલ્લોજઝલ્લિઓ' શબ્દમાંનો પૂર્ણતાનો ભાવ આપતો 'ઝલ્લ' શબ્દ 'ઝાલા' શબ્દના મૂળમાં છે. 'ઝાલા' શબ્દનો એક અર્થ 'ભગવદ્ગોમંડલ' પ્રમાણે 'પિતાથી વિખૂટા પડેલા' એવો પણ થાય છે. ઈન્દ્રવદન આચાર્ય તેમના મહાનિબંધમાં 'બૉમ્બે ગેઝેટિયર'માં આપેલું મંતવ્ય તથા સી. મેઇનના વિચારોને અનુસરે છે.

**રાજ્યની રાજધાનીઓ :**

ઈ. સ. 1130થી 1728 સુધીમાં જાંબુ, ધામળેજ, કોઠી-કુંદણી અને શિયાણીમાં રાજ્યની રાજધાની રહી હતી.

**જાંબુ :**

હરપાલદેવના પુત્ર માંગુજીને જાગીર મળી તેની રાજધાની તેમણે જાંબુમાં રાખી હતી. આ ઉપરથી જાંબુ એ સમયે મોટું ગામ હશે એવું અનુમાન થઈ શકે. એ જુનું જાંબુ સલ્તનતકાલ દરમિયાન નાશ પામ્યા પછી તેની બાજુમાં જ નવું જાંબુ વસેલું છે. હાલના જાંબુથી શિયાણી જવાના રસ્તે લગભગ ત્રણ કિલોમીટર દૂર જુના જાંબુની (સોલંકીકાલના જાંબુની) જગ્યા છે. વર્તમાનમાં ત્યાં નિશાનીરૂપે માત્ર હનુમાનની એક નાની દેરી છે અને એ દેરી પાસેના વિસ્તારમાં જુના જાંબુના અવશેષ રૂપ માટીનાં ઠીકરાં, રાખ, હાડકાં, નળિયા, ઈંટોના ટુકડા વગેરે પથરાયેલાં જોવા મળે છે.

હાલનું જાંબુ લીંબડીથી ઈશાન ખૂણામાં 15 કિલોમીટર અને વઢવાણથી પૂર્વમાં 35

કિલોમીટરના અંતરે વઢવાણના ભોગાવાના ઉત્તરકાંઠે આવેલું છે. સાંગોજી (1516-1536)ના સમયમાં જાંબુમાં ફરીથી રાજધાની સ્થાપવામાં આવી હતી. એ સમયે જે મકાન દરબારગઢ (રાજાના નિવાસસ્થાન) તરીકે વપરાતું હતું તે મકાન અલિયાસર તળાવના કિનારે એક ઓસરીએ 6 ઓરડાવાળું છે. તેની બંને બાજુ પરસાળ અને બંને છેડે રસોડાં છે. આગળ મોટું ફળિયું અને ડેલો તેમજ ફરતી વંડી છે. ટૂંકમાં, જૂના જમાનાના રાજાના નિવાસસ્થાન જેવું વિશાળ અને ખુલ્લા હવાપાણીવાળું એ મકાન છે. અત્યારે એ મકાન જાંબુ ગ્રામપંચાયતની સત્તા નીચે છે અને ગ્રામપંચાયતના કાર્યાલય તરીકે વપરાય છે.

અલિયાસર તળાવના કિનારે શક્તિમાતાનું સ્થાનક આવેલું છે, જે ખંડેર જેવી સ્થિતિમાં છે. તેમાંની શક્તિમાતાની મૂર્તિ લીંબડી લાવીને ત્યાં દરબારગઢના પાછળના ભાગમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આ જાંબુમાં પથ્થરનો બાંધેલો એક હજીરો છે, જેમાં 12 સ્તંભો છે અને વચ્ચે કબરો બિસ્માર હાલતમાં છે. આ કબરો કોની છે તે ગામલોકોમાંથી કોઇ જાણતું નથી. પરંતુ તે સલ્તનત સમયના મુસ્લિમ અમીરો કે સરદારોની હોઈ શકે.

## શિયાણી :

પશ્ચિમ દિશામાં લગભગ 9 કિ.મી.દૂર છે. તેનું મૂળ નામ 'સિંહાણી' હતું. ગામના ઔદિચ્ય બ્રાહ્મણોની ધર્મશાળા પર પણ તેનો ઉલ્લેખ 'સિંહાણી' તરીકે કરેલો છે. 'સિંહાણી' નામ કેવી રીતે પડ્યું તે વિશે ગામલોકોમાં એવી માન્યતા છે કે પ્રાચીન સમયમાં શાણી નામની આહીરાણી (આહીર બાઈ) ત્યાં રહેતી હતી અને તે 'સિંહણ' જેવી બહાદુર હતી તેથી તે ગામનું નામ 'સિંહાણી' પડયું હતું. આ કલ્પનાને સાચી માનવા માટે કોઈ આધાર નથી. પ્રાચીન સમયમાં સિંહાણીમાં તથા તેની આજુબાજુના વિસ્તારમાં આહીરોની વસ્તી હતી તેમ કહેવાય છે. શિયાણીથી થોડે દૂર મેહરા, ભંડેસર અને વેલાસર નામનાં નાનાં તળાવ ઉપરાંત તોગાથળ અને વહાણ નામના ટીંબા આવેલાં છે. મૌર્ય યુગની આસપાસ શિયાણી બંદર હોવાનો સંભવ છે.

શિયાણી જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ હતું અને ત્યાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી. અત્યારે પણ ત્યાં પ્રાચીન જૈન દેરાસર આવેલું છે, જેમાં મૂળ નાયક તરીકે શાંતિનાથ છે. શાંતિનાથની આ આરસની મૂર્તિની પ્રતિષ્ઠા વિ. સં. 1796 (ઈ. સ. 1710)માં પારેખ જુઠા માધવના હસ્તે જૈન આચાર્ય વિજયજિનેન્દ્રસૂરિએ કરાવી હતી. મંદિરના નીચેના ભાગમાં ભોંયરૂં છે. મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં વિ. સં. 1710ની સાલનો એક પાળિયો છે. ગામલોકોના જણાવ્યા પ્રમાણે પ્રાચીન સમયમાં વઢવાણના ભોગાવાનું વહેણ આ મંદિર પાસેથી પસાર થતું હતું. ભૂતકાળમાં ગામના તળાવકિનારે ચબૂતરા પાસે જૈન પૌષધશાળા હતી, જે અત્યારે નાશ પામી છે.





ગામમાં ઔદિચ્ય બ્રાહ્મણોની વસ્તી સારા પ્રમાણમાં છે. ત્યાં એક ખંડેશ્વર અથવા ખંડનાથ મહાદેવનું પ્રાચીન મંદિર છે, જેમાં લિંગની સપાટી જમીનથી લગભગ બે મીટર નીચી છે. જમીનમાં રહેલા લિંગ ઉપર સ્વયંસ્ફુરણાથી દૂધની ધારા વહાવતી ગાયની દંતકથા આ લિંગ સાથે પણ જોડાયેલી છે. લિંગને જમીનમાંથી ખોદીને બહાર કાઢતાં તે ખંડિત થયું તેથી તેનું નામ 'ખંડેશ્વર મહાદેવ' પડયું તેવી માન્યતા લોકોમાં પ્રચલિત છે. ગામથી થોડે દૂર ખારી નદી પાસે અક્રૂરેશ્વર મહાદેવનું મંદિર છે.

શિયાણીનું તળાવ ગામની દક્ષિણ દિશાએ આવેલું છે, જે ફૂલસર તરીકે ઓળખાય છે. એ તળાવમાં ગામ તરફની બાજુએ ઈંટોની દીવાલ આવેલી છે, જેનું ઉપરનું બાંધકામ તૂટી ગયું છે; પરંતુ જમીનની અંદર એ દીવાલ સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગામલોકોના જણાવ્યા પ્રમાણે આ તળાવમાં ખોદકામ કરવામાં આવે ત્યારે તેમાંથી ઘણી રેતી અને મોટી પાટલા જેવી ચોરસ ઈંટો નીકળે છે, જે હરપ્પન સંસ્કૃતિના સમયની હોવાનો સંભવ છે. તળાવના વિસ્તારમાં કલિયો કૂવો, કંકુ કૂઈ તથા સતી માનબાઈની દેરી છે. માનબાઈ ચારણની પુત્રી હતી અને પોતાની ઇચ્છા વિરૂધ્ધ લગ્ન કરવાની ફરજ પડતાં સતી થઈ હતી એવી લોકોમાં અનુશ્રુતિ છે.

તળાવની પાળે વરજીંગનો કૂવો છે, જેમાંથી કાદવ સ્વરૂપે ઘટ્ટ અને વજનદાર પદાર્થ નીકળીને પથ્થરની માફક જામી જાય છે. એમાં લોખંડ હોવાનો સંભવ છે. ભોજરાજજી ત્રીજાની સ્મૃતિમાં તેમના પુત્ર અદાજી બીજાએ બંધાવેલી દેરી પણ આ તળાવના કિનારે છે. તેની બાજુમાં વારઈના જત લોકો સામે લડતાં ઈ. સ. 1814માં શહીદ થયેલા ઝાલા કુટુંબના માલુભાઈ, ભીમજીભાઈ અને નાનાભાઈના પાળિયાઓ છે. તેનાથી થોડે દૂર એક સતીનો પાળિયો છે, જેના પર વિ. સં. 1524ની સાલ વાંચી શકાય છે. શિયાણીની આસપાસ સ્થળ તપાસ કરીને ઉત્ખનન કરવાની જરૂર છે. ત્યાં પ્રાચીન અવશેષો મળવાની શક્યતા છે.

શિયાણીમાં રાજધાની હતી ત્યારે જે મકાનનો ઉપયોગ દરબારગઢ તરીકે થતો હતો તે મકાન મેડીબંધ, ડેલાબંધ તેમજ વિશાળ છે. તેમાં શક્તિ માતાનું સ્થાનક પણ છે. ઈ. સ. 1872માં શિયાણીની વસ્તી 3146 અને 1881માં 2953 હતી.

## ઉપસંહાર :

આમ, હરપાલ મકવાણાના પુત્ર માંગૂજી ઝાલા દ્વારા ઈ. સ. 1130માં જાંબુમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના થઈ. તે પછી લગભગ 600 વર્ષના સમયગાળા દરમિયાન આ રાજ્યની રાજધાની ધામળેજ, કોઠી-કુંદણી, જાંબુ, શિયાણી વગેરે ગામોએ ફેરવાતી રહી. મુસ્લિમ આક્રમણોએ તેના પર ઘણી અસર કરી, છતાં આ નાના રાજયે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું.

1486માં સરધારના ગોધા વાઘેલા અને ભડલીના ભીમસિંહ સરવૈયા સાથેના યુધ્ધમાં મળેલા પરાજયને કારણે આ રાજ્યે કોઠી-કુંદણી અને જસદણના પ્રદેશો કાયમ માટે ગુમાવવા પડયા. એ પછી તેણે ફરીથી જાંબુ-શિયાણીના પ્રદેશ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. કેટલાક રાજાઓએ અહીં રહીને રાજય કર્યા પછી અંતે ઈ. સ. 1728માં લીંબડીમાં રાજધાની ખસેડવામાં આવી. જાંબુ, શિયાણી અને લીંબડી એ ત્રણેય ગામો નદીકિનારે આવેલાં હતાં અને પાણીની પૂરતી સગવડવાળાં હતાં એ બાબતની નોંધ લેવી જોઈએ.

### ફુવારા :

લીંબડીના ગ્રીન ચોક વિસ્તારમાં એક સુંદર ફુવારો મૂકવામાં આવ્યો. તેની વચ્ચેના ભાગમાં ઠાકોર જશવંતસિંહની પૂરા કદની પ્રતિમા મૂકવામાં આવી. રાત્રે રોશનીને લીધે આ ફુવારાનું દશ્ય ઘણું મનોહર લાગતું હતું. આ ફુવારાને લીલા રંગે રંગેલો હોવાથી તેની આસપાસના ચોકને 'ગ્રીન ચોક' નામ આપવામાં આવ્યું.

દિગ્ભવન રાજમહેલમાં પણ બે ફુવારા મૂકવામાં આવ્યા હતા. ગ્રીન ચોકનો વિસ્તાર ચોરસ હોવાથી એને 'કરણસિંહજી સ્ક્વેર' નામ આપવામાં આવ્યું હતું. લખતરના ઠાકોર કરણસિંહજીના નામ પરથી આ નામ અપાયું હતું.

### વિમાનઘર (એરોડ્રોમ) :

શરૂઆતમાં ડુંગર તલાવડા તરફ જતા પાંદરી ગામનો રસ્તો જુદો પડે છે. તે સ્થળ પાસેના મેદાનમાં વિમાનઘર બનાવવામાં આવ્યું હતું. પરંતુ ત્યાં એકવાર અકસ્માત થતાં રાજકુમારોના ત્રણ બંગલાઓ પાસે એ ખસેડવામાં આવ્યું. લીંબડી રાજ્યે બે બેઠકવાળું એક નાનું વિમાન વસાવ્યું હતું, જેનો ઉપયોગ રાજકુટુંબના સભ્યો કરતા. દોલતસિંહજીના પુત્ર પ્રતાપસિંહજીના પુત્રો જનકદાદા તથા ભરતદાદા આ વિમાન ચલાવવામાં નિષ્ણાત હતા. તેઓ ઘણીવાર વિવિધ ખૂબીઓથી વિવિધ રીતે આ વિમાન ઉડાડીને લીંબડીની પ્રજાનું મનોરંજન કરતા. લીંબડી રાજ્યએ રેલવેનું વૈભવી સલૂન (વિશિષ્ટ સગવડોવાળો રેલવેનો ડબ્બો) વસાવ્યું હતું. એને લીંબડીના રેલવે સ્ટેશન પર એક બાજુએ સુરક્ષિત રીતે રાખવામાં આવતું. લીંબડીના રાજા કે રાજકુટુંબ એમાં બેસીને પ્રવાસ કરતાં. એમાં એમનો રસાલો પણ સાથે રહેતો. એ સમયે કાઠિયાવાડના મોટા રાજાઓ આવાં વૈભવી સલૂનો રાખતા હતા.

### હોસ્પિટલનું મકાન :

દોલતસિંહજીના પૌત્ર રામરાજેન્દ્રસિંહની સ્મૃતિમાં લીંબડીમાં એક ભવ્ય અને વિશાળ





હૉસ્પિટલ બાંધવામાં આવી. આ હોસ્પિટલના મકાનનો પાયો 1929માં પાલનપુરના નવાબ તાલેમહમદખાનના હસ્તે નંખાયો અને તેનું ઉદ્‌ઘાટન 1936માં વાઇસરોય લૉર્ડ વિલિંગ્ડનના હસ્તે થયું. રામરાજપર ગામની વાર્ષિક ઊપજ આ હૉસ્પિટલના નિભાવ માટેના ભંડોળમાં જમા કરવામાં આવતી.

### તળાવો :

દોલતસિંહજીએ લીંબડીનાં તળાવોને સમરાવીને સુંદર સ્થિતિમાં મૂક્યાં. છાલિયા તળાવને વધારે ઊંડું, વિશાળ તેમજ રમણીય બનાવીને તેને 'રામસાગર' નામ આપ્યું. લીંબડીના લોકો ફરવાના સ્થળ (પિકનિક પ્લેસ) તરીકે તેનો ઉપયોગ કરતા હતા. એ પછી લીંબડીના મુખ્ય તળાવને ગોળાકાર બનાવીને 'દોલતસાગર' નામ આપવામાં આવ્યું. તેના વચ્ચેના ભાગમાં બકસ્થલ બનાવીને બગીચો બનાવવામાં આવ્યો. તેની ચારે તરફ રક્ષણાત્મક દીવાલ તથા કેટલાંક સ્થળોએ અંદર ઊતરવા માટે ઢાળ અથવા પગથિયાં બનાવ્યાં. આ તળાવની બાજુમાં જ રાણી બાલુબાની સ્મૃતિમાં સ્ત્રીઓને નહાવા તથા કપડાં ધોવા માટે 'રાણી તળાવ' બંધાવવામાં આવ્યું. આ તળાવોને લીધે લીંબડીની રમણીયતામાં વધારો થયો તેમજ પ્રજા માટે સગવડતા ઊભી કરવામાં આવી હતી.

### દોલતબ્રિજ :

લીંબડીના ભોગાવા પર પુલ ન હતો. તેથી લીંબડી શહેર અને ગામો વચ્ચેના વ્યવહારમાં ઘણી મુશ્કેલી પડતી. તેથી દોલતસિંહજીએ મોટા ખર્ચે આ પુલ બંધાવ્યો, જે પ્રજાને માટે મોટા આશીર્વાદરૂપ પુરવાર થયો. આ પુલનો પાયો 1929માં પોરબંદરના મહારાણા નટવરસિંહજીના હસ્તે નંખાયો અને તેનું ઉદ્‌ઘાટન 1936માં હિંદના વાઇસરોય લૉર્ડ વિલિંગ્ડનના હસ્તે થયું. પુલના બાંધકામમાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે તેઓ અંગત દેખરેખ રાખતા હતા. પુલના બાંધકામથી લીંબડી શહેરના આસપાસનાં ગામો સાથેના વ્યાપાર મને વાહન વ્યવહારમાં ઘણો વધારો તથા અનુકૂળતા થઈ.

શ્રી દોલતબ્રિજ પુલનો પાયો મહારાણા શ્રી દોલતસિંહજી કે.સી.એસ.આઈ. કે.સી.આઈ.ઈ. રાજસ્થાન લીંબડીના નામદાર ઠાકોરસાહેબશ્રીની રાજ્ય કારકિર્દી દરમિયાન સને 1929માં હીઝ હાઈનેસ મહારાણા શ્રી નટવરસિંહજી સાહેબ બહાદુર, કે.સી.એસ.આઈ. પોરબંદરના નામદાર મહારાજા રાણાસાહેબશ્રીના મુબારક હસ્તે નાખવામાં આવ્યો હતો અને સને 1936માં પુલ તૈયાર થતાં હિઝ એક્સેલન્સી ધી રાઈટ ઓનરેબલ ફ્રીમેન ફ્રીમેન થોમસ અર્લ ઑફ વીલિંગ્ડન પી. સી.જી.એમ.એસ. આઈ.જી.એમ.આઈ.ઈ., જી.સી.એમ.જી., જી.બી.ઈ.

વિગેરે વિગેરે હિંદુસ્તાનના વાઇસરોય અને ગવર્નર જનરલ સાહેબના મુબારક હસ્તે તા. 15 માહે જાન્યુઆરી સને 1936ના રોજ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

**સ્વામી વિવેકાનંદ :**

1891ના અંતમાં રામકૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદે લીંબડીની મુલાકાત લીધી અને એક વિશિષ્ટ પ્રસંગને લીધે એ યાદગાર બની હતી. તેઓ વઢવાણથી પગરસ્તે લીંબડી આવ્યા અને એક શિવ મંદિરની બાજુના મકાનમાં ઊતર્યા. હકીકતમાં તે વામપંથીઓનો અખાડો હતો. ત્યાંના સાધુઓએ સ્વામી વિવેકાનંદને કેદ કરીને તેમને બ્રહ્મચર્યથી સ્ખલિત કરવાનું કાવતરૂ કર્યું, પરંતુ સ્વામી વિવેકાનંદે દૂધ આપવા આવેલ ભરવાડના છોકરા મારફત માટીના ઠીકરા ઉપર કોલસાથી લખેલો સંદેશો ઠાકોર જશવંતસિંહજીને મોકલીને તેમાંથી યુક્તિપૂર્વક છુટકારો મેળવ્યો. એ પછી સ્વામી વિવેકાનંદ જશવંતસિંહજીના મહેમાન બની ટાવરવાળા બંગલાના નીચેના ભાગમાં કેટલાક દિવસ રહ્યા. એમ કહેવાય છે કે સ્વામી વિવેકાનંદને અમેરિકા જવાની પ્રેરણા તેમની આ લીંબડીની મુલાકાત દરમિયાન ઠાકોર જશવંતસિંહજીએ આપી હતી. સ્વામી વિવેકાનંદે લીંબડીથી જૂનાગઢ અને પોરબંદરની મુલાકાત લીધી હતી. ઠાકોર જશવંતસિંહજીએ ત્યાંના રાજાઓ પર એમને ભલામણપત્રો લખી આપ્યા હતા.

એ પછી 1892ના ઉનાળામાં ઠાકોર જશવંતસિંહજી મહાબળેશ્વર હવાફેર માટે ગયા ત્યારે સ્વામી વિવેકાનંદ પણ ત્યાં આવ્યા અને તા. 4 મેથી 28 મે સુધી ઠાકોર સાહેબની સાથે રહ્યા. તેમની સાથે થયેલી જ્ઞાનચર્ચાનો મુદ્દાઓની ઠાકોર સાહેબે તેમની નોંધપોથીમાં તારીખવાર નોંધ લખી હતી. સ્વામી વિવેકાનંદજી અમેરિકા જઈ આવ્યા ત્યાર પછી પણ તેઓ અને ઠાકોર જશવંતસિંહજી પત્ર દ્વારા એકબીજાના સંપર્કમાં રહેતા હતા.

**શૈક્ષણિક સંસ્થાઓ :**

ઠાકોર જશવંતસિંહજી શિક્ષણનું મહત્ત્વ સમજતા હતા. તેમણે લીંબડી 1885ની 7મી માર્ચે સર જશવંતસિંહજી મિડલ સ્કૂલની અને 1907 માં તેમના અવસાનના થોડા સમય પહેલાં, સર જશવંતસિંહજી હાઈસ્કૂલની સ્થાપના કરી. તેમના રાજ્યકાલ દરમિયાન લીંબડીમાં કન્યાશાળાનું મકાન બંધાયું. 1895માં તેમના દ્વારા જશવંતસિંહ લાઈબ્રેરી એન્ડ ફ્રી રીડિંગ રૂમની શરૂઆત થઈ, જે આજે પણ સારી રીતે કાર્યરત છે. જશવંતસિંહજીએ અંગ્રેજી શિક્ષણ લીધું હતું તેમજ વિદેશ પ્રવાસો કર્યા હતા. તેમાંથી પ્રેરણા લઈને તેમણે આ સંસ્થાઓ શરૂ કરી હતી. આવી જ સ્ટેટ લાઈબ્રેરીઓ સૌરાષ્ટ્રના બીજાં રાજ્યોમાં સ્થપાઈ હતી.





**પ્રજાહિતનાં કાર્યો :**

1892ની 1લી ઓક્ટોબરે લીંબડીમાં જશવંતસિંહજીના હસ્તે વૉટર વર્ક્સ ખુલ્લું મૂકવામાં આવ્યું. તે પ્રસંગે શહેર સુધરાઈ તરફથી સભા ભરી તેમને માનપત્ર આપવામાં આવ્યું તથા પ્રજાહિતનાં કામો કરવાની તેમન ઉત્કંઠા અને ઉદારતાની પ્રશંસા કરવામાં આવી.

1889માં ખેતીવાડીના રક્ષણ માટે પાણશીણા ગામથી દેવપુરા ગામ સુધી એક નહેર તથા છાલિયા વગેરે સ્થળોએ બંધ બાંધવામાં આવ્યા. એ જ વર્ષથી બરવાળા પરગણામાં ખેડૂતો પોતાના ખેતરમાં કૂવા બંધાવે તો તેનો ખર્ચ લીંબડી રાજ્ય તરફથી આપવાના નિયમને અમલમાં મૂકવામાં આવ્યો.

લીંબડી રાજ્યે સિંચાઈ માટે નહેરો બંધાવી હતી. તેને લીધે 1899-1900ના ભયંકર છપ્પનિયા દુષ્કાળનો અંગ્રેજ સરકારની મદદ લીધા વગર સામનો કરી શક્યું. આ ભયંકર દુષ્કાળ વિ. સં. 1956 (ઈ. સ. 1900)માં પડ્યો હોવાને લીધે તે ‘છપ્પનિયા દુષ્કાળ’ તરીકે ઓળખાય છે.

આ ઉપરાંત બગીચાઓ બનાવવામાં આવ્યા. જાહેર રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા. નવી સડકો અને કૂવાઓ બાંધવામાં આવ્યાં. જાહેર રસ્તાઓ પર પ્રવાસીઓ વિશ્રામ લઈ શકે અને વાતાવરણ ઠંડું રહે તે માટે વૃક્ષો રોપવામાં આવ્યાં.

**ટાવર બંગલો :**

લીંબડીના દરબારગઢમાં આવેલા ટાવર બંગલાનું ખાતમુહૂર્ત 1881માં થયા પછી તેને બંધાતાં પાંચ વર્ષ થયાં હતાં. કાઠિયાવાડના લોકલ ફંડના એન્જિનિયર મિ. રોબર્ટ બેલ બૂથની દેખરેખ નીચે રૂપિયા પાંચ લાખના ખર્ચે તે તૈયાર થયો હતો. પથ્થરના બનેલા આ રાજમહેલનું બાંધકામ ઘણું મજબૂત હતું. તેનો બહારનો તથા અંદરનો દેખાવ ઘણો ભવ્ય હતો. તેમાં ખાસ ઇંગ્લેન્ડથી મંગાવેલું કિંમતી અને કલાત્મક ફર્નિચર ગોઠવવામાં આવ્યું હતું. ભોંયતળિયે આવેલ વિશાળ દરબારખંડની દીવાલો શણગારવાનું કામ તે સમયના પ્રસિધ્ધ ચિત્રકાર વાનરૂથને સોંપાયું હતું. તેની બારીઓમાં યુરોપીઅન રંગીન કાચનો ઉપયોગ થયો હતો. તેની ઉપરના ટાવરમાં ચારે દિશામાં મોટી ઘડિયાળ ઉપરાંત દર પંદર મિનિટે સમય દર્શાવતા ડંકા વાગે તેવી વ્યવસ્થા હતી. 1886ના ડિસેમ્બરમાં મુંબઈના ગવર્નર લૉર્ડ રેને સન્માનવાનો સમારંભ આ ટાવર બંગલામાં યોજાયો હતો.

# લીંબડી સત્યાગ્રહ

સૌરાષ્ટ્રમાં આઝાદીની ચળવળ દરમિયાન જવાબદાર રાજ્યતંત્ર માટે થયેલ પ્રજાકીય સત્યાગ્રહ ઈ. સ. 1939માં થયો હતો. ગુજરાતમાં બ્રિટિશ હકૂમત હેઠળના પ્રદેશોમાં આઝાદીની ચળવળ ચાલતી હતી. પરંતુ સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં રાજાઓની સત્તા હોવાથી ત્યાં નાગરિક અધિકારો અને જવાબદાર રાજ્યતંત્ર માટે ચળવળ ચલાવવામાં આવતી હતી. સૌરાષ્ટ્રના રાજાઓ રૈયત ઉપર આપખુદ સત્તાઓ ધરાવતા અને એ અંગ્રેજોના મિત્ર હતા એટલે દેશી રાજ્યોમાં પ્રજાકીય ચળવળ ચલાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું.

લીંબડી રાજ્યના રાજકીય નેતાઓ જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતા હતા. તેથી ઠાકોરસાહેબ દોલતસિંહજી(1908-1940)ના મોટા પુત્ર યુવરાજ દિગ્વિજયસિંહજી અને કુમાર કારભારી (દીવાન) ફતેસિંહજીએ મુંબઈમાં રહેતા લીંબડીના આગેવાનોને 1938ના નવેમ્બરમાં લીંબડી આવી વાટાઘાટો કરવા આમંત્રણ આપ્યું. એના અનુસંધાનમાં એ આગેવાનો લીંબડી આવ્યા અને 24મી ડિસેમ્બર, 1938ના રોજ રસિકલાલ ઉમેદચંદ પરીખના નેતૃત્વ નીચે 'લીંબડી પ્રજામંડળ'ની સ્થાપના કરી. એની સભ્ય ફી એક આનો (એટલે કે નવા 6 પૈસા) રાખવામાં આવી હતી.

લીંબડીના યુવરાજ અને કુમાર કારભારી લીંબડી શહેરનો વહીવટ પ્રજાના પ્રતિનિધિઓને સોંપવા તથા લીંબડી શહેરમાં રાજકીય પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપવા તૈયાર હતા, પરંતુ લીંબડી રાજ્યનાં ગામોમાં આવી છૂટ આપવા તૈયાર ન હતા. તેથી આગેવાનો દ્વારા લડત કરવાનું નક્કી થયું. શિયાણી, પાણશીણા, રળોલ, બળોલ, પચ્છમ, બરવાળા, હડાળા વગેરે ગામોમાં લીંબડી પ્રજામંડળની શાખાઓ ખોલવામાં આવી. 1939ની 1લી જાન્યુઆરીએ કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક લીંબડીમાં મળી. તેના પ્રમુખ દરબાર ગોપાળદાસ દેસાઈ અને મંત્રી ઉછરંગરાય ઢેબરનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તે દિવસે રાત્રે લીંબડીમાં જંગી સભા થઈ જેમાં શહેર અને આસપાસનાં ગામોમાંથી લગભગ 15 હજાર માણસોએ હાજરી આપી.

19મી ફેબ્રુઆરી, 1939ના રોજ લીંબડીમાં દરબાર ગોપાળદાસના પ્રમુખપદે પ્રજાકીય પરિષદ ભરવાનું નક્કી થયું. લીંબડી રાજ્યે એના પર પ્રતિબંધ મૂકવાને બદલે દમન અને અત્યાચારની નીતિ અપનાવી. પ્રજામંડળની સામે બ્રાહ્મણોના 'સનાતન મંડળ' અને મુસ્લિમોની 'મુસ્લિમ જમાત'ની રચના કરવામાં આવી. પ્રજામંડળના આગેવાનોને લીંબડી રાજ્યનાં ગામોમાં નહિ જવાની ચેતવણી આપવામાં આવી. જાંબુ ગામમાં ભક્તિબા દેસાઈની મોટર ઉપર હુમલો





કરવામાં આવ્યો. પાણશીણા, રળોલ, શિયાણી અને કરસનગઢના પ્રજામંડળના કાર્યકરોને મારવામાં આવ્યા અને એમની મિલકત લૂંટી લેવામાં આવી. પરિષદમાં ભાગ લેવા દરબાર ગોપાળદાસ, લીલાવતી મુનશી, શાંતિલાલ શાહ, જીવણલાલ દીવાન, અર્જુન લાલા વગેરે નેતાઓ લીંબડી આવ્યા હતા.

19મીએ બપોરે લીંબડીની સ્થાનકવાસી જૈન બોર્ડિંગમાં પ્રજા પરિષદ યોજાવાની હતી. એમાં ભાગ લેવા લીંબડી રાજ્યનાં ગામોમાંથી ઘણા ખેડૂતો અને વેપારીઓ આવ્યા હતા. પરંતુ પરિષદ શરૂ થાય એ પૂર્વે રાજ્યે રોકેલા માણસો લાઠીઓ તથા શસ્ત્રો સાથે લોકો પર તૂટી પડ્યા. એક કલાકમાં લગભગ 700 માણસોને ઘાયલ કરવામાં આવ્યા. છતાં આગેવાનોએ સ્થળ બદલી સ્થાનકવાસી જૈનોની ભોજનશાળામાં પરિષદ ભરી અને લીંબડી રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતા તથા સામુદાયિક હિંસાને વખોડી કાઢતા બે ઠરાવો પસાર કર્યા.

લીંબડી રાજ્ય સામે આંદોલન શરૂ થયું હોવાથી એમાં સામેલ થનારા લીંબડી રાજ્યમાં રહી શકે તેમ ન હતા. તેમાંના ઘણા હિજરત કરી વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર), જોરાવરનગર અને વઢવાણ ગયા. ધોળકા પાસેના અરણેજ ગામની ધર્મશાળામાં હડાળા, દેવપરા, જસાપર, ઘનશ્યામપર અને અન્ય ગામોના હિજરતીઓ માટે કેમ્પ ખોલવામાં આવ્યો. લીંબડી પ્રજામંડળે સમગ્ર હિંદમાં લીંબડી રાજ્યના રૂનો બહિષ્કાર કરવાનું એલાન આપ્યું.

હિજરત લંબાતાં હિજરતીઓની આર્થિક સ્થિતિ કફોડી બની. એ દરમિયાન લીંબડી રાજ્યના ઠાકોર દોલતસિંહજીનું 1940માં અને ઠાકોર દિગ્વિજયસિંહજીનું 1941માં અવસાન થયું. 13-5-1942ના રોજ લડતના સમાધાનનો એક પ્રયાસ થયો, પરંતુ છેલ્લી ઘડીએ નિષ્ફળ ગયો. અંતે વહીવટદાર જે.પી. નિકોલસનના સમયમાં 1943માં આ લડતનું આખરી અને સર્વસંમત સમાધાન થયું. આ સત્યાગ્રહમાં ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની દોરવણી નીચે રસિકલાલ ઉમેદચંદ પરીખ, ચિમનલાલ ચકુભાઈ શાહ, બાપાલાલ કેશવલાલ દોશી, ભાઈલાલ મગનલાલ વકીલ, દુર્લભજી ઉમેદચંદ પરીખ, ભાઈચંદ જેચંદ મહેતા, ભગવાનલાલ હરખચંદ શાહ, અમૂલખ અમીચંદ મણિયાર, કેશવલાલ મૂળચંદ લગડીવાળા, દરબાર ગોપાળદાસ દેસાઈ, ભક્તિબા દેસાઈ, ચંચળબહેન દવે વગેરેએ નેતાગીરી સંભાળી હતી. આ સત્યાગ્રહ 1939થી 1943 સુધી ચાલ્યો અને એણે સમગ્ર ગુજરાત, મુંબઈ રાજ્ય તથા હિંદનું ધ્યાન દોર્યું હતું.

**– ડૉ. મુગટલાલ પોપટલાલ બાવીસી**

# ચુડા સ્ટેટનો ઈતિહાસ અને ઝાલા રાજવીઓ

- **ચુડાનાં રાજવીઓના શાસનકાળ**




(1) મહારાણા શ્રી અભેસિંહજી ઝાલા - 1 (ઇ. સ. 1707-1747)
(2) મહારાણા શ્રી રાયસિંહજી - 1 (1747-1768)
(3) મહારાણા શ્રી ગજસિંહજી (1768-1780)
(4) મહારાણા હઠીસિંહજી (1780-1820)
(5) મહારાણા શ્રી અભેસિંહજી - 2 (1820-1826)
(6) મહારાણા શ્રી રાયસિંહજી - 2 (1826-1844)
(7) મહારાણા શ્રી બેચરસિંહજી (1844-1908)
(8) ઠાકોર સાહેબ શ્રી જોરાવરસિંહજી (1908-1920)
(9) ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી (1920-1949)
(10) ઠાકોર સાહેબ શ્રી ધર્મેન્દ્રસિંહજી (1949 થી તા. 10/9/1999)
(11) ઠાકોર સાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી - 1999 થી
પ્રવર્તમાન યુવરાજ કુમારશ્રી આદિત્યસિંહજી

ચુડા એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક ઐતિહાસિક રજવાડું અને વર્તમાન તાલુકા મથક છે અને વાંસળ નદીનાં કિનારે આવેલું એક ગામ છે. ચુડાનો પૂર્વ ઇતિહાસ રસપ્રદ છે. ચુડા એટલે કંકણ-ચુડલા. કહેવાય છે કે અગાઉ અહીં કંકણ ચુડલાનો મોટો વેપાર હતો. કંકણનાં વેપાર ઉપરથી કંકણપુરી અને સમય જતાં ચુડા નામ પડયું. બ્રિટિશ શાસન દરમિયાન કાઠિયાવાડના ઝાલાવાડ પ્રદેશમાં આવેલું આ એક નાનું હિન્દુ રજવાડું હતું. આ રાજ્ય રાજપૂતોના ઝાલા કુળ દ્વારા શાસિત હતું. તે સમયે કાઠિયાવાડ એજન્સી હેઠળ ઝાલાવાડ વિસ્તારમાં આવતું ત્રીજા વર્ગનું રાજ્ય હતું. વઢવાણથી દક્ષિણે અને લીંબડીની પશ્ચિમ-દક્ષિણે 79 ચો.મા. વિસ્તારમાં માં ફેલાયેલું છે, જેમાં 15 ગામો ચુડા, ચોકડી, જેપર, વેળાવદર, કુડલા, ગોખરવાળા, ઝીંઝાવદર, ભેંસજાળ, છત્રિયાળા, રામદેવગઢ, ભૃગુપુર, મીણાપુર, વેજલકા, ચાચકા અને વાણિયાવદરનો સમાવેશ થાય છે.

ચુડા રાજ્યનાં શાસકો ઝાલા રાજપૂતો રહ્યા છે. ઝાલાઓનાં મૂળ પુરૂષ હરપાળદેવજીએ પાટડીમાં ગાદી સ્થાપના કરી. એ પછી 31 મી પેઢીએ મહારાણા રાજોજીએ સંવત 1886 માં





વઢવાણમાં ગાદી સ્થાપી. તેમની ચોથી પેઢીએ માધવસિંહજીનાં બે કુંવરો અર્જુનસિંહજી તથા અભેસિંહજીએ ઇ. સ. 1707 માં વઢવાણ અને ચુડા રાજ્યની સ્થાપના એક જ દિવસે થઇ હતી. બન્નેનાં પિતાશ્રી માધવસિંહજીનાં નામ ઉપરથી હાલમાં પણ આ બન્ને રાજ પરિવાર 'માધાણી પરિવાર' તરીકે ઓળખાય છે.

### (1) મહારાણા અભેસિંહજી (ઇ. સ. 1707-47)

ચુડા રાજ્યની દફતરી નોંધ પ્રમાણે સંવત 1763 ના વૈશાખ સુદના રોજ અભેસિંહજી ચુડામાં આવ્યાની નોંધ છે. તેમનું બંધાવેલું ગોમતેશ્વર મહાદેવનું મંદિર ગોખરવાળામાં આજે પણ એ સમયની યાદ અપાવે છે. વર્તમાને આ મંદિર ચુડા રાજવી (હાલ કૃષ્ણકુમારસિંહજી)ની વાડીમાં આવી ગયું છે. સ્થાનિક માન્યતા પ્રમાણે પહેલા અહીં ગૌતમ ઋષિનો આશ્રમ હતો. ઝાલા રાજવીઓ શિવ-શક્તિ સંપ્રદાયયમાં શ્રદ્ધા ધરાવતા હોઇને આ શિવાલય બનાવ્યું હશે. આ મંદિરનાં ગર્ભગૃહની સામે રંગમંડપની પીઢડીમાં ખારા પત્થરનો શિલાલેખ કોતરાયેલો છે, જેમાં સંવત 1763 નાં શ્રાવણ સુદ - 3 એટલે કે ચુડા રાજ્યનો વહીવટ સંભાળ્યા પછી 4 મહિને આ મંદિર પોતાના રાજ્ય સ્થાપવાની સ્મૃતિમાં કરાવ્યા હોવાનું જણાય છે.

### (2) મહારાણા રાયસિંહજી (ઇ. સ. 1747-68)

ચુડામાં નવી સ્થપાયેલી ઝાલા સત્તાને પડાવી લેવાના હેતુથી પાળિયાદમાં કાઠીઓએ આક્રમણ કરતાં રાજ્યની રક્ષા કરતાં આ રાજવી ઈ. સ. 1768 માં વિરગતીને પ્રાપ્ત થયા. તેમની સાથે પરમાર રાજપૂત આપાભાઇ પણ મરાયા.

### (3) મહારાણા ગજસિંહજી (ઇ. સ. 1768-80)

ચુડા રાજ્ય ઉપર પાળિયાદનાં કાઠીઓએ ફરી એકવાર આ રાજવીનાં શાસન સમયમાં આક્રમણ કર્યું અને એ ભારે ધીંગાણામાં ચાચકા ગામે ગજસિંહજી વિરગતીને પ્રાપ્ત થયા. એ સમયથી ચુડા રાજકુટુંબને પાળિયાદ સાથે અપૈયો છે.

### (4) મહારાણા હઠીસિંહજી (ઇ. સ. 1780-1820)

આ રાજવીનો સત્તા સમય લગભગ 40 વર્ષ જેટલો અને શાંતિમય રહ્યો. આ રાજવીએ સ્થપાતી નવી અંગ્રેજ સત્તા સાથે સુમેળ સાધી કાઠીઓ સાથે સુલેહ કર્યા. આ રાજવીની સત્તા દરમિયાન ઇ. સ. 1805 માં ધ્રાંગધ્રાનાં અમરસિંહજી, સાયલાના વિક્રમાતસિંહજી અને લીંબડી રાજ્યનાં હરિસિંહજીએ સંયુક્ત રીતે વઢવાણ રાજ્યનાં પૃથ્વીરાજજી ઉપર આક્રમણ કર્યું, જેને

ભાટ ચારણોએ ઝગડાનું સમાધાન કરાવ્યું હતું. આ યુદ્ધમાં ચુડા સ્ટેટે લીંબડીનો પક્ષ લીધો હતો.

ઇ. સ. 1807-08 માં કર્નલ વોકરે મોરબી પાસેના ઘુંટું ગામે રાજ્યો વચ્ચે સેટલમેન્ટ થતાં મધ્યયુગીન કાળથી ચાલ્યા આવતા તલવારોનાં ખડખડાટનો અંત આવ્યો અને તેમણે નક્કી કરેલી કાઠિયાવાડની નિર્ધારિત ખંડણી સ્વતંત્રતા સુધી લેવાઈ છે.

આ રાજવીનાં રાણીશ્રી રતીબા (વહોણા)એ ગોખરવાળામાં સોમનાથ મહાદેવનું મંદિર તા. 29/7/1824 માં કરાવ્યું હોવાનો શિલાલેખ જણાવે છે, જેનું રબીંગ ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડો. ઇન્દ્રવદન આચાર્યે લીધેલ છે. ચુડા રાજ્યની સત્તાને સ્થિર કરનાર મહારાણા હઠીસિંહજી ઇ. સ. 1820 માં દેવસ્થ થયા.

### (5) મહારાણા અભેસિંહજી – 2 (ઇ.સ. 1820–26)

હઠીસિંહજીનાં અવસાન પછી યુવરાજ અભેસિંહજી - 2 ગાદીએ આવ્યાના માત્ર 6 જ વર્ષનાં ગાળામાં સ્વર્ગસ્થ થયા. તેમનાં એકમાત્ર મહારાણી ચુડાસમા બાજીબા (રોજકા) હતા. તેમનાં સંતાનોમાં રાયસિંહજી (બીજા), ઉમેદસિંહ અને કુંવરી બાઇરાજબા હતા, જેમને રાજકોટ પરણાવેલા. અભેસિંહજીનું અવસાન ઇ. સ. 1826 માં થયું.

### (6) મહારાણા રાયસિંહજી – 2 (ઇ. સ. 1826–44)

આ રાજવીનાં શાસનકાળ દરમિયાન ચુડા રાજ્યને રેલવેની સગવડ પ્રાપ્ત થતાં ભાવનગર રેલવેએ વઢવાણ અને ભાવનગર વચ્ચે ચુડા સ્ટેશન કર્યું, જેનાથી રાજ્યને વેપાર-વાણિજ્યને વિકાસની નવી તક મળી. આ રાજવી ઇ. સ. 1844 માં દેવલોક થયા.

### (7) મહારાણા બેચરસિંહજી (જન્મ તા. 1/2/1840–1908)

આ રાજવીએ ચોકડી ગામે ચરમાળિયા નાગદાદાનું મંદિર બંધાવ્યું. રાજ્યનાં એક નોકરે ભૂલથી દાદાની માનતાના સવા પાંચ આના વાપરી નાંખતા ચરમાળીયા દાદાએ સર્પદંશ કર્યો, જેની ખબર બેચરસિંહજી બાપુને ખબર પડતાં તેમણે ચરમાળીયા દાદાને ઉતરી જવા વિનંતી કરી ત્યારે એ નોકરે પેટે ચાલીને ઉપરોક્ત હકીકત જણાવી. તે સમયે રાજવીને કહ્યું કે, આપ ગામ ધણી હોઇ, વચન આપી ઉતરી જવાની ખાત્રી આપી.

બેચરસિંહજી બાપુએ તેમનાં દિકરી અમજીબાની સ્મૃતિમાં શ્રી અમરેશ્વર મહાદેવનું મંદિર બંધાવેલ છે. આ રાજવી ઇ. સ. 1908 માં દેવલોક પામ્યા.





### (8) ઠાકોર સાહેબ જોરાવરસિંહજી

### (જન્મ તા. 19/4/1886 – અવસાન તા. 20/1/1920)

માધવસિંહજીનાં પાટવી કુંવર ચુડા રાજવીની ગાદીએ આવ્યા ત્યારે રાજ્યાભિષેક સમયે પોલીટેકલ એજન્ટ ખાસ આવેલા. જોરાવરસિંહજીએ સહકુટુંબ દ્વારકાની યાત્રાએ ગયેલા એ ત્યાંના તીર્થગોરનાં ચોપડે નોંધાયેલું જોવા મળે છે.

ઠાકોર સાહેબ શ્રી જોરાવરસિંહજી બાપુને પેઇન્ટિંગનો ખુબ જ શોખ હતો અને તેમણે કર્નલ વોકરનું પેઇન્ટિંગ પણ બનાવેલું.

### (9) ઠાકોર સાહેબ બહાદુરસિંહજી (ઇ. સ. 1920–49)

બહાદુરસિંહજી બાપુનાં માતુશ્રી ગઢકા ગામનાં હતા અને તેઓ ફક્ત 1 દિવસનાં બહાદુરસિંહજીને મુકીને સ્વર્ગવાસી થયેલા, એટલે તેમનું બાળપણ ગઢકામાં જ વિત્યું. બાપુનાં પિતાશ્રી જોરાવરસિંહજી દેવલોક પામ્યા ત્યારે બહાદુરસિંહજી ફક્ત 12 વર્ષનાં હતા. આમ, નાનપણમાં જ તેમણે માતા-પિતાનું સુખ ગુમાવ્યું. તેમની જન્મતારીખ 23/4/1909 હતી એટલે તેઓ સગીર હોવાથી ચુડા રાજ્યમાં પહેલીવાર 'બ્રિટીશ એજન્સી રૂલ' આવે છે. તેમની રાજ્યાભિષેક વિધિ તા. 31/12/1920 નાં રોજ કરવામાં આવી. એ સમયે અંગ્રેજ સરકાર વતી મેનેજર શ્રી યશવંતરાય વોરા નિમાયા હતા. બ્રિટિશ સરકારની ચુડા રાજવી તરીકે તા. 20/1/1921 નાં રોજ પરવાનગી મળી. આ રાજવીએ પોતાનાં માતુશ્રી અને રાજમાતા રતનકુંવરબાની યાદગીરીરૂપે પોતાના બંગલાનું નામ 'રતનભુવન' રાખીને દરબારગઢમાં તેમનું સ્થાનક બનાવેલ, આ જગ્યાએ તેમની તસ્વીર પણ જોવા મળે છે.

આ રાજવી રાજકોટની રાજકુમાર કોલેજમાં ભણ્યા. ચુડાને આધુનિક વિકાસ તેમનાં સમયમાં થયો. ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે બ્રાહ્મણોનો બાળકો માટે 'સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપના કરી. રાજ્યમાં ન્હાવા-ધોવા અને પીવાનાં પાણી માટે વાંસળ નદીના પાણીને વાળવા ચેકડેમ બાંધી કેનાલો સાથે જોડાણ કર્યું. રાજ્યની ખેતીવાડી સુધારવા ખેડૂતોને મદદ કરવા વિઘોટી પ્રથા દાખલ કરી. વોરા સદગૃહસ્થોની મદદથી આમ જનતા માટે દવાખાનું ખુલ્લું મુક્યું. સારા બાગ-બગીચા તથા બાળકો માટે રમવાના સાધનો મુક્યા. પ્રાથમિક શિક્ષણ મફત કર્યું અને અંગ્રેજી શિક્ષણ માટે હાઇસ્કૂલ હતી. સંગીતકળા અને ચિત્રકામ આ રાજવીનાં શોખ રહ્યા અને તેઓ વિચિત્ર વીણા અને સરસ્વતી વીણાનાં સારા વાદક હતા. રાજ્યમાં જીવહિંસાની મનાઈ હતી.

આઝાદી સમયે તા. 15/8/1947 નાં રોજ ભારત આઝાદ થતાં સૌરાષ્ટ્ર – ઝાલાવાડનાં અન્ય રાજ્યોની જેમ ચુડા રાજ્યનું સંયુક્ત સૌરાષ્ટ્ર સંઘમાં વિલીનીકરણ તા. 1/3/1948 નાં દિવસે થયું અને એ પછીથી તા. 4/10/1949 નાં દિવસે દેવલોક પામ્યા.

**(10) ઠાકોર સાહેબ શ્રી ધર્મેન્દ્રસિંહજી (ઇ. સ. 1949–1999)**

તેમનો જન્મ તા. 6/8/1030 માં થયો. યુવરાજ હોવાથી પિતાનાં અવસાન બાદ અને ભારત સ્વતંત્ર થયા પછી તા. 6/10/1949 નાં રોજ તેમનો રાજ્યાભિષેક થયો. વઢવાણની ગરાસીયા તાલુકદારી સ્કૂલમાં અભ્યાસ કર્યા બાદ પુનાની શિવાજી કોલેજમાં અભ્યાસ કર્યો. ખેતીવાડીની તાલીમ મસુરી ખાતે આવેલ કોમ્યુનિટી રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં લીધી. તેમનાં લગ્ન લાઠી ઠાકોર સાહેબ શ્રી પ્રહલાદસિંહજી ગોહીલનાં કુંવરી ભારતીદેવી સાથે 1948 માં થયા. ભારતીદેવી લાઠીનાં કવિ કલાપીનાં પૌત્રી અને લાઠી ઠાકોર સાહેબ પ્રહલાદસિંલજીનાં મોટા કુંવરી હતા. સૌરાષ્ટ્રનાં માજી રાજવીઓમાંથી પ્રધાનમંડળમાં નાયબ પ્રધાન ખેતીવાડી અને પ્રવાસ ખાતાના બનનારા ધર્મેન્દ્રસિંહજી પ્રથમ રાજવી હતા. તેમણે જોરાવરસિંહજી સંસ્કૃત પાઠશાળા, અંત્યજ સાર્વજનિક શાળા, લાઈબ્રેરી, પ્રાથમિક શાળાનું મકાન વગેરે બંધાવ્યા. રાજકુમાર કોલેજમાં ટ્રસ્ટી તરીકે રહ્યા. ચુડા કેળવણી મંડળની સ્થાપના કરી અને 1956 થી પ્રમુખપદે રહ્યા. સ્પીનીંગ મીલ, લીંબડીનું ડીરેકટર પદ શોભાવ્યું.

અચાનક થયેલી કેન્સરની બિમારીનાં હિસાબે તેઓ ઇ. સ. 1999 માં દેવલોક પામ્યા.

## ભાણેજડા સ્ટેટ

ભાણેજડા તાલુકાનો વિસ્તાર બે ચોરસ સ્કવેર માઈલનો હતો અને તે માત્ર એક જ ગામનું રાજ્ય હતું.

ભાણેજડા તાલુકો ચુડાથી છ માઈલ દૂર આવેલ છે.

જેની વાર્ષિક આવક 2500 હતી. ભાણેજડાના શાસક રાજવી દરબાર શ્રી ઓઘડ બાપુ ભાંભળહ અને દરબાર શ્રી પૂજા બાપુ ભાંભળા હતા.

આ રાજ્યનું વિલીનીકરણ 1948 માં ભારત સંઘ સાથે થયું હતું.

ભાણેજડા રાજ્યના શાસકો વીર જવામર્દ શીલવંત રાજવીઓ હતા. અનેક લડાઈઓમાં તેઓ અણનમ વિજેતા રહ્યા છે અને 1947 સુધી ભાણેજડાના શાસક તરીકે રહ્યા છે.





# ચુડા : કંકણપુરી નગરી

ચુડા એ વાંસળ નદીના કિનારે આવેલું ગામ છે. આ વાંસળ નદી ચોટીલાના મૂળમાંથી નીકળી છે. આ નદીનું ધાર્મિક મહત્વ ઘણું છે. ચુડાના શટલવાળા ડેમથી ભૃગુપુર સુધી ચુડાની આ નદીમાં જૂના કુંડ મળી આવેલા છે. એ ઉપરથી એવું અનુમાન થાય છે કે ભૂતકાળમાં કેટલાક ઋષિઓ આ નદીના તટે તપ કરતા હશે અને ચુડાનો ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. શટલવાળા ડેમમાં બગથળા મહાદેવનું જૂનું–પુરાણું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે.

ચુડાની આ નદી ગોખરવાળા ગામના પાદરમાંથી પસાર થઈ આગળ વહે છે. ગોખરવાળા આ નદીના તટે શ્રી ચુડા ઠાકોર સાહેબના ફાર્મમાં પણ એક વર્ષો જૂનું મહાદેવનું પુરાતન મંદિર આવેલું છે. આ મંદિર પથ્થરમાંથી કોરેલું; શિખરબંધી મંદિર છે. આશરે એકસો વર્ષ પહેલાં આ મંદિર બંધાયું હોય તેવું અનુમાન છે.

ગોખરવાળાથી આગળ જતા આ નદી જુના ભડકવાના નામે અને હાલ ભૃગુપુરના નામે ઓળખાતા ગામના પાદરમાંથી વહીને આગળ જાય છે. ભડકવા નદીના કાંઠે એક પવિત્ર કૂંડ આવેલ છે. જેના ફરતે એક વાવ બનાવવામાં આવેલ છે. ભડકવાના કિનારે અગાઉ ભૃગુ ઋષિ રહેતા હતા અને કૂંડ પાસે તપ કરેલું. ભૃગુ ઋષિના નામ ઉપરથી આ ગામનું જૂનું નામ ભડકવા હતું તે બદલીને ભૃગુ ઋષિની સ્મૃતિમાં ભૃગુપુર નામ આપવામાં આવ્યું અને હાલ આ ભૃગુપુરના નામે ઓળખાય છે. નદી પાસેનો આ કૂંડ પવિત્ર ગણાય છે. દર વર્ષે ભાદરવી અમાસના દિવસે આ કુંડની આજુબાજુ નદીના પટમાં ધાર્મિક લોકમેળો ભરાય છે અને આ કૂંડમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્ત્વ હોઈ, આજુબાજુના ગામોમાંથી તેમજ લીંબડી અને સુરેન્દ્રનગરના ગામોમાંથી લોકો ભાદરવી અમાસનું પવિત્ર સ્નાન કરવા અહીં આવે છે.

ચુડાની આ પવિત્ર વાંસળ નદી ભૃગુપુરથી આગળ બીજા બે ઝરણાંને મળે છે. આમ ત્યાં ત્રિવેણ સંગમ થાય છે. આ સ્થળ નારાયણ ધરાના નામથી ઓળખાય છે. દૂર દૂરથી લોકો આ ત્રિવેણી સંગમના નારાયણધરામાં સ્નાન કરવા આવે છે.

ખાસ કરીને પવિત્ર માસ એવા શ્રાવણ મહિનામાં અહીં સ્નાન કરવાનું મહત્ત્વ ખૂબ જ છે. અહીં એક શંકરનું મંદિર, માતાજીનું મંદિર અને હનુમાનજી મહારાજનું મંદિર આવેલું છે. આમ નારાયણધરાનું આ સ્થળ એક જાત્રાનું સ્થળ ગણાય છે. ખંભાત અને સોજીત્રાથી ચુડા આવતો હરિકૃષ્ણ મહારાજનો સંઘ અહીં દર વર્ષે રાત્રિ રોકાણ કરે છે અને પગપાળા આવતા હોઈ વિસામો ખાય છે. અહીથી આગળ જતા આ નદી બગોદરાના ખારાપાટમાં અરણેજ તરફ ખંભાતના અખાત તરફના જળ પ્રવાહમાં વિલિન થઇ જાય છે.

ચુડા નામ કેવી રીતે પડયું ? તે ઇતિહાસ પણ જાણવા જેવો છે. ચુડા એટલે કંકણ-ચુડલાં, કહેવાય છે કે, અગાઉ અહીં કંકણ-ચુડલાંનો મોટો વેપાર હતો અને એ માટે ચુડા જાણીતું હતું. આમ કંકણના વેપાર ઉપરથી ચુડાનું નામ કંકણપુરી હતું અને એમ કરતા સમય જતા કંકણના પર્યાય ચુડા નામ પડ્યું એવી માન્યતા છે.

ચુડાનું ધાર્મિક મહત્વ પણ ઘણું છે. ચુડામાં ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં હરિકૃષ્ણ મહારાજ થઈ ગયા. તેઓ ચુડાના બ્રાહ્મણિયા ચોરે આપેલા ભાણજીભાઈ રાવલના કુટુંબમાં જન્મેલા. તેઓએ દેશમાં પર્યટન કરીને સનાતન ધર્મનો ખૂબ પ્રચાર કરેલો. ચુડામાં તેઓએ મહા સુદ-5, સં. 1914 ની સાલમાં ચુડાની નદી કિનારે બહુ મોટો યજ્ઞ કરેલો. આ સ્થળ હાલ યજ્ઞશાળા નામે ઓળખાય છે. જ્યાં શ્રી હરિકૃષ્ણ મહારાજનું મંદિર છે. ચુડા ગામમાં ભટ્ટ શેરીમાં પણ મહારાજનું મંદિર આવેલું છે. આ ઉપરાંત ખંભાત, સોજીત્રા, અમદાવાદ, ધોળકા, ગોલાણા, પાંદરી વગેરે સ્થળોએ પણ શ્રી હરિકૃષ્ણ મહારાજના મંદિરો આવેલાં છે. મહારાજને માનનારો બહોળો જનસમુદાય ગુજરાતમાં અને ગુજરાત બહાર છે.

દર વર્ષે કારતક સુદ-15 ના દિવસે મુંબઈ, સોજીત્રા અને ખંભાત રહેતા હરિભક્તો ભાઈઓ અને બહેનો પગપાળા સંઘ કાઢીને ચુડા આવે છે. મહારાજને ધજા ચઢાવે છે. બે દિવસ રહે છે અને બહુ મોટો ધાર્મિક ઉત્સવ કરે છે.

ચુડામાં પુરાણ પ્રસિદ્ધ શ્રી ચત્રભુજરાયજી મંદિર આવેલું છે. શ્રી ચત્રભુજરાયજી સ્વયંભૂ પ્રગટ થયેલા છે. લોકવાયકા અને સત્ય હકીકત એવી છે કે મૂળી માંડવરાયજી, વઢવાણના વાઘેશ્વરી માતાજી અને ચત્રભુજરાયજી ભોગાવામાં સ્વયં પ્રગટ થયેલા, અને આ ત્રણેય, ગામના જે તે વખતના રાજવીઓના સ્વપ્નમાં આવેલા, અને ગેબી વાણી કરી કે અમે સ્વયં પ્રગટ થયેલા છીએ, તો ત્રણેય ગામના રાજવીઓ ગાડાં મોકલે, ત્રણેય ગામેથી ગાડાં મોકલાયા, અને આ ત્રણેય દેવો જુદાં જુદાં ત્રણ ગાડાંમાં બિરાજ્યા, અને જે ગાડું જે ગામ તરફ ચાલ્યું તે ગામમાં તે તે દેવને બેસાડવામાં આવ્યા. શ્રી માંડવરાયજીનું ગાડું મૂળી તરફ ચાલ્યું, તો મૂળીમાં શ્રી માંડવરાયજીની સ્થાપના કરવામાં આવી. એક ગાડું શ્રી વાઘેશ્વરી માતાજીવાળું વઢવાણ તરફ ચાલ્યું તો વઢવાણમાં શ્રી વાઘેશ્વરી માતાજીની સ્થાપના કરવામાં આવી. અને શ્રી ચત્રભુજરાયજી વાળું ગાડું ચુડા તરફ ચાલ્યું, તો ચુડામાં શ્રી ચત્રભુજરાયજીની સ્થાપના કરવામાં આવી. આમ આ ત્રણેય દેવો સ્વયં પ્રગટ થઈને આવેલા છે.

શ્રી ચત્રભુજરાયજી મંદિર ચુડાનો એક ચમત્કારીક પ્રસંગ જાણવા જેવો છે. આ મંદિરનું જ્યારે નિર્માણ થયું ત્યારે તેનો કાટમાળ ગાડાં મોકલીને ધોલેરા બંદરથી લાવવામાં આવેલો. સો વર્ષ પહેલાં ધોલેરા જૂનું બંદર હતું. અને મકાનોના કાટમાળ, ઈમારતી લાકડું વગેરે ત્યાંથી ગાડાં





મારફતે લાવવામાં આવતું હતું, મંદિરનો મોભારો અગાઉ માપ કરીને લેવા ગયેલા અને એ રીતે ત્યાંથી માપીને લાવેલા. પરંતુ મોભારો મૂકવાના મૂરતના આગલ દિવસે મિસ્ત્રીએ મોભારાનું માપ લીધું તો માપ કરતા મોભારો દોઢ ફૂટ ટૂંકો થયો. આથી મિસ્ત્રી અને મંદિરના મહંતશ્રી તથા ટ્રસ્ટીઓ મુંઝાણા. સવારે મૂરત છે, ધોલેરા જઈને નવો મોભારો લાવવાનો હવે સમય નથી, શું કરવું ?

તમામ લોકો મૂંઝવણમાં પડી ગયા છે અને આખો દિવસ ખૂબ વિચાર્યું. બન્યું એવું કે રાત્રે એ વખતના ચુડા ઠાકોર સાહેબશ્રી જોરાવરસિંહજી બાપુને સ્વપ્ન આવ્યું, અને સ્વપ્નમાં ચત્રભુજરાયજી ભગવાને કહ્યું કે, 'સવારે મોભારાનું મૂરત કરી નાખજો, ચિંતા ન કરશો, બધું બરાબર થઈ જશે.' બાપુએ સવારે મંદિરના મહંતને, મિસ્ત્રીને બોલાવી સ્વપ્નની વાત કરી. લોકોએ ભગવાનમાં શ્રધ્ધા રાખીને સવારે મોભારો ચડાવ્યો. ચમત્કાર એવો બન્યો કે જે દોઢ ફૂટ મોભારો તૂટતો હતો તેના બદલે ત્રણ ફૂટ મોભારો વધ્યો. અને આજે પણ આ મોભારો મોજુદ છે. ચુડાનું આ મંદિર ચુડા ઠાકોર સાહેબશ્રી જોરાવરસિંહજી બાપુએ બંધાવી આપેલું. શ્રી ધર્મેન્દ્રસિંહજી ચુડા ઠાકોર સાહેબ પણ આ મંદિર ખૂબ પ્રોત્સાહન આપતા.

શ્રી ભૂતનાથ મહાદેવ, શ્રી રામનાથ મહાદેવ, શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી મહાલક્ષ્મી માતાજીનું મંદિર, શ્રી ઢાળવાળા બુટ માતાજીનું મંદિર, સોની જ્ઞાતિના બુટ માતાજીનું મંદિર, શ્રી ચામુંડા માતાજીનું મંદિર, સખીનો દુવારો, રામોલ મંદિર, ફુલેશ્વર મહાદેવનું મંદિર અને રૂગનાથ ભગવાનનું મંદિર તેમજ ગેબનશા પીરની દરગાહ વગેરે ચુડાના પ્રસિદ્ધ ધર્મસ્થાનો છે.

ચુડામાં અંગ્રેજી શિક્ષણનો પાયો નાખવામાં ચુડા સ્ટેટનો ફાળો મહત્વનો હતો. ચુડાના એ વખતના રાજવૈદ્ય શ્રી કેશવલાલ પોપટલાલે ચુડામાં અંગ્રેજી શાળા શરૂ કરવા ખૂબ જહેમત ઉઠાવેલી અને પંચમ જયોર્જના વખતમાં ચુડામાં અંગ્રેજી શિક્ષણ આપતી મિડલ સ્કૂલ શરૂ થઈ. શ્રી ચુડા સ્ટેટ આ શાળાને અનુદાન આપતું, આ નાની એવી અંગ્રેજી શાળાના પરિપાકરૂપે ધોરણ 12 સુધીનું શિક્ષણ આપતી હાયર સેકન્ડરી શાળા શરૂ થઇ. જેમાં આજે સાતસો વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણ મેળવે છે.

## • રાજવૈદ્ય શ્રી કેશવલાલ પોપટલાલ (ચુડાના બાપુજી)

સ્વ. કેશવલાલ પોપટલાલ વૈદ્ય એ ચુડા સ્ટેટના રાજવૈદ્ય હતા. વર્ષો સુધી રાજની અને ગામની વૈદ્ય તરીકે ખૂબ સેવા કરી. તેઓ દયાપ્રેમી, લાગણીશીલ અને સેવાભાવી માણસ હતા. ભૂખ્યા કે દુ:ખી કોઈ તેમના ઘેરથી પાછું જતું નહીં. આખું ગામ નાના-મોટા સૌ તેમને બાપુજી કહીને બોલાવતા. તેમનો એક જીવનક્રમ કાયમી હતો. તેઓ સવાર-સાંજ બે વાર ચુડાની શેરીમાં આંટો મારવા નીકળતા. અને સૌના ખબર અંતર પુછતા. લોકો તેમના પગમાં પડી જતા અને

વેપારીઓ તેમને જોઈને ઊભા થઈ જતા, આદર આપતા. આમ શ્રી કેશવલાલ પોપટલાલ વૈદ્ય ચુડામાં ખૂબ સારી લોકચાહના મેળવેલી. આજે તેમના પરિવારમાં શ્રી હસમુખલાલ કેશવલાલ વૈદ્ય ઉર્ફે બેલીભાઈ છે. એક દિકરા ભાવનગર રહે છે. સ્વ.કવિશ્રી મીનપિયાસી આ પરિવારમાં થઈ ગયા. આમ બાપુજી એ ચુડાની એક વિરાટ વિભૂતિ હતા.

## ડૉ. ગૌરીશંકર પ્રભાશંકર ભટ્ટ (પ્રસિધ્ધ કેળવણીકાર)

ચુડાના તદ્દન સાધારણ એવા ખેડાવાળ પરિવારમાં જન્મેલા, આપબળે આગળ આવેલા અને શિક્ષણ જગતમાં આજે જેમનું નામ ખૂબ મશહુર છે તે સ્વ. ડૉ. ગૌરીશંકર પ્રભાશંકર ભટ્ટ એ ચુડાના પનોતા પુત્ર હતા. ઉચ્ચ શિક્ષણ મેળવી વર્ષો સુધી વડોદરાની એક્સ્પેરીમેન્ટલ સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે રહ્યાં હતા અને છેલ્લે અલિયાબાડા મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરીકે શિક્ષણ જગતની ઊંડી સેવા કરી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો.વાઇસ ચાન્સેલર તરીકે પણ તેઓ રહી ચૂક્યા હતા. આમ શ્રી ડૉ. ગૌરીશંકરભાઈ ભટ્ટે ચુડાનું નામ રોશન કર્યું હતું. તેઓ સાદા, પ્રમાણિક અને ખૂબ ઊંચી પ્રતિભા ધરાવતા ગાંધીવાદી વિચારસરણીવાળા માનવી હતા

. ધોરણ 1 થી 7 ની બાળાઓ માટે અલગ પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવા માટે સ્વ. કંકુબેન ગોસલિયા પરિવારે નવું મકાન બાંધી દેવા મોટો ફાળો આપેલ.

મુંબઈથી પ્રસિધ્ધ થતાં અને સૌરાષ્ટ્રમાં લોકપ્રિય બનેલા 'ચેત મછંદર' સાપ્તાહિકના આદ્ય તંત્રી-સંચાલક 'શનિ' ચુડાના વતની હતા. તેઓ એક સારા લેખક, પ્રખર પત્રકાર અને કટાક્ષ ચિત્રકાર પણ હતા. જેઓએ ચુડાનું ગૌરવ વધારેલ છે. ચુડાના વતની અને મુંબઈ રહેતા ડી.વી. વ્યાસ મુંબઈ રાજ્યના પ્રથમ ન્યાયાધિશ બન્યા હતા. તેઓ પણ ચુડાના હતા, તેમને પણ ભુલી શકાય તેમ નથી. આમ ચુડાના વિકાસમાં ચુડાની બહાર વસતા લોકોનું યોગદાન અનન્ય છે અને આજે પણ આ પરંપરા તેમના વંશ-વારસો દ્વારા ચાલુ જ છે.

ચુડા એ બહુરત્ના વસુંધરા છે. તેણે કંઈક લબ્ધપ્રતિષ્ઠિત અને દાનેશ્વરી રત્નોની ચુડાને ભેટ આપી છે અને ચુડાના બહાર વસતા દાતાઓએ ચુડાના ઉત્કર્ષ અને વિકાસમાં કાયમ ઉદારતાપૂર્વક ફાળો આપ્યો છે, જે ચુડા કદી ભુલે તેમ નથી.

ચુડા સ્ટેટના રાજવીઓ શિક્ષણ અને ધર્મને ખૂબજ ઉત્તેજન આપતા હતાં. શિક્ષણની સુવિધા માટે શરૂઆતમાં ચુડામાં પ્રાથમિકથી મિડલ સ્કૂલ (ઇંગ્લિશ સ્કૂલ) સુધીની સુવિધા હતી, જેને સ્ટેટ નિભાવતું. સમયાંતરે જુદા જુદા ચુડાના દાતાઓ પાસેથી દાન લઈ મકાનો અને અન્ય જરૂરી શૈક્ષણિક સુવિધાઓમાં વધારો થયો છે. માધ્યમિક શિક્ષણ ફક્ત નવ ધોરણ સુધી હતું. પછી દસ, અગિયાર ધોરણ માટે ચુડા બહાર જવું પડતું હતું. આ મુશ્કેલીને વિચારી અને ચુડાની





કન્યાઓ ઉચ્ચ શિક્ષણ ઘેર બેઠા ચુડામાં મેળવી શકે એ માટે ચુડા ઠાકોર સાહેબશ્રી ધર્મેન્દ્રસિંહજી બાપુએ ચુડા કેળવણી મંડળની સ્થાપના કરી. ચુડા આગેવાન અને ટ્રસ્ટી દાતાઓનો સહયોગ લઈ ચુડામાં અગિયાર ધોરણ સુધીની હાઈસ્કૂલ બની. જે માટે ચુડાના મુંબઈ વસતા કપાસી શાંતિલાલ ચુનીલાલે માતબદ દાન આપતા ચુડામાં કપાસી ચુનીલાલ દીપચંદ નામની હાઇસ્કૂલ શરૂ થઇ જે આજે ધો. 12 સુધીની હાયર સેકન્ડરી સ્કૂલ છે.

ધાર્મિક ક્ષેત્રે અને તેના પ્રોત્સાહન માટે પણ ચુડા સ્ટેટે ખૂબ સારી પ્રગતિ કરી છે. ચુડાના પ્રાચિન પૂરાણ મંદિરો જેવા કે ભૂતનાથ મહાદેવ, રૂગનાથ મંદિર, ચત્રભૂજરાયજી મંદિર, અમરેશ્વર મહાદેવ મંદિર, શક્તિમાંનું મંદિર વગેરેના દીવા પૂજાને નિભાવ માટે ચુડા સ્ટેટે દરેક મંદિરોને ખેતરોની જમીન આપેલ હતી.

- **શ્રી જોરાવરસિંહજી સંસ્કૃત પાઠશાળા**

ચુડાના બ્રાહ્મણજ્ઞાતિના બાળકોને ઘેર બેઠા સંસ્કૃત સાહિત્યનું શિક્ષણ મળી રહે અને તેઓ ધાર્મિક ક્રિયાકાંડનું શિક્ષણ તેના આધારે મેળવી શકે તે માટે ચુડા સ્ટેટે 'શ્રીજોરાવરસિંહજી સંસ્કૃત પાઠશાળા' પણ શરૂ કરેલ. જેમાંથી અનેક વિદ્યાર્થીઓ સંસ્કૃતનું શિક્ષણ મેળવી બહાર પડયા છે. જો કે આ સંસ્કૃત શાળામાં બ્રાહ્મણો સિવાયના ઇત્તર કોમના વિદ્યાર્થીઓને પણ દાખલ કરવામાં આવતા હતાં. સંસ્કૃતની કેળવણીમાં જે વિદ્યાર્થીઓ સારો દેખાવ કરે તેને સ્ટેટ તરફથી પ્રોત્સાહન ઈનામો પણ દર વર્ષે આપવામાં આવતા હતાં. તે સમયમાં સંસ્કૃત શિક્ષણમાં ચુડા મીનીકાશી તરીકે પ્રસિધ્ધ હતું. સંસ્કૃત પ્રાધ્યાપક શ્રી શાંતિલાલ શાસ્ત્રીનો પગાર અને નિભાવ વગેરે તમામ ખર્ચ સ્ટેટ ભોગવતું.

- **ચુડા શ્રી ભૂતનાથ મહાદેવના આદ્ય મહંત શ્રી ગોવિંદ ભારતી બાપુ**

ચુડામાં અતિ પ્રાચિન પુરાણ ભૂતનાથ મહાદેવનું મંદિર આવેલ છે. આ મંદિર અતિ પુરાતન હોઈ તેનું મહાત્મ્ય વિશેષ છે. આ મંદિરના આદ્ય મહંત શ્રી ગોવિંદ ભારતી બાપુ ખૂબ જ વિદ્વાન અને પુરાણોના અભ્યાસી હતા. તેઓ ખૂબ જ દયાળુ હોઈ સેવકોમાં તેમજ સમગ્ર ચુડામાં તેમની લોકચાહના ખૂબજ હતી. તેઓ એક સારા ભજનિક પણ હતાં. તેઓશ્રી એકલા આખી રાત ભજન ગાઈ શકતા. તે સમયે શ્રાવણ મહિનો આખો રામકથા, શિવપુરાણ અને ભગવાનની કથાઓ ચાલતી, આ ઉપરાંત રોજ રાત્રે સત્સંગતો ખરો જ.

- **ચુડાના ગ્રામદેવી માઁ શ્રી બુટભવાની**

ચુડામાં તળાવને કાંઠે ગામદેવી બુટભવાનીમાંનું બેસણું છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે ચુડા ગામ જ્યારે વસાણું ત્યારે તે સમયે બુટમાંની સ્થાપના થઇ છે. એટલે કે આશરે સાતસો વર્ષ જૂનું

પુરાણું આ મંદિર છે. શરૂઆતમાં બુટમાતાજીના મઢનો કાચો ઓરડો હતો. તેથી સમસ્ત ગામ લોકોએ મળીને આ મંદિર નવેસરથી બનાવવાનું નક્કી કર્યુ અને ગત શ્રાવણ-ભાદરવા મહિનામાં આ મંદિર નવેસરથી ઘુમ્મટ અને શિખરબંધી બેનમુન કારીગરી વાળું ખૂબજ ઝડપભેર બનાવ્યું.

આ મંદિરના કામમાં ચુડાનાં નાના મોટા અને દરેક કોમના લોકોએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો અને શ્રાવણ સુદ ત્રીજથી પાંચમ એમ ત્રણ દિવસનો યજ્ઞ કરી બુટમાતાજીને સાથે ખોડલમાંને પુનઃસ્થાપન કર્યા. આ સમયે યોજાયેલ શોભાયાત્રા પણ અદ્‌ભૂત હતી. આખુ ગામ હેલે ચડયું હતું. આવી શોભા યાત્રા કે ઉત્સવ ચુડામાં ક્યારેય થયા નથી. આ ઉત્સવના કાર્યક્રમમાં રોજ રાતે લોકડાયરા અને સંતવાણીની રમઝટ બોલતી.

આ મંદિરની ઓસરીમાં ગેબનશા પીરની કબર છે. સવાર-સાંજ તેમની પણ આરતી થાય છે. ચુડાનાં મુસ્લીમ લોકો પણ બુટમાંને માને છે, અને માનતાઓ કરે છે.

આ મંદિરમાં માતાજીની સેવાપુજા ભૂતનાથ મહાદેવના પૂજારી વારા પ્રમાણે કરે છે. ચુડા બહાર મુંબઈ, અમદાવાદ, કોલકત્તા જેવા ગામોમાં વસતા વેપારીઓ પણ આસ્થાને શ્રધ્ધા ધરાવે છે, તેમજ જરૂરી તમામ સહયોગ આપે છે.

દર વર્ષે નવરાત્રીમાં બુટમાંની માંડવી થાય છે, જેમાં દરેક કોમના લોકો સાથે મળી નવરાત્રી આનંદ-ઉલ્લાસ સાથે ઉજવી માતાજીની ભક્તિ શ્રધ્ધાભાવથી કરે છે અને માઈ મંડળના યુવાનોની જહેમત અને શ્રધ્ધા તો કાંઈ વર્ણન ન થાય તેવી છે.

ચુડા ઝાલા રાજપૂત કુળનું રાજ્ય હતું. ઝાલા રાજપૂતના મૂળ પુરૂષ હરપાલદેવએ સંવત 1151 માં પાટડીમાં ગાદી સ્થાપી હતી. ત્યારબાદ ઉત્તરોત્તર 31 મી પેઢીએ રાજોજીએ સંવત 1686 માં વઢવાણની ગાદી સ્થાપી. તેમની ચોથી પેઢીએ માધવસિંહના બે કુંવરો પૈકી અભેસિંહજીએ સંવત 1763 (ઈ.સ. 1706) માં ચુડાની રાજગાદી સ્થાપી.

ઉત્તરોત્તર સંવત 1803 માં રાયસિંહજી, સંવત 1824 માં ગજસિંહજી, સંવત 1836 માં હઠીસિંહજી, સંવત 1876 માં અભેસિંહજી (બીજા), સંવત 1882 માં રાયસિંહજી (બીજા), સંવત 1910 માં બહેચરસિંહજી, સંવત 1964 માં જોરાવરસિંહજી અને સંવત 1977 માં બહાદુરસિંહજી ચુડાની ગાદીએ આવ્યા. તે પછી સંવત 2005 (ઈ.સ. 1949) માં સ્વ. ઠાકોર સાહેબશ્રી ધર્મેન્દ્રસિંહજી ચુડાની રાજગાદીએ આવ્યા.

જુના ચુડા રાજ્યને 15 ગામો હતાં. તેનું ક્ષેત્રફળ 79 ચોરસ માઈલ અને આ ગામોની વસતિ મળીને કુલ 19,753 ની હતી. ચુડા રાજ્યમાં દિવાની અને ફોજદારી કોર્ટો પણ હતી. રાજ્યને દિવાની કામમાં રૂપિયા 20,000 ની સત્તા અને ફોજદારી કામમાં સાત વર્ષની સખત મજૂરી સાથેની કેદ અને રૂપિયા 10,000 સુધીની દંડની સત્તા હતી. ચુડા ત્રીજા વર્ગનું રાજ્ય હતું.





- **ચુડા રાજ્યની વંશાવલી :**

કોણ ક્યારે ગાદીએ આવ્યું

| | | |
|---|---|---|
| 1. | અભેસિંહજી | સંવત 1763 |
| 2. | રાયસિંગજી | સંવત 1803 |
| 3. | ગજસિંહજી | સંવત 1824 |
| 4. | હઠીસિંહજી | સંવત 1836 |
| 5. | અભેસિંહજી (બીજા) | સંવત 1876 |
| 6. | રાયસિંહજી (બીજા) | સંવત 1882 |
| 7. | બહેચરસિંહજી | સંવત 1910 |
| 8. | માધવસિંહજી | કુંવરપદે દેવ થયેલાં |
| 9. | જોરાવરસિંહજી | સંવત 1964 |
| 10. | બહાદુરસિંહજી | સંવત 1977 |
| 11. | ધર્મેન્દ્રસિંહજી | સંવત 2005 |

રાજ્યના વહીવટી તંત્રના વડા તરીકે રાજા અથવા ઠાકોર હતા. તેમની કચેરી હજુર ઓફિસ તરીકે ઓળખાતી. એમની મદદમાં કારોબાર ચલાવવા કારભારી અથવા દિવાન રહેતા. છેલ્લા કારભારી અથવા દિન તરીકે શ્રી ગોવિંદસિંહજી મામા હતા. ફોજદાર તરીકે લાલિયાદના કેશુભા અને વહીવટદાર તરીકે કસ્તુરભાઈ જૈન સદ્‌ગૃહસ્થ હતા. ચુડાના શેઠશ્રી અમૃતલાલ સુખલાલ ગાંધીને 'રાજરત્ન'નો ઈલ્કાબ રાજ્ય તરફથી અપાયો હતો. રાજ્યમાં દિવાની તેમજ ફોજદારી એમ બે અદાલતો હતી. આ બન્ને અદાલતો ઉપર ઠાકોર સાહેબની હજૂર અદાલત હતી. ચુડા રાજ્ય રૂ, કપાસિયા અને ઘીની નિકાસ કરતું. અનાજ, ગોળ અને કાપડની આયાત કરતું. તેમના કુળદેવી શક્તિ મા છે, અને મંદિર પણ ચુડામાં છે.

ઠાકોર સાહેબશ્રી બહાદુરસિંહજી સને 1920 માં ગાદી ઉપર બેઠા અને સને 1949 સુધી ગાદી ઉપર રહ્યા. તેમના રાજ્ય શાસન દરમ્યાન ચુડામાં શ્રી જોરાવરસિંહજી સંસ્કૃત પાઠશાળા, શટલવાળું તળાવ, અત્યંજ સાર્વજનિક શાળા, લાઈબ્રેરી, વોરા ઈસ્પિતાલ, નવી ગુજરાતી ચુનીલાલ મૂળચંદ શાહ શાળાનું મકાન વગેરે ઘણાં લોકોપયોગી કામો થયાં હતા. તેમના શાસન દરમ્યાન સને 1935 માં ચુડામાં અસ્પૃશ્યતા નિવારણ ધારો લાગુ કરવામાં આવેલ. તેમજ હરિજનોને મકાનો માટે અઘાટ જમીનો આપવાની શરૂઆત કરવામાં આવેલી. તેને લઈને ચુડામાં હરિજનોના ત્રણ-ત્રણ માળના પાકા મકાનો ઊભાં થયેલાં. જે મકાનો હાલ મોજુદ છે. સ્થાનિક સુધરાઈનો વહીવટ પ્રજાકીય સલાહકાર સમિતિ દ્વારા ચાલતો. ઉપરાંત રાજ્ય વહીવટ માટે પણ

પ્રજાકીય સલાહકાર સમિતિ રચવામાં આવેલ હતી, જેની સલાહ-સુચનાથી વહીવટ ચાલતો હતો. આમ ઠાકોર સાહેબશ્રી બહાદુરસિંહજી પ્રજાપ્રેમી રાજવી હતા અને એ જમાનામાં પ્રજાભિમુખ રાજ્યશાસન ચાલતું હતું. રાજ્ય વહિવટમાં પ્રજાનો પડઘો પડતો હતો. એક પ્રજાપ્રિય અને આદર્શ રાજવી તરીકે તેમનું નામ ઝાલાવાડમાં મોખરે હતું. સને 1947 ના ડિસેમ્બરમાં સૌ પ્રથમ રાજ્યનો વહીવટ પ્રજાને સુપ્રત કરવાનું ઠરાવ્યું અને તેની જાહેરાત જાહેર સભામાં તે વખતે યુવરાજ અને ઠાકોર સાહેબશ્રી ધર્મેન્દ્રસિંહજીએ આદેશાનુસાર કરીને 1948 માં ચુડા રાજ્ય સૌરાષ્ટ્રના એકમમાં ભળી ગયું.

- **ચુડાનાં આદર્શ રાજવી બહાદુરસિંહજીની જીવન ઝરમર**

ભૂતપૂર્વ ઠાકોર સાહેબશ્રી બહાદુરસિંહજીબાપુનો જન્મ 23 એપ્રિલ, 1909 માં થયો હતો. તેમના લગ્ન 1929 માં કોટડા બહાદુરસિંહજીનો જન્મ 23 એપ્રિલ, 1909 માં ભુતપૂર્વ ચુડા ઠાકોર સાહેબશ્રી સાંગાણીના હિંમતસિંહજીના દિકરી જયવંતકુંવરબા સાથે થયાં હતા. તેમને ત્યાં ધર્મેન્દ્રસિંહજી 1930 માં, વિરેન્દ્રસિંહજી 1934 માં અને પ્રવિણસિંહજી 1937 માં એમ ત્રણ રાજકુમારો જન્મ્યા હતા. શ્રી બહાદુરસિંહજીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં શિક્ષણ લીધું હતું.

તેઓ ખૂબ જ ધાર્મિક માણસ હતા. રોજ માતાજીના પૂજાપાઠ કરતા અને બંગલા પાછળના ગોખરવાળાના માર્ગે આવેલ ફૂલેશ્વર મહાદેવના મંદિરે સવારે ચાલીને પૂજા કરવા જતા હતા. તેઓ વીણાના ખૂબ શોખીન હતા, અને કલાકો સુધી વીણાના સૂરમાં લીન થઈ જતા. વીણાના અન્ય ઉસ્તાદોને રાજ્યમાં બોલાવી પ્રોત્સાહન આપતા અને સંગીતના જલસા રાખતા હતા. તેઓ સ્વભાવે મૃદુભાષી અને સરળ સ્વભાવના હતા. ગમે તે લોકો ગમે ત્યારે તેમને નિઃસંકોચ મળી શકતા હતા. તેઓ એક પ્રજાપ્રિય રાજવી હતા. 25 ડિસેમ્બર 1945 માં તેમનું નિધન થયું. ચુડાની પ્રજાએ અને રાજસત્તાએ એક શક્તિશાળી આદર્શ રાજવી ગુમાવ્યા; પરંતુ પિતાએ કંડારેલી આદર્શ રાજવીની કેડીએ ચાલવા, તે વખતના યુવરાજ શ્રી ધર્મેન્દ્રસિંહજીએ રાજ્યની બાગડોર સંભાળી લીધી અને પિતાની પરંપરા ચાલુ રાખી, અને લોકસેવાના કામો કરી તેમણે પણ બહુ જ નાની એવી 35 વર્ષની ઉંમરે ખૂબ લોકચાહના મેળવી.

ચુડાના રાજવીઓ સંગીતના ખૂબ જ શોખીન અને નિપુણ હતા. મરહુમ ઠાકોર સાહેબશ્રી જોરાવરસિંહજી બાપુ પણ હાર્મોનિયમ અને બીજા વાજિંત્ર વગાડવામાં પ્રવીણ હતા.

સ્વ.બહાદુરસિંહજી સાહેબનો વહીવટ અને કારકિર્દી ઉજ્જવળ હતી. તેઓએ પ્રજાહિતના અનેક શુભ કાર્યો વાત્સલ્યભાવથી કર્યા હતા. તેઓ એવું જીવન જીવ્યા હતા કે પ્રજાને સૌજન્ય, વાત્સલ્ય, ક્ષમાશીલતા અને ધાર્મિક જીવન જીવવાનો ઉત્તમ નમુનો પૂરો પાડયો હતો. નાના મોટા





સૌ લોકોને, રાજ-દરબારના સભ્યોને પ્રેમભાવથી ‘અમારા બાપુ’, ‘અમારા રાજ્યમાતા’, ‘અમારા યુવરાજ’ એમ સંબોધતા. આમ રાજકુટુંબ સાથે ચુડાના અનેક કુટુંબોને ઘરવટનો સંબંધ બંધાઈ ગયો હતો.

ખેડુત વર્ગની ખેતી આબાદ બને અને તે દ્વારા સમાજના બીજા વર્ગોને પણ લાભ મળે ને ભવિષ્યમાં ચુડા ગામ માટે ક્યારેય પણ પાણીનો પ્રશ્ન વિકટ ન બને એ આશયથી દીર્ઘદ્રષ્ટિ વાપરીને ચુડામાં બહુ મોટું તળાવ બંધાવેલ અને જૂનાં તળાવો સુધારવા અને વધારવાનું પણ ઉત્તમ લોકોપયોગી કામ કરેલ. વૃક્ષો વરસાદને ખેંચી લાવે છે એ હકીકત જાણીને દર વર્ષે બહોળા પ્રમાણમાં વૃક્ષારોપણ કરાવતા. આમ તેઓ વૃક્ષપ્રેમી પણ હતા. તેમના રાજ્ય શાસન દરમ્યાન પશુધન વધારવા માટે યોગ્ય પગલા લેવામાં આવેલ હતા. અમલદારો અને અધિકારીઓને જવાબદારી સાથે સત્તા પણ સોંપતા જેથી તમામ અમલદાર, અધિકારીઓ અને કારભારીને પોતાના ક્ષેત્રનું કામ કરવામાં સરળતા રહે. પ્રજા પણ રાજ્ય ભક્ત હતી અને રાજ્યને ખુબ જ વફાદાર હતી. આમ, એ સમયે આદર્શ રાજવી અને આદર્શ પ્રજાનો સુમેળ થયો હતો. આખું રાજ્ય શાસન લોકશાહી ઢબે ચાલતું. અન્યોન્યના સુખ-દુઃખમાં, સારા-માઠા પ્રસંગોમાં અન્યોન્ય ઊભા રહેતા. ખરેખર એ વખતની ચુડાની પ્રજાને રામરાજ્ય જેવી સુખદ સ્થિતિનો અહેસાસ થયેલો. કેટલાક જૂનવાણી લોકો આજે પણ તેમનો રાજ્ય વહીવટ સંભારે છે.

તેઓ જૈન ધર્મ પ્રત્યે પણ ઊંચો આદર, માન, અને લાગણી ધરાવતા હતા. જૈન ધર્મના ઉત્તમ સિધ્ધાંતો પૈકી અહિંસા અને સત્યને માટે તેઓશ્રી પ્રશંસાત્મક પ્રેમ ધરાવતા, એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૈન ધર્મ પ્રત્યે પણ તેઓ ઊંચુ માન ધરાવતા. જૈન ધર્મ પ્રત્યેની આ લાગણી અને માનને ક્રિયાત્મક રૂપ આપવા ખાતર આખો શ્રાવણ માસ અને ભાદરવા સુદ પાંચમ સુધીના દિવસો તથા બીજા ધાર્મિક દિવસોએ મુંગા પશુ-પક્ષીઓને અભયદાન, દુઃખી મનુષ્યોને રાહત આપતા. આ માટે જ જૈન લોકો શ્રીબહાદુરસિંહજી બાપુ પ્રત્યે ઊંચો આદર અને માન ધરાવતા. પ્રજામાં સર્વ ધર્મ પ્રત્યે તેઓ સમાન લાગણી ધરાવતા.

જૈન ધર્મ પ્રત્યેની આવી ઉદાત ભાવના રાખનાર અને સત્ય-અહિંસાના હિમાયતી એવા પ્રજા વાત્સલ્ય રાજવીનું તે વખતે શ્રી ચુડા જૈન સકલ સંઘ તરફથી તા. 30-1-1940 માં જાહેર સન્માન કરી સન્માનપત્ર અર્પણ કર્યુ હતું. માત્ર ચુડા જ નહીં પરંતુ સમગ્ર ચુડા તાલુકામાં પણ તેઓના વહીવટથી ખૂબ સારી સુવાસ અને સંતોષ હતો. ચુડા અને ચુડા તાલુકાની સમગ્ર પ્રજા પ્રત્યે કાયમ અમીદ્રષ્ટિ, ઉદાર વૃતિ અને હૃદયની વિશાળતા રાખતા. આ ઋણ અદા કરવા માટે ચુડા તાલુકાની તે વખતની પ્રજાએ પણ નેક નામદાર ખુદાવિંદ ઠાકોર સાહેબશ્રી બહાદુરસિંહજીને તા. 26-2-1942 માં જાહેરમાં સન્માન કરી માનપત્ર આપેલ.

# ભૃગુપુર : ઐતિહાસિક પરિચય અને પૌરાણિક મહત્વ

ભૃગુપુર (જૂનું નામ ભડકવા) ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકામાં આવેલું એક પ્રાચીન અને ધાર્મિક મહત્ત્વ ધરાવતું ગામ છે. આ ગામ ચુડાથી આશરે 10 કિ.મી. અને લીંબડીથી લગભગ 11 કિ.મી. દૂર વાંસળ નદીના કિનારે આવેલું છે.

લોકવાયકા મુજબ આ સ્થળનો સંબંધ મહાન ઋષિ ભૃગુઋષિ સાથે જોડાયેલો છે. ભૃગુઋષિ પોતાના શિષ્યો સાથે આ વિસ્તારમાં આવ્યા હતા અને વાંસળ નદીના કિનારે તપશ્ચર્યા તથા યજ્ઞો કર્યા હતા. તેમના દ્વારા અહીં યજ્ઞકુંડની સ્થાપના કરવામાં આવી હતી, જે આજે ગંગવો કુંડ તરીકે ઓળખાય છે. માન્યતા મુજબ ભાદરવી અમાસના દિવસે આ કુંડમાં ગંગાજીનું પવિત્ર આગમન થાય છે. તેથી આ કુંડમાં સ્નાન અને પિતૃઓના અસ્થિ વિસર્જનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ માનવામાં આવે છે.

સ્થાનિક પરંપરા અનુસાર ચુડા (પ્રાચીન કંકણપુર)થી નારણધરા સુધીના વાંસળ નદીના પટમાં ભૃગુઋષિના શિષ્યો દ્વારા બનાવાયેલા અનેક યજ્ઞકુંડો આવેલા હતા, જેમાંથી કેટલાકના અવશેષો આજે પણ જોવા મળે છે. આ સમગ્ર વિસ્તારને સપ્તઋષિઓની તપોભૂમિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ભૃગુપુરમાં આવેલું ભૃગુનાથ મહાદેવ મંદિર અત્યંત પ્રાચીન અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. લોકમાન્યતા મુજબ આ મંદિરની સ્થાપના ભૃગુઋષિએ કરી હતી. ઉપરાંત ગામની નજીક આવેલું ગંગેશ્વર મહાદેવ મંદિર અને તેની પાસે આવેલો ગંગવો કુંડ ધાર્મિક રીતે વિશેષ પવિત્ર માનવામાં આવે છે.

દર વર્ષે ભાદ્રપદ વદ અમાસ (ભાદરવી અમાસ)ના દિવસે અહીં વિશાળ મેળો ભરાય છે. આ મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગંગવા કુંડમાં સ્નાન કરીને ભૃગુનાથ મહાદેવના દર્શન કરે છે અને ધાર્મિક વિધિઓ કરે છે. ગામના સાંસ્કૃતિક જીવનમાં આ મેળાનું વિશેષ સ્થાન છે.

ભૃગુપુરનું બીજું મહત્વનું ધાર્મિક સ્થળ જસમા ઓડણનું મંદિર છે. આ મંદિર ઓડ સમાજની આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. દર વર્ષે અષાઢી બીજ અથવા શ્રાવણ સુદ અગિયારસના અવસરે અહીં મેળો ભરાય છે, જેમાં ઓડ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજરી આપી હોમ-હવન તથા પૂજા-અર્ચના કરે છે. જસમા ઓડણ અને રાજા સિદ્ધરાજ જયસિંહની લોકકથા ગુજરાતમાં પ્રસિદ્ધ છે.

ભૃગુપુર ગામ અગાઉ ભડકવા તરીકે ઓળખાતું હતું. ભૃગુઋષિના નિવાસસ્થાન તરીકે ઓળખાતા ભૃગુવાસ શબ્દ પરથી સમય જતાં ભડકવા નામ પ્રચલિત થયું હોવાનું માનવામાં આવે છે. બાદમાં ઈ.સ. 1951માં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોના પ્રયાસોથી ગામનું સત્તાવાર નામ ભૃગુપુર રાખવામાં આવ્યું.

આ રીતે ભૃગુપુર પૌરાણિક પરંપરા, ધાર્મિક આસ્થા, ઋષિ સંસ્કૃતિ અને લોકવારસાને જીવંત રાખતું સૌરાષ્ટ્રનું એક મહત્વપૂર્ણ ગામ છે.





# ચુડા ઠાકોર સાહેબ : સ્વહસ્તે લખાયેલ...

જે યુગની વાત મારે કરવાની છે તે આજે અરેબીયન નાઇટસના જેવી લાગે; પણ હકીકતમાં ફેરફાર ન થઈ શકે. એ જમાનો જ એવો હતો કે તેની યાદ કે વિચારણા કરવી પણ અઘરી થઈ પડે. ચુડા તો પ્રમાણમાં નાનુ રાજ્ય ગણાય, છતાં વ્યવસ્થા-સગવડતાઓને લીધે ઠીક આબરૂ જમાવી હતી. ચુડા રાજ્યને ‘ગાર્ડન ઓફ ઝાલાવાડ’’ કહેવામાં આવતું હતું. તેનું કારણ એ કે ચુડામાં કુવાઓ-તળાવોમાં અને નદીનાળાઓમાં પાણી ખૂબ, એટલે વાડીઓ, ઝાડ-પાન સારા-નજર લાગી જાય તેવા હતાં. એમ કહેવાય છે કે ચુડા ગામથી ચુડા રેલવે સ્ટેશન સુધી બંને બાજુએ ઝાડવાની ઘટા હતી. જેમાં પીપળા, પીપળ, લીંબડા, આંબલી અને વડ જેવા પ્રકારના અનેક ઝાડ હતાં. હા, ગાંડા બાવળ ન હતાં, પણ એ વખતે કોઇ ઝાડનું પાંદડુ પણ તોડતા નહીં. કદાચ સત્તાનો ભય હોય કે લોકો સમજુ હોય, પણ ખૂબ સારા ઝાડવાં હતાં, તે તો મેં હમણાં સુધી જોયેલાં.

એ રસ્તે અધવચ્ચે એક પોલીસ ચોકી આવે, જેમાં ઓસરી, બે ઓરડા અને પાછળ વાડો. ત્યાં કાયમ બે હથિયારધારી પોલીસોએ રહેવાનું અને રસ્તાનો તેમજ આજુબાજુના વિસ્તારનો ખ્યાલ રાખવાનો. દરરોજ સવારે પોલીસ અધિકારીની ઓફિસે રીપોર્ટ મોકલવાનો અને ઝીણામાં ઝીણી હલચલથી વાકેફ કરવાના. જો અહેવાલ મોકલવામાં વહેલું મોડું થાય તો ચુડાથી ઘોડેશ્વાર તેની તપાસ કરવા આવે, એટલે સહેજે કાળજી રાખવી પડે.

ચુડા રેલવે સ્ટેશનના માર્ગની આ પોલીસ ચોકીનું મહત્વ એટલા માટે હતું કે ચુડાથી ચુડા રેલ્વે સ્ટેશનનો મુખ્ય માર્ગ હતો. તેમજ વચ્ચે ગામડાંઓના રસ્તાનું ક્રોસિંગ હતું. એક બાજુ લાલિયાદ, લિયાદ વગેરે અને બીજી બાજુ ગોખરવાળા, છત્રિયાળા વગેરે. એટલે અવરજવર ઉપર ઠીક નજર રહેતી. આ ચોકીમાં રહેતા કર્મચારીઓ દૂધ માટે બકરી રાખતા અને નવરાશના સમયમાં ખરાબામાંથી ઘાસચારો વાઢી લેતા. ખમતીધર માણસો જ ગાય કે ભેંસ રાખતા, બાકી સાધારણ લોકો ઘરેલું છાશથી ચલાવતા. છાશની કોઈ ના પાડતું નહીં. અને એ જમાનામાં છાશ વેચવાની પ્રથા પણ ન હતી. વળી પોલીસ ચોકીવાળો વિસ્તાર વાડીઓવાળા વિસ્તારમાં આવેલો હતો, એટલે ત્યાંથી નીકળતા શાકભાજીવાળા લોકો થોડુંક શાક પરાણે આપતા જાય. સાંજના સમયે અમે ફરવા જઈએ ત્યારે ચોકીમાં રોકાણ કરવાનું, પોલીસવાળાને પૂછવાનું કે,‘કેમ છે ? શું છે ? કાંઈ તકલીફ તો નથીને ?’ કેટલીકવાર આ લોકો મને કહેતા ‘દાદાબાપુ, ચીભડાં બહું સરસ

આવ્યા છે. આપ જમશો ?' પોલીસવાળાના ખાટલા ઉપર બેસીને જીરૂ, મીઠું ભભરાવીને ખાધેલાં એ ચીભડાંની મીઠાશ હજુ મને સાંભરે છે.

આ પોલીસ ચોકીની સામે અમારા વડવાઓએ બંધાવી આપેલ પગથિયાંવાળી વાવ છે. આ વાવનું પાણી વખણાતું. આવતા-જતા મુસાફરો હોંશે પીતા અને ક્યારેક કુંજામાં ભરીને બંગલે પણ અને લાવતા. આ રસ્તાની બંને બાજુએ પાણાની ખાણો અને ચુનાની ભઠ્ઠીઓ આવેલી છે. આ ખાણોનો પાણો સારો અને ખૂબ મજબૂત આવતો. એ વખતે લોકો મકાન બાંધકામમાં આ ખાણના પાણાનો ઉપયોગ કરતા હતા. અને ચુનો પણ ખૂબ જ સારો. કારણ કે આ વિસ્તારનું પાણી કડક અને મીઠું હતું. પણ વર્ષોથી આ પથ્થર-ચૂનાની ઈમારતો આજે ચુડામાં અકબંધ છે. ગોખરવાળાના પગી લોકો પાણા કાઢવાનો ધંધો કરતા હતા. તેઓ પ્રમાણિક અને મહેનતું હતા.

ચોકીથી આગળ પછી ચુડા રેલવે સ્ટેશન આવે. સ્ટેશન નાનું પણ સુવિધાઓ ઘણી. અમારી હદમાંથી ભાવનગર-વઢવાણ કેમ્પની રેલ્વે લગભગ સાત માઈલના વિસ્તારમાંથી પસાર થતી. તેના બદલામાં અમોને રેલવેના મફત પાસ અને બીજી સુવિધાઓ મળતી. સ્ટેશન સુંદર હતું, આજુબાજુ લીલા ઝાડવાના જૂથો, મોટો કૂવો, પાણીની ટાંકી અને રેલ્વે કર્મચારીઓને રહેવા માટે રહેણાંકનાં મકાનો હતાં. આમ આ સ્ટેશન એક નાનાં ગામડા જેવું લાગતું હતું. ઘણીવાર અમો ફરવા જતા અગર મહેમાનોને લેવા-મૂકવા જતા ત્યારે સ્ટેશન માસ્તર અમોને આવકાર આપતા અને બધુ બતાવે, પછી પ્રતિક્ષાખંડ ખોલી આપે.

રેલવેના બંને છેડે અલગ અલગ પુરૂષો, સ્ત્રીઓના બાથરૂમ હતા. દેશી પ્રકારના પણ સ્વચ્છ અને સુઘડ રાખતા. પાણીની પરબોના ઠામ-વાસણો પણ ખૂબ ચોખ્ખાં જોવા મળતાં. એ વખતે સ્ટેશનમાં ચા-કોફી કે બીડી-સિગારેટ ન મળતા, છાપું કે ચોપડી પણ ન મળે. વેઇટીંગરૂમ જોઈએ તો આજની પંચતારક હોટલ તેની પાસે કમીવાળી લાગે. એક મોટી મચ્છરદાનીવાળી પલંગ, લખવા માટે ટેબલ-ખુરશી, એક જમવાનું ગોળ ટેબલ અને ચાર મોટા હાથાવાળી ખુરશીઓ, આખા રૂમમાં હવા ફેંકી શકે તેવો કપડાંનો એક મોટો પંખો હતો. જે દોરીથી ચાલતો, વેન્ટીલેટર, બે મોટી પેટ્રોમેક્ષ, બે હરિકેન (ફાનસ) હતા અને કોઈને બોલાવવા પિત્તળની ચકચકાટ મારતી ઘંટડી હતી. રૂમમાં ફૂલદાની અને એસ્ટ્રે પણ હતી. બાથરૂમ નાનો પણ સગવડતા વાળો હતો. બાથરૂમમાં પાણીનું પીપડું ભરેલું રાખતા. દિવાલમાં મોટો અરીસો હતો. નહાવા બેસવા પાટલાની સગવડ હતી. આગળથી વર્ધી આપો તો નહાવા માટે ગરમ પાણી પણ મળી શકે. ઓર્ડરને વરધી કહેવામાં આવતી. વરધીથી જે જોઈએ તે મળી રહે.





સ્વહસ્તે લખાયેલ લેખમાં લખ્યું છે કે, ચુડા અને ચુડા રાજ્યના ઈતિહાસ વિશે મારે ઘણું લખવાનું છે. પરંતુ એટલો સમય મારી પાસે નથી, પરંતુ બે વિશિષ્ટ વ્યકિતઓનો ટૂંકમાં પરિચય આપી હું આગળ વધીશ. આ બે વિશિષ્ટ વ્યકિતઓમાં એક અમારા રાજ્ય પુરોહિત પૂ. આશારામજી દાદા. તેમના વિશે હું લખવા માટે નાનો પડું. દરરોજ પૂજા-પાઠ કરવા બંગલે આવે. જુદી જુદી પૂજાઓ લગભગ બે એક કલાક ચાલે. તેમની પાસેથી ઘણું ધાર્મિક જ્ઞાન મને મળ્યું છે. તેઓ સારા જ્યોતિષી પણ હતા અને જન્મકુંડળી અને શુભ મુહૂર્તો જોવરાવવા ગામના લોકો તો આવે પણ બહારગામથી પણ લોકો આવતા. તેમને જુદાજુદા રાજ્યોના તેડા આવે.

બીજા હતા શ્રી શાંતિલાલ શાસ્ત્રી. તેઓ પણ વિદ્વાન હતા. નિપુણ હતા. તેઓ અમારી શ્રી જોરાવરસિંહજી સંસ્કૃત પાઠશાળાના આચાર્ય હતા. તેમનો કંઠ બહુ સારો હતો. નવરાત્રિમાં સુંદર ગરબા ગવરાવે તે મને યાદ છે. શ્રાવણ માસમાં ફૂલેશ્વર અભિષેક કરવા જાય. મારા શિક્ષણ વિશે વાત કરૂં તો મને શાળાએ બેસાડયો તે પ્રસંગ હજુ મને સાંભરે છે. શુભમુહૂર્તમાં ચાંદલો કરીને હું તૈયાર થયો એટલે અમારી મિડલ સ્કૂલના આચાર્ય પૂ. મગનલાલ વચ્છરાજાની મને એકડો ઘૂંટાવવા આવ્યા. હાથમાં રૂપાની પાટી અને સોનાની પેનથી મને એકડો ઘૂંટાવ્યો. મેં તેમના પગમાં શ્રીફળ, પડો અને પાંચ રૂપિયા મૂક્યા તે યાદ છે. ભણાવવામાં હોંશિયાર પણ શિસ્તના એવા જ આગ્રહી. મારી હથેળીમાં પણ આંકણી લગાવી દે. આ બધું મને મારા જીવનમાં ખૂબ ઉપયોગી નીવડ્યું છે. અમારે ત્યાં એક વ્યાયામ શિક્ષક પણ આવતા. તેમની પાસેથી હું સૂર્ય નમસ્કાર અને સાદા આસનો શીખેલો. ઉપરાંત ક્રિકેટ અને ફૂટબોલની રમતો પણ હું તેમની પાસેથી શીખેલો. મને ક્રિકેટનો બહુ જ શોખ હતો.

ચુડા ગામથી ચુડા રેલવે સ્ટેશન 4 માઇલ થાય. તેથી પેસેન્જરોને દરેક ટ્રેનમાં જવા-આવવા માટે ચુડાથી આઠ-દશ ઘોડાના ટપ્પા (ઘોડા ગાડીઓ) ચાલતા. જે સવારથી મોડી રાત્રિના બાર વાગ્યાની છેલ્લી મિક્સ ટ્રેન સુધી ટપ્પા જતા આવતા હતા. રાત્રે આવતા મુસાફરોની સલામતી માટે રોજ રાત્રે ઊંટ સવાર સ્ટેટ તરફથી વરધીમાં મોકલવામાં આવતો, જે ઘોડાગાડીઓની પાછળ પાછળ રહેતો.

સ્ટેશન જતા રસ્તામાં હરણ, છીંકારાં, નાર, શિયાળ, શેળા અને કાચબા વગેરે જોવા મળતા. તેમજ જુદા જુદા અનેક પક્ષીઓ જેવા કે બાજ, સમળા, ગીધ, કાગડા, કાબર, અનેક જાતની ચકલીઓ, તેતર, બટેર, વૈયા જોવા મળતાં. આજે આવું જોવું હોય તો અભ્યારણ્યમાં જવું પડે...!

ચુડાના રાજવીઓ સંગીતના ખાસ નિપુણ. મારા દાદા પૂજ્ય ઠાકોર સાહેબ જોરાવરસિંહજી

હાર્મોનિયમ અને બીજાં કેટલાક વાજિંત્રો વગાડવામાં સુપ્રસિદ્ધ હતા. કહેવાય છે કે એકવાર મુંબઈમાં નાટક જોવા ગયા ત્યારે તે કાર્યક્રમમાં સંસ્થાના હાર્મોનિયમ માસ્તર હતા, તે ઓચિંતાના બિમાર પડી ગયા અને નાટક સંસ્થાના માલિક તરફથી હાઉસફૂલ ગૃહના ટિકિટ ધરાવતા લોકોને ટિકિટના પૈસા પાછા આપવાની ચણભણ થવા લાગી. મારા દાદા જે તેમના મોંઘેરા મહેમાન હતા, તે ચુડાવાસીઓમાંથી થોડાક અને બાકીના તેમના અંગત રસાલાના સભ્યો આગલી હરોળમાં બેઠા હતાં, તેમની પાસે વાત આવી. તુરત જ તેમણે માલિકની મુલાકાત લીધી; પણ માલિકે કહ્યું કે બાપુ ! આ મુંબઈનું ઓડીયન્સ છે. આપના હાર્મોનિયમથી સંતોષ ન થાય તો સંપૂર્ણ સ્ટેજ, રાચરચીલું ભાંગી-તોડી નાંખે, તેના કરતા પૈસા પાછા આપી દેવા દો. પણ મારા બાપુએ આગ્રહ કરી તેના સંગીતની નોંધ મંગાવી. તે જોઈને એક પછી એક તર્જ કયા રાગ ઉપર છે તે કહી દીધું. અને કીધું કે મને આ બરાબર ફાવે છે. તમને વાંધો નહીં આવે. મોટા માણસને ના નહીં કહી શકતા કચવાતે મને તેમને હાર્મોનિયમ ઉપર બેસાડયા. તેમણે તરત જ હાર્મોનિયમ વગાડવાની શરૂઆત કરી. તુરત જ પડદો ઉંચકાયો.

અજાણી વ્યકિતને જોઈને ઓડીયન્સ ચિચિયારીઓ પાડવા માંડ્યું. મારા દાદાએ તરત જ વગાડવાનું શરૂ કર્યું અને તર્જ વગાડવી ચાલુ કરી અને રિવાજ મુજબ પ્રાર્થનાના કાર્યક્રમો શરૂ થયા. થોડી જ વારમાં ઓડીયન્સ હર્ષનાદોથી ગેલમાં આવી બયું. જેમ જેમ હાર્મોનિયમથી સાથ દેતા ગયા તેમ તેમ સાથેની ટીમના બીજા વાદકો પણ પૂરા મૂડમાં આવી ગયા અને બરાબર જમાવટ થવા લાગી. તેથી વન્સમોર ઉપર વન્સમોર થવા લાગ્યા. રૂપિયાનો વરસાદ સ્ટેજ ઉપર થવા લાગ્યો. સારી રીતે નાટક પૂરૂં થયું. માલિકે દાદાબાપુ અને તેમની સાથેના અન્યોને પોતાની ઓફિસમાં નોતર્યાં. તેઓ ગયા એટલે માલિક તો ગળગળા થઇ ગયા. ચા-નાસ્તા પછી ધીરેથી કહ્યું કે, બાપુ, 'આટલા વન્સમોર કોઈવાર થયા નથી.'

સવારમાં ઊઠીને પ્રાત: કર્મથી પરવારી પૂજાપાઠ કરી નાસ્તો કરી, છાપા વાંચવામાં પડ્યો, ત્યાં જુદા જુદા કામ અર્થે લોકો મારી સાથે વાતચીત કરવા આવ્યા. તેમની સાથે કામ પૂરૂં કરી, ફરી છાપા વાંચવામાં પડ્યો, ત્યાં મારા સૌથી નાના પુત્ર સુકેતુ તેમના પત્ની નીલા અને મારી લાડકી પૌત્રી માયા આવ્યાં.

ઊભો થઈને તેમને મળવા ગયો અને ખબર પૂછવા ગયો ત્યાં મારા ગળામાંથી અવાજ ન નીકળ્યો, હું મુંઝાયો, તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કર્યો તો તેમનું એમ કહેવું થયું કે, ગળાની બિમારી, શરદી-ઉધરસનું વાયરૂ ચાલે છે. વધારે નુકસાન ન થાય અને બીજે અસર ન કરે તેવી દવાઓ આપવાનું શરૂ કર્યું. તાવ ખૂબ આવવા મંડયો, ઉલટીઓ થવા મંડી, હું સમજ્યો કે, આ





કુદરતની કરિશ્મા જ લાગે છે. જલદી સારવાર કરાવીશ, પણ, મારૂં એક કામ બાકી છે, તે ઝડપથી પૂરૂં કરવાનું શરૂ કર્યું અને આ તેની શરૂઆત છે. મારી ઈચ્છા, મેં જે રીતે જીંદગીમાં જોયું છે, જાણ્યું છે, અનુભવ્યું છે તેની સાદી સરળ તળપદી ભાષામાં પ્રસિધ્ધિ કરવી, જેથી કદાચ લોકોને રસપ્રદ વાંચન મળી રહે.

મુસ્લીમ સમાજના ધર્મગુરૂ ઇસુફ બાપુ, જેઓ મારા સંબંધિ છે અને અમારે કુટુંબ જેવો નાતો સમાજના આગેવાન અને છે. તેઓ પ્રખર વકતા પણ છે. તેમની વાણી સાંભળવી એ એક લ્હાવો છે. તેઓ ઉદાર, દયાળુ અને ધાર્મિક પુરૂષ છે. તેઓ એક અગ્રગણ્ય રાજકિય આગેવાન અને નેતા પણ છે. તેઓ સુરેન્દ્રનગરના વતની છે.

ધાર્મિક પ્રવચનો અને ક્રિયાકાંડ ઉપરાંત તેઓ અલ્લાહમાં પૂરી શ્રધ્ધા ધરાવતા હોઈ, અલ્લાહના ફિરસ્તાના નાતે ને વિશ્વાસે રોગ-દોગ અને જુદી જુદી બિમારીઓ, વળગાડ વગેરે નેસ્ત નાબુદ કરવા પણ જાણીતા છે. આવા લોકો કાયમ તેમની સલાહ, સારવાર અને દુવા લેવા આવે છે, દરેકને સાંભળી, આશ્વાશન આપે છે, ને આ બધું વિના મૂલ્યે કરે છે. મુસ્લીમ અને ઇતર વર્ગમાં પણ તેમની લોકચાહના ખૂબ જ છે.

ઈસુફ બાપુને મારી બિમારીની ખબર પડતા અને મારૂં ગળું કોઈ કારણસર બેસી ગયું છે અને અવાજ નીકળતો નથી, તેની જાણ થતા એક દિવસ ચુડા અમારા પેલેસમાં આવ્યા. તરત જ મને તપાસી પૂછપરછ કરી, માહિતી જાણી લીધી અને ઈલાજ શરૂ કર્યો. ઇલાજમાં કોઇ દવા-ઇન્જેકશન કે એવું કાંઈ નહતું, પણ દુઆ હતી. અલ્લાહનું સ્મરણ કરી, મનોમન અલ્લાહને મારા દર્દ વિષે પ્રાર્થના કરી, તેમની ભાષામાં મંત્રોચ્ચાર ભણી મારા શરીરે અને માથે તેમનો હુંફાળો હાથ ફેરવ્યો... આ જાણે એક ચમત્કાર હોય તેમ ધીરે ધીરે મને સારૂં થવા લાગ્યું ને મારો અવાજ ખૂલ્યો... ને હું બોલી શક્યો. આ એક દૈવી ચમત્કાર અને તેમની અલ્લાહની બંદગીનો પ્રતાપ હતો.

ઇસુફબાપુ અમારા પરિવારના દરેક સારા ભલા પ્રસંગે ચુડા અચુક આવી અમને હુંફ આપે છે, તથા અમારા પરિવાર પ્રત્યે ખૂબ ચાહના ધરાવે છે. તેમની લાગણી ભૂલી શકાય તેમ નથી.

**-ધર્મેન્દ્રસિંહજી ચુડા**

# નળ સરોવર

**'દરિયો ખસ્યો અને નળ વસ્યો'**




નળ સરોવર એ ભારતમાં આવેલ તમામ સરોવરમાં એક આગવું અને અગત્યનું સ્થાન ધરાવે છે. નળસરોવર અને પક્ષીઓ એકબીજાનો પર્યાય બની ગયા છે. નળસરોવર એ ગુજરાતની આજે આગવી ઓળખ બન્યું છે જે તેના ઇતિહાસ અને સામાજિક, નૈસર્ગિક સંસ્કૃતિને કારણે આભારી છે.

- **નળસરોવર અને લોકવાયકા :**

નળ સરોવરની આસપાસના વિસ્તારના સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર નળસરોવરની ઉત્પતિ સિંધની દેવી હિંગળાજ માતાજીએ નળ સરોવરની આજુબાજુ બાર ગામ બાંધીને કર્યું હોવાનું મનાય છે. નળ સરોવરના કાંઠે રહેતા લોકો આજે પણ હિંગળાજ માતાજી પ્રત્યે અતુટ શ્રદ્ધા ધરાવે છે.

લોકવાર્તા મુજબ નિષેધ દેશના રાજા નળ અને તેમની રાણી દમયંતી તેમના વનવાસ દરમિયાન આ પ્રદેશમાંથી પસાર થયા હતા અને તેમણે પોતાની ભૂખ સંતોષવા માટે આ સરોવરમાંથી માછલી પકડી હોય તેમના નામ પરથી આ સરોવરનું નામ નળસરોવર પડ્યું હશે એમ મનાય છે.

- **નળ સરોવરનો ભૌગોલિક ઇતિહાસ :**

આ સરોવર વૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ હિમાલયમાંથી ઉત્પન્ન થઈ પાકિસ્તાનમાં વહેતી સિંધ નદી કચ્છ અને સૌરાષ્ટ્ર ટાપુ પાસે થઈ તે ટેથિસ સમુદ્રમાં થઈ અને અરબ સાગરને મળતી હતી. સમય જતા સરસ્વતી સાબરમતી જેવી નદીઓના કાપના નિક્ષેપણને કારણે અને ભૌગોલિક ઉથલપાથલના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ ગુજરાત સાથે જોડાઈ જતા આજના અખંડ ગુજરાતનું નિર્માણ થયું અને ટેથિસ સમુદ્ર નિચાણવાળો રહી જતા આ ભાગ નળ સરોવરમાં ફેરવાઈ ગયો. આજે પણ નળ સરોવરના પાણીમાં અને તેની આજુબાજુ રહેલી જમીનમાં મીઠાનું એટલે કે ક્ષાર વધારે પ્રમાણ જોવા મળે છે .અહીંથી નાવ અને લંગરના અવશેષો પણ મળી આવ્યા છે જે સમુદ્રની સાક્ષી પુરે છે.





- **નળ સરોવરનું સ્થાન અને વિસ્તાર**



નળ સરોવર એ સુરેન્દ્રનગરથી અંદાજે 45 કિ.મી. અને અમદાવાદથી અંદાજે 62 કિ.મી. જેટલું દૂર આવેલું છે જે ધરતી પરના ઉત્તર અક્ષાંશ 22° 48' અને પૂર્વ રેખાંશ 72°03' પર આવેલું છે આ સરોવરને ઉત્તર દક્ષિણ આશરે લંબાઇ 32 કિલોમીટર અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ 6 કિલોમીટર જેટલી છે આ સરોવરનું ક્ષેત્રફળ આશરે 120 ચોરસ કિલોમીટર થી 126 ચોરસ કિલોમીટર સુધીનું છે. આ સરોવરની ઊંડાઈ ચોમાસા દરમિયાન વધુ હોય છે જ્યારે ત્યારબાદ આ સરોવરને મહત્તમ ઊંડાઈ આશરે 1.83 મીટરથી વધુ નથી. નળ સરોવર એ સમુદ્ર સપાટીથી આશરે 9.10 મીટર જેટલી ઊંચાઇ ધરાવે છે.

- **નળ સરોવર અને પાણીનો વિસ્તાર :**

નળ સરોવરમાં ચોમાસા દરમિયાન અમદાવાદ, સુરેન્દ્રનગર અને મહેસાણાની નાની-મોટી નદીઓ વરસાદના પાણીને આ સરોવરમાં ઠાલવે છે. જેના કારણે આ સરોવર સંપૂર્ણ ભરાઈ જાય છે. આ સરોવરમાં ચોમાસા દરમિયાન ક્ષેત્રફળ વધુ અને ત્યારબાદ શિયાળા દરમિયાન ક્ષેત્રફળ ઓછું જણાય છે.

સુરેન્દ્રનગરની બ્રાહ્મણી નદી આ સરોવરમાં પાણીનો વિશાળ સ્રોત ઠાલવે છે. આ સરોવર ચોમાસા દરમિયાન ડોહળા પાણીથી ઘેરાયેલુ અને ત્યારબાદ ચોખ્ખું અને પારદર્શક બની જાય છે. નળ સરોવરના પાણીની ઊંડાઈ ઓછી હોવાના કારણે સૂર્યના કિરણો તેના તળિયાની સપાટી સુધી પહોંચતા હોવાથી વિપુલ માત્રામાં ઘાસ ઊગી નીકળે છે. નળ સરોવરના પાણી માર્ચ મહિનામાં સુકાઈ જતા મીઠાના કણોની પોપડી જોવા મળે છે.

- **નળ સરોવર અને તેની વિવિધતા સભર સજીવસૃષ્ટિ :**

નળ સરોવર એ કાંપના નિક્ષેપણથી બનેલું સરોવર હોવાના કારણે સરોવરની કિનારે ઘણી બધી જાતના વૃક્ષો અને છોડવાઓ આપણને જોવા મળે છે. સાથે વિવિધ પ્રકારના ઘાસ ઊગી નીકળે છે. જ્યારે સરોવરના પાણીમાં પણ જુદા જુદા પ્રકારના ઘાસ ઊગી નીકળે છે. જેમાં અંદાજે 48 પ્રકારની લીલ જોવા મળે છે તેમજ બોરૂ ઘાસ, થેગ, ધામણ, ધરો, ગોદરો, ડીલો, કડવી-

મીઠી પોયણ વગેરેનો સમાવેશ થાય છે. જેમાં ઉગતા બીજ પ્રાણીઓ અને પક્ષીઓ માટે ખોરાકનો ભરપૂર માત્રામાં સ્ત્રોત પૂરો પાડે છે.

આ સરોવરમાં સ્થાનિક પક્ષીઓ જેવા કે કબુતર, ચકલી, કાગડો,પોપટ, કાબર, બગલો સાથે સાથે યાયાવર પક્ષીઓ ફ્લેમિંગો, સ્પૂન બિલ્સ, સારસ, કંકણસાર,જળમાંજર, પેલિકન જેવા 250 થી વધુ પ્રજાતિના પક્ષીઓ આ સરોવરમાં વસવાટ કરે છે. આ સરોવર પાણીની અંદર રહેતા જીવજંતુઓ, આશરે 72 કરતા પણ વધુ જાતની માછલીઓ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે.

- **નળ સરોવર અને તેના ટાપુઓ :**

નળ સરોવરમાં નાની મોટી વિવિધ નદીઓના કાંપના નિક્ષેપણના કારણે અનેક ટાપુઓ બનેલા જોવા મળે છે જેમાં આશરે 360 થી પણ વધુ ટાપુઓ આવેલા છે આ સરોવરમાં પાનવડ, નાના કાગડા, મોટા કાગડા, લાસા બેટ, લાસાબેટ, મૂળાથળ, પોહાડી, ગધેવડ, બાજોટ, સાતઘાટલા, મહાતળ બેટ જેવા બેટો નળ સરોવરની શોભામાં વધારો કરે છે. સૌથી મોટો ટાપુ પાનવડ છે. જ્યાં વોચ ટાવરનું નિર્માણ સરકારશ્રીએ કરેલું છે. જ્યાંથી 360 ડિગ્રી વ્યુ જોઈ શકાય છે અને મુલાકાતીઓ તેનો આનંદ માણે છે.

- **નળ સરોવર એક અભ્યારણ તરીકે**

નળ સરોવર અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાના સંયુક્ત ક્ષેત્રમાં છીછરા પાણીનું સરોવર હોવાથી અહીં શિયાળાની ઋતુ દરમિયાન અસંખ્ય માત્રામાં સાઈબીરીયા અને યુરોપ દેશમાંથી વિદેશી પક્ષીઓ એટલે કે યાયાવર પક્ષીઓનું આશ્રય સ્થાન બની રહેવા પામે છે. જેના કારણે



ગુજરાત સરકારે વર્ષ 1969 ની 17 એપ્રિલના રોજ અભ્યારણ નો દરજ્જો આપ્યો છે. આ સરોવરને ગુજરાતનું જળ પ્લાવિત ક્ષેત્ર તરીકે ઈ.સ 1982 માં સુરક્ષિત કરવામાં આવ્યો છે . નળ સરોવરને 24 સપ્ટેમ્બર 2012 ના રોજ આંતરરાષ્ટ્રીય મહત્વ મળી રહે તે માટે રામ સાઈટ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે. નળ સરોવરને ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા ઈકો ફેજાઈલ ઝોન તરીકે પણ જાહેર કરેલું હોવાથી અભયારણ્યને નુકશાનકર્તા કોઈપણ ઔદ્યોગિક એકમ કે આર્થિક પ્રવૃત્તિઓનો નિષેધ કરવામાં આવ્યો છે .નળ સરોવરનું સંચાલન ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.





- **નળસરોવરનું મુખ્ય આકર્ષણ :**

નળ સરોવર એ પક્ષી અભ્યારણ હોવાથી નવેમ્બર માસથી ફેબ્રુઆરી-માર્ચ સુધી મુલાકાતીઓ અહીં પક્ષીઓનું નિરીક્ષણ કરવા, પક્ષીઓની સુંદરતા નિહાળવા, પક્ષીઓના કર્ણપ્રિય અવાજોનું સંગીત સાંભળવા, યાયાવર પક્ષીઓના અભ્યાસ માટે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ, મુલાકાતીઓ, પર્યટકો, પક્ષીવિદો, વૈજ્ઞાનિકો અહીં આવતા રહ્યા હોય છે. મુલાકાતીઓને સરકારની સૂચના મુજબ નૌકાવિહાર કરાવવામાં આવે છે. મુલાકાતીઓ માટે આ નૌકાવિહાર અને સવારનું મનોરમ્ય દર્શન નજારો વિસ્મરણીય યાદગાર પ્રસંગ બની જાય છે. નળ સરોવરમાં ટાપુ પર દેશી ભોજનનો સ્વાદ માણતા લોકો જોવા મળે છે.

પક્ષીઓનું રક્ષણ થાય અને તેમનું સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક શિબીરોનું પણ સુંદર આયોજન થાય છે. મુલાકાતીઓને પ્રકૃતિ શિક્ષણ આપવામાં આવે છે જેના માટે તેમની સાથે સંવાદ સાથે ડોક્યુમેન્ટરી થિયેટરમાં ફિલ્મ બતાવવામાં આવે છે.

- **નળ સરોવર અને આર્થિક પ્રવૃત્તિ :**

નળ સરોવરની આસપાસ રહેતા લોકોની આજીવિકાનું મુખ્ય કેન્દ્ર સ્થાન છે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. લોકો નળ સરોવરના પાણીનો ઉપયોગ સિંચાઈ તરીકે પણ કરી રહ્યા છે, પશુપાલન અને મત્સ્યઉદ્યોગ પણ આ સરોવરને આભારી છે. પઢાર સમાજના લોકો નૌકાવિહાર કરાવી પણ ગુજરાન મેળવી રહ્યા છે. આજે આ વિસ્તારમાં ડેરી ઉદ્યોગને પણ સારૂં એવું પ્રોત્સાહન મળેલ છે.



નળ સરોવર એ ભૂતકાળમાં લોકો માટે આશીર્વાદરૂપ પણ બની રહેવાના દાખલા જોવા અને સાંભળવા મળ્યા છે. આ સરોવરમાં ઉગતા ગોન્દરો (સ્થાનિક નામ) નામના ઘાસના (બીડ) કંદમૂળમાંથી લોકો દુષ્કાળના સમયે પોતાનું ગુજરાત ચલાવતા હતા.

'જેના ઘરમાં નળનું બીડ તેને પડે કદી ન ભીડ'

- **નળ સરોવર અને સંસ્કૃતિ :**

નળ સરોવરની આજુબાજુ આવેલા લીંબડી તાલુકાના રાણાગઢ, નાની કઠેચી, મોટી કઠેચી, મુળ બાવળા, પરાલી, પરનાળા, રળોલ, ધીરજગઢ, દિગ્વિજયગઢ જેવા ગામો આવેલા છે. જેમાં પઢાર, કોળી, ભરવાડ, રજપૂત વગેરે સમાજના લોકો રહે છે.

- **પઢાર સમાજ :**

નળ સરોવરની આજુબાજુ રહેલા અંદાજે બાર જેટલા ગામમાં પઢાર સમાજ રહે છે જે નળ સરોવર સાથે જોડાયેલો છે. આ સમાજની મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓમાં માછીમારી કરવી, મજૂરી કરવી, નૌકા ચલાવી, પશુપાલન કરવું, નળ સરોવરમાંથી તેઓ પોયણા, કંદમૂળ અને થેગ એકઠા કરવા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરે છે. પઢાર સમાજની એક આગવી ઓળખ અને સંસ્કૃતિ રહેલ છે. પઢાર સમાજના લોકો આર્થિક પછાત હોવાથી તેમનો વસવાટ સામાન્ય રીતે ઘાસના બનેલા કુબામાં જોવા મળે છે.પઢાર સમાજનો પોશાકમાં પુરૂષો પરંપરાગત તોરણો, કેડિયું અને માથે પાઘડી બાંધે છે. બહેનો રંગબેરંગી ચણીય ચોળી, ઘાઘરો, કાપડુ અને માથે ઓઢણી ઓઢે છે. આ સમાજના લોકોનું મંજીરા નૃત્ય એ આગવી ઓળખ ધરાવે છે. જેમાં પુરૂષો આ નૃત્યમાં ભાગ લે છે અને હોડી, હલેસા અને દરિયાના મોજાના આકારમાં નૃત્ય કરે છે. આ નૃત્યએ રાષ્ટ્રીયકક્ષાએ પણ નામના મેળવી અને પારિતોષક મેળવેલ છે. આમ આ સમાજ એ પોતાની આગવી ઓળખ ધરાવે છે.



- **નળ સરોવર અને મહાતળ દાદાનો મેળો :**

મહાતળ દાદાનો મેળો એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકા (નળકાંઠા/ભાલ વિસ્તાર) માં આવેલા રાણાગઢ ગામે ભરાતો એક પ્રસિદ્ધ લોકમેળો છે. નળ સરોવરના કિનારે આવેલા આ પવિત્ર ઐતિહાસિક સ્થળે દર વર્ષે મહાતળ દાદાની જગ્યા પર પરંપરાગત મેળાનું અને ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવે છે.

- **મુખ્ય આકર્ષણો અને વિશેષતાઓ :**

સ્થળ : નળકાંઠા પંથકનું પ્રખ્યાત રાણાગઢ ગામ (મહાતળ દાદાનું મંદિર/જગ્યા), સુરેન્દ્રનગર.

- **ભવ્ય લોક ડાયરો :**

મેળા દરમિયાન રાત્રે ગુજરાતના જાણીતા લોક કલાકારો દ્વારા ભવ્ય ડાયરા અને ભજન સંધ્યાનું આયોજન થાય છે.





- **સાંસ્કૃતિક મહત્ત્વ :**

આ મેળામાં નળકાંઠા અને ભાલ વિસ્તારના પઢાર સમાજ તેમજ અન્ય સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને પરંપરાગત નૃત્યો રજૂ કરે છે.

- **સ્થાનિક બજારો :**

મેળામાં રમકડાં, ખાણી-પીણીના સ્ટોલ અને વિવિધ ચકડોળો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બને છે.

- **મેળાનો સમય :**

મહાતળ દાદાનો આ લોકમેળો દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન (સામાન્ય રીતે માર્ચ અથવા એપ્રિલ મહિનામાં) યોજાય છે.

- **સાંસ્કૃતિક કાર્યક્રમો :**

મેળાની મુખ્ય રાત્રે ભવ્ય લોક ડાયરો અને ભજન સંધ્યા યોજાય છે, જેમાં ગુજરાતના નામી કલાકારો રાતભર ભજનો અને લોકસાહિત્યની રમઝટ બોલાવે છે. આ સિવાય સ્થાનિક પઢાર સમાજ દ્વારા પરંપરાગત નૃત્યો રજૂ કરવામાં આવે છે. આમ સરોવર એ ગુજરાતનુ સૌથી મોટુ સરોવરની સાથે સાથે ભૌગોલિક સામાજિક આર્થિક દરેક બાબતમાં અગ્રેસર રહી લોકો માટે આશીર્વાદ સાબિત થઈ રહ્યું છે.



## રાણાગઢનો બંગલો

લીંબડી રાજ્ય તરફથી નળ સરોવરના કાંઠે આવેલા રાણાગઢમાં એક બંગલો બંધાવવામાં આવ્યો હતો. આ બંગલાનો ઉપયોગ રાજકુમારો શિકાર, મોજમજા તથા આનંદપ્રમોદ માટે કરતા હતા.

આ ઉપરાંત, લીંબડી રાજ્યના અધિકારીઓ પણ જ્યારે રાણાગઢ જતા ત્યારે ત્યાં જ રોકાતા (ઊતરતા) હતા. રાણાગઢનું મૂળ નામ 'બાવળી' હતું અને પોરબંદરના રાણા (રાણા નટવરસિંહજી) પરથી તેનું નામ 'રાણાગઢ' રાખવામાં આવ્યું હતું.

# ભાલપ્રદેશ



ભાલપ્રદેશની ભૌગોલિક સ્થિતિ અને ભુપૃષ્ઠ રચના પાડતા ભગ્વદ્ગોમંડલમાં નોંધાયું છે કેઃ બે હજાર વર્ષ પેહલા સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ નહિ ટાપુ હતો. કચ્છના રણની જગ્યાએ સમુદ્ર હતો. સિંધમુખ સૌરાષ્ટ્રનો પૂર્વ ભાગ હતો. કાળક્રમે સિંધુ નદીએ પોતાનું વહેણ બદલાવ્યું એટલે ઝાલાવાડની જમીન કાદવવાળું તળાવ બની ગઈ. ધીરે ધીરે આ તળાવ પુરાઈને રણ જેવો પ્રદેશ થઇ ગયો. આ પ્રદેશ ખારાશથી ભરપૂર છે.

બીજી બાજુ ખંભાતનો અખાત જલ્દી પાછો હટવા લાગ્યો અને અગણોકોં તરફનું રણ હટી જવાથી ત્યાં 'ભાલપરગણુંથ બની ગયું. આ મુકેલ નપાણિયો બનવાનું આ પણ એક કારણ છે. ભાલને ભગવાને ભલે નપાણિયો મુલક બનાવ્યો પણ અઢળક ચાસીયા કાઠા ઘઉં નીપજે છે, એનો જોટો જગતભરમાં જડતો નથી. એન વિગ્મોર નામની એક અમેરિકન મહિલા કેન્સ2ગ્રસ્ત થઈ ઉપચાર અર્થે મુંબઈ આવી. ઘઉંના જવારાના રસ થી એણે સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. એણે જગત આંખની ઘઉંની 15 જાતોમાં ભાલના ઘઉંને સર્વશ્રેષ્ઠ ગણાવ્યા છે. ભાલની ધરતીમાં જન્મેલા આ લેખક (જોરાવરસિંહ જાદવ) આજેય કાઠા ઘઉંની રોટલી, સેવ અને લાડુનો ટેસડો કરે છે. માર વરસાદના પાણી અને દેશી ખાતરથી પાકતા ચાસીયા ઘઉં થોડાક મોંઘા પડે પણ એના લાડુ, થુલી લાપસી ખુબજ સ્વાદિષ્ટ બને છે. એકવાર જમો તો જીભે સ્વાદ રહી જાય છે. એના દુહા અને ઉક્તિઓ એ ધરતીની તાસીરની વાત કરે છે.

ભલ ઘોડા ભલ માનવી, ભલું ગુજરાતે ભાલ;
કાઠી ધરા કાઠિયાવાડની, ભાલ ધરા રસાળ

નહીં છાશ છમકો ને છાંયડો, એવા કેતાક અવગુણ કહું ?
પણ ભૂંડામાં ભલું એટલું, ભાલ નીપજે ઘઉં.

ભાલ પંથકમાં વસવાટ કરનારા ચોમાસાની ગારો ખૂંદનારા, ખારાં પાણી પીનારા માનવીઓને તોય પોતાનું આ વતન વહાલું લાગે છે એટલે તો કહે છે...

ધૂળ ગામ ધોલેર ને બંદર ગામ બારા,
કાઠા ઘઉંની રોટલી ને પાણી પીવા ખારાં
તોય ધોલેરા સારા ભૈ સારા

સૌરાષ્ટ્રમાં પથરાયેલાં પ્રાચીન પરગણાં અને પંથકો ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ, લોકજીવન અને લોકસંસ્કૃતિનો સુપેરે પરિચય કરાવે છે.



નળ-નદી ને ભાલ (લીંબડી-ચુડા)

- **ભૌગોલિક સ્થિતિ :**

ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના દક્ષિણ-પૂર્વ ભાગમાં આવેલો લીંબડી તાલુકો તેના વિશિષ્ટ ભૌગોલિક સ્થાન માટે જાણીતો છે. લીંબડી તાલુકાનો નીચાણવાળો અને દક્ષિણ-પૂર્વનો વિસ્તાર 'ભાલ પ્રદેશ' અથવા 'ભાલ-કાંઠો' તરીકે ઓળખાય છે. સંસ્કૃત શબ્દ 'ભાલ' નો 'કપાળ' થાય છે. જેવી રીતે મનુષ્યનું કપાળ બિલકુલ સમતળ, ચપટું અને કાંકરા કે પથ્થર વગરનું હોય છે, તે જ રીતે આ સમગ્ર પ્રદેશ પથ્થર કે ટેકરા વગરનો અત્યંત સમથળ અને સપાટ હોવાથી તેને 'ભાલ' નામ મળ્યું છે.

ભાલ પ્રદેશ એ મૂળભૂત રીતે ખંભાતના અખાત નજીક નદીઓ દ્વારા પથરાયેલા કાંપનો બનેલો ફળદ્રુપ કાદવવાળો પ્રદેશ છે. લીંબડી તાલુકામાંથી પસાર થતી લીંબડી-ભોગાવો, સુકભાદર, વઢવાણ-ભોગાવો અને વસઈ જેવી નદીઓ ચોમાસા દરમિયાન પોતાના પૂરના પાણી અને મીઠો ફળદ્રુપ કાંપ આ નીચાણવાળા ભાલ વિસ્તારમાં પાથરી દે છે.

- **ભૌગોલિક સીમાઓ અને આબોહવાઃ**

**વિસ્તાર અને સીમા :** લીંબડી તાલુકાનો ભાલકાંઠો અમદાવાદ જિલ્લાના ધંધુકા અને ધોલેરા તાલુકા તથા ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પ્રદેશ સાથે ભૌગોલિક રીતે જોડાયેલો છે.

**તાપમાન :** ઉનાળામાં તાપમાન $41^0C$ થી $45^0C$ સુધી પહોંચે છે, જ્યારે શિયાળામાં તાપમાન $5^0C$ થી $28^0C$ ની વચ્ચે રહે છે. શિયાળાની રાત્રિઓમાં પુષ્કળ ઝાકળ (Dew) પડે છે, જે ખેતી માટે સંજીવની સમાન છે.

**વરસાદ :** સરેરાશ વાર્ષિક વરસાદ 650 થી 700 મિમી. જેટલો થાય છે. ચોમાસામાં નીચાણવાળા ભાલ અને નળકાંઠાના વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ખેતરો અને ગામડાંઓ બેટ જેવાં દ્રશ્યમાન થાય છે.

- **જમીનની વિશિષ્ટતા અને ભેજધારણ ક્ષમતા :**

લીંબડી ભાલ પંથકની જમીન વિશ્વની વિશિષ્ટ પ્રકારની કૃષિ-જમીનોમાં ગણાય છે. આ જમીન મુખ્યત્વે ભારે કાળી, ચીકણી અને ફળદ્રુપ કાંપવાળી (Heavy Black Clay Soil) છે. આ જમીનની સૌથી મોટી ભૌગોલિક ખાસિયત તેની અદ્ભૂત ભેજધારણ શક્તિ (Moisture Retention Capacity) .

- **જમીન અને ખેતી પદ્ધતિ : 'ઉણભાલ' અને 'વાપસા' :**

ભાલના ખેડૂતો ચોમાસા દરમિયાન વરસાદનું પાણી ખેતરોમાંથી વહી ન જાય તે માટે ખેતરની ચોતરફ 45 થી 60 સેમી. ઊંચી પાળ (પાળિયા) બાંધે છે. ચોમાસામાં આ ખેતરો તળાવની જેમ પાણીથી ભરાયેલા રહે છે. ઓક્ટોબર માસમાં ચોમાસું પૂરૂં થતાં જમીનમાંથી પાણી ઓસરે છે અને ખેતર અનુકૂળ 'વાપસા' (Vapsa) સ્થિતિમાં આવે છે.

ત્યારબાદ બળદ કે ટ્રેક્ટર વડે જમીન ખેડીને જમીનની ઉપર એક બારીક માટીનું થર (જેને સ્થાનિક ભાષામાં 'પેણ' – Penh કહે છે) તૈયાર કરવામાં આવે છે. આ પેણ જમીનના ભેજને બાષ્પીભવન થતાં અટકાવે છે (Soll Mulch). આ રીતે સચવાયેલા ભેજના આધારે કોઈપણ જાતની કૃત્રિમ સિંચાઈ કે પીયત વગર શિયાળુ (રવિ) પાક લેવામાં આવે છે. આ ખેતી પદ્ધતિને ભાલમાં 'ઉણભાલ' ખેતી કહેવામાં આવે છે.

- **લીંબડી ભાલ પંથકનો ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસો :**

ભાલ પંથકનો ઈતિહાસ અત્યંત પ્રાચીન અને રોચક છે. ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ હજારો વર્ષો પહેલાં સૌરાષ્ટ્ર એક ટાપુ હતો અને ખંભાતનો અખાત તથા કચ્છનું રણ એકબીજા સાથે જોડાયેલા સમુદ્ર ભાગ હતા. સિંધુ અને સરસ્વતી નદીઓના વહેણ બદલાતાં અને કાંપ ભરાતાં ઝાલાવાડ અને ભાલનો સમથળ પ્રદેશ અસ્તિત્વમાં આવ્યો. નજીકમાં આવેલું વિશ્વવિખ્યાત હડપ્પીય બંદર લોથલ (Lothal) આ વાતની સાક્ષી પૂરે છે.

- **લીંબડી રાજવંશ અને ભાલનો વહીવટ :**

ઈ. સ. 1130 માં પાટડીના ઝાલા રાજવંશના માંગૂજી ઝાલાને જાંબુની ચોરાશી (84 ગામો) વારસામાં મળતાં લીંબડી રાજ્યની સ્થાપના થઈ હતી. લીંબડી રાજ્યના શાસકો (ઠાકોર સાહેબ) જેવા કે હરભમજી 1લા, જશવંતસિંહજી અને દોલતસિંહજીએ ભાલ પંથકમાં ખેતી, જળસંચય અને પ્રજાકલ્યાણના અનેક કાર્યો કર્યા હતા.

ભાલ પંથકની લોકપ્રસિદ્ધ કહેવત : 'કપાળમાં ઉગે વાળ, તો ભાલમાં ઉગે ઝાડ'
અર્થ : ભાલની જમીનનું ઊંડું તળ ખારૂં હોવાથી અને કાળી માટી અત્યંત ચિકણી હોવાથી અહીં મોટાં વૃક્ષો કે વનરાજી સહજ રીતે ઊગતી નથી, પરંતુ અહીંના લોકો મહેનતું અને પાણીદાર (ખમીરવંતા) છે.

- **સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન :**

ઈ. સ. 1930 ના પ્રસિદ્ધ ધોલેરા સત્યાગ્રહ અને સત્યાગ્રહ છાવણીઓમાં લીંબડી ભાલ પંથકના અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ સક્રિય ભાગ લીધો હતો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે લીંબડીની મુલાકાત લીધી હતી. 1946 ના અમદાવાદ કોમી રમખાણોમાં શહીદ થનાર વીર રજબઅલી લાખાણી પણ લીંબડીના જ વતની હતા.

- **ભાલ પંથકના કૃષિ રત્નોઃ ભાલિયા ઘઉં અને દેશી ચણા :**

સિંચાઈ કે નહેરના પાણી વગર, માત્ર શિયાળાના દૈનિક ઝાકળ અને જમીનમાં સચવાયેલા ભેજના બળે પાકતા કૃષિ પાકો ભાલ પંથકની વૈશ્વિક ઓળખ છે. તેમાં 'ભાલિયા ઘઉં' અને 'દેશી ચણા' અગ્રણી છે.





- **ભાલિયા ઘઉં :**

ભાલિયા ઘઉં (જેને 'છાસિયા ઘઉં', 'કાઠા ઘઉં' કે 'દાઉદખાની ઘઉં' પણ કહે છે) એ ઘઉંની એક વિશિષ્ટ પ્રજાતિ છે. વર્ષ 2011 માં આનંદ કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝના પ્રયાસોથી ભાલિયા ઘઉંને Geographical Indication (GI Tag) દરજ્જો (ગુજરાત ઘઉં-1 /GW-1) પ્રાપ્ત થયો છે.

| ગુણધર્મ / લક્ષણ | ભાલિયા ઘઉં (Bhalia Wheat) | સામાન્ય શરબતી / સામાન્ય ઘઉં |
|---|---|---|
| સિંચાઈ જરૂરિયાત | ઝીરો સિંચાઈ (બિન-પિયત) – માત્ર જમીનનો ભેજ અને શિયાળાનું ઝાકળ | 4 થી 6 વખત કૃત્રિમ સિંચાઈ/પીયત જ |
| દાણાનો આકાર અને રંગ | લાંબા, જાડા, ચમકદાર કાચ જેવા (Vitreous) અને સોનેરી | ગોળ અથવા મધ્યમ કદના, સામાન્ય સોનેરી |
| પોષક તત્વો (Protein) | 13% થી 14% પ્રોટીન અને કેરોટીન (Carotene) થી ભરપૂર | 10% થી 11% પ્રોટીન |
| રસોઈમાં ઉપયોગ | રવો, સુજી, પાસ્તા, મેકરોની, ભાખરી, શીરો, લાડુ અને ચૂરમા માટે સર્વોત્તમ | સામાન્ય રોટલી અને પૂરી માટે |
| • બજાર ભાવ | સામાન્ય ઘઉં કરતાં 25% થી 50% વધુ પ્રીમિયમ ભા | સામાન્ય બજાર ભાવ |

- **ભાલના દેશી ચણા :**

ઘઉંની જેમ જ ભાલ પંથકના દેશી ચણા પણ સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. ચોમાસાનું પાણી ઓસર્યા પછી ઓક્ટોબર-નવેમ્બર માસમાં ઘઉંની સાથે જ કાળી જમીનમાં દેશી ચણાનું વાવેતર કરવામાં આવે છે.

**કુદરતી સ્વાદ અને ગુણવત્તા :** કોઈપણ રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓ વગર કુદરતી ભેજ પર પાકતા હોવાથી ભાલના ચણા મીઠા, સ્વાદિષ્ટ અને પોષક તત્વોથી સભર હોય છે.

**વિશિષ્ટતા :** આ ચણા કદમાં નાના, ઘાટા કથ્થઈ રંગના અને બાફવામાં કે રાંધવામાં ખૂબ જ ઝડપથી સોફ્ટ (નરમ) થઈ જાય છે.

- **રસોઈમાં ઉપયોગ :** ગુજરાતી દાળ, ચણાનો લોટ (બેસન), સુપ્રસિદ્ધ ખમણ, ગાંઠિયા, કઢી તેમજ શેકેલા ચણા (ચણા જોર ગરમ) બનાવવા માટે ભાલના દેશી ચણાની માંગ રાજ્યભરમાં રહે છે.

# ભાલની ખેતીની ઉપજ

- **ઘઉં**

ઘઉં એ વિશ્વભરમાં વાવવામાં આવતો ખાસ પ્રકારનો પાક છે. 2007માં વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન 6.07 કરોડ ટન હતું. જે મકાઈ (7.84 કરોડ ટન) અને ચોખા (6.51 કરોડ ટન) પછીનું ત્રીજા ક્રમાંકે આવતું અનાજનું ઉત્પાદન છે. ઘઉં એ ઘણી સંસ્કૃતિના ભોજનનો પ્રમુખ ધાન્ય છે તેને મોટે ભાગે લોટ દળીને વપરાય છે. તેના લોટમાં આથો લાવી અને બ્રેડ, બિસ્કીટ, કૂકિઝ, કેક, પાસ્તા, નૂડલ્સ વગેરે બનાવાય છે. ગુજરાતી ભોજનમાં ઘઉંનો ઉપયોગ મોટાભાગે રોટલી, લાડુ, લાપસી જેવી વાનગીઓ બનાવવામાં કરાય છે. વિદેશોમાં અમુક જગ્યાએ તેમાં આથો લાવી અને બિયર જાતનો શરાબ, વોડકા જાતનો શરાબ પણ બનાવાય છે. તેનો ઉપયોગ જૈવિક બળતણ તરીકે પણ થાય છે. અમુક પ્રમાણમાં આ પાકનું ઉત્પાદન પાળેલા પશુઓના ચારા તરીકે પણ કરાય છે, ક્યારેક તેનો ઉપયોગ છાપરૂં બાંધવામાં પણ કરવામાં આવે છે.

ખોરાકમાં ઘઉંનું સ્થાન મહત્વનું છે અને વિશ્વમાં તેનો વપરાશ પણ ખૂબ બહોળા પ્રમાણમાં થાય છે. બધા પ્રકારના અનાજ કરતાં ઘઉંમાં પૌષ્ટિક તત્વ વધારે છે. રોજિન્દા ખોરાકમાં વપરાતા સર્વ પ્રકારનાં અનાજમાં ઘઉં શ્રેષ્ઠ છે. તેથી આ ગુણવત્તાને કારણે ઘઉં ધાન્યનો રાજા ગણાય છે.

ભારતમાં ઘઉં સર્વત્ર થાય છે. નહેરોના પાણીની સગવડને લીધે ખાસ કરીને પંજાબમાં ઘઉંનો પાક વિપુલ પ્રમાણમાં થાય છે. ઉત્તર ભારતમાં પણ ઘઉં પુષ્કળ થાય છે તેથી ઘઉં ઉત્તર ભારતનો માનીતો આહાર છે. ગુજરાતમાં પણ ઘઉં સારા પ્રમાણમાં થાય છે. ઘઉંને ચોમાસામાં છાશિયા પાક તરીકે અને શિયાળામાં રવિ પાક તરીકે વાવવામાં આવે છે. પિયત (રવિપાક)ના ઘઉંને સારા નિતારવાળી કાળી, ગોરાડું કે બેસર રેતાળ જમીન વધારે અનુકૂળ આવે છે. જયારે બિન-પિયત (છાશિયા-ચોમાસું પાક)ના ઘઉં માટે કાળી અને ભેજનો સંગ્રહ કરે તેવી ચીકણી જમીન અનુકૂળ આવે છે. એકંદરે પોચી કાળી જમીન ઘઉંને વધુ માફક આવે છે.

ઘઉંના છોડ દોઢ-બે હાથ ઊંચાઈના થાય છે. તેના સાંઠા (છોડ) પોલા હોય છે. તેને ઉંબીઓ આવે છે. ઉંબીઓમાં ઘઉંના દાણા હોય છે, ઘઉંની લીલી ઉંબીઓને શેકીને તેનો પોંક પાડીને ખવાય છે. ઘઉંનો પોંક ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.

ઘઉં ઘણી જાતના થાય છે. કાઠા ઘઉં અને પોચા ઘઉં એવા બે ભેદ છે. રંગભેદ કરી ઘઉંના ધોળા અને લાલ (રાતા) ઘઉં વધારે પૌષ્ટિક ગણાય છે. એ સિવાય વાજિયા, પૂંસા, બન્સી, પૂનમિયા, ટુકડી, દાઉદખાની, જૂનાગઢી, સરબતી, સોનારા, કલ્યાણ સોના, સોનાલીકા ઇત્યાદિ





ઘઉંની જાતો જાણીતી છે. ઘઉંની વધુ પાક આપતી અનેક સુધારેલી જાતો શોધાઈ છે. સઘળી જાતોમાં બંસી ઘઉં સૌથી ઉત્તમ ગણાય છે. ગુજરાતના ભાલના કાઠા ઘઉં અને મધ્ય ભારતમાં ઇંદોર - માળવાના ઘઉં વખણાય છે.

- **ચણા**

ચણા એ એક પ્રચલિત કઠોળ છે. વનસ્પતિ શાસ્ત્રમાં જેનું શાસ્ત્રીય નામ સાઈસર એરિએટિનમ (Cicer arietinum) છે. અન્ય કઠોળની સરખામણીમાં ચણા વધુ પ્રોટીન ધરાવે છે. આ એક પ્રાચીન કઠોળ છે. લગભગ 7500 વર્ષ પહેલાં તેની ખેતી થતી હોવાના પુરાવા મધ્ય પૂર્વ સ્થળોએ મળ્યા છે.

ચણાને ચીકપી, ગારબાન્ઝો બીન, સેસી બીન, સનાગાલુ, હ્યુમુસ અને બેંગાલ ગ્રામના નામથી પણ ઓળખાય છે.

માનવ વિકાસ ઈતિહાસના નીઓલીથેક કાળમાં માણસ માટીના વાસણો બનાવતો થયો તે પહેલાંના કાળમાં ચણાને ખેતી થતી હતી તેવા પુરાવા તુર્કિસ્તાનમાં ઝેરીકોમાં મળ્યાં છે અને નીઓલીથેક કાળમાં માણસ માટીનાં વાસણો બનાવતો થયો ત્યાર પછીના ચણાના અવશેષો તુર્કિસ્તાનમાં હસીલરમાં મળ્યાં છે. આ સિવાય નીઓલીથીક કાળના ઉત્તર ભાગમાં લગભગ ઈ.સ. પૂર્વે 3500 ની આસપાસના ચણાના અવશેષો થેસલી, કસ્તાનસ, લેર્ના અને ડીમીનીમાં મળ્યા છે. દક્ષિણ ફ્રાંસમાં લા અબ્યુરેડરમાં એક ગુફામાં મેસોલીથીક સ્તરમાં જંગલી ચણાના અવશેષો મળ્યાં છે. જે ઈ.સ. પૂર્વે 6750 + 90 જેટલા પ્રાચીન હોવાનો અંદાજ છે.

તામ્રયુગમાં ઈટલી અને ગ્રીસના લોકોને ચણાની જાણ હતી. શાસ્ત્રીય ગ્રીકમાં તેને એરેબીન્થોસ કહેવાતા. તેને મુખ્ય ખોરાક તરીકે ખવાતો અને તેને મીઠાઈ તરીકે કે કુમળા હોય ત્યારે સીધા ખાવામાં આવતા. રોઅમન્ લોકોને ચણાની વિવિધ જાતોની પણ જાણ હતી જેમ કે, વીનસ, રામ અને પ્યુનિક, તેઓ તેને બાફીને તેની દાળ કે સૂપ બનાવતા અથવા તેને શેકીને નાસ્તામાં ખાતા. રોમન રસોઈયા એપીશિયસએ ચણાની વાનગી વર્ણવી હતી. અવશેષો ન્યુસ નામના એક પ્રાચીન રોમન સૈન્ય કિલ્લામાં કાર્બનીભૂત થયેલા ચણા અને ચોખાના અવશેષ મળ્યા છે. જે ઈ.સ. પૂર્વે શતાબ્દીના મનાય છે.

અલ્જીરીયન રસોઈની વાનગી ચખચોઉખા, 'રૂગાગ'ની સાથે મિશ્ર કર્યા પહેલા તાજાં બનાવેલા 'માર્ગા'.

લગભગ ઈ.સ. 800 માં ચાર્લીમેગ્ની દ્વારા લખાયેલ એક ગ્રંથ કેપીટ્યુલેટ ડી વીલ્સમાં સાઈસર ઈટાલીકમ દરેક રાજ્યમાં ઉગાડાતા તેવો ઉલ્લેખ છે. આલબર્ટસ મેગ્નસએ લાલ, સફેદ

અને કાળા એમ ત્રણ પ્રકારના ચણાનો ઉલ્લેખ કર્યો છે. નીકોલસ કલ્પેપરના મતે ચણા એ વટાણા કરતાં વધુ સમૃદ્ધ છે અને તેને કારણે ઓછા પ્રમાણમાં પવન છૂટે છે. પ્રાચીન કાળમાં લોકો ચણાને વિનસ (શુક્ર) સાથે જોડતા, તેમના મતે ચણા વીર્ય, દૂધ, માસિક સ્રાવ અને મૂત્ર ઉત્તેજક અને પથરીના ઈલાજમાં મદદ કરનાર હતા. ખાસ કરીને 'સફેદ ચણા' ને વધુ ફાયદાકારક ગણાતા હતા.

- **ગ્રીન ચણા**

1793માં જર્મન લેખકે જમીનમાં શેકેલા ચણાને યુરોપમાં કોફીના પુરક તરીકે નોંધ્યા હતાં. આવા વપરાશ માટે પહેલા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મનીમાં તે રોપાયા હતાં. ઘણી વખત તેને કોફીને બદલે અપાય છે.

ગ્રીન ચણાના મુખ્ય બે પ્રકાર હોય છે.

દેશી કે જે નાના હોય છે, અને તેની છાલને સપાટી ઘેરી અને ખરબચડી હોય છે. આવા ચણા મોટે ભાગે ભારતીય ઉપમહાદ્વીપ, ઈથોપિયા, મેક્સિકો અને ઈરાનમાં ઉગાડાય છે.

કાબુલી, કે જેના દાણાં મોટાં હોય છે. તેની છાલ હળવા રંગની અને લીસી હોય છે. આવા ચણા દક્ષિણ યુરોપ, ઉત્તર આફ્રિકા, અફઘાનિસ્તાન, પાકિસ્તાન ચીલીમાં ઉગાડવામાં આવે છે. 18મી સદીમાં આ ચણાનું ભારતમાં વાવેતર શરૂ કરાયું હતું.

દેશી ચણાને બેંગાલ ગ્રામ કે કાલા ચણા પણ કહે છે. દેશી ચણા એ ચણાની પ્રાચીન પ્રજાતિ મનાય છે. કેમકે પુરાતત્વીક સંશોધનમાં મળી આવેલ કાર્બોદિત દાણા દેશી ચણાના જ હતા. આ ચણાની પ્રજાતિની જંગલી પૂર્વજ સાઈસર રેટીક્યુલમ માત્ર ટર્કીમાં ઉગે છે. તેથી ટર્કીને આ કઠોળનું ઉદ્‌ગમ મનાય છે. દેશી ચણામાં પાચક રેશાનું પ્રમાણ કાબુલી ચનાને મુકાબલે ઘણું વધારે હોય છે. આને કારણે તે અત્યલ્પ ગ્લિસેમિક અંક ધરાવે છે અને તે મધુપ્રમેહ ધરાવતા દરદી માટે વધુ ફાયદાકારક છે. સફેદ ચણા ભારતમાં સૌથી પહેલા અફઘાનિસ્તાનમાંથી આવતાં તેથી તેને કાબુલી ચણા કહેવાયા. તેને સફેદ ચણા પણ કહેવાય છે.

દેશી ચણાની છાલ કાઢીને તેના બે ભાગને છૂટા કરી ચણાની દાળ મેળવવામાં આવે છે.

ઈટાલીના પ્યુગિલામાં અમુક પ્રકારના કાળા ચણા ઉગાડવામાં આવે છે, જેને સેસી નેરી કહે છે. આ ચણા દેશી ચના કરતાં મોટા હોય છે.

ચણાનું વાવેતર ભૂમધ્ય ક્ષેત્ર, પશ્ચિમ એશિયા, ભારતીય ઉપ મહાદ્વીપ અને ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવે છે.





# કન્યા કેળવણી : લીંબડી

1859ની 1લી માર્ચે લીંબડીમાં 1થી 4 ધોરણવાળી કન્યાશાળા શરૂ કરવામાં આવી. શરૂઆતમાં તેનું પોતાનું મકાન નહિ હોવાથી તે ભાડાના મકાનમાં બેસતી. તેમાં પ્રથમ વર્ષે 41 વિદ્યાર્થીનીઓ દાખલ થઈ હતી. સમય જતાં આ કન્યાશાળાનો ઘણો વિકાસ થયો અને લીંબડી રાજ્યમાં કન્યા શિક્ષણના ક્ષેત્રે તેણે મહત્વનું પ્રદાન કર્યું.

લીંબડી રાજ્ય અંગ્રેજ વહીવટ નીચે મુકાયું તે પહેલાં તેમાં માત્ર એક જ ગુજરાતી શાળા હતી અને રાજ્ય તરફથી તેની પાછળ માસિક રૂ. 39/-નો ખર્ચ કરવામાં આવતો. પરંતુ અંગ્રેજ વહીવટ સ્થપાયા પછી એક વર્ષમાં લીંબડી રાજ્યનાં ગામોમાં 10 ગુજરાતી શાળાઓ થઈ. જેમાંથી એકનો ખર્ચ જશવંતસિંહજીનાં દાદી બાજીરાજબા આપતાં હતાં. લીંબડીની કન્યાશાળાનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો હતો. 1877માં તેમાં અભ્યાસ કરનાર કન્યાઓની સંખ્યા વધીને 199 થઈ. તેમાં 1874માં પાંચમું અને 1882માં છઠ્ઠું ધોરણ શરૂ કરવામાં આવ્યું.

લીંબડીમાં કન્યાશાળાની શરૂઆત 1859ની 1લી માર્ચે થઈ હતી. તેનું નવું મકાન 1915માં રૂ. 25,000/-ના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું. તેનું ઉદ્‌ઘાટન મુંબઈના ગવર્નર લોર્ડ વિલિંગ્ડનની પત્ની લેડી હેલન બ્રેસીના હસ્તે 1916માં થયું. એ કન્યાશાળાનું નામ પણ 'લેડી વિલિંગ્ડન ગર્લ્સ સ્કૂલ' રાખવામાં આવ્યું.

જાંબુ, શિયાણી, બાવળી (હાલનું રાણાગઢ), રળોલ, પાણશીણા, બળોલ, હડાળા, પચ્છમ, રંગપુર અને મોજીદડમાં ગુજરાતી શાળાઓ તથા શિયાણી અને મોજીદડમાં કન્યાશાળાઓ હતી. લીંબડીમાં એક એંગ્લો વર્નાક્યુલર શાળા, બે ગુજરાતી શાળાઓ તથા એક કન્યાશાળા હતી. આ શાળાઓ ઉપર કાઠિયાવાડના ડેપ્યુ. એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર દેખરેખ રાખતા હતા.

- **લીંબડી કેળવણી મંડળ :**

લીંબડી કેળવણી મંડળની સ્થાપના તા. ૮-૭-૧૯૫૯ના રોજ થઇ. ઇ.સ. ૧૯૦૭માં શરૂ થયેલી સર જશવંતસિંહજી હાઇસ્કૂલ લીંબડી તાલુકામાં એકમાત્ર હાઇસ્કૂલ હતી. આઝાદી પછી શિક્ષણ સંસ્થાઓમાં અભૂતપૂર્વ ઘસારો થયો. તે મકાનમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા જળવાય એમ નહોતી, આથી સ્વ.શ્રી લાભુભાઈ આચાર્ય, સ્વ.શ્રી ચીમનલાલ શાહ, સ્વ.શ્રી ગિજુભાઈ શુક્લ અને સ્વ.શ્રી રસિકભાઈ પરીખ વગેરે મહાનુભાવોની નિશ્રામાં લીંબડી કેળવણી મંડળની શરૂઆત થઇ.

- શ્રી ગિજુભાઈ શુક્લ કુમાર વિદ્યાલય - લીંબડી
- શ્રીમતી ભુરીબેન અમૂલખ શાહ કન્યા વિદ્યાલય અને
  શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ-લીંબડી
- સર જસવંતસિંહજી હાઇસ્કૂલ અને
  શ્રી કાંતિલાલ ભાઇચંદ શાહ હાયર સેકન્ડરી સ્કૂલ-લીંબડી
- શ્રી નાગરદાસ મોહનલાલ હાઇસ્કૂલ - લીંબડી
- શ્રીમતી અંજવાળીબેન રતિલાલ સખીદા આર્ટ્સ, શ્રી છબીલદાસ ચુનીલાલ ગેડીવાળા કોમર્સ અને શ્રી ચીમનલાલ ચકુભાઈ હોમસાયન્સ કૉલેજ-લીંબડી
- શ્રીમતી ભાગીરથી શુક્લ ઇન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યૂટ - લીંબડી
- શ્રી ચીમનલાલ ચકુભાઈ હાઇસ્કૂલ - પાણશિણા
- શ્રી શિવલાલ મૂળશંકર દવે માધ્યમિક શાળા - શિયાણી
- બળોલ માધ્યમિક શાળા
- શ્રી હિંમતલાલ કસ્તુરચંદ મણિયાર કુમાર શાળા - લીંબડી
- શ્રી કીર્તિકાંત શાંતિલાલ સાર્વજનિક બાલમંદિર
- શ્રી ત્ર્યંબકલાલ કસ્તુરચંદ બાલમંદિર - લીંબડી
- કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સાર્વજનિક મહિલા મંડળ - લીંબડી
- શ્રી મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલય - લીંબડી
- **ચૂડા કેળવણી મંડળ :**

ચૂડા કેળવણી મંડળની સ્થાપના ૧૯૬૬માં થઇ હતી. આ મંડળની સ્થાપનાનો ઉદ્દેશ શિક્ષણ, સામાજિક સેવા હતો. આ કેળવણી મંડળના પ્રથમ પ્રમુખ શ્રી ધર્મેન્દ્રસિંહજી ઠાકોર સાહેબ ઓફ ચુડા તથા મંત્રીશ્રી ખીમચંદ માણેકચંદ વૈદ્ય હતા. આશરે છએક દાયકા પહેલા ચાલુ થયેલ આ મંડળની કેટલીક સંસ્થાઓ હાલ વિકસી છે જે નીચે મુજબ છે.

૧. શ્રી સી.ડી. કપાસી હાઇસ્કૂલ - ચુડા
૨. શ્રી જે.ડી. કોઠારી માધ્યમિક શાળા - ચોકડી
૩. ભૃગુપુર માધ્યમિક શાળા - ભૃગુપુર
૪. ચંપાબેન શાહ બાલમંદિર



નળ-નદી ને ભાલ (લીંબડી-ચુડા)

- **લીંબડી–ચુડા તાલુકાની શતાયુ શાળાઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | શિયાણી | લીંબડી | ૧૫-૦૬-૧૮૬૮ |
| ૨. | રળોલ | લીંબડી | ૦૫-૦૨-૧૮૬૮ |
| ૩. | જાંબુ | લીંબડી | ૦૧-૦૮-૧૮૬૮ |
| ૪. | શિયાણી | લીંબડી | ૧૫-૦૬-૧૮૬૮ |
| ૫. | સમલા | લીંબડી | ૧૮૭૦ |
| ૬. | ભલગામડા | લીંબડી | ૦૧-૦૨-૧૮૭૨ |
| ૭. | બોરાણા | લીંબડી | ૨૩-૧૧-૧૯૧૧ |
| ૮. | મોટા ટીંબલા | લીંબડી | ૧૮૯૦ |
| ૯. | વનાળા | ચુડા | ૨૩-૧૨-૧૯૧૩ |
| ૧૦. | કંથારીયા | ચુડા | ૨૨-૦૫-૧૮૬૬ |
| ૧૧. | ખાંડીયા | ચુડા | ૦૩-૦૨-૧૮૭૦ |
| ૧૨. | ભૃગુપુર-૧ | ચુડા | ૧૦-૦૭-૧૮૭૫ |
| ૧૩. | કારોલ | ચુડા | ૦૧-૦૮-૧૮૮૦ |
| ૧૪. | ગોખરવાળા | ચુડા | ૦૪-૦૧-૧૯૦૫ |
| ૧૫. | ઝોબાળા | ચુડા | ૧૮-૦૮-૧૮૮૧ |
| ૧૬. | છલાળા | ચુડા | ૨૩-૧૧-૧૯૧૪ |
| ૧૭. | કરમડ | ચુડા | ૧૮-૦૮-૧૮૯૮ |
| ૧૮. | વેજળકા | ચુડા | ૧૧-૧૧-૧૮૯૮ |
| ૧૯. | ચુડા-૧ | ચુડા | ૧૮-૦૨-૧૮૫૪ |
| ૨૦. | લાલીયાદ | ચુડા | ૦૨-૦૩-૧૮૬૯ |
| ૨૧. | ચાચકા | ચુડા | ૧૮-૦૭-૧૯૧૮ |
| ૨૨. | કુડલા | ચુડા | ૦૧-૦૨-૧૮૭૮ |
| ૨૩. | છત્રિયાળા | ચુડા | ૨૮-૧૧-૧૯૧૩ |
| ૨૪. | ભેંજજાળ | ચુડા | ૨૭-૧૧-૧૯૧૦ |
| ૨૫. | મીણાપુર | ચુડા | ૦૧-૧૧-૧૮૭૮ |
| ૨૬. | ચોકડી | ચુડા | ૧૫-૦૭-૧૮૭૭ |
| ૨૭. | કોરડા | ચુડા | ૧૫-૦૭-૧૮૭૭ |
| ૨૮. | જુની મોરવાડ | ચુડા | ૦૧-૦૫-૧૮૮૦ |

# લીંબડી-ચુડાના દર્શનીય સ્થળો

## શ્રી સ્વામી વિવેકાનંદ સ્મૃતિ મંદિર :



કાઠિયાવાડમાં શાળાના બાળકો એવા કોઈ ઊંધા-ચત્તા ઉખાણાં એકબીજાને પૂછીને સ્લેટમાં લખતા, 'લીમડી ગામે ગાડી મલી' એને ઊંધેથી વાંચતા. આજ વાક્ય આવશે એવું બોલતા. આમ લીંબડી ગામનું ઊંધું-ચત્તું વાક્ય બાળપણથી જ લીંબડીવાસીઓમાં લાંબા સમય સુધી યાદગાર રહ્યું. લીંબડીના ઠાકોરસાહેબના યુગમાં આ શહેરની જાહોજલાલી હતી. અત્યારે લીંબડી જાણે 'રામભરોસે' ચાલે છે. લીંબડીએ ઘણી 'કડવી મીઠી' જોઈ છે. 1878-79ના વર્ષમાં લીંબડીના ભોગાવો નદીમાં મોટું પૂર આવ્યું હતું.

જેના પરિણામે લીંબડી – વઢવાણના રસ્તાઓ પર ધોવાણ થતાં સંખ્યાબંધ ઠેર ઠેર ખાડા ટેકરા બની ગયા હતા. પરિણામે આજે લીંબડીની અસલ ગામની શેરછીઓના આવા બેહાલ રસ્તાઓથી વાહનોને મુશ્કેલીમાં મૂકી દે છે. સમસ્ત લીંબડી, માત્ર ત્યાં રહેલા ઐતિહાસિક એવા માત્ર ટાવર બંગલાથી ઓળખાય છે. દૂર દૂરથી ચોટીલા પર્વત જેવો આ ટાવર દેખાતા લોકો બોલી ઊઠી : 'લ્યો, લીંબડી આવી ગયું.' પહેલા અહીં દરબારગઢ હતો. બાજુમાં રાણીવાસ હતો. સામે કમ્પાઉન્ડમાં જ કોર્ટ બેસતી હતી. પરંતુ એક દિવસ રાણીવાસમાં ઉપલા મજલામાં આગ લાગતા એ સ્થળ ભસ્મીભૂત થઈ ગયું. આજે આ કોર્ટનું મકાન અને રાણીવાસનો નીચલો ભાગ ખંડિયેરે હાલતમાં જર્જરિત છે.

બાકીની વિશાળ જગ્યાએ અહીં જ ઠાકોર સાહેબે 1881માં ટાવર બંગલાનું ખાતમૂહૂર્ત કર્યું. જેને બંધાતા પાંચ વર્ષ લાગ્યા હતા. એન્જિનીયર રોબર્ટ બેલ બૂથની દેખરેખ હેઠળ એ જમાનામાં રૂા. પાંચ લાખના ખર્ચે તૈયાર થયા હતાં. ખાસ ઇંગ્લેન્ડથી મંગાવેલું કિંમતી અને કલાત્મક ફર્નિચર ગોઠવવામાં આવ્યું હતું. વિશાળ દિવાલો શણગારવાનું કામ ચિત્રકાર વાન ગોગને સોંપાયું હતું. તેની બારીઓમાં યુરોપીયન રંગીન કાચનો ઉપયોગ થયો હતો. તેના ઉપરના





ટાવરમાં ચારે દિશામાં મોટી ઘડિયાળો એક માણસ જેટલી હાઈટની દર કલાકે ડંકો વગાડતી હતી. 1886 ડિસેમ્બરમાં મુંબઈના ગવર્નર લોર્ડ રેનો સન્માન સમારંભ આ ટાવર બંગલામાં યોજાયો હતો.

1891ના અંતમા રામકૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદ અમદાવાદથી વઢવાણ થઈને ગાડા રસ્તે ચાલતાં ચાલતાં લીંબડી આવ્યા હતાં. લીંબડીમાં એક શિવ મંદિરની બાજુમાં એક મકાનમાં જાણે-અજાણ્યે ઉતરી ગયા. હકીકતમાં આ મકાન વાન માર્ગીઓનો અખાડો હતો. બાવાઓ પણ ચબરાક હતા. એમણે સ્વામી વિવેકાનંદને ફસાવી દીધા. એમણે સ્વામીજીને ઓરડીની બહારથી સાંકળ ચઢાવી બંદીવાન બનાવ્યા. ત્યાંના સાધુઓએ વિવેકાનંદને કેદ કરી બ્રહ્મચર્યથી સ્ખલિત કરવાનું કાવતરૂ કર્યું. પરંતુ વિવેકાનંદે ચાલાકી વાપરીને દૂધ આપવા આવતા ભરવાડના છોકરા મારફત માટીના ઠીકરા ઉપર કોલાસાથી 'સાધુ ભયમેં હૈ' લખી લીંબડીના ઠાકોરસાહેબ ને આ સંદેશો મોકલી આપતાં, જશવંતસિંહજીએ સ્વામીજીને મુક્ત કરાવ્યા અને ટાવર બંગલાના દરબાર હોલમાં ઉતાર આપ્યો. રાજાના વખતમાં અહીં ઘોડાઓનો તબેલો તથા હાથીઓ માટે હાથીખાનું હતું. મોરબીના બજાર જેવું એક છાલિયા બજાર બંધાવ્યું એ જશવંતસિંહજીના દત્તક કુંવરે ગાદીએ બેઠા પછી આ બજારના મકાનો કોતરણીવાળા બનાવ્યા. પણ આજની તારીખે આ બજારની દુકાનો આગળ લારી-ગલ્લાઓ અને અન્ય દુકાનો કરોળીયાના જાળાંની જેમ વિટળાઈ ગઈ હોવાથી આજે આ બજારનું નામનિશાન રહ્યું નથી. લીંબડીના મહારાજાએ વિવેકાનંદની પ્રિય સંસ્થા રામકૃષ્ણ મિશનને આ બંગલો કાયમ માટે સમર્પણ કરી દીધો.

## અકળેશ્વર મહાદેવ મંદિર :

છોટાકાશીના બિરૂદ પામેલા લીંબડીમાં 150 વર્ષ પ્રાચીન અકળેશ્વર મહાદેવનું પ્રશ્ચિમાભિમુખ મંદિર આવેલું છે. અહીં શિવલીંગ એક માથોડું પાતાળમાં હોવાની સાથે 5 શિવલીંગ ૐકારના આકારથી ગોઠવાયેલા છે. આ શિવલીંગ ઉપર ચઢાવવામાં આવતું જળ કે દૂધ અલૈકિક રીતે પાતાળમાં સામાઈ જતું હોવાથી ભક્તોમાં મંદિર વિશે મહાત્મય ઘણું છે.

સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર ગણાતા લીંબડીમાં ટાવર નજીક ટેકરાવાળા વિસ્તારમાં આવેલું અકળેશ્વર મહાદેવનું મંદિર લીંબડીની સ્થાપના પહેલાંથી અસ્તિત્વ ધરાવે છે. અહીં ગોપાળાનંદ સ્વામીએ નિવાસ કર્યો હતો. દોઢસો વર્ષ પહેલાં મૂળ લીંબડીના અને ગોવર્ધનમઠના પીઠાધિશ્વર જગન્નાથતિર્થ સ્વામીએ યોગ, ધ્યાન અને સમાધિનું અલૌકિક જ્ઞાન અહીં પ્રાપ્ત કર્યું હતું.

કાળભૈરવની સાધના પણ અહીં જ સિધ્ધ કરી હતી. વિવેકાનંદજીએ પણ જગન્નાથતિર્થજી સાથે યોગ, સમાધિ અંગે અહીં વિચાર વિમર્શ કર્યો હતો. ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંદ્રજીએ મંદિરના દર્શન કર્યા હતા. જેનું જૈન પુસ્તકોમાં તેનું વર્ણન છે. મંદિરમાં જગન્નાથતિર્થજીની પાઘડી, ચાખડી અને અન્ય વસ્તુ સચવાયેલી છે. જેના દર્શન કરી ભક્તો અભિભૂત થાય છે.

## લીંબડીમાં કૃષ્ણ મંદિરો :

હરસિંહજી પોતે કયો ધર્મ (શૈવ કે વૈષ્ણવ) પાળતા હતા તેને લગતો કોઈ સીધો પુરાવો મળતો નથી. પરંતુ તેમના રાજ્યકાલ દરમિયાન લીંબડીમાં બે કૃષ્ણમંદિરો બંધાયાં હતાં. એ બંને કૃષ્ણમંદિરો તેમનાં માતુશ્રી માજીરાજ અમરબાએ (હરભમજીનાં પત્નીએ) બંધાવ્યાં હતાં. તેમાંનું એક મોટું મંદિર અથવા ચતુર્ભુજનું મંદિર પ્રથમ ઈ. સ. 1794માં અને તે પછી 1824માં એમ બે વખત માજીરાજ અમરબાએ જ બંધાવ્યું હતું. આને લગતો લેખ એ મંદિરના ગર્ભગૃહના દ્વાર પાસેની દીવાલ ઉપર છે. આ મંદિરનો બધો ખર્ચ લીંબડી રાજ્ય તરફથી અપાતો હતો તેથી તે લોકોમાં ‘મોટા મંદિર’ તરીકે પ્રચલિત બન્યું હતું. મોટા મંદિર તરીકે ઓળખાતા ચતુર્ભુજજીના મંદિરમાં સંતજનોને રહેવા માટે જશવંતસિંહજીના ઉતેલિયાવાળાં રાણી બાઈરાજબાએ રૂ. 5000/-ના ખર્ચે ચાર ઓરડાઓ બંધાવીને 1905માં મંદિરને અર્પણ કર્યા હતા. આ જ મંદિરમાં 1906માં જશવંતસિંહજીએ તેમના લઘુ બંધુ ઉમેદસિંહજીની સ્મૃતિમાં ચતુર્ભુજજીની મૂર્તિ નીચેનું ચાંદીનું સિંહાસન બનાવરાવીને તે મંદિરને અર્પણ કર્યું હતું.

બીજું કૃષ્ણમંદિર કે જે ‘હવેલી’નું મંદિર અથવા બાલકૃષ્ણલાલજીના મંદિર તરીકે ઓળખાતું. તેની સ્થાપના પણ માજીરાજ અમરબાએ ઈ. સ. 1800માં કરી હતી. બે મંદિરના ગર્ભગૃહમાં દ્વાર પર ‘શ્રી માજીરાજબાએ સંવત 1856માં શ્રી બાલકૃષ્ણની બંધાવેલી હવેલી’ એવું લખાણ છે.

લીંબડીમાં આવેલું મહાકાલીમાતાનું મંદિર ફતેસિંહજીના સમયમાં તેમની માતા બાજીરાજે 1858માં બંધાવ્યું હતું. લીંબડીમાં આવેલું મહાલક્ષ્મીનું મંદિર પણ તેમના સમયમાં 1860માં બંધાયું હતું.

## શ્રી જગદીશ આશ્રમ :

પરમ પૂજ્ય સદ્‌ગુરૂ સ્વામી સમર્થ શ્રી શંકરજગન્નાથ તીર્થ મહારાજનો જન્મ દિવસ સં. 1914 અષાઢ સુદી-9 ને સોમવારના રોજ થયેલ. તેઓનો સન્યાસ ગ્રહણ દિવસ સં. 1955 જેઠ



નળ-નદી ને ભાલ (લીંબડી-ચુડા)

સુદી-3 ને મંગળવારે, જ્યારે સમાધિસ્થ દિવસ સં. 1972 આશ્વિન વદી-11 રવિવાર. શ્રી જગદીશ્વર પ્રતિષ્ઠા દિવસ સં. 1979 વૈશાખ સુદી-15 સોમવાર. નૂતન કળશ-ધ્વજારોહણ દિવસ સં. 1994 ફાગણ સુદી-5 સોમવાર. શ્રી સદ્‌ગુરૂ સમર્થના શિષ્યો બ્રહ્મચારીશ્રી દત્તપ્રકાશજી, બ્રહ્મચારીશ્રી વિષ્ણુપ્રકાશજી, બ્રહ્મચારીશ્રી શિવપ્રકાશજી વગેરે હતા.

## સેવા, સહાય અને સંસ્કારનું સંગમ મહાતીર્થ એટલે... મોટા મંદિર

અનાદિવૈદિક શ્રી નિમ્બાર્ક સંપ્રદાયની મુખ્ય નિમ્બાર્કાચાર્ય પીઠ શ્રી અખિલ ભારતીય નિમ્બાર્કાચાર્ય સલેમાબાદ, રાજસ્થાન. આ મહાન વટવૃક્ષની એક ડાળ એટલે શ્રી લીંબડી મોટા મંદિર. વૈષ્ણવના ચાર સંપ્રદાયોમાં શ્રી નિમ્બાર્ક સંપ્રદાય અત્યંત પ્રાચીન અનાદિવૈદિક સત્સંપ્રદાય છે. આ સંપ્રદાયના આદ્યાચાર્ય શ્રી સુદર્શન ચક્રવતાર જગદ્‌ગુરુ શ્રી ભગવાન્નિમ્બાચાર્ય છે. આ મંદિરમાં શ્રી ભગવાન શ્રી ચત્રભુજરાયજી બિરાજમાન છે. જ્યાં શ્રી મહંત મહામંડલેશ્વર લલિતકિશોરશરણજી મહારાજ વિદ્યમાન છે.

## શ્રી મીરાંબાઈ સ્થાપિત ભગવાન શ્રી કેશવરાય દાદાનો ઈતિહાસ :

છોટી કાશી ગણાતા શિયાણી ગામમાં આજથી 458 વર્ષ પહેલા મેવાડથી વૃંદાવન યાત્રા કરી દ્વારકા જતા પ્રેમ દિવાની મીરાબાઈ ચોરામાં સંઘ સાથે રાત રહેલા. ચોરાની સામે જ દરબારગઢમાં લીંબડીના ભાયાત ઠાકોર વખતસિંહજી રાજા રહેતા હતા. તેઓ કોઈ ગાંઠના દર્દથી પીડાતા હતા. રાણીજીથી આ દર્દ સહન ન થતાં મીરાબાઈ પાસે આવી ભગવાન કેશવરાયજીના દર્શન કરી પ્રાર્થના કરી કે, ‘હે દેવાધીદેવ શ્રી કૃષ્ણ મારા પતિનું દર્દ મટાડી દો.’

બીજા દિવસે સવારે અદ્‌ભૂત ચમત્કાર થયો. રાજાની ગાંઠ અદશ્ય થઈ ગઈ. રાજા-રાણી, ગ્રામજનો અને બ્રહ્મણોની આજીજી ભરી વિનંતીથી મીરાબાઈએ પોતે બાળપણથીજ સાથે લઈને પૂજતા હૃદયસમા વ્હાલા શ્રી કેશવરાય ભગવાનને ચોરામાં પોતાના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત કર્યા. ઘુંઘરા બાંધીને નાચતા મીરાબાઈએ મીરા મલ્હાર રાગ ગાઈને ગ્રામજનોના મન મોહી લીધા. ત્યારથી આજદિન સુધી શિયાણી ગામના અબાલ-વૃધ્ધ સહુની શ્રધ્ધાનાં કેન્દ્ર સમા કેશવરાયજીની પૂજા સેવા અવિરત ચાલી રહી છે.

એકવાર આ મૂર્તિ ખંડિત થતા ગર્ભગૃહમાંથી બહાર ખસેડી લેતા ગામમાં દુષ્કાળ વગેરે પડવા લાગ્યા. કોઈ ભકતને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું કે મને મારી મૂળ જગ્યાએ પધરાવો અને એ સ્વપ્નને સત્યમાની મૂર્તિને પાછા ગર્ભગૃહમાં પધરાવતા ગામમાં સુખ-શાંતિનું વાતાવરણ થયું. આવી ચમત્કારીક મૂર્તિની પ્રતિષ્ઠા કરી શ્રી મીરાબાઈ દ્વારકા જઈ ભગવાન શ્રી

રણછોડરાયજીની મૂર્તિમાં કાયમ માટે લીન થઈ ગયા.

શ્રી મીરાબાઈનો જન્મ સંવત 1555 રાજસ્થાનમાં કુડકી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રતનસિંહજી હતું. શ્રી મીરાબાઈનું અંતર્ધ્યાન સંવત 1630 માં દ્વારકામાં થયું હતું.

## શ્રી ફૂલનાથ શિવાલય (મહાદેવ) :

લીંબડીમાં જ્યારે મરાઠાઓનું લશ્કર જમાબંધી ઉઘરાવવા આવતું ત્યારે તે નદીને સામે કાંઠે આવેલા ફૂલનાથના શિવાલયની જગ્યામાં પડાવ નાખતું. આ જગ્યા પેશ્વા અથવા ગાયકવાડના ઉતારા તરીકે ઓળખાતી. તેમાં દાખલ થતાં જમણી તરફ ઘોડાઓ બાંધવાની જગ્યા હતી તથા ડાબી તરફ મેડીબંધ બે ઓરડાઓ હતા, જ્યાં મરાઠી સરદારોનો ઉતારો રહેતો. સામેના ભાગમાં એક ઓસરીએ ચાર ઓરડાઓ હતા, જે જીર્ણ અવસ્થામાં આજે પણ મોજૂદ છે. મંદિરની બહારના ભાગમાં તથા આસપાસની ખુલ્લી વિશાળ જગ્યામાં લશ્કરના માણસો રહી શકે તેવી સગવડ હતી. પાસે જ નદી હોવાને લીધે પૂરતું પાણી મળી શકે તેમ હતું. આ મંદિરની બરાબર સામે લીંબડી ગામ અને દરબારગઢ આવેલાં છે. યુદ્ધના સમયે મરાઠી લશ્કર આ જગ્યાએ લીંબડી ગામ તરફ તોપો ગોઠવીને તોપગોળા છોડતું. એ તોપગોળાને લીધે નદી તરફના કોટનો કેટલોક ભાગ તૂટી પડ્યો હતો અને પછી સમારકામ કરીને સાંધી લીધો હોય તેવી સ્થિતિમાં આજે પણ જોઈ શકાય છે.

જશવંતસિંહજી ઘણા ધાર્મિક પ્રકૃતિના હતા. તેમના સમયમાં કેટલાંક નવાં મંદિરો રચાયાં તેમજ કેટલાંકનો જીર્ણોદ્ધાર થયો. તેમની માતા હરિબાએ 1878 (વિ. સં. 1934)માં હરેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. 39 1884 (વિ. સં. 1940)માં જશવંતસિંહજીના નામ પરથી જશેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું.

જશવંતસિંહજીએ 1892માં દરબારગઢ પાસેના અંકલેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમના રાજ્યકાલ દરમિયાન લીંબડીના એક શ્રીમંત કરૂણાશંકર ગણેશજી રાવળે 1897માં તેમના પિતાની સ્મૃતિમાં ગણેશનાથ મહાદેવનું મંદિર તળાવ કિનારે બંધાવ્યું. આ મંદિરમાં આસનબદ્ધ સ્થિતિમાં માળા ફેરવતા વૃદ્ધ ગણેશજી રાવળની આરસની સુંદર મૂર્તિ છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર :

શિયાણી ગામમાં ઘણા ભક્તો, મુકતો,અને શુરવીરોનો જન્મ થયો છે. કારણ કે શિયાણી બહુ પ્રાચીન ગામ છે, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરણરજથી 18 વખત અંકિત





થયેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે પધારતા ત્યારે શિવરામ ભટ્ટના ઘરે બેસીને થાળ જમતા, જે જગ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણ જમતા હતા ત્યાં હાલમાં પણ છત્રી અને ચરણારવિંદ છે. તે પ્રસાદી ભૂત મુક્ત શિવરામ ભટ્ટના નિવાસ ઉપર જ નરનારાયણ દેશમાં સૌ પ્રથમ મહાનુભાવાનંદે હરી મંદિરનું નિર્માણ કર્યું હતું. પરંતુ ભૂકંપ આવતા મંદિર નષ્ટ થતા મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આવેલ છત્રી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારીએ પધરાવેલ કષ્ટભંજન હનુમાનજી હાલમાં ઘણા ચમત્કારો આપી રહ્યા છે. કહેવાય છે કે સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી અને શિયાણીના કષ્ટભંજન હનુમાનજી પ્રાણપ્રતિષ્ઠા એક જ દિવસે થઇ હતી. હાલમાં પણ શિયાણી ગ્રામજનોને શિયાણીના કષ્ટભંજન હનુમાનજીના દર્શન માત્રથી સાળંગપુર કષ્ટભંજન હનુમાનજીના દર્શનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. વાસુદેવાનંદજીએ 'સત્સંગ ભૂષણ' ગ્રંથની રચના આ જ (ભગવાન શ્રી સ્વામિનારાયણ) મંદિરમાં કરી હતી .

એકવાર મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાન પધારેલ ત્યારે રાજા પિંજારાને આઠ દિવસ સમાધિ કરાવેલ, તે જગ્યા અને ત્યાં ચરણારવિંદ પણ હાલમાં છે. એકવાર મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનએ મેઘા પટેલના ફળિયામાં રાત્રી રોકાણ કરેલ. ત્યારે હરિભક્તોને સભાનું સુખ દેવા માટે ગાડા ઉપર ઢોલીયો બિછાવીને સભા કરેલ, તે ગાડું મૂળી મંદિરમાં હાલ દર્શન આપી રહ્યું છે. 18-18 વખત શિયાણી ગામમાં આવી ભગવાને કથા ગાયેલી, એવી પાવનભૂમિ એટલે શિયાણી.

એક વાર દેશ વિભાગના ભાગ કરતા અયોધ્યાપ્રસાદજી મહારાજ રિસાઈને ઘોડેસવાર થઇ ચાલી નીકળેલા. ત્યારે પાછળ શ્રીજી મહારાજ,બ્રહ્માનંદ સ્વામી તથા કાઠીસવારો શિયાણી ગામે તળાવમાં આચાર્ય ભેળા થઇ જતા સૌએ સમાધાન કરીને દહીં-રોટલા જમ્યા હતા, જે સ્થળ જમ્યા હતા ત્યાં આજે પણ ઓટો અને ચરણારવિંદ છે.

શિયાણીના શિવરામ વિપ્રને રાજાએ (જે વખતે શિયાણી સ્ટેટ હતું) સ્વામિનારાયણ ભગવાન છે કે નહીં, તે ખાતરી કરવા મોકલેલા. શિવરામ વિપ્રએ શ્રીજી મહારાજને પ્રશ્નો પૂછ્યા અને સ્વયં મહારાજે ઉત્તર આપેલ. આ પ્રશ્નો અને તેના ઉત્તરો 'સત્સંગી જીવનમાં સંવાદ' પણ જોવા મળે છે.

એક વાર શિયાણીથી બાર કિ.મી દુર લખતરના દેવળિયા ગામે મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રવાસ કરી રહ્યા હતા. તે વખતે કાઠી સવારોએ ઘોડા દોડાવવાની

હરીફાઈ કરેલ. તેમાં દાદા ખાચર ઘોડા ઉપરથી પડી જતા તેમનો હાથ ભાંગી ગયો હતો, ત્યારે મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમનો હાથ સાજો કરી આપ્યો હતો તે જગ્યા શિયાણી-તાવી વચ્ચે પ્રસાદીનો ઓટો અને ચરણારવિંદ હાલમાં પણ જોવા મળે છે.

એક વાર શિયાણીમાં ભીમા વોરાનું ઘર સળગતા મહારાજ દિવ્યરૂપે આવીને તે ઘર ઓલવ્યુ હતું .આમ શિયાણી ગામમાં મહારાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઘણાં પ્રસાદીના સ્થાનો આવેલા જોવા મળે છે. ધન્ય ધરા શિયાણીની જ્યાં ખુદ ભગવાનના વાસ હતા.

## શ્રી ચરમાળિયા દાદા (ચોકડી) :

ચુડાથી પશ્ચિમ દિશામાં નવ કિલોમીટરના અંતરે ચોકડી ગામ આવેલું છે. આ ગામમાં ચરમાળિદાદાનું સુપ્રસિધ્ધ વિશાળ મંદિર આવેલું છે. જેનો ટૂંકો ઈતિહાસ આ પ્રમાણે છે.

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. જૂનાગઢ જિલ્લાના મેસવાણ ગામથી આશરે બસો વર્ષ પહેલા સંત ફરતા-ફરતા ચોકડી ગામે પધારેલા. ગામની સતિયા તરીકે ઓળખાતી તલાવડીના કાંઠે આસન કરી ધૂણો ધખાવી બેઠા હતા. ગામ લોકોને ખબર પડતા ત્યાં ઝુંપડી બનાવી આપી. પછી ત્યાં રોજ ભજન-સત્સંગ થવા લાગ્યા. ગામ લોકોને સંત ઉપર વિશ્વાસ બેઠો. સમય જતાં સંતને ગામમાં આવેલા રામ મંદિર (ઠાકર દ્વારે) આરતી પૂજા કરવા લઇ ગયા.

બસ પછી સંત રોજ મંદિરમાં આરતી પૂજા કરે છે. રાત્રે ભજન-સત્સંગ કરે. ઘણી વખત મંદિર નીચે આવેલા એક ભોંયરામાં બેસી આખી રાત તપ, ધ્યાન, યોગ કરતા હતા. તેથી તેમને ગામના લોકો ખંઢોરિયો બાવો પણ કહેતા. પણ ખરેખર તેમનું નામ ખીમદાસ બાપુ હતું.

સમય જતા તેમનું ભજન તપ પૂર્ણ થતા એક દિવસ ગામ લોકોને મનની વાત કરી કે હવે મારે આ સંસારમાં રહેવું નથી ? અને મંદિરના આંગણામાં જીવંત સમાધિ લેવી છે. ગામ લોકોએ સંતને ઘણા સમજાવ્યા પણ આતો સંત કહેવાય. છેવટે ગામલોકોએ હા ભણી.

વિક્રમ સંવત 1902 અષાઢ સુદ બીજના દિવસે ચોકડી ગામે સમાધિ લીધી. પણ... સમાધિ વખતે થોડા તર્ક-વિર્તક થતા સંતને ક્રોધ ચડયો. અને કહ્યું કે અમૂક વર્ષો પછી હું ચરમાળિયા (નાગના સ્વરૂપે) અવતાર લઈશ. સમય જતા પચ્ચીસ વર્ષે વિક્રમ સંવત 1927 ચૈત્ર સુદી પૂનમના દિવસે ચોકડી ગામમાં નાગ સ્વરૂપે પ્રગટ થયા.

આ સમાચાર ચુડાના રાજવી બેચરસિંહ ઝાલા (ઠાકોર સાહેબ) ને મળતા પોતાના ખર્ચે





ચોકડી ગામમાં વિશાળ મંદિરનું બાંધકામ કરાવી આપ્યું. અને કહ્યું કે, 'અમારા વંશજો રહેશે ત્યાં સુધી નાગપાંચમના દિવસે પ્રથમ અમારી ધજા ચડાશે.

હાલ આ કપરા કળિયુગમાં પણ દર વર્ષે શ્રાવણ વદ નાગપાંચમના દિવસે આખું ગામ અગતો (રજા) પાળી મંદિરમાં હાજરી આપે છે અને યાત્રાળુઓની સેવા કરે છે. ગામમાં મોટો મેળો ભરાય છે. ગામ તથા બહારગામના હજારો શ્રધ્ધાળુઓ નાળિયેર, દૂધ, સુખડી, ઘી અને તલવટનો પ્રસાદ લાવી પોતાની માનતી અને બાધાઓ પૂર્ણ કરે છે. આખો દિવસ મંદિરમાં ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ દિવસે વિનામૂલ્યે ભોજન (પ્રસાદ) ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

સાંજના સમયે નાગદેવતાની પાલખી આખા ગામમાં ફરે છે. ઘેર-ઘેર પ્રસાદ વહેંચવામાં આવે છે. ઢોલ-તબલાના તાલમાં લણિયા ગાતા ગાતા ભાવ વિભોર બની જાય છે. પાલખી પાછી આવી ગયા બાદ મંદિરના પરિસરમાં રાસ-ગરબા અને હુડો ગામના સ્ત્રી-પુરૂષો ભેગા મળી ગાય છે અને ઢોલના તાલે રમઝટ બોલવે છે. રાત્રે સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. નામી-અનામી ભજનિકો કલાકારો હાજરી આપે છે. આમ ચરમાળિયા દાદાનું મંદિર શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

## શ્રી ખેતલિયાદાદાનો મેળો (વેજળકા)

ચુડા તાલુકાનાં વેજળકા ગામમાં ખેતલિયાદાદાનો ભાદરવી સુદ પાંચમ, છઠ, સાતમના રોજ મેળો ભરાય છે. ખેતલિયાદાદા એટલે નાગનું સ્વરૂપ... જેને ચરમાળિયા દાદાના સ્વરૂપે પણ ઓળખવામાં આવે છે. ભાદરવી પાંચમના રોજ ગ્રામજનો તથા ભુવાશ્રી કાળી ચાદર લઈને નિશાન મળેલ જગ્યાએ જાય છે. ત્યાં એ ચાદર પાથરીને ખેતલિયાદાદાને ગામમાં પધારવા આમંત્રણ આપવામાં આવે છે. ખેતલિયાદાદાએ પાથરેલી ચાદરમાં આવી જાય છે અને ધામધૂમથી તેમને ગામના ચોરે મંદિરમાં લાવવામાં આવે છે.

લોકવાયકા મુજબ ગામના રક્ષણ માટે ભાદરવી પાંચમના દિવસે ખેતલિયાદાદા વેજળકા ગામમાં આવે છે. તેથી ત્યાં મેળો ભરાય છે. આખા ગામને પ્રસાદીમાં સુખડી અને ગાંઠિયા આપવામાં આવે છે. કહેવાય છે કે આ ખેતલિયાદાદા કડુકા ગામથી અહીં પધારે છે. આથી ખેતલિયાદાદાનો મેળો અનેરૂં મહત્વ ધરાવે

# વિદેશી ધરતી પર આઝાદીનો સિંહનાદ કરનાર અમર ક્રાંતિવીર સરદારસિંહ રાણા



માતૃભૂમિની આઝાદી માટે માત્ર ભારતની ભૌગોલિક સીમાઓની અંદર જ નહીં, પણ હજારો માઇલ દૂર વિદેશી ધરતી પર રહીને પણ કેટલાક વીરોએ બ્રિટિશ સામ્રાજ્યવાદના પાયા હચમચાવી નાખ્યા હતા. જ્યારે વિદેશમાં રહીને લડત ચલાવવાની વાત આવે ત્યારે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના પનોતા પુત્ર સરદારસિંહ રાવજીભાઈ રાણાનું નામ આઝાદીના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે ચમકી ઊઠે છે. તેમણે યુરોપની ધરતીને ક્રાંતિનું સશક્ત કેન્દ્ર બનાવીને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામને વૈચારિક, આર્થિક અને વ્યૂહાત્મક પીઠબળ પૂરું પાડ્યું હતું.

સરદારસિંહ રાણાનો જન્મ 10 એપ્રિલ, 1870ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના (તત્કાલીન લીંબડી રાજ્ય) કંથારિયા ગામે એક સમૃદ્ધ અને ખુમારી ધરાવતા રાજપૂત પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમનામાં તેજસ્વી બુદ્ધિમત્તા, અડગ સ્વાભિમાન અને રાષ્ટ્રપ્રેમના સંસ્કાર વણાયેલા હતા. તેમણે માધ્યમિક શિક્ષણ રાજકોટની પ્રખ્યાત આલ્બર્ટ હાઈસ્કૂલમાંથી પ્રાપ્ત કર્યું. અહીં તેમને પોતાનાથી વયમાં વરિષ્ઠ એવા મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી)નો પ્રથમ પરિચય અને સંગાથ સાંપડ્યો હતો. ત્યારબાદ તેમણે ઉચ્ચ અભ્યાસ અર્થે મુંબઈની પ્રખ્યાત એલ્ફિન્સ્ટન કોલેજ અને પુણેની ફર્ગ્યુસન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. વર્ષ 1895માં માં યોજાયેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશન દરમિયાન તેઓ લોકમાન્ય બાલ ગંગાધર ટિળકના સંપર્કમાં આવ્યા. ટિળકજીના ઉગ્ર રાષ્ટ્રવાદી વિચારો અને દેશભક્તિની જ્યોતે રાણાજીના મનમાં સ્વતંત્રતા માટે કંઈક કરી છૂટવાની તમન્ના જગાવી.

કાયદાના ઉચ્ચ અભ્યાસ માટે સરદારસિંહ રાણા લંડન ગયા. લંડનની ધરતી પર તેમનો મિલાપ ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા શ્યામજી કૃષ્ણ વર્મા અને મેડમ ભીખાજી કામા સાથે થયો. આ ત્રિપુટીના સંગાથે તેમના જીવનની દિશા જ બદલી નાખી. લંડનમાં ભારતીય યુવાનોને સંગઠિત કરવા અને રાષ્ટ્રીય ચેતનાનો પ્રસાર કરવા માટે સ્થાપવામાં આવેલા 'ઇન્ડિયા હાઉસ'ના નિર્માણ તથા તેની પ્રવૃત્તિઓમાં રાણાજીનું યોગદાન પાયાનું રહ્યું.

સરદારસિંહ રાણા માનતા હતા કે, ભારતના તેજસ્વી યુવાનો જો વિદેશમાં આવીને શિક્ષણ





મેળવે તો તેઓ આઝાદીની લડતને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવી શકે. આ ઉમદા હેતુથી તેમણે પોતાના ખર્ચે દર વર્ષે ત્રણથી પાંચ ભારતીય વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આશરે 2,000 પાઉન્ડની મૂલ્યવાન શિષ્યવૃત્તિઓ શરૂ કરી. આ શિષ્યવૃત્તિઓના બળે જ વીર સાવરકર અને સેનાપતિ બાપટ જેવા પ્રખર ક્રાંતિકારીઓ લંડન આવી શક્યા અને ઉચ્ચ અભ્યાસની સાથે સશસ્ત્ર ક્રાંતિનો પાયો મજબૂત કરી શક્યા. 1857ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની સુવર્ણ જયંતી ઉજવણી વખતે લંડન સ્થિત ઇન્ડિયા હાઉસ ખાતે યોજાયેલા ઐતિહાસિક કાર્યક્રમનું અધ્યક્ષપદ પણ સરદારસિંહ રાણાએ જ શોભાવ્યું હતું.

બ્રિટિશ હકુમતની દમનકારી નીતિઓ અને સતત નજરને કારણે સરદારસિંહ રાણા ફ્રાન્સના પેરિસ ખાતે સ્થાયી થયા. ફ્રેંચ ભાષા પર તેમનું અદ્‌ભૂત પ્રભુત્વ હોવાથી તેઓ શરૂઆતમાં દુભાષિયા તરીકે કામ કરવા લાગ્યા અને ટૂંક સમયમાં જ પોતાની કોઠાસૂઝથી હીરાના વ્યવસાયમાં સફળતા મેળવી પેરિસના અગ્રણી વેપારી બન્યા.

હીરાના વેપારમાંથી મળેલી બહોળી આવકનો મોટો હિસ્સો તેમણે અંગત ભોગવિલાસમાં વાપરવાને બદલે ભારતીય ક્રાંતિકારીઓને આર્થિક સહાય પૂરી પાડવામાં, ગુપ્ત શસ્ત્રોની સરભરા કરવામાં અને રાષ્ટ્રવાદી સાહિત્યના પ્રકાશનમાં ખર્ચી નાખ્યો. પેરિસ ટૂંક સમયમાં જ ભારતીય આઝાદીની લડતનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બની ગયું.

મેડમ ભીખાજી કામા અને સરદારસિંહ રાણાની જોડીએ પેરિસથી બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે આક્રમક ઝુંબેશ ચલાવી. વર્ષ 1907માં જર્મનીના સ્ટુટગાર્ટ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સોશિયાલિસ્ટ પરિષદ'માં જ્યારે મેડમ કામાએ ભારતનો પ્રથમ ત્રિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો, ત્યારે સરદારસિંહ રાણા તેમની સાથે અગ્રણી સહયોગી તરીકે મંચ પર ઉપસ્થિત હતા. આ ઘટનાએ વિશ્વ સમક્ષ ભારતની આઝાદીની માંગને અનન્ય ઓળખ અપાવી.

બ્રિટિશ સરકાર માટે સરદારસિંહ રાણા એક મોટો પડકાર બની ગયા હતા. તેમની સક્રિય ક્રાંતિકારી પ્રવૃત્તિઓથી ગભરાઈને બ્રિટિશ સરકારે ભારતમાં આવેલી તેમની તમામ જમીન-મિલકતો જપ્ત કરી લીધી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોના ભારે દબાણને વશ થઈને ફ્રેન્ચ સરકારે તેમની પરપકડ કરી અને કેરેબિયન ટાપુઓ પર દેશનિકાલ કરી દીધા. કઠોર યાતનાઓ અને દેશવટો ભોગવવા છતાં માતૃભૂમિ પ્રત્યેનો તેમનો અડગ રાષ્ટ્રપ્રેમ જરાય ડગ્યો નહીં.

દ્વિતીય વિશ્વયુદ્ધના ગાળામાં જ્યારે નેતાજી સુભાષચંદ્ર બોઝે બ્રિટિશરોની નજરકેદમાંથી છટકવાનો સાહસિક પ્લાન બનાવ્યો, ત્યારે સરદારસિંહ રાણાએ વિદેશની ધરતી પરથી અપ્રતિમ વ્યૂહાત્મક સહયોગ આપ્યો હતો. તેમણે પોતાની દ્વિતીય પત્નીના સાથથી નેતાજી માટે જર્મનીના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો ગોઠવવામાં, 'આઝાદ હિંદ રેડિયો'ના પ્રસારણની વ્યવસ્થા કરવામાં તથા આઝાદ હિંદ ફોજને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી અને નાણાકીય બળ પૂરૂં

પાડવામાં અત્યંત નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. દિર્ઘકાલીન સંઘર્ષ અને જીવનનો મોટો ભાગ વિદેશમાં વિતાવ્યા બાદ, 15 ઓગસ્ટ 1947ના રોજ જ્યારે ભારત આઝાદ થયું, ત્યારે આ વીર યોદ્ધો પોતાની માતૃભૂમિ પર પરત ફર્યો. ભારતમાં તેમનું ભવ્ય અને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. તેમણે પોતાના જીવનથી સાબિત કરી બતાવ્યું કે દેશપ્રેમ ભૌગોલિક સીમાઓથી પર હોય છે.

આજે જ્યારે ભારત વિકસિત ભારત @ 2047ના સ્વપ્ન સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે સુરેન્દ્રનગરના આ અમર ક્રાંતિવીર સરદારસિંહ રાવજીભાઈ રાણાનું જીવન યુવા પેઢી માટે રાષ્ટ્રપ્રેમ, સમર્પણ, કર્તવ્યનિષ્ઠા અને સ્વાભિમાનનો અમર પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

## મીઠો ઢાઢી

હરભમજીના સમયમાં મીઠો ઢાઢી નામનો પ્રસિદ્ધ કવિ થઈ ગયો. મુસ્લિમ હોવા છતાં કૃષ્ણભક્ત હતો. કૃષ્ણભક્તિનાં તેનાં પદો પ્રસિદ્ધ છે. તેનો જન્મ લીંબડીમાં ઈ. સ. 1794થી 1804ના સમયગાળા દરમિયાન થયો હતો. તેના પિતાનું નામ સાહેબા હતું.

મીઠો અભણ હતો. છતાં કૃષ્ણની અનન્ય ભક્તિને કારણે તેને કાવ્યો સ્ફુરતાં. લીંબડીમાં મોટા મંદિર (ચતુર્ભુજજીના મંદિર)ની પાછળના ભાગમાં મીઠાનું ઘર હતું. તેને ખીમદાસ નામનો પુત્ર અને એક પુત્રી હતી. પુત્રીને રાજસીતાપુર ગામ (તા. ધ્રાંગધ્રા) પરણાવી હતી. લીંબડીના ઠાકોર હરભમજી 2જાએ મીઠાને પોતાની પ્રશંસા કરતાં ગીતો રચવા સૂચવ્યું. પરંતુ મીઠાએ તેનો નમ્રતાપૂર્વક ઈન્કાર કર્યો હતો. તે લીંબડીમાં તેમજ આસપાસનાં ગામોમાં ભજન-કીર્તન કરવા જતો અને લોકોને ભક્તિરસની લ્હાણી કરતો. તેનાં પદો સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ છે. હરભમજી સામે જે ઉગ્ર વિરોધ હતો તેને કારણે પણ કદાચ મીઠાએ એમની પ્રશસ્તિનાં કાવ્યો ન રચ્યાં હોય એમ બને.

હરભમજી 2જા ઉર્ફે દાજીરાજજીના સમયમાં ઈ. સ. 1845ના વૈશાખ માસમાં કવિ દલપતરામ ડાહ્યાભાઈ વઢવાણથી ચાલીને લીંબડી આવ્યા ત્યારે એમણે બાપાની પીપરમાં વિશ્રામ કરીને એ શીર્ષકવાળું કાવ્ય રચ્યું હતું જેને ગુજરાતી ભાષાનું પ્રથમ અર્વાચીન કાવ્ય ગણવામાં આવે છે.

- **અવસાન :**

હરભમજીનું અવસાન 1856માં (વિ. સં. 1912ના પોષ સુદ 1ને દિવસે) થયું હતું. લીંબડીમાં તળાવ કિનારે બળેવીઆ કોઠા પાસે આવેલ રાજ્યના સ્મશાનગૃહમાં એમની દેરી છે. તેઓ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ ડેલ્હાઉઝીના સમકાલીન હતા.





## ◆ શંભુદાન ગઢવી 'દેવાનંદ સ્વામી'



**પ્રાકટ્ય :** ૧૮૦૩
**અક્ષરનિવાસી :** ૨૫ માર્ચ, ૧૮૫૪
**જન્મ સ્થળ :** બળોલ તા.લીંબડી (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

સ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટ સંતકવિઓમાંના એક દેવાનંદ સ્વામી (૧૮૦૩-૧૮૫૪) નો જન્મ બળોલ (જિ. સુરેન્દ્રનગર) ખાતે થયો હતો. પૂર્વાશ્રમમાં 'દેવીદાન ગઢવી' તરીકે ઓળખાતા. આ કવિએ ભગવાન સ્વામિનારાયણ પાસેથી દીક્ષા મેળવી હતી. તેમણે બ્રહ્માનંદ સ્વામી પાસે કાવ્યશાસ્ત્ર અને પિંગળનું શિક્ષણ મેળવ્યું હતું અને જીવનપર્યંત મૂળી મંદિરના મહંત તરીકે સેવા આપી હતી.

**સાહિત્ય સર્જન અને મુખ્ય કૃતિઓ :**

દેવાનંદ સ્વામીએ ગુજરાતી, વ્રજ અને રાજસ્થાની ભાષામાં આશરે ૧,૨૦૦ જેટલા પદોની રચના કરી છે. તેમના સર્જનમાં મુખ્યત્વે વૈરાગ્યબોધ અને ભક્તિનો પ્રવાહ વહે છે.

**લોકપ્રિય પદો :**

'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી', 'તારા માથે નગારાં વાગે મોતનાં રે', અને 'કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે'. તેમના પદોમાં ભોજાભગતના ચાબખા જેવી વેધકતા અને સચોટ ઉપાલંભ જોવા મળે છે, જે સંપ્રદાયની બહાર પણ ખૂબ ખ્યાતિ પામ્યા છે.

**સન્માન અને વિશેષતા :**

તેઓ માત્ર કવિ જ નહીં, પણ વિવિધ રાગિણીઓના કુશળ ગાયક અને સિતાર વાદક પણ હતા. તેમનું સૌથી મોટું સન્માન એ છે કે તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પિતામહ કવીશ્વર દલપતરામના કાવ્યગુરૂ હતા. તેમણે દલપતરામને 'છંદશૃંગાર' અને 'ભાષાભૂષણ' જેવા ગ્રંથો દ્વારા પિંગળ અને અલંકારશાસ્ત્રનું ઊંડું જ્ઞાન આપ્યું હતું. મધ્યકાલીન સાહિત્યને સમૃદ્ધ કરવામાં તેમનું પ્રદાન અતુલનીય છે.

## ◆ શ્રીમન્ નથુરામ શર્મા



પ્રાકટ્ય : વિક્રમ સંવત ૧૯૧૪ ના આશ્વિન સુદી-૪

સ્વરૂપાવસ્થાન : વિક્રમ સંવત ૧૯૮૭ ના આશ્વિન વદી-૧૧

જન્મ સ્થળ : મોજીદડ તા. ચુડા (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

શ્રીમન્ નથુરામ શર્મા સૌરાષ્ટ્રના એક મહાન સંત, પ્રખર ચિંતક અને સનાતન ધર્મના પ્રખર સંરક્ષક હતા. ૧૮૫૮માં મોજીદડ ખાતે જન્મેલા નાથજીએ પ્રારંભિક જીવનમાં શિક્ષક તરીકે સેવા આપી હતી. આ સમય દરમિયાન પણ તેઓ લોકોને આધ્યાત્મિક ચર્ચાઓ દ્વારા જ્ઞાન પીરસતા. સંસાર ત્યાગીને હિમાલયમાં અષ્ટાંગ યોગની કઠોર સાધના કર્યા બાદ તેઓ 'નાથ ભગવાન' તરીકે સુપ્રસિદ્ધ થયા.

**સંસ્થાગત અને શૈક્ષણિક પ્રદાન :**

તેમણે જૂનાગઢ પાસેના બીલખામાં 'આનંદાશ્રમ'ની સ્થાપના કરી, જે શાસ્ત્રોના પઠન-પાઠન અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. ધર્મપ્રચાર માટે તેમણે કરાંચી, અમદાવાદ અને પોરબંદર જેવા અનેક શહેરોમાં આશ્રમો સ્થાપ્યા. સનાતન ધર્મના ઉપદેશકો તૈયાર કરવા માટે તેમણે બીલખામાં 'શ્રી દક્ષિણામૂર્તિ સનાતન ધર્મવિદ્યાલય' અને સંસ્કૃત પાઠશાળાનું નિર્માણ કર્યું.

**સાહિત્ય અને પ્રભાવ :**

તેમણે ભક્તિ, જ્ઞાન અને યોગ વિષયક ૧૧૭ જેટલા ગ્રંથોની રચના કરી છે. જેમાં 'વેદાંતદર્શન', 'પાતંજલ યોગદર્શન' અને 'સદુપદેશ દિવાકર' જેવા ગ્રંથો મુખ્ય છે. તેમનો પ્રભાવ માત્ર સામાન્ય જનતા પર જ નહીં, પરંતુ ગુજરાતના દિગ્ગજ સાહિત્યકારો અને કેળવણીકારો જેવા કે ધૂમકેતુ, નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા પર પણ ઊંડો હતો. ભાવનગરની પ્રસિદ્ધ 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની સ્થાપના નાનાભાઈ ભટ્ટે તેમની જ પ્રેરણાથી કરી હતી.

૧૯૪૧માં નિર્વાણ પામેલા નાથજીએ પોતાના શિષ્યો અને ગ્રંથો દ્વારા સનાતન ધર્મની જ્યોત ભારતમાં જ નહીં પણ વિદેશોમાં પણ પ્રજ્વલિત રાખી છે.





## ◆ રાજકવિ શંકરદાન દેથા



જન્મ : ૧૮૯૨ ● સ્વર્ગવાસ : ૧૯૭૨

જન્મ સ્થળ : વસ્તડી તા. ચુડા (સુરેન્દ્રનગર)

પૂરું નામ : શંકરદાન જેઠીભાઈ દેથા

ઉપનામ : કવિરાજ, શંકર, લીંબડીના રાજકવિ

**પરિચય :**

લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનાં ક્ષેત્રમાં શંકરદાન દેથા એક અત્યંત આદરણીય નામ છે. તેઓ લીંબડી રાજ્યના રાજકવિ તરીકે જાણીતા હતા.

શંકરદાન દેથા મધ્યયુગીન ચારણી પરંપરાના આધુનિક સમયના સમર્થ કવિ હતા. તેમના વ્યક્તિત્વમાં નિર્ભયતા, ઉદારતા અને સત્યવક્તા જેવા ગુણો વણાયેલા હતા. તેમણે તેમના જીવનના આઠ દાયકા દરમિયાન સાહિત્ય દ્વારા સમાજને દિશા આપવાનું કાર્ય કર્યું. તેઓ ખાસ કરીને તેમના 'શંકરાના દુહા' માટે અત્યંત લોકપ્રિય છે, જેમાં તેમણે જીવનની ફિલોસોફી અને નીતિની વાતો ખૂબ જ સરળ પણ ચોટદાર રીતે રજૂ કરી છે.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**

તેમણે અનેક આધ્યાત્મિક અને વીરરસની કૃતિઓનું સર્જન તથા સંપાદન કર્યું છે.

- ✦ શંકરાના દુહા : (જીવન દર્શન અને નીતિ પર આધારિત પ્રખ્યાત દુહા)
- ✦ કિશન બાવની : ભગવાન કૃષ્ણની સ્તુતિ કરતી રચના
- ✦ શામળા સ્મરણ માળા : કૃષ્ણ ભક્તિના દુહા અને છંદ
- ✦ પ્રેમ પુકાર : ભક્તિરસની રચના
- ✦ પાંડવ યશેન્દુ ચંદ્રિકા : પૌરાણિક વિષય પર આધારિત
- ✦ દેવિયાણ : માતાજીની સ્તુતિ (ભક્તિ સાહિત્ય)
- ✦ પ્રભાનાથ ને કાવ્ય કુસુમાંજલિ : તેમની અન્ય જાણીતી કૃતિ
- ✦ સુખાચા સંજીવની : દુર્સાજી આઢાની કૃતિનું સંપાદન

**એવોર્ડ અને સન્માન :**

- ✦ તેમણે લાંબો સમય લીંબડી દરબારમાં રાજકવિ તરીકે સેવા આપી હતી, જે એ સમયનું ખૂબ મોટું ગૌરવ ગણાતું.
- ✦ ચારણી સાહિત્યના સંવર્ધન માટે તેમને વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ✦ તેમના દુહાઓ આજે પણ લોકસાહિત્યના ડાયરાઓમાં પૂજ્ય મોરારીબાપુ અને અન્ય કલાકારો દ્વારા ખૂબ જ આદર સાથે ગવાય છે.

## ◆ સ્વામી આનંદ



**જન્મ : ૮ સપ્ટેમ્બર, ૧૮૮૭● સ્વર્ગવાસ : ૨૫ જાન્યુઆરી, ૧૯૭૬**

**જન્મ સ્થળ : શિયાણી તા. લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

પૂર્વાશ્રમનું નામ : હિંમતલાલ રામચન્દ્ર દવે (દૂધરેજીયા/ દ્વિવેદી)

ઉપનામ/દીક્ષા નામ : સ્વામી આનંદ

(તેઓ 'સ્વામી દાદા' તરીકે પણ ઓળખાતા)

**પરિચય :**

સ્વામી આનંદ એક અનોખા સાધુ, સ્વાતંત્ર્યસેનાની અને ઉચ્ચ કોટિના સાહિત્યકાર હતા. લગ્નના વિરોધમાં ૧૦ વર્ષની નાની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને રામકૃષ્ણ મિશનમાં જોડાઈ સંન્યાસ લીધો.

**ગાંધીજી સાથેનો સંબંધ :**

તેઓ ગાંધીજીના નિકટના સાથી હતા. ગાંધીજીના 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' સાપ્તાહિકોના મુદ્રક અને પ્રકાશક તરીકે તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગાંધીજીને તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' લખવા માટે પ્રેરણા પૂરી પાડવામાં સ્વામી આનંદનો મોટો ફાળો હતો. તેમણે બારડોલી સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલના અંગત મદદનીશ તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત તેમણે આદિવાસી અને પછાત વર્ગના લોકો માટે રચનાત્મક કાર્યો કર્યા હતા.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**

તેમના સાહિત્યમાં લોકબોલીના તળપદા શબ્દો અને પાત્રાલેખનની સચોટતા જોવા મળે છે:

✦ ચરિત્રકથાઓ : કુળકથાઓ, ધરતીનું લૂણ, સંતોના અનુજ, નઘરોળ, મોતને હંફાવનારા

✦ પ્રવાસ અને અન્ય : બરફ રસ્તે બદરીનાથ, ઉત્તરાપથની યાત્રા, ઈશુનું બલિદાન, ધરતીની આરતી

✦ સંસ્મરણો : ગાંધીજીના સંસ્મરણો

**એવોર્ડ અને સન્માન :**

સાહિત્ય અકાદમી પુરસ્કાર (દિલ્હી) : વર્ષ ૧૯૬૯માં તેમના પુસ્તક 'ધરતીનું લૂણ' માટે આ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, સાધુજીવનની અલિખિત આચારસંહિતા અને અલિપ્તતાના કારણે તેમણે આ પુરસ્કાર સ્વીકાર્યો ન હતો.





## ◆ દિનકરરાય કેશવલાલ ભટ્ટ 'મીનપિયાસી'



**જન્મ : ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૦ ● સ્વર્ગવાસ : ૨૦૦૦**

**જન્મ સ્થળ : જેતપુર કર્મભૂમિ : ચુડા તખલ્લુસ : મીન પિયાસી**

**પરિચય :**

કવિ મીનપિયાસી પક્ષીવિદ્, ખગોળવિદ્, અને થિયોસોફિસ્ટ હતા સાથે સાથે પ્રકૃતિપ્રેમી તો ખરા જ. કવિ મુંબઈની ન્યુ ભરાડા હાઈસ્કૂલમાંથી ઈ.સ. ૧૯૨૯ માં મેટ્રિક પાસ થયા. નેશનલ મેડિકલ કોલેજમાંથી ઈન્ટર એલ.સી.પી.એસ. થયા. કવિ મીનપિયાસી ઝંડુ ભટ્ટના સગા ભત્રીજા થાય છે. તેમને વૈદકીય વ્યવસાય વારસામાં મળ્યો. તેઓ વ્યવસાયે વૈદ્ય હતા.

**કાવ્યવિશ્વ :**

સાહિત્યક્ષેત્રે એમનું પ્રદાન નોંધપાત્ર છે. ગાંધીયુગના આ સર્જક પોતાના કાવ્યોમાં સ્થળનું અનોખું સૌંદર્યદર્શન રજૂ કરે છે. તેમ છતાં એમની સમજ તથા દ્રષ્ટિ કોઈ પ્રાદેશિકતામાં બંધાઈને નથી રહી. માનવતા, વિરહ, પ્રેમ, પ્રકૃતિ વિષયક એમના કાવ્યો આજે પણ આપણને કવિ તરફ ખેંચી જાય છે. 'કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ...કોયલ કુજે કૂ કૂ કૂ' એમની પ્રસિદ્ધ કાવ્યરચના છે. લાભશંકર રાવળ એમને 'ધૂળના ગૌરવ'નો કવિ કહીને નવાજે છે. મીનપિયાસીની કવિતા એમના હૈયા જેવી નિખાલસ અને સરળ છે.

**પ્રસિદ્ધ સાહિત્યકૃતિઓ :**

કાવ્યસંગ્રહો :

✦ વર્ષાજલ (૧૯૬૬), ગુલછડી અને જુઈ (૧૯૮૬),
ઝૂલ ઝાલાવાડ ઝૂલ (૨૦૧૬ સંપૂર્ણ સર્જન)

અન્ય ગ્રંથો :

✦ ખગોળની ખૂબીઓ (ખગોળવિષયક) પંખીમેળો (૧૯૯૨) - પક્ષીવિષયક

✦ નળ સરોવરના પંખી - પક્ષીવિષયક અભ્યાસ

✦ મરણ તો નથી જ (૧૯૯૭) - આધ્યાત્મિક/ચિંતનાત્મક લેખ

✦ અથ થી ઇતિ - તત્વચિંતનાત્મક લેખ

**પારિતોષિકો :**

કવિ મીનપિયાસી મુખ્યત્વે પ્રકૃતિપ્રેમી અને ખગોળ-પક્ષીવિદ્યાના અભ્યાસકર્તા તરીકે જાણીતા હતા. ઉપલબ્ધ સાહિત્યિક નોંધો મુજબ તેમને કોઈ વિશેષ રાજ્યસ્તરીય અથવા રાષ્ટ્રીય પારિતોષિક મળ્યાની સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. તેમ છતાં તેમના કાવ્ય અને વૈજ્ઞાનિક અભ્યાસને સ્થાનિક અને સાહિત્યિક વર્તુળોમાં માન્યતા પ્રાપ્ત હતી.

૨૦૧૬માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમનું સમગ્ર સર્જન 'ઝૂલ ઝાલાવાડ ઝૂલ' પુસ્તકરૂપે પ્રકાશિત થવું એ તેમના માટે સાહિત્યિક સન્માન સમાન માનવામાં આવે છે.

## ◆ કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા



**જન્મ : ૧૧ જાન્યુઆરી, ૧૯૨૭● સ્વર્ગવાસ : ૩૦ એપ્રિલ, ૨૦૨૦**

**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર) તખ્ખલુસ : સ્નેહધન**

**પરિચય :**

પ્રાથમિક-માધ્યમિક કક્ષાનું શિક્ષણ ગોધરામાં. ૧૯૪૮માં ભાવનગરમાંથી બી.એ. થયા. મુખ્ય વિષયો રાજકારણ અને ઇતિહાસ. મુંબઈ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ.એ.

- ✦ વ્યવસાય : નવલકથાકાર, વાર્તા લેખક, નિબંધકાર 'યાત્રિક' (૧૯૫૫ થી ૧૯૫૭ સુધી) અને 'નવનીત' (૧૯૬૨ થી ૧૯૮૦) નાં સંપાદક
- ✦ તેમણે તેમના પતિ મકરંદ દવે સાથે વલસાડ પાસે આવેલા વાંકલ ગામે નંદીગ્રામ નામનો આશ્રમ સ્થાપ્યો હતો.
- ✦ ફિલસૂફી, સંગીત અને પ્રકૃતિ જેવા વિષયોને વિશેષ રીતે પ્રયોજતી એમની વાર્તાઓ રહસ્યમય હોય છે. સ્ત્રી અને પુરૂષો વચ્ચેના સંબંધોની સંકુલ અને નાજુક સમસ્યાઓના સંદર્ભે નારીજીવનની વ્યથાને નિરૂપતી નવલકથા, કેટલીક સત્ય ઘટનાઓ અને મુખ્યત્વે સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથાનું આલેખન એ એમની આગવી ઓળખ ઊભી કરે છે. આધુનિક નારીના વિદ્રોહની કંઈક અંશે દસ્તાવેજી કથા પણ તેઓએ આલેખી છે. તેમના સર્જનમાં પાત્રોનાં મનોવિશ્લેષણો અને મનોમંથનો કથાઓને રસપ્રદ બનાવે છે.

**પ્રકાશિત પુસ્તકો અને કૃતિઓ :**

નવલિકા : પ્રેમનાં આંસુ, વધુ ને વધુ સુંદર, જવા દઈશું તમને, કાગળની હોડી, મનુષ્ય થવું

નવલકથા : પરોઢ થતાં પહેલા, અગનપિપાસા, સાત પગલાં આકાશમાં

નિબંધ : દ્વાર અને દીવાલ, ચંદ્ર તારા વૃક્ષ વાદળ પ્રાર્થના : પરમ સમીપે

અનુવાદ : પુરૂષાર્થને પગલે, કિશોર ડિટેક્ટીવ, વસંત આવશે, પૂર્ણ કુંભ, જીવન એક ખેલ, હિમાલયના સિદ્ધયોગી

'સાત પગલાં આકાશમાં' અને 'પરમ સમીપે' તેમના બહુ જ વખણાયેલાં અને વંચાયેલાં સર્જનો છે.

**પુરસ્કારો /સન્માનો :**

- ✦ એમની પ્રથમ રચના 'પ્રેમનાં આંસુ' વાર્તા છે. જન્મભૂમિ પત્રએ યોજેલી આંતરરાષ્ટ્રીય વાર્તા સ્પર્ધામાં આ વાર્તા પુરસ્કૃત થયેલી.
- ✦ ૧૯૮૪માં તેમને 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક' મળ્યો હતો.
- ✦ ૧૯૮૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને તેમની નવલકથા 'સાત પગલાં આકાશમાં' માટે મળ્યો.
- ✦ તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સંખ્યાબંધ પુરસ્કારો પ્રાપ્ત થયા હતા.





## હરસુરભા રામભા રાબા



સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના બોરાણા ગામના વતની અને ગુજરાતના અત્યંત લોકપ્રિય લોકસાહિત્યકાર હરસુર ગઢવી (હરસુરભાઈ ગઢવી) વિશેની ઉપલબ્ધ તમામ ઐતિહાસિક અને જીવન વિષયક માહિતી નીચે મુજબ છે:

### 1. મૂળ સ્થાન, જન્મ અને વતન :

મૂળ વતન : બોરાણા ગામ, તાલુકો લીંબડી, જિલ્લો સુરેન્દ્રનગર (ઝાલાવાડ પ્રદેશ).

કૌટુંબિક/ચારણી પૃષ્ઠભૂમિ : ઝાલાવાડની ઐતિહાસિક અને પવિત્ર ચારણી ભૂમિ બોરાણામાં તેમનો જન્મ થયો હતો. પાછળથી તેઓ રાજકોટ ખાતે સ્થાયી થયા હતા.

નિધન : 20 એપ્રિલ 2012 (ગુરૂવારે મોડી રાત્રે) 65 વર્ષની વયે લિવરની બીમારીના કારણે રાજકોટ ખાતે તેમનું અવસાન થયું હતું.

**2. સાહિત્યિક સફર અને વિશેષતાઓ :** તેમણે માત્ર 18 વર્ષની નાની ઉંમરે લોકસાહિત્યકાર અને ડાયરાના કલાકાર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી દીધી હતી અને ખૂબ ટૂંકા સમયમાં દેશ-વિદેશમાં નામના મેળવી હતી. ગુજરાત અને ભારત ઉપરાંત તેમણે અમેરિકા, યુરોપ અને આફ્રિકાના વિવિધ શોમાં લોકસાહિત્ય અને ચારણી સંસ્કૃતિના કાર્યક્રમો આપ્યા હતા. તેઓ માત્ર ચારણી છંદ અને વીરરસ જ નહીં, પણ તર્કસંગત હાસ્ય (Hasya Samrat/Loksahityakar) માટે પણ જાણીતા હતા. લોકજીવનના મર્મ, સમાજ સુધારણા અને વિનોદી શૈલીમાં ઊંડો ઉપદેશ આપવો એ તેમની ખાસિયત હતી.

### 3. મુખ્ય સન્માન અને પુરસ્કાર :

કાગ એવોર્ડ (2011): પૂજ્ય કવિ દુલા ભાયા કાગની સ્મૃતિમાં અપાતો સુપ્રસિદ્ધ 'કાગ એવોર્ડ' તેમને 2011માં પૂજ્ય મોરારીબાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકાર સન્માન : લોકસાહિત્ય અને ગુજરાતની સંસ્કૃતિની સેવા બદલ ગુજરાત સરકાર દ્વારા પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શહીદ પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ રાણા : એક બહાદુર પોલીસ અધિકારી



1980ના દાયકામાં અમદાવાદમાં કોમી તણાવ અને અપરાધી પ્રવૃત્તિઓનું પ્રમાણ ખૂબ વધ્યું હતું. આ જ સમય દરમિયાન ગુજરાત પોલીસના બહાદુર અધિકારી પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ ટેમુભા રાણા ફરજ બજાવતા હતા. તેઓ મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ગેડી ગામના વતની હતા. તેમની નિષ્ઠા, પ્રામાણિકતા અને પ્રજાપ્રેમ માટે તેઓ જાણીતા હતા.

મે 1985 દરમિયાન અમદાવાદમાં કોમી તોફાનો ઉગ્ર બન્યા હતા. તે સમયે મહેન્દ્રસિંહ રાણાની પત્ની ગર્ભવતી હતી અને થોડા જ દિવસોમાં પ્રસૂતિ થવાની હતી. તેઓ 15 દિવસની રજા લઈને ઘરે જવાની તૈયારીમાં હતા. પરંતુ અચાનક વાયરલેસ સંદેશ મળ્યો કે કાલુપુર વિસ્તારની ભંડેરી પોળને અસામાજિક તત્ત્વોએ ઘેરી લીધી છે અને આગચંપી કરવાની તૈયારી ચાલી રહી છે.

ફરજને સર્વોપરી માનતા મહેન્દ્રસિંહ રાણાએ પોતાની રજા રદ કરી. ઉચ્ચ અધિકારીઓના આદેશ મુજબ તેઓ માત્ર બે કોન્સ્ટેબલ સાથે ભંડેરી પોળ તરફ રવાના થયા. તે સમયની મર્યાદિત સુવિધાઓ વચ્ચે તેમની પાસે માત્ર સર્વિસ રિવોલ્વર અને ટોર્ચ જેવી સામાન્ય સાધનસામગ્રી હતી, જ્યારે સામેથી ભારે હથિયારોથી સજ્જ શાર્પશૂટરોનો સામનો કરવો પડ્યો.

પરિસ્થિતિની તપાસ કરવા તેઓ એક મકાનના છાપરા પર ચડ્યા. અચાનક આસપાસની લાઇટો બંધ કરી દેવામાં આવી અને તેમના પર ગોળીબાર શરૂ થયો. ભારે ગોળીબારમાં મહેન્દ્રસિંહ રાણા ગંભીર રીતે ઘાયલ થયા. ફરજ બજાવતા તેઓ શહીદ થયા. તેમના બલિદાન પછી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી અને કાયદો-વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે વિશેષ અભિયાન ચલાવ્યું.

ભંડેરી પોળના રહેવાસીઓએ મહેન્દ્રસિંહ રાણાના બલિદાનને ક્યારેય ભૂલ્યા નથી. તેમની શહાદત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં અનેક લોકોએ તેમના બારમાના પ્રસંગે હાજરી આપી હતી. વર્ષો પછી ભંડેરી પોળમાં આવેલા હનુમાન મંદિર નજીક સ્થાનિક આગેવાનો અને મહંતના પ્રયત્નોથી પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ ટેમુભા રાણાનું સ્મારક અને પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. આજે પણ સ્થાનિક લોકો તેમના બલિદાનને શ્રદ્ધાપૂર્વક યાદ કરે છે.





## અમૃતલાલ શેઠ

(1891-1954)



સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને જન્મભૂમિના સંસ્થાપક અને આદ્યસંચાલક તથા અઠંગ પત્રકાર શ્રી અમૃતલાલ શેઠનો જન્મ લીંબડીમાં જૈન કુટુંબમાં થયો હતો. કિશોરાવસ્થામાં જ તેમનો પરિચય એક અખબારી પ્રતિનિધિ સાથે થયો અને તેમના સંસર્ગથી અમૃતભાઈમાં પણ અખબારી આલમ વિષે રસ જાગ્યો. પછી તો શેઠ વઢવાણમાં ભણતાં ભણતાં જ મહીકાંઠા અને રેવાકાંઠા ગેઝેટના ખબરપત્રી બન્યા.

શરૂઆતમાં તેમણે જીવનમાં સ્થિર થવા વકીલાત શરૂ કરી, પછી લીંબડીમાં ન્યાયધીશ પણ બન્યા. પરંતુ પત્રકારત્વ તેમાંથી છૂટતું નહોતું. બોમ્બે ક્રોનિકલમાં કાઠિયાવાડ લેટર્સ લખવાનું શરૂ કર્યું અને પછીથી નોકરી છોડીને માત્ર પત્રકાર જ બની રહ્યા.

જેલમાંથી છૂટીને અમૃતલાલ પૂર્વ આફ્રિકાના હિંદીઓની કોંગ્રેસના પ્રમુખ તરીકે આફ્રિકા ગયા. ત્યાં તેમને એક થેલી અર્પણ થઈ. તેમને દેશી રાજ્યોની-પ્રજાને પણ કેટલીક રકમો આપી. આ રકમોમાંથી મુંબઈમાં 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટની સ્થાપના કરી.'1921માં તેમણે 'સૌરાષ્ટ્ર' શરૂ કર્યું. તેમાં મેઘાણીભાઈ, કકલભાઈ વગેરે સાથીઓની મદદ મળતાં સૌરાષ્ટ્ર સ્થિર થતાં પત્રકારત્વ માટે વધુ મોકળું મેદાન મેળવવા તેઓ મુંબઈ ગયા. પ્રથમ તેમણે અંગ્રેજી અખબાર 'સન' કાઢ્યું, પણ તેમાં નિષ્ફળ જતાં 'જન્મભૂમિ'નો જન્મ થયો. શ્રી અમૃતલાલ શેઠે થોડા જ સમયમાં તેને રાષ્ટ્રવ્યાપી પ્રતિષ્ઠા અને કીર્તિ ધરાવતું અખબાર બનાવી દીધું હતું.

અખબાર ચલાવવા ઉપરાંત તેઓએ 1923 માં સૌરાષ્ટ્ર સેવા સમિતિ નામની સંસ્થા સ્થાપીને પ્રમુખ બન્યા. 1926 માં કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. 1927 માં રાજસ્થાન પરિષદની સ્થાપનામાં તથા મુંબઈમાં તેનું પ્રથમ અધિવેશન યોજવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. 1929 માં રાજકોટમાં પંડિત જવાહરલાલ નહેરૂના પ્રમુખપદે પ્રથમ કાઠિયાવાડ યુવક પરિષદ યોજાઈ, તેમાં તેમણે ઉદ્દામ વિચારસરણીનું નેતૃત્વ લીધું.

હિંદી અને દેશી ભાષાનાં અખબારોની પરિષદ તેમજ ઓડિટ બ્યુરો ઓફ સર્ક્યુલેશન જેવી અન્ય સંસ્થાઓની સ્થાપનામાં પણ શેઠનો મહત્વનો હિસ્સો હતો. આઝાદ હિંદ ફોજનું દફતર ભારતમાં સહીસલામત કરવાની શ્રી અમૃતલાલ શેઠની કામગીરી તો હંમેશા યાદ કરી જાય તેવી છે.

## ચંચળબેન વાઘજીભાઈ દવે

આઝાદીના જંગમાં યુવાનો અને વૃધ્ધોએ, ભણેલાં અને અભણ લોકોએ, સ્ત્રીઓ અને પુરૂષો ગાંધીજીની હાકલે સત્યાગ્રહમાં જોડાયા. ઓછું ભણેલાં, કાઠિયાવાડના એક દેશી રાજ્ય લીંબડી તાબે શિયાણી ગામના ચંચળબેન પણ ગાંધીજીની વાણીથી પ્રભાવિત થયા અને ગાંધીના કામમાં જોડાયા.1930–32ના મીઠાના સત્યાગ્રહમાં તેમણે ભાગ લીધો અને જેલમાં ગયા.

રાજકોટ સત્યાગ્રહ વખતે પણ ચંચળબેન હાજર હતા. રાજકોટની લડત જોરશોરથી ચાલતી હતી. આગેવાનોની ધરપકડ થઈ ગઈ હતી. પરિષદની ઓફિસ ઉપર પણ તવાઈ આવી હતી. રાજકોટ સત્યાગ્રહના સંસ્મરણો આલેખતાં જમનાદાસ શાહે તેમના પુસ્તકમાં નોંધ્યું છે કે, ‘અમારી ઓફીસો જપ્ત થવા લાગી, એટલે ઢેબરભાઈએ પ્રજામંડળને અને લડતને લગતું ઘણું મહત્વનું ખાનગી દફતર બે મોટા ટ્રકમાં પેક કરેલ હતું. તે સહી–સલામત સ્થળે પહોંચાડવાનો પ્રશ્ન મારી સમક્ષ આવ્યો. મારા એક મિત્રના વગર વપરાશના મકાનના માળિયામાં બે પેટીઓ કોથળામાં ઢાંકીને મુકવાનું ગોઠવ્યું. આ બે પેટીઓ ઘોડાગાડીમાં મુકી હું તે મિત્રના ઘરે મુકવા જાઊં, તેમાં પકડાઈ જવાનો સંભવ હતો. એટલે બે મજૂરોને માથે ઉંચકાવી મિત્રના સરનામે એકલા મોકલવા વિચાર્યું. પણ કોઈ મજૂર આ જોખમી કામ માટે તૈયાર ન થયો. આવા કપરા અને મુશ્કેલ સમયમાં લીંબડી પાસેના શિયાણી ગામના એક 56 વરસના ચંચળબેને હિંમત કરી. આ બન્ને પેટીઓ એકી સાથે માથે ઉપાડી, હું પહેલા આગળ ચાલું, તે રીતે તેઓ મારી પાછળ પાછળ આવે તે માટે તૈયાર થયા. આ રીતે ચંચળબેને પેટીઓ સલામત પહોંચાડી. ચંચળબેનની રાષ્ટ્ર ભક્તિ, નીડરતા અને કામ ઉઠાવવાની તાકાત માટે મને તેમના માટે ઘણું જ માન થયું.

લીંબડી પ્રજામંડળે લીંબડીમાં પરિષદ બોલાવી. આ વખતે પરિષદના એક સ્વયંસેવિકા તરીકે ચંચળબેન જોડાયા, તે વખતે લીંબડી રાજ્યના જુદા જુદા ગામોએથી આગેવાનો આવવાના હતા, દરબાર ગોપાળદાસ અને ભક્તિબા આવવાના હતા, ગુજરાતના આગેવાનો આવવાના હતા.

રાજય પરિષદ ન ભરાય તે માટે તનતોડ મહેનત કરતું હતું. પ્રજામંડળના સ્વયંસેવકોને ગામડામાં પસાર કરવા જતા ત્યારે હેરાન પરેશાન કરવામાં આવતા હતા. આવી પરેશાનીમાંથી ચંચળબેન બાકાત ન રહ્યા. ચંચળબેન મોજીદડ જવા માટે બસની રાહ જોતા ઊભા હતા. ત્યાં રાજ્યના રોકવામાં આવેલ ગુંડાઓએ આ અબળા ઉપર હુમલો કર્યો. તેમના કપડાં ફાડી નાખવામાં આવ્યા, તેમનું પોલકું ફાડી નાંખવામાં આવ્યું. તેમને માર મારવામાં આવ્યો. અને કોઈ એમને બચાવવા ન આવી શક્યું, બચાવવા આવનારાના પણ ગુંડાઓએ એજ હાલ કર્યા. ચંચળબેનને માથામાં ફુટ થઈ. માર મારીને તેમને ગંદા પાણીના ખાબોચિયામાં નાખી દેવામાં આવ્યા. પણ છતાં તે અડગ રહ્યા. પરિષદની કામગીરી તો તેમણે ચાલુ રાખી. આ વીર મહિલાનું નિધન થયું છે.

જન્મ :– 1891 – મોજીદડ તા. લીંબડી.

–ભૂપેન્દ્રભાઈ દવે





## કરમડ ગામની વાવની ભવ્યતા



ચુડાથી દક્ષિણ–પૂર્વ દિશામાં કરમડ નામનું એક નાનકડું ગામ છે. લીંબડીથી રાણપુરના રસ્તા પર જતા રસ્તામાં ચાર નાની–મોટી વાવો આવેલી છે. તે પૈકી એક સુંદર અને ભવ્ય વાવ આ ગામના પાદરમાં આવેલી છે. લોકવાયકા મુજબ વટેમાર્ગુને પાણી અને આશરો મળી રહે તે હેતુથી આ વાવનું નિર્માણ રાજ રજવાડા દ્વારા કરવામાં આવેલું છે.

આ ગામના ઈતિહાસ મુજબ આ વાવમાં મળતા પાણીના સ્ત્રોતના કારણે અહિં આ ગામનું નિર્માણ થયું હશે. એક વાત ચોક્કસ છે કે આ ગામના તોરણ બંધાયા પહેલા આ વાવનું નિર્માણ થયેલું છે. જે આશરે 300 થી 400 વર્ષો પહેલા થયું હતું એવું માનવામાં આવે છે.

આ વાવની ભવ્યતા ખૂબજ સુંદર છે. તેનું બાંધકામ મુખ્ય પાંચ માળમાં કરવામાં આવેલું જોવા મળેલ છે. તેની કોતરણી તેની ભવ્યતામાં વધારો કરે છે. આ વાવની કોતરણી અને બાંધકામ વઢવાણની માધાવાવ અને ધાંધલપુરની વાવ સાથે ખૂબ જ મળતી આવે છે. વાવના તળ ભાગમાં ચારે બાજુએ વાજીંત્રો વગાડતી અપ્સરાઓ સુંદર શિલ્પ દ્દશ્યમાન છે. ફરતી બાજુએ કાંગરી સુંદર કોતરણીવાળી જોવા મળે છે. વચ્ચેના ભાગમાં ફૂલની કોતરણીવાળી પથ્થરો જોવા મળે છે. આશરે 100 પગથિયા ધરાવતી આ વાવ તે સમયના ઉત્તમ બાંધકામનો ભવ્ય નમૂનો પૂરો પાડે છે.

હાલમાં પણ આ વાવના પાણીનો ઉપયોગ ગામ લોકો ગ્રામ પંચાયતની મદદની કરે છે. આ વાવના બીજા માળે ક્ષત્રિય જ્ઞાતિના શ્રી શક્તિ માતાની દેરી આવેલી છે. જ્યાં હાલમાં પણ ક્ષત્રિય પરિવારના દીકરાના લગ્ન બાદની વિધિ માટે અહીં આવે છે. આ પરિવાર દ્વારા અને ગ્રામ પંચાયત દ્વારા આ વાવની દેખરેખ રાખવામાં આવે છે. બરાબર વાવની બહાર શહીદ થયેલ ક્ષત્રિયોના પાળિયાઓ આવેલા છે. વાવની નજીક હનુમાન મહારાજનું ભવ્ય મંદિર આવેલું છે. લોકવાયકા

મુજબ સ્વામિનારાયણ ભગવાનના વરદ્ હસ્તે આ મંદિરની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. અક્ષર પુરૂષોતમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે અહિંથી વિહાર કરી રહ્યા હતા ત્યારે અહિં રોકાયા હતા. તેમના હસ્તે આ મંદિરની મૂર્તિની સ્થાપના કરી હતી. તે સમયે ભગવાનશ્રીએ ઉપયોગમાં લીધેલ ઢોલિયો અને હીંડોળો હાલમાં પણ અહીં જોવા મળે છે. હાલ આ મંદિરને કરમડિયા હનુમાન તરીકે ઓળખવામાં આવે છે. હાલમાં પણ દર વર્ષે હનુમાન જયંતીના દિવસે ગામની તમામ જ્ઞાતિના લોકો મંદિરના પટાંગણમાં સમૂહ ભોજન લે છે. જે ગામની એકતાનું પ્રતીક ગણવામાં આવે છે.

## નારાયણધરા (અચારડા)

સંવત 1864 માં શ્રીજી મહારાજ ડોસાભાઇનો સોગ ભંગાવવા કંથારિયા પધારેલ. શ્રીજી મહારાજ અને તેમની સાથે પધારેલો સંતો આ ધરામાં ભાદરવા વદ અમાસે પધાર્યા અને વાંસળ નદીમાં સ્નાન કર્યુ હતું. તે વખતે શ્રીજી મહારાજના પગે નાગણી વીંટળાયેલી. શ્રીજી મહારાજે મોક્ષ કર્યો એવી આ મહાપ્રસાદીની જગ્યા છે.

વિક્રમ સંવત 1867 માં શ્રીહરિ ડભાણમાં એક માસ રહીને ત્યાંથી સંતો સાથે ચાલ્યા. તે દેવ ધોલેરા થઈને અચારડા (નારાયણધરા) પધાર્યા. વાંસલ નદીમાં સ્નાન કર્યુ ને હનુમાનજીને પ્રસન્ન કર્યા.

ભગવાન સ્વામિનારાયણ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે આ ઓટલો કરાયેલ છે. તારીખ 11/12/ 1978 ના રોજ આ મહાપ્રસાદીનું સ્થાન જાણી આ ઓટલો બંધાવી ચરણારવિંદ પધરાવ્યો છે.

ચુડાની આ પવિત્ર વાંસળ નદી ભૃગુપૂરથી આગળ બે ઝરણાંને મળે છે. આ ત્રિવેદી સંગમ જ્યાં છે તે સ્થળને નારાયણધરા નામથી ઓળખાય છે. આ નારાયણધરામાં પવિત્ર શ્રાવણ મહિનામાં અહીં સ્નાન કરવાનું મહત્વ ખૂબ જ છે. અહીં એક હનુમાનજીનું મંદીર આવેલુ છે. આમ, નારાયણધરાનું સ્થળ એક જાત્રાનું સ્થળ ગણાય છે.



નળ-નદી ને ભાલ (લીંબડી-ચુડા)

## અભિલેખસૂચિ

| ક્રમ | સાલ ઈ. સ. | વિગત | સ્થળ |
|---|---|---|---|
| 1. | 1724 | ભોજરાજજીની દેરીમાંનો અભિલેખ | શિયાણી |
| 2. | 1737 | વેરાજીના પાળિયા પરનો અભિલેખ | લીંબડી |
| 3. | 1738 | અમરસંઘજીના પાળિયા પરનો અભિલેખ | લીંબડી |
| 4. | 1774 | ભદ્રપ્રાસાદમાંનો અભિલેખ | લીંબડી |
| 5. | 1804 | હરભમજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 6. | 1804 | નવલખા પાર્શ્વનાથની મૂર્તિ પરનો અભિલેખ | લીંબડી |
| 7. | 1804 | આદિનાથની મૂર્તિ પરનો અભિલેખ | લીંબડી |
| 8. | 1805 | રામભાઈ ચૂડાસમાના પાળિયા પરનો અભિલેખ | નાના કેરાળા |
| 9. | 1805 | લાખાભાઈ ચૂડાસમાના પાળિયા પરનો અભિલેખ | નાના કેરાળા |
| 10. | 1814 | ઝાલા માલુભાઈના પાળિયા પરનો અભિલેખ | કેરાળા |
| 11. | 1814 | ઝાલા ભીમજીભાઈના પાળિયા પરનો અભિલેખ | શિયાણી |
| 12. | 1814 | ઝાલા નાનાભાઈના પાળિયા પરનો અભિલેખ | શિયાણી |
| 13. | 1824 | મોટા મંદિરમાંનો અભિલેખ-1 | લીંબડી |
| 14. | 1859 | હરભમજી 2જાની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 15. | 1858 | મહાકાળીના મંદિરમાંનો અભિલેખ | લીંબડી |
| 16. | 1862 | ફત્તેસિંહજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 17. | 1883 | પુરીબાઈની જૈન ધર્મશાળા પરનો અભિલેખ | લીંબડી |
| 18. | 1892 | અકલેશ્વર મંદિરમાંનો અભિલેખ-1 | લીંબડી |
| 19. | 1897 | ગણેશનાથ મહાદેવના મંદિરમાંનો અભિલેખ | લીંબડી |
| 20. | 1898 | હવેલી મંદિરમાંનો અભિલેખ-1 | લીંબડી |
| 21. | 1900 | હવેલી મંદિરમાંનો અભિલેખ-2 | લીંબડી |
| 22. | 1905 | મોટા મંદિરમાંનો અભિલેખ-2 | લીંબડી |
| 23. | 1906 | મોટા મંદિરમાંનો અભિલેખ-3 | લીંબડી |
| 24. | 1908 | જશેશ્વરના પ્રવેશદ્વાર પરનો અભિલેખ | લીંબડી |
| 25. | 1909 | દિલદરિયાવસિંહજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 26. | 1920 | રામનાથ મહાદેવના મંદિરમાંનો અભિલેખ | લીંબડી |
| 27. | 1931 | રામરાજેન્દ્રસિંહજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 28. | 1936 | દોલતબ્રિજ પરનો અભિલેખ | લીંબડી |
| 29. | 1936 | રામરાજેન્દ્રસિંહજી હોસ્પિટલમાંનો અભિલેખ-1 | લીંબડી |
| 30. | 1937 | રામરાજેન્દ્રસિંહજી હોસ્પિટલમાંનો અભિલેખ-2 | લીંબડી |
| 31. | 1938 | જગન્નાથજી આશ્રમમાંનો અભિલેખ-1 | લીંબડી |
| 32. | 1938 | જગન્નાથજી આશ્રમમાંનો અભિલેખ-2 | લીંબડી |
| 33. | 1940 | સોનેજી સતીની દેરી પરનો અભિલેખ | લીંબડી |
| 34. | 1940 | દોલતસિંહજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 35. | 1941 | દિગ્વિજયસિંહજીની દેરીમાંનો અભિલેખ | લીંબડી |
| 36. | 1944 | નિર્મળકુંવરબાની દેરી પરનો અભિલેખ | લીંબડી |
| 37. | 1945 | અકલેશ્વર મંદિરમાંનો અભિલેખ-2 | લીંબડી |

# એક તવારીખ... લીંબડી

| સાલ ઈ. સ. | બનાવ |
|---|---|
| ૧૭૨૮ | રાજ્યનું મુખ્ય મથક (રાજધાની) શિયાણીથી લીંબડી ખસેડવામાં આવ્યું. |
| ૧૭૩૭ | વેરાજી 2જાની વીરગતિ અને ઠાકોર હરભમજી 1લાનું રાજ્યારોહણ |
| ૧૭૩૮ | હરભમજી 1લાના લઘુબંધુ કુમાર અમરસિંહજીની વીરગતિ |
| ૧૭૪૨-૪૩ | રંગોજી અને નજમુદૌલાનું લીંબડી પર આક્રમણ |
| ૧૭૪૫ | સ્થાનકવાસી જૈન સંપ્રદાયની પાટ અમદાવાદથી લીંબડી આવી |
| ૧૭૫૧ | લીંબડીમાં (મોટી બજારમાં) શાંતિનાથના (જૂના) જિનાલયની રચના |
| ૧૭૫૧-૫૨ | રઘુનાથરાવ (રાઘોબા)નું લીંબડી પર આક્રમણ |
| ૧૭૫૫-૫૬ | મોમીનખાન 2જાનું પચ્છમ ગામ પર આક્રમણ |
| ૧૭૫૮-૫૯ | સદાશિવ રામચંદ્રનું લીંબડી પર આક્રમણ |
| ૧૭૬૭ | લીંબડી ફરતો કોટ બનાવવાની શરૂઆત |
| ૧૭૭૨ | ઘેલાશા (બરવાળાના કારભારી)નો જન્મ |
| ૧૭૭૪ | હરભમજી 1લા દ્વારા તેમના પિતા, પિતામહ અને લઘુબંધુની સ્મૃતિમાં<br>લીંબડીમાં દેરી (ભદ્રપ્રાસાદ)ની રચના |
| ૧૭૭૫ | ગાયકવાડના લશ્કરનું લીંબડી પર આક્રમણ |
| ૧૭૭૯ | બરવાળાનો દરબારગઢ બંધાયો |
| ૧૭૮૩ | લીંબડીના દેરાવાસી જૈનોમાં માસખમણની 75 તપસ્યાઓ |
| ૧૭૮૬ | ઠાકોર હરભમજી 1 લાનું અવસાન અને હરિસિંહજીનું રાજ્યારોહણ |
| ૧૭૮૯ | સ્થાનકવાસી સ્વામી અજરામરજીની ગાદીની લીંબડીમાં સ્થાપના |
| ૧૭૯૪ | લીંબડીમાં મોટા મંદિરની રચના |
| ૧૮૦૦ | લીંબડીના હવેલી મંદિરની રચના<br>બરવાળા ગામ ફરતો કોટ બનાવવાની શરૂઆત |
| ૧૮૦૪ | ઠાકોર હરિસિંહજીએ તેમના પિતાની સ્મૃતિમાં લીંબડીમાં દેરી બંધાવી<br>ગાયકવાડના સરદાર બાબાજી અપ્પાજીનું લીંબડી પર આક્રમણ |
| ૧૮૦૫ | લીંબડી અને વઢવાણ વચ્ચે લડાઈ તથા ચૂડાસમા રામાભાઈ અને<br>લાખાભાઈની વીરગતિ |





| | |
|---|---|
| ૧૮૦૭ | એક પક્ષે ધ્રાંગધ્રા, લીંબડી, ચૂડા અને સાયલા તથા બીજા પક્ષે<br>વઢવાણ રાજ્ય વચ્ચે લડાઈ - કર્નલ વોકર સાથે કાયમી કરાર |
| ૧૮૦૫ | લીંબડી અને ભાવનગર વચ્ચે ઘર્ષણ |
| ૧૮૧૩ | બરવાળા પરગણાનાં ગામો પર અંગ્રેજ સરકારની ફોજદારી હકૂમત<br>ભયંકર દુષ્કાળ (અગણોતરો દુકાળ) |
| ૧૮૧૪ | વારાહીના જત લોકોનું શિયાણી પર આક્રમણ તથા<br>માલુ- ભીમજીની વીરગતિ |
| ૧૮૧૭ | કાઠિયાવાડ પર પેશ્વાની સત્તાનો અંત |
| ૧૮૧૯ | લીંબડીમાં પ્લેગને કારણે 1500થી 2000 માણસોનાં મૃત્યુ |
| ૧૮૨૦ | કાઠિયાવાડ ઉપર ગાયકવાડની સત્તાનો અંત તથા<br>રાજકોટમાં કાઠિયાવાડ એજન્સીની શરૂઆત |
| ૧૮૨૧ | લીંબડી રાજ્યે જૂનાગઢને આપવાની 'જોતરલબી'ની રકમ નક્કી થઈ |
| ૧૮૨૪ | લીંબડીનું મોટું મંદિર ફરીથી બંધાયું |
| ૧૮૨૫ | ઠાકોર હરિસિંહજીનું અવસાન અને ભોજરાજજી 4થાનું રાજ્યારોહણ |
| ૧૮૨૭ | બરવાળાના કારભારી ઘેલાશાનું અવસાન |
| ૧૮૩૭ | ઠાકોર ભોજરાજજી 4થાનું અવસાન અને હરભમજી 2 જાનું રાજ્યારોહણ |
| ૧૮૫૬ | ઠાકોર હરભમજી 2જાનું અવસાન અને ઠાકોર ફત્તેસિંહજીનું રાજ્યારોહણ |
| ૧૮૫૮ | લીંબડીમાં મહાકાળીના મંદિરની રચના |
| ૧૮૫૯ | ઠાકોર જશવંતસિંહજીનો જન્મ<br>લીંબડીમાં 1થી 4 ધોરણવાળી પ્રથમ કન્યાશાળાની શરૂઆત |
| ૧૮૬૦ | લીંબડીમાં મહાલક્ષ્મીના મંદિરની રચના |
| ૧૮૬૨ | ઠાકોર ફત્તેસિંહજીનું અવસાન અને જશવંતસિંહજીનું રાજ્યારોહણ |
| ૧૮૭૪ | લીંબડીમાં બાહુજિનસ્વામી જિનાલયની રચના |
| ૧૮૬૫ | ભોગાવામાં પૂરને લીધે લીંબડીનાં પરાંઓને નુકસાન |
| ૧૮૬૮ | ઠાકોર દોલતસિંહજીનો જન્મ |
| ૧૮૬૮-૬૯ | લીંબડીમાં સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસ, પોલીસ લાઈન તથા જેલનું બાંધકામ |
| ૧૮૭૦ | મહાન ક્રાંતિકારી સરદારસિંહ રાણાનો જન્મ તથા મહાન સમાજસુધારક<br>કરશનદાસ મૂળજીની લીંબડીમાં વહીવટકર્તા તરીકે નિમણૂક |

૧૮૭૧ રાજકોટની રાજકુમાર કૉલેજની શરૂઆત - જશવંતસિંહજીનો તેમાં પ્રવેશ
કરશનદાસ મૂળજીનું લીંબડીમાં અવસાન

૧૮૭૩ ટેલિગ્રાફની લાઈન માટે અંગ્રેજ સરકાર અને લીંબડી રાજ્ય વચ્ચે કરાર

૧૮૭૪ ઠાકોર જશવંતસિંહજીનાં બેલાનાં કુંવરી મોંઘીબા તથા
રોહાનાં કુંવરી માજીરાજબા સાથે લગ્ન

૧૮૭૫ જશવંતસિંહજીએ મુંબઈમાં મેટ્રિકની પરીક્ષા આપી તથા
પ્રિન્સ ઑફ વેલ્સની મુલાકાત લીધી.

૧૮૭૫-૭૬ કોલેરાનો રોગ

૧૮૭૬ જશવંતસિંહજીનો પ્રથમ વિદેશપ્રવાસ

૧૮૭૭ જશવંતસિંહજીને સ્વતંત્ર વહીવટ કરવાની સત્તા મળી

૧૮૭૭-૭૮ લીંબડીમાં હાથીખાનું બંધાયું.
(એ પછી એમાં સર જે. હાઈસ્કૂલ ચાલતી હતી.)

૧૮૭૮ લીંબડીમાં હરેશ્વર મંદિરની રચના
હરિલાલ સેતલવડની દીવાન તરીકે નિમણૂક
ભોગાવાના પૂરને લીધે લીંબડી શહેરને નુકસાન

૧૮૭૯ લીંબડીને બીજા વર્ગના રાજ્યનો દરજ્જો
ઠાકોર જશવંતસિંહજીનાં ત્રીજા- અને ચોથા લગ્ન રાજપીપળાનાં કુંવરી
દેવકુંવરબા તથા ઉતેલિયાનાં કુંવરી બાઈરાજબા સાથે.

૧૮૮૦ ભાવનગર - વઢવાણ રેલવે (વાયા લીંબડી)ની શરૂઆત
મુંબઈના ગવર્નર જેમ્સ ફર્ગ્યુસનની લીંબડીની મુલાકાત

૧૮૮૧ લીંબડીના ટાવર બંગલાનું ખાતમુહૂર્ત

૧૮૮૩ ઠાકોર દોલતસિંહજીનાં બાલુબા સાથે લગ્ન
લીંબડીમાં પૂરીબાઈની જૈન ધર્મશાળાની રચના

૧૮૮૪ મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ઠાકોર જશવંતસિંહજીની નિમણૂક
લીંબડીમાં જશેશ્વર મંદિરની રચના

૧૮૮૫ લીંબડીમાં સર જશવંતસિંહજી મિડલ સ્કૂલની શરૂઆત
(એ મકાનમાં પહેલાં ઘોડાહાર હતી એમ કહેવાય છે.)

૧૮૮૬ લીંબડીના ટાવરબંગલાનું બાંધકામ સંપૂર્ણ થયું.
સયાજીરાવ ગાયકવાડની લીંબડીની મુલાકાત





મુંબઈના ગવર્નર લૉર્ડ રેની લીંબડીની મુલાકાત

૧૮૮૭ જશવંતસિંહજીનો બીજો વિદેશપ્રવાસ તથા કે.સી.આઈ.ઈ.નો ખિતાબ
ઉમેદપુર ગામ નવું વસાવાયું

૧૮૮૮ બરવાળામાં ફતેશ્વર મંદિરની રચના

૧૮૮૯ જશવંતસિંહજીનાં માતુશ્રી હરિબાનું અવસાન

૧૮૯૦ જશવંતસિંહજીને વારસા-સનદ

૧૮૯૧ સ્વામી વિવેકાનંદ તથા સ્વામી અખંડાનંદજીની લીંબડીની મુલાકાત

૧૮૯૧ જશવંતસિંહજીના લઘુબંધુ ઉમેદસિંહજીનું અવસાન

૧૮૯૨ લીંબડીમાં પ્રથમવાર વૉટર વર્ક્સ ખુલ્લુ મુકાયું.
લીંબડીના અકલેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર

૧૮૯૪ દરબાગરઢમાં ઑફિસોનું મકાન બંધાયું.

૧૮૯૫ સર જશવંતસિંહજી લાઈબ્રેરી ઍન્ડ ફ્રી રીડિંગ રૂમની સ્થાપના

૧૮૯૬ ઠાકોર દિગ્વિજયસિંહજીનો જન્મ

૧૮૯૭ લીંબડીના તળાવ કિનારે ગણેશનાથ મહાદેવના મંદિરની રચના

૧૮૯૮ લીંબડીના હવેલી મંદિર (બાલકૃષ્ણલાલજીના મંદિર)નો જીર્ણોદ્ધાર

૧૯૦૦ છપ્પનીઓ દુકાળ (વિ. સં. 2059નો)

૧૯૦૩ દોલતસિંહજી જામનગર છોડી પોરબંદર રાજ્યની નોકરીમાં દાખલ થયા.
જશંવતસિંહજી તથા દોલતસિંહજીની દિલ્હી દરબારમાં હાજરી

૧૯૦૫ પ્લેગનો રોગ

૧૯૦૬ લીંબડીના દરબારગઢમાં ભયાનક આગ

૧૯૦૭ સર જશવંતસિંહજી. હાઈસ્કૂલની શરૂઆત
ઠાકોર જશવંતસિંહજીનું અવસાન. લીંબડીમાં બરફના કરાનું તોફાન

૧૯૦૮ ઠાકોર દોલતસિંહજીનું રાજ્યારોહણ.
જશેશ્વર મંદિર ફરતી ધર્મશાળાની રચના

૧૯૦૯ 'લીંબડી દરબારી ગેઝેટ'નું પ્રકાશન
પશુવધ અને ગાયની નિકાસ પર પ્રતિબંધ
રેલવે સ્ટેશન પાસેના રાજ્યના અતિથિગૃહ 'ભાવવિલા'ની રચના
ગ્રીન ચોકમાં વૂડહાઉસ માર્કેટની રચના

| | |
|---|---|
| ૧૯૧૦ | દિગ્વિજસિંહજીનાં નંદકુંવરબા સાથે લગ્ન |
| | લીંબડીના રાણીતળાવની રચના-નવા વૉટરવર્ક્સ, પાવરહાઉસની રચના |
| ૧૯૧૧ | દિગ્ભવન પૅલેસ (લાલબંગલા)નું બાંધકામ સંપૂર્ણ થયું. |
| ૧૯૧૨ | લોકમાન્ય તિળક અને અરવિંદ ઘોષનાં ક્રાંતિકારી પુસ્તકો પર પ્રતિબંધ |
| ૧૯૧૩ | તલસાણીઆ ઉજમશી ઓધવજી સ્થા. વાસી જૈન વિદ્યાર્થીભવન સ્થાપના |
| | દિગ્વિજયસિંહજીની રાજપૂત ગરાસીઆ છાત્રાલયની સ્થાપના |
| | લીંબડીમાં ભક્તિબાનાં દરબાર ગોપાળદાસ સાથે લગ્ન |
| ૧૯૧૪ | લીંબડીમાં ટ્રામની શરૂઆત - પ્લેગનો રોગ |
| ૧૯૧૫ | ગાંધીજીની બે વખત (મે અને ડિસેમ્બરમાં લીંબડીની મુલાકાત) |
| | ખેડૂતોની કરજમુક્તિનો કાયદો |
| ૧૯૧૬ | લેડી વિલિંગ્ડન કન્યાશાળાના મકાનનું ઉદ્‌ઘાટન |
| ૧૯૧૬-૧૭ | છાલિયાબજારની રચના |
| ૧૯૧૭ | દોલતસિંહજીનો બર્માનો પ્રવાસ - ઘનશ્યામસિંહજી ક્લબની સ્થાપના |
| | પ્લેગનો રોગ |
| ૧૯૧૮ | ઇન્ફ્લુએન્ઝાનો રોગ |
| ૧૯૨૧ | દોલતસિંહજીને કે.સી.આઈ.ઈ. નો ખિતાબ |
| | અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક શરૂ કર્યું. લીંબડીનું જ એક પ્રેસ ખરીદીને તેને તેઓ રાણપુર લઈ ગયા હતા. |
| | સર જે. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની હડતાળ |
| | લીંબડીના કવિ ભવાનીશંકર નરસિંહરામ ત્રિવેદીનું અવસાન |
| ૧૯૨૨ | રવીન્દ્રનાથ ટાગોરની લીંબડીની મુલાકાત |
| | લીંબડીમાં અમૃતલાલ શેઠની અટકાયત અને મુક્તિ |
| ૧૯૨૩ | મૂળચંદ જીવરાજ કન્યા વિદ્યાલયની સ્થાપના |
| | જગન્નાથ આશ્રમમાંના જગદીશ્વર મહાદેવની પ્રતિષ્ઠા |
| ૧૯૨૩-૨૫ | લીંબડીની મોટીબજાર (કંસારાબજાર)ની રચના |
| ૧૯૨૪ | લીંબડીમાં અખિલ ભારત ઔદિચ્ય બ્રહ્મસમાજનું 17મું સંમેલન |
| | જશવંતસિંહજી ઔદિચ્ય બ્રાહ્મણ વિદ્યાર્થીભવનની સ્થાપના |
| ૧૯૨૫ | લીંબડીના દેરાવાસી, જૈન વિદ્યાર્થી ભવનમાં શાંતિનાથ જિનાલયની રચના |





| | |
|---|---|
| ૧૯૨૭ | વૉટસન વેજિટેબલ માર્કેટ (બાહેલાપરામાં આવેલી શાકપીઠ)ની રચના |
| | કૃષ્ણવિજય થિયેટરની રચના - લીંબડીમાં પૂર હોનારત |
| ૧૯૨૯ | દોલતબ્રિજ તથા રામરાજેન્દ્રસિંહજી હૉસ્પિટલનું ખાતમુહૂર્ત |
| | રેલવે સ્ટેશન પાસે બાલુબા ધર્મશાળાની રચના |
| ૧૯૩૦ | વીરમગામ અને ધોલેરા સત્યાગ્રહ |
| ૧૯૩૧ | દોલતસિંહજીને કે.સી.એસ.આઈ.નો ખિતાબ |
| | યુવરાજ રામરાજેન્દ્રસિંહજીનું અવસાન |
| ૧૯૩૫ | દોલતસિંહજીના રાજ્યઅમલનો રૌપ્ય મહોત્સવ |
| ૧૯૩૬ | દોલતબ્રિજ તથા રામરાજેન્દ્રસિંહજી હૉસ્પિટલનું વાઇસરૉય લૉર્ડ વિલિંગ્ડનના હસ્તે ઉદ્‌ઘાટન |
| ૧૯૩૭ | સંઘવી ડુંગરશી ગુલાબચંદ ફ્રી દવાખાનાની શરૂઆત |
| | મણિલાલ કોઠારીનું અવસાન |
| ૧૯૩૮ | લીંબડી પ્રજામંડળની સ્થાપના |
| ૧૯૩૯ | લીંબડીમાં કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક |
| | લીંબડીમાં પ્રજાપરિષદનું આયોજન અને લોકોની હિજરત |
| | લીંબડીના રૂનો બહિષ્કાર |
| | 'જન્મભૂમિ' દૈનિક પર લીંબડી રાજ્યમાં પ્રતિબંધ |
| | ઠાકોર દિગ્વિજયસિંહજીનાં પ્રવીણકુંવરબા સાથે લગ્ન |
| ૧૯૪૦ | ઠાકોર છત્રસાલજીનો જન્મ |
| | ઠાકોર દોલતસિંહજીનું અવસાન તથા દિગ્વિજયસિંહજીનું રાજ્યારોહણ |
| ૧૯૪૧ | ઠાકોર દિગ્વિજયસિંહજીનું અવસાન અને ઠાકોર છત્રસાલજીનું રાજ્યારોહણ |
| ૧૯૪૩ | લીંબડીની હિજરતનું છેવટનું સમાધાન |
| ૧૯૪૫ | લાધાજીસ્વામી પુસ્તકાલયની સ્થાપના |
| | અકલેશ્વર મંદિરનો ફરી જીર્ણોદ્ધાર |
| ૧૯૪૬ | રજબઅલી લાખાણીની શહાદત |
| | દેવચંદ્રજીસ્વામી પુસ્તકાલયની સ્થાપના |
| ૧૯૪૬ | કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સાર્વજનિક મહિલામંડળની સ્થાપના |
| ૧૯૪૫ | રાષ્ટ્ર તથા લીંબડી રાજ્યને આઝાદી |
| ૧૯૪૮ | લીંબડી રાજ્યનું સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ |

- **સંદર્ભ સાહિત્ય અને ગ્રંથસૂચિ :**
- ગુજરાતી વિશ્વકોષ (Gujarati Vishwakosh): ભાગ-18, ‘લીંબડી’ અને ‘ભાલ પ્રદેશ’ ભૌગોલિક તથા ઐતિહાસિક નોંધ, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ.
- આપણો જિલ્લો સુરેન્દ્રનગર : ડાયેટ, સુરેન્દ્રનગર
- સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ : ડાયેટ, સુરેન્દ્રનગર
- લીંબડી રાજ્યનો ઈતિહાસ (ઈ.સ. 1130 થી 1948) ડૉ. મુગટલાલ પોપટલાલ બાવીસી
- દિવ્ય ભાસ્કર, સંદેશ, ગુજરાત સમાચાર તથા જનયુગ વર્તમાનપત્રો
- સૌરાષ્ટ્રનો ઇતિહાસ (Saurashtrano Itihas) : ડૉ. શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ, અમદાવાદ.
- ભગવદ્ગોમંડલ (Bhagvadgomandal) : મહારાજા ભગવતસિંહજી, ભાગ-7, ‘ભાલ’ અને ‘ઝાલાવાડ’ શબ્દકોશ વ્યાખ્યા અને ભૂગોળ.
- Geographical Indications Journal No. 39 (2011): Government of India, GI Registry Office, Chenn Application No. 153 for 'Bhalia Wheat of Gujarat'.
- Gujarat Agricultural University Research Papers: Anand Agricultural University (AAU) & Junag Agricultural University (JAU) reports on Rainfed Wheat Cultivation in Bhal Region.
- District Gazetteer of Surendranagar District: Gujarat State Gazetteers, Department of Cultu Government of Gujarat.
- (1) ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ – લેખક : ડૉ. ઇન્દ્રવદન આચાર્ય
- (2) ચુડા ઠાકોર સાહેબશ્રી ધર્મેન્દ્રસિંહજી સ્મૃતિગ્રંથ – પ્રકાશક : રાજમાતા ભારતીદેવી (ચુડા સ્ટેટ)
- (3) Website : Princly State Of Chuda
- મનોજ ઇન્દ્રવદન આચાર્ય (સ્વામી સદાનંદ – ગાદીપતિ શ્રી સિદ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ) – ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડૉ. ઇન્દ્રવદન આચાર્યનાં સુપુત્ર (પ્રગટ માસ્વરૂપ સ્વરૂપાનંદજી – ‘માડી’)






**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આયોજિત ‘પલાશ’ વિશેષાંક અંતર્ગત ‘નળ નદી ને ભાલ’ (લીંબડી–ચુડા) સાહિત્યનિર્માણ કાર્યશિબિર**

**સ્થાનઃ શ્રી એસ. એમ. દવે હાઈસ્કૂલ, શિયાણી (તારીખઃ 31મી જુલાઈ 2026ને શુક્રવાર)**









**લીંબડી–ચુડા તાલુકાનું "નળ નદી ને ભાલ" લેખન કાર્યશિબિરનું આયોજન શિયાણી માધ્યમિક શાળામાં કરવામાં આવ્યું**

જનયુગ દૈનિક,લીંબડી:- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા પલાશ વિશેષાંક અંતર્ગત NEP 2020માં કરવામાં આવેલી ભલામણો અંતર્ગત લીંબડી-ચુડા તાલુકાનું સ્થાનિક સાહિત્યનિર્માણ ''નળ નદી ને ભાલ'' લેખન કાર્યશિબિરનું આયોજન શિયાણી માધ્યમિક શાળામાં કરવામાં આવેલ હતું.

આ વિશેષાંકમાં લીંબડી અને ચુડા સ્ટેટનો ઇતિહાસ, નળ સરોવર, ભાલપ્રદેશ, વાંછળ નદી, ભોગાવો, ડેમ, લીંબડી અને ચુડા પ્રદેશની વિશેષતાઓ, ખેતીના મુખ્ય પાક, બંને તાલુકાઓનું લોકજીવન-લોકસંસ્કૃતિ-લોકસંગીત અને લોકસાહિત્ય, વિશિષ્ટ વ્યક્તિઓના પરિચય જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવશે. આ વિશેષાંક લીંબડી અને ચુડા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવનાર છે. જે ઇતિહાસ ધો. ૬ થી ૮ના બાળકોને પૂરક સાહિત્ય તરીકે ભણાવવામાં આવશે.

આ ''નળ નદી ને ભાલ'' વિશેષાંક લેખન કાર્યશિબિરમાં ડાયેટ પ્રાચાર્ય ડો. સી. ટી. ટુંડિયા, પલાશના તંત્રી ડો કોમલબેન પંડ્યા અને સહતંત્રી ડો. રાજેનભાઈ પિતલિયા, લીબડીના બીઆરસી અશોકભાઈ વાઘેલા, ચુડાના બીઆરસી વિજયભાઈ પટેલ તથા શિયાણી માધ્યમિક શાળાના આચાર્ય ડો. હિતેષભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. નળ નદી ને ભાલ વિશેષાંક સંપાદક મંડળના સભ્યોએ શિયાણી ગામમાં મીરાંબાઈએ અર્પણ કરેલી મૂર્તિ શ્રી કેશવરાય ભગવાન મંદિર, શ્રી જૈન દેરાસર અને પે સે. કુમાર શાળાની મુલાકાત લેઈ હતી.



**શિયાણીમા લીબડી-ચુડાના સાહિત્ય નિર્માણ નળ, નદીને ભાલ લેખન કાર્ય શિબિર યોજાઈ**

ભાસ્કર ન્યૂઝ | લીંબડી

[illegible]નગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા શિયાણી એસ.એમ.દવે હાઈસ્કૂલ ખાતે પલાસ વિશેષ અંક માટે બેઠકનું આયોજન કરાયું હતું. પલાસ અંકથી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ અને વાચકોને સ્થાનિક ઈતિહાસ અંગેની માહિતી મળશે. બેઠકમાં ડાયેટના પ્રાચાર્ય ડો.સી.ટી.ટુંડિયા, કોમલબેન પંડ્યા, ડો.રાજેન પીતળિયા, ડો.હિતેશ પંડ્યા, વિજયભાઈ પટેલ, અશોકભાઈ વાઘેલા સહિત લીંબડી અને ચુડાના ઉત્સાહી શિક્ષકો હાજર રહ્યા હતા.

શિયાણી ગામની એસ.એમ.દવે હાઈસ્કૂલ ખાતે લીંબડી-ચુડા તાલુકાનું સ્થાનિક સાહિત્ય નિર્માણ નળ નદીને ભાલના લેખન કાર્ય શિબિરમાં બન્ને તાલુકાના પ્રાચીન ઈતિહાસ, રાજવી પરંપરાઓ, નળ સરોવર, ભાલ પ્રદેશ, લોક જીવન, સંસ્કૃતિ, સંગીત, સાહિત્ય, ઐતિહાસિક ઘટનાઓને આવરી લેવા માટે ચર્ચા અને કાર્ય કરાયું હતું. બન્ને તાલુકામાં આવેલા પ્રાચીન ઐતિહાસિક સ્મારકો, ધાર્મિક સ્થળો, લોકસાહિત્ય સાથે જોડાયેલી વિગતો એકત્રિત કરી તેને લેખબદ્ધ કરવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.

ઉપસ્થિત તજજ્ઞો દ્વારા આપવામાં આવેલા સૂચનોને આધારે એક સુંદર, શૈક્ષણિક અને માહિતીસભર પલાસ અંક તૈયાર કરવાની અંતિમ રૂપરેખા તૈયાર કરાઈ છે. આ અંક ભવિષ્યમાં શિક્ષકો દ્વારા ધો.6થી 8ના વિદ્યાર્થીઓને પૂરક સાહિત્ય તરીકે ભણાવવામાં આવશે સાથે વાચકોને સ્થાનિક ઈતિહાસ જાણવા માટે ઉપયોગી સાબિત થશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.